संसाररोगहरमौषधमद्वितीयम् ॥ १॥

શ્રીશિવપ્રાતઃસ્મરણ

જન્મ ભયહરનાર ગંગાને ધરનાર, નંદિવાહન, અંબિકા પતિ અને જેના ચાર હાથમાં ખટ્વાંગ, ત્રિશૂળ વરદ અને અભય છે એવા, અને સંસાર રૂપીરોગને હરનાર અદ્વિતીય ઔષધભૂત, દેવાધીદેવ શંકરનું હું પ્રાતઃકાળમાં સ્મરણ કરૂં છું ૧

प्रातर्नमामि गिरिशं गिरिजार्द्धदेहम्।
सर्गस्थितिप्रलयकारणमादिदेवम् ॥
विश्वेश्वरं विजितविश्वमनोऽभिरामम्।
संसाररोगहरमौषधमद्वितीयम् ॥ २ ॥

જેનું અર્ધશરીર ગિરિજાથી અલંકૃત છે, જે જગતના ઉત્પત્તિ, પાલન અને પ્રલયના કારણ છે, જીતિલીધેલ વિશ્વના મનને આનંદકારક, આદિદેવ અને સંસારરૂપીરોગને હરનાર અદ્વિતીય ઔષધભૂત, વિશ્વના ઈશ્વર, શંકરને હું પ્રાતઃકાળમાં નમસ્કાર કરૂં છું ૨

प्रातर्भजामि शिवमेकमनन्तमाद्यम्।
वेदान्तवेद्यमनघं पुरुषं महान्तम् ॥
नामादिभेदरहितं षड्भावशून्यम्।
संसाररोगहरमौषधमद्वितीयम् ॥ ३ ॥

એક, અનંત, આદ્ય, વેદાંતથી ઓળખાય એવા અને નિર્દોષ, મહાન્ અને સર્વપ્રાણિવર્ગના અંતર્યામી, નામાદિભેદરહિત, અસ્તિ જાયતે ઇત્યાદિ ષડ્ભાવ રહિત અને સંસારરૂપિરોગને હરનાર અદ્વિતીય ઔષધભૂત, શંકરનું હું પ્રાતઃકાળમાં ભજન કરૂં ૩

प्रातः समुत्थाय शिवं विचिन्त्य।
श्लोकत्रयं येऽनुदिनं पठन्ति ॥
ते दुःखजालं बहुजन्मसञ्चितम्।

સતપુરૂષ મનુષ્ય પ્રાણીઓ વચ્ચે જેમ અનભિજ્ઞપણે અને ગરીબાઈમા જ મેલ હોય છે તેવીજ રીતે કમળ પણ જળની ભીતર કાદવ કીચડમાથી પોતા નો જન્મ ધારણ કરે છે અને જે પ્રેમના પોતે અને પોતાને પેદા કરનારા ઇશ્વરી જ્ઞાતા છે એવા નિસીમ પ્રેમથી સવદા ઉભરાઇ જતી શ્રી જગદબાની પ્રતિમા જેમ સતપુરૂષની આજુબાજુ પ્રકાશે છે, તેવીજરીતે તૃષ્ણાથી ટળવળતી મધુમ ક્ષિકા માટેના ચુપકીદીવાળા પ્રેમમા કમળ મસ્ત હોય છે

પોતાની આસપાસની દરેક વસ્તુમા પોતાના પેદા કરનારને સતપુરૂષ જુએછે, અને શાત આનદમા મસ્ત રહી અહભાવનો ત્યાગ કરેછે, તે પોતાની માતા શ્રી જગદબાને જેટલા ઉત્કટ પ્રેમથી ચાહે છે તેટલાજ પ્રેમથી શ્રી જગદબા તેને ચાહે છે અને તેને શ્રી જગદબા પોતાના સ્નેહ કરતા પણ વધારે પ્રિય હોય છે જેવી રીતે તે આપણને ઘેટાના બચ્ચા જેવો નમ્ર અને નિર્દોષ, બકરીના કુદાકુદ કરતા બચ્ચા જેવો આનદી અને મસ્ત તેમજ તેજસ્વી સૂર્યના સમાન જ્ઞાનપ્રકા શથી વિભૂષિત અને દયાળુ જણાય છે તેવી રીતે ગદા અને મલિકુળ ક્ષેત્રમા જ ન્મ થયેલો હોવા છતા મોહક કમળ એક પવિત્ર, નિમળ અને સુદર વસ્તુ છે જેવી રીતે જીવાત્માનો ઉદ્ધાર કરનારી દયા અને માનસિક પવિત્રતા તેના ગરીબ દેહને ઢાકે છે તેવીજ રીતે જીવનપોષક જળ અને સુવાસિત વાયુ લહરી સુદર કમળને સાફ રાખી તેમા માધુર્ય મુકે છે

સત પુરૂષ આ આનદદાયક યાત્રાની સ્થિતિમા પ્રતિભૂમિકાનુ આરોહણ કરતો કરતો મૃત્યુલોકમાથી મુક્તપ્રદેશ તરફ — મલીનતામાથી વધારે પવિત્રતા તરફ— સુસ્ત તામસ પ્રકૃતિમાથી પ્રકાશમય જ્ઞાન, શાતિ અને આનદ તરફ જાય છે, તે વીજ રીતે આપણે જોઇએ છીએ તેમ કીચડ કે જે પ્રાણુજ હલકા અને મલીન રજકણોવાળુ પૃથ્વિતત્વ છે તેમાથી સુદર કમળ ચુપચાપ ઉગી નીકળે છે, પછી તેમા રહેલી ગુપ્ત ગરમીથી ધીરે ને શાતપણે પાણીની આરપાર પસાર થતા છે વટે વાયુના અતિ પવિત્ર પ્રદેશમા પ્રવેશ કરે છે ત્યા તે પોતાની પાખડીઓનો કીર્તિવત પોષાક પુરબહારમા વિસ્તારે છે અને તૃષ્ણાતુર મધુમક્ષિકાને મિષ્ટ મી જબાની લેવા માટે એકદમ આમત્રે છે આવી રીતે કમળ ચુપચાપપણે કૃપાળુ સૃષ્ટાએ સ્થાપિત કરેલ (અખિલ) સતપુરૂષનુ મોહક જીવન ગુજારે છે તેનુ પુષ્પ પોતાની મેળે સૌંદર્ય અને કીર્તિને શીખરે પહોચે ત્યાસુધી વિકાસક્રમની સઘળી ભૂમિકાઓમાથી નિયમિત રીતે પસાર થાયછે

જ્ઞાન, પ્રેમ, શાતિ, આસ્તિકતા, નિષ્કપટપણુ, ઉદારતા અને પવિત્રતા એ સ ર્વ પવિત્ર જીવનના મુખ્ય લક્ષણો – સતપુરૂષોના સગીન લક્ષણો છે આવીરીતે કે મળ એ સતપુરૂષના જીવનનો અથસૂચિત કરતુ હોઇ સાકેતિક શબ્દ છે સાસ

સગીન ધર્મના બંધારણમાંના આ મુખ્ય મુળ તત્વો— સિદ્ધાંતો છે કાળના પેટા મા દટાઇ ગયેલા અથવાતો સાંકેતિક રહસ્યોમા છુપાઈ રહેલા બધા ધર્મોમા તેઓ મળી આવે છે અને તેમનુ પ્રેમથી અનુસરણ થાય તો તેઓ આપણને સત્ય અ ને અમરત્વને રસ્તે સીધા દોરી જાય છે

સ્વાર્થપરાયણતા, અહંકાર, દેહઉપરની આસક્તિ, મત્તા, કીર્તિ અને દ્રવ્ય ઉપરની લોલુપતા તે સર્વ ખરા ધાર્મિક સ્વભાવને અપરિચિત હોય છે દુનિયા ઇ ગર્વો, નવિનનો આનંદ, ઇન્દ્રિની મોજમઝાહ અને રાજેશ્રી ભોગવિલાસોનો ભપકો, એ સર્વ, પવિત્ર આત્મા કે જે પરમાત્મસ્વરૂપિણી શ્રીજગદંબાની ભક્તિમા ઓત પ્રોત થયેલો હોય છે તેને ખંડન કરી શકતા નથી અથવા તેની વિશુદ્ધિને ડાઘ લગાડી શકતા નથી કે જેરીતે કમળની વૃદ્ધિ અને સાદ્ર્યને કીચડથી કાઇ બાધા અડચણ થઇ શકતી નથી મનોનિગ્રહી, શાંત અને માયાળુ સતપુરૂષ જી વનની મુશ્કેલીઓથી અબાધિત રહીને પોતાના આ મૃત્યુલોકના જીવનના હકપત્ર નો સ્વસ્થતા અને આનંદમા રહી ઉપભોગ કરે છે આપણે તેને અખંડ ધ્યાનારૂઢ થયેલો અથવા તો પોતાના ધાર્મિક પરિશ્રમો અને દ્રષ્ટાંતિક નીતિમાન જીવન વડે પાપી અને દુખી મનુષ્યોને બચાવવામા પ્રીતિપૂર્વક રોકાયલો જોઇએ છીએ કમ ળની પેઠે તેનુ કાર્ય ચુપકીદીવાળુ છે અને તેનો વિજય નિશ્ચિત છે પરમદયાળુ ભગવતીના પગલાને તે સંપૂર્ણ વિશ્વાસથી ઉત્કટ ઇચ્છા પૂર્વક અનુસરે છે અને પરિણામે તેના પ્યારા પ્રભુનુ પદ પ્રાપ્ત કરે છે ઇશ્વરી કાનુનો પ્રત્યેની તેની આ જ્ઞાધારકતા અને પક્વ જ્ઞાનના હક વડે આ દુનિયા તેની પોતાની જ છે પોતા ની આસપાસની દરેક વસ્તુમા તે પોતાનુ અક્ષય જાણે છે અને તેની આસપાસ નુ દરેક પ્રાણી તેની પવિત્ર, મિલનસાર અને પ્રકાશરેડતી હાજરીથી રાજી થાય છે

સતપુરૂષનુ હૃદય અને કમળ પરોપકાર અને ધાર્મિક સદગુણોથી સરખા વિભુષિત હોઇ તે ધાર્મિક સદગુણોની મહત્તા જગતની દ્રષ્ટિએ દર્શાવવા માટે સતપુરૂષનુ હૃદય પરમાત્મ સ્વરૂપિણિ શ્રી જગદંબાના નિવાસ માટે જ્યમ યો ગ્ય ગણવમા આવ્યુ છે તેવીજ રીતે સાંકેતિક ચિન્હ તરીકે મહાલક્ષ્મી દેવીને કમળાસની તરિકે વર્ણવેલ છે અને તેમા કમળની મહત્તા તેને પોતાના આસન તરીકે પસંદ કરી શ્રી જગદંબાએ વધારેલી છે વનસ્પતિ જેવી વિકાસક્રમમાની પાછલી ભૂમીકાએ પણ સદગુણોનો બદલો શ્રી જગદંબા આપે છે ત્યારે વિકાસ ક્રમમા આગળ વધેલ મનુષ્યપ્રાણી, શ્રી જગદંબાની ભક્તિરૂપ ભાવતામા આરૂઢ થાય તો તેના બદલો ઇશ્વરી કા ન આપે ? આપેજ એ સિદ્ધ વાર્તા છે

અસ્તુ !

શરૂઆતના વિચારો

સુજ્ઞ ગ્રાહકો !

આ માસિકનું ગત વર્ષ ગત વિક્રમાર્ક સંવત્ સાથે સમાપ્ત થઇ ઉત માર્ગ પૂર્ણિમાથી શરૂઆત થવી જોઇતી હતી, છતાં ગત વર્ષનાજ અંતિમ સમયમાંની અમારી અનિયમિતતાથી આશ્વિનનો અંક માગશીષમાં પોસ્ટ થયો હતો ત્યાર પછી અમારા સ્વર્ગસ્થ માતુશ્રીની સાંવત્સરિક ક્રિયા તેમજ બીજી કેટલીક નૈમિત્તિક ધર્મક્રિયાઓમાં એકાદ માસ રોકાણ થયા કેડે પ્રેસમાંના ટાઈપ વિગેરે ઘસાઈ ગયેલા જણાયાથી ફરી નવા મંગાવવા, વિગેરે પ્રેસમાં સુધારો કરવાની આવશ્યકતા જણાઇ અને તેથી તેમાં મદદ રૂપે ગ્રાહકોમાંના જેઓ સુહૃદ અને શ્રી પ્રત્યે અનન્ય શ્રદ્ધાળુ હોઈ અમા। પ્રત્યે સ્વભાવિક્નિપણેજ વિશ્વાસનિય દ્રષ્ટિથી જુએ છે તેમના તરફના લવાજમો અગાઉથીજ મંગાવી લીધાં ત્યાર બાદ પ્રેસમાંના તમામ ઘસાયલા ટાઈપો એકઠા કરાવી અમદાવાદ લઈ જઇ ફાઉંડરીમાં આપ્યા અને નવા ટાઈપોનો ઓર્ડર આપ્યો છતાં ઓર્ડર પ્રમાણે તે માલ શુકનમાં આવતાં અને તે વ્યવસ્થાપુર્વક કેસોમાં નાખવા વીગેરે કાર્યવાહીમાં ધાર્યા ઉપરાંત વિશેષ સમય થઈ ગયો અધુરામાં પુરૂં તે કાર્યવાહીના ગાળામાં મુલતવી રહેલું સ્ટેટનું છાપવાનું કામ તેમજ બીજું હમેશના ગ્રાહકોનું કામ ચઢી ગયેલું તે તૈયાર કરી આપવામાં પણ કેટલોક સમય વ્યતિત થયો અને હૃદયમાં માસિક શરૂ કરવાની તીવ્ર ઇચ્છાઓ છતાં અવકાશ મળી શકયો નહિ અને તેથી આ છમાસના ગાળાના વિલંબ ખાતે અમો અમારા સુજ્ઞ ગ્રાહકોની ક્ષમા યાચીએ છીએ

ઉપર જણાવી ગયેલા બાહ્ય કારણો જો કે વસ્તુતઃ ખરાં છે અને તે દ્વારા ગ્રાહકોના ઉપાલમ્ભમાંથી અમારો બચાવ છે છતાં અમારા અંતરાત્માને અમો ઠગી શકતા નથી અને તેની પાસે તો અમારી ભૂલ—અમારી પ્રમાદ પ્રિયતા — અમારો અધઃપાત એ સર્વ અમારે કબુલ કરવા પડે છેજ કારણ કે જેનામાં કાર્ય પરાયણતાની અમોઘ શક્તિ છે અને યથાનિયમે જેણે અમુક કર્તવ્યનો સ્વિકાર કરેલો હોઈ તે કાર્ય સફળ કરવાનો નિરંકુશ ઉત્સાહ જેની રગેરગમાં વ્યાપ્ત છે તેને આ સૌ નિર્માલ્ય બ્હાના વારંવાર આગળ ધરવાનો સમય આવતોજ નથી એ અમો સમજીએ છીએ પણ ઉન્નતિની અવરોધક સત્તાઓની અસરમાં જે શરિરતંત્ર સપડાયલું છે તેના પર અમો વિજય મેળવી શકતા નથી એ વાર્તા એ ઉપરથી સ્પષ્ટ થાય છે અને કર્તવ્યપરાયણતાથી વિમુખ થવા માટે ગમે તેવા કારણો ઉપસ્થિત કરી દઇએ છીએ, છતાં સર્વ સાક્ષીભૂત અંતરાત્માને ઠગી શકાતો નથી તે

તો આપણી ભૂલને માટે – આપણા અધપાતને માટે હૃદયમાં દઝ દીધાજ કરે છે અને એજ એની મોટામાં મોટી શિક્ષા છે

અસ્તોદયનો નિયમ પરાપૂર્વથી પ્રચલિત છે દિવસ અને રાત્રિ, સુખ અને દુખ, સંપત્તિ અને વિપત્તિ, જન્મ અને મૃત્યુ, વિગેરે પર્યાય શબ્દો એ સૂત્રની સાક્ષી છે, અને એજ પ્રમાણે અમારી આ કર્તવ્યવિમુખતા તેનો સમય આવતા — અમારો પુરૂષ પ્રયત્ન હશે તો કર્તવ્યપરાયણતામાં ફેરવાઇ જશે અને તે કર્તવ્યપરાયણતાની શરૂઆત તરિકે આજે છ મહિને પણ આ શ્રી અંબિકા વિજય પુ૦ ૧૧ નો પ્રથમાંક આપના હસ્તકમળમાં મુકવા અમો શક્તિવાન થયા છીએ

આ દશ વર્ષના આપણા સંબંધ દરમીયાન અમો અનેકવાર કહી ચુકયા છીએ કે અમોએ અમારૂં સર્વસ્વ શ્રી જગદંબાના ચરણના શરણમાં સમર્પણ કરેલું છે આ હેતુથી એક નિમિત્ત તરિકે શ્રીની ભાવનાતંત્રના આધારે તે જે કાર્યમાં યોજે ત્યાં તેની પ્રેરણા મુજબ કાર્ય કર્યે જઇએ છીએ અને તોપણ ઉપાધિ રહિત અખંડ ચિત્તશાંતિના સમયમાં અંતરાત્માની સંમતિથી જે કર્તવ્યપથ નિશ્ચિત કરેલો હોય છે, તેમાં અવરોધક સત્વોની અસરથી જે વિકૃતિ થઇ જાય, તે દુર કરવા સારૂ શ્રી જગદંબાના અનુગ્રહનીજ યાચના કરીએ છીએ કે તેઓ શ્રી અમને સ્વકર્તવ્યપાલનમાં ઉત્સાહ, ધૈર્ય અને સ્થિરતા આપે

આપણું વર્ષ જો કે કાર્તિકથી શરૂ થતું હતુ તો પણ વિલંબના આ ગાળાને લઈ હવે ચૈત્રથી શરૂ થાય છે અને ઈશ્વિરીની ઈચ્છા તો આશ્વિન સુધીમાં તેના ૧૨ અંકો પુરા કરી નવું વર્ષ ફરી કાર્તિકથીજ શરૂ થશે તો પણ અત્યારે આ અંકથી આપણું નવું વર્ષ હોવાથી તત્સંબંધે કેટલાક વિચારો જણાવીએ છીએ

દરેક મનુષ્યો આખા વર્ષ દરમીઆન કરેલ પ્રગતિનો વિજય દીવાળીના તહેવારોમાં કેવા આનંદથી ઉજવે છે અને નવા વર્ષની પ્રગતિ સફળ કરવાની આશામાં મંગળમય આરંભનો તહેવાર કેવાઉત્સાહથી અને નવીન યોજનાઓના પાયા રૂપ શુભ વિચારોના મંગળમાં ગુજારે છે તે સહુ કોઈ જાણે છે તદ્દન મંદ લાગણીવાળા માણસને પણ જુના વર્ષ અને નવા વર્ષ વચ્ચે અધવચમાં ઉપસ્થિત થવાની પળે પરસ્પર અભિનંદન આપતા લોકોના ટોળાને જોઇને અને ભાવપૂર્વક શારદાપૂજન તેમજ દેવદર્શન કરતા જોઇને કાંઇક પણ અસર થાય છેજ અને તેથી તેવાના હૃદયમાં પણ આત્મનિરિક્ષણ દ્વારા પોતાની ક્ષુલકતાના જ્ઞાનની અને ઉન્નતિક્રમની ઇચ્છાઓના ઉત્સાહની ભરતી થાય છે

જુના અને નવા વચ્ચે જીવનના કડવાશરસોત્પાદક દ્રશ્યની અમર હમેશા રહેલી હોય છે જુના પ્રત્યે સમય આપણને ધીમે ધીમે જ્ઞાન ઉપન્ન કરવે છે જ્યારે નવા તરફની ગતિ અજ્ઞાતના દ્વાર તરફનો આપણો પ્રવેશ છે ભૂતકાળરૂપી શહેર આપણે આપણી પછળ છોડી દીધુ છે, અને આપણી આગળ કાં સ્વર્ગનુ નંદનવન અથવા તો આફતોની ઉંડી ખીણો એ બેમાનુ શુ હશે, તેની અગાહી કોણ કરી શકે તેમ છે ? કારણ કે ભાવિના પેટામા દબાવવા જે અદ્રશ્ય બનાવો સમય આપણા સન્મુખ રજુ કરે છે તેના નિશ્ચય, જ્યારે આપણા મસ્તકો વર્ષોના બોજાવડે અને અજ્ઞાતને જ્ઞાતમા પરાવર્તન પમાડનારા અનુભવ વડે વધારે સમજદાર થાય છે ત્યારે સમય પોતેજ માત્ર કરી શકે છે

પણ જગત પોતેજ વિક પાવતનમય મહાન દ્રશ્ય છે, જેવી રીતે કે કુદરતની જીવન શક્તિઓ વિકાસક્રમવાળી હોય છે, અને આના કરતા વળી વિશેષમા તેમની કૃતિ સબંધી અગાધપણમા મનુષ્ય જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તે જીવનશક્તિઓ ઉત્ક્રમવાળી થાય છે, કારણ કે મનુષ્યે તેમને, પોતાની ઇચ્છાનુસાર ચાલતા સેવકોની પેઠે એકઠી કરીને બળવાન તત્વોના રૂપે કે દ્રમા આણવી જોઇએ તેમછતા જોકે આપણે ભૂતકાળમા ચાહી હોય એવી ઘણી વસ્તુઓ વિકૃત્યાધિન કાળ આપણી પાસેથી ખુચવી લેછે છતા તેના રિતિરિવાજે સવ ડહાપણવાળા અને પ્રમાણીક છે કારણકે કુદરતને કાયદો જેમા સવ સારૂજ અને દૈવી હોય છે તે કાયદાનો સમય પણ એ સહચર છે અને તે આપણી શ્રવણેન્દ્રિમા દીલાસા ભરેલા સદેશાના રૂપમા એવી સૂચના કરેછે કે આપણા દરેક પગલામાથી વિશેષ સપૂર્ણ જીવનનુ ફળરૂપ બીજ નીચે પડે છે

* * * * * * *

નવુ વર્ષ નવી રૂતુ, નવી પેદાશ, નવી જીંદગી આ વિચારો ઉન્નત પ્રગતિ સબંધે પરસ્પર કેવા સકળાયેલા છે! આપણા અતરાત્મ ઉપર જ્યારે તેની ઉંડી અસર થાય છે ત્યારે ભાવિ પ્રગતિ કયાથી શરૂ કરવી તે સ્થાન નિશ્ચિત થાય છે, કે જ્યાંથી આપણે ઉચ્ચ જીવનની મુસાફરીમા આગળ વધવુ જોઇએ

સવ મનુષ્યો જે સુખને શોધે છે તે સુખ તેને જ પ્રથક પ્રથક અર્થ કરનારા જેટલા સમજે છે તેના પ્રમાણમા પ્રથક્ પ્રથક્ તરેહનુ વાસ્તવમા હોય છે, છતા તે સુખ, વર્તનના વિકાસમા અને સૌંદર્યમાજ માત્ર મળી આવે છે અને તે પ્રાપ્ત કરવાના પ્રયત્ન તરિકે ઉન્નતિની અવરોધક પાશવ વૃત્તિઓ ઉપર સદગુણોનો વિજય ધ્વજ ફરકાવીને — અજ્ઞાન રૂપી અધકારમાથી નિકળી દૈવી સત્યો તરફ — જીવનના વર્તનમાના અડગ સિદ્ધાંતો તરિકે સદગુણોનો સ્વિકાર કર્યાની નિશ્ચિત સ્થિતિએ પહોચવા—પ્રગતિ કરવી

અસ્તુ !

કાવ્ય તરંગ.

(લખનાર — કલ્યાણસિંહ નવલસિંહ ક્ષત્રિય, રાજકોટ)

दोहा.

नहि पराग नहि मधुर मधु, नहि विकासी यह काल।
अली कलीहीसो बंध्यो, आगे कौन हवाल. ॥१॥

કવિની અન્યોક્તિ ભ્રમર પક્ષે છે કે— હે ભ્રમર ! આ કમળની કળી મા પરાગ એટલે સુગધી રજકણો થયા નથી, તેમ મધમક્ખ મકરન્દરસ મિઠ થયો નથી તથા કળી વિકાસને પામી નથી છતા કળી વિશે લુબ્ધ થયેલ છે તો જ્યારે પરાગ મકરન્દ વિકાસ થશે ત્યારે તારી શી દશા થશે અર્થાત્ તેમા લુબ્ધ રહ્યાથી રાત્રિયે કમળ સકોચાય છે તે પ્રેમ બધનમા બધ રહ્યાથી રજનીમા હાથી કમળદળનો ભક્ષ કરશે તે સાથે તારૂ પણ ભક્ષણ થશે

અજ્ઞાત યૌવના નાયકા વિશે કામાસક્ત પુરૂષ પક્ષે કહે છે — હે નરભ્રમર ! આ બાળાને હજુ રજોદર્શન પ્રાપ્ત થયેલ નથી તેમજ શૃગારાદિ રસ ભરિ તેની મીઠી વાણી પણ છે નહિ તથા શરિરનો વિકાસ થયેલ નથી, છતા એ હવશ અનુરક્ત થયેલ છે તો જ્યારે તે મધ્યા પ્રૌઢા અવસ્થાને પ્રાપ્ત થયેથી તેના અગમા પૂર્વોક્ત સર્વ ધર્મો ઉત્પન્ન થશે ત્યારે તારી શી દશા થશે ? અર્થાત્ રતિરગના બધનમા બધાઇ રહ્યાથી પરલોકના સુખસાધન થઇ શકશે નહિ એટલામા આયુબલ પુરૂ થશે

પ્રવૃત્તિ પરાયણ પુરૂષ પક્ષે કહે છે કે — જ્યા તુ વસે છે તે મુક્તિ દ્વાર તીર્થરાજ પ્રયાગ નથી તેમજ મધ સમાન મિઠ ભોજન જેવો આનદ આપનાર મધુપુરી એટલે મથુરાપુરી નુ વ્રજમડલ નથી તેથી મહા તણી યમુનાજીનુ સ્નાનપાન પણ કરતો નથી તેમજ વિશેષે કરી શ્રી કાશીનુ પવિત્ર ક્ષેત્ર પણ નથી તેથી શ્રી ગગાજીનુ સ્નાનપાન તથા શ્રી વિશ્વેશ્વરનુ સેવન પુજન કરતો નથી, અને આ ઘોર કળીકાળની કુચાલમા પ્રવૃત્ત રહે છે એટલામા આયુબલ સમાપ્ત થયેથી પરલોકમા શી ગતિ થશે ? અર્થાત પવિત્ર તીર્થાદિના સેવનથી પરમગતિ પ્રાપ્ત થાય છે

दया दया सबही कहे दया करो सब कोय।
धरका धरा न पाहिये जो कर दया न होय॥२॥

અર્થ — સઘળા ધર્મોનું મુળ દયા હોવાથી, દયા કરવાનું સર્વ કોઈ વારવાર કહે છે એટલા માટે સઘળાએ દયા કરવી પડે છે કેમકે દયાળુ પુરૂષ ધનાદિ તથા અભયદાન આપી શકે છે પરમા મતાઉપ ધુન અંધારે હાથમા દીપક લીધા વીના મળતુ નથી તોપછી પોતાને હાથે દાનપૂણ્ય કર્યાવિના ખાલી હાથે જેઓ જાય છે તેઓને પરલોકના સુખ મળતા નથી માટે હાથે આપે તે સાથે આવે, અથવા પૂર્વ જન્મમાં દીપેલ દત્તના દીધવાન ફળથી આ જન્મમા ધનાદિ સમૃદ્ધિ પ્રાપ્ત થયેલ હોય છે માટે આ જન્મમા હાથે કરી દીઓ કેમકે દીધાવિના ધર્મોનો ભરેલ ભંડાર સાથે આવશે નહિ એવો સર્વ ધર્મશાસ્ત્ર અને અને સત મહાત્માઓનો મત છે

जप माला छापा तिलक सरै न एको काम।
मन काचे नाचे वृथा साँचे राचे राम ॥३॥

અર્થ —

" માળા, છાપ તિલક, ધારણ કરે તથપિ કૃતાર્થ થવાતુ નથી વૈરાગ્ય વિવેકાદી સાધન વિના નટવા સમાન મિથ્યાનાચ નાચવાથી શ્રી રામ પ્રસન્ન થતા નથી'

ઉપરોક્ત અર્થ કરવાથી ભક્તિપથમા મોટો વિરોધ આવે તેનો સરસ્વતિ ઉન્નાર્થ એવો થાય છે કે — જપમાળા, છાપા, તિલક ધારણ કરનારને એ એટલે એવુ કો એટલે કયુ કાય સરે નહિ? અર્થાત્ મુક્તિ પર્યંતની સિદ્ધિ થાય તેમ છે ચાહે તેવા કાચા મનથી પણ વૃથા નાચ નાચે તોપણ શ્રીરામ તો સાચેસાચા પ્રસન્ન થાય છે કારણકે બાનાની પત રાખવાની મહારાજની બીરદાવળી નિશ્ચિત છે જેમકે —

સંપૂર્ણ

મહા કવીશ્વર શ્રી કેશવદાસજી કૃત

श्री कवि प्रिया

ગ્રંથમાથી

શ્રી અલંકાર સંગ્રહ

(લખનાર — કલ્યાણસિંહ નવલસિંહ ક્ષત્રિય, રાજકોટ)

ભૂમિકા

મહા કવીશ્વર શ્રી કેશવદાસજી કૃત શ્રી કવિપ્રિયા ગ્રંથમાથી આ અલંકાર સંગ્રહ નવમા પ્રભાવથી કરવામા આવેલ છે, તે પહેલાંના આઠ પ્રભાવની તથા

નવમા પ્રભાવના ૨૪મા દોહાપર્યંત મૂલ સહિત ગુર્જર ભાષાની ટીકા "સરસ્વતિ શૃંગાર" નામે માસિક ચોપાનિયામા શ્રી કચ્છભૂજવાળા કવિવર શ્રી જીવરામ અજરામર ગોર તરફથી પ્રગટ થયેલ છે એટલે પછી આ નવમા પ્રભાવ પહેલાના આઠ પ્રભાવની ગુર્જર ટીકા લખવામા પિષ્ટપેષણ એટલે દળેલા આટાને ફરી દળવો એ મિથ્યા શ્રમ લેખાય તેથી આ નવમા પ્રભાવથી જે અનંકારો શરૂ થાય છે, ત્યાથી તે ૧૬મા પ્રભાવ પર્યંતની ગુર્જર ભાષામા ટીકા લખી છે

કવિકુલ કમલ પ્રભાકર મહાકવિ શ્રી કેશવદાસજી બુંદેલખંડમાના ઓડછાના કુમારશ્રી ઇંદ્રજીત મહારાજના પ્રધાનપદ ઉપર હતા અને વળી કવીશ્વર હતા તેમણે સંવત્ ૧૬૪૮ મા **રસિકપ્રિયા** તથા સંવત્ ૧૬૫૮ મા આ **કવિપ્રિયા** નામે ગ્રંથો રચેલા છે તેમજ **શ્રી રામચંદ્ર ચંદ્રિકા** નામનો ગ્રંથ પણ સંવત્ ૧૬૫૮ મા અને સંવત ૧૬૬૭ મા **વિજ્ઞાનગીતા** નામના રચેલ ગ્રંથો છપાયલા પ્રસિદ્ધ છે તેઓ ભાષાપદ્ધતીમા અગ્રેસર ગણાતા તેમની કાવ્યશક્તિ અદ્ભૂત હોવાથી એક શબ્દના એકથી અધિક અર્થની ગાભિર્યતા રસિક જનોને ઘણો આનંદ ઉત્પન્ન કરનારી લેખાય છે

મહાત્મા શ્રી સૂરદાસજી તથા મહાત્મા શ્રી તુલસીદાસજી અને કવીવર શ્રી કેશવદાસજી એ ત્રણે સતરમી સદીમા થઇ ગયેલા હોવાથી સમકાલિન લેખાય છે શ્રી સુરદાસજી કૃત **સાહિત્ય લહેરી દ્રષ્ટકૂટ** નામે ગ્રંથ સંવત્ ૧૬૦૭મા રચાયેલ છે, મહાત્મા શ્રી તુલસીદાસજી કૃત **શ્રીરામાયણ** સંવત ૧૬૩૧ માઆરંભાયેલ છે અને મહાકવીશ્વર શ્રી કેશવદાસજી કૃત કવિપ્રિયા ૧૬૪૮ મા હોવાથી તેઓ સમકાલિન હોઇ તેઓ માટે કહેવામા આવે છે કે —

दोहा – कविता करता तीनहे तुलसी केशव सूर।
कविता खेती इन लुनी शीला विनत मजुर॥

चंद छंद पद सूरके चोपाइ तुलसीदास।
दोहो विहारी लालको केशव कवित विलास ॥२॥

ઉક્ત કવીશ્વર શ્રી કેશવદાસજીના કવિત છંદ બહુ સરસ છે તોપણ **શ્રી રામચંદ્ર ચંદ્રિકા તથા વિજ્ઞાન ગીતામા** વિવિધ જાતિના છંદોની રચના છે શ્રી રામચંદ્ર ચંદ્રિકા એ ગ્રંથ શ્રી તુલસીકૃત રામાયણ સમાન સપ્તકાંડમય છે પ્રાચીન કવિજનોએ કેવળ શ્રી ભગવાન રામચંદ્રજી તથા પરમાત્મા શ્રી કૃષ્ણચંદ્રની લીલા — ચરિત્રોના ગુણાનુવાદનુ ગાન કરવામાજ પોતાને કૃતાર્થ માની કાવ્ય

પ્રબંધની રચના કરી — પરમાર્થને પથે ચાલી અન્ય જનોનુ પણ કલ્યાણ કરેલ છે અર્થાત્ જેઓ ઉક્ત મહાત્માઓના ગ્રંથોનુ શ્રવણ અધ્યયન કરે છે તેઓ ઉભય લોકમા આનંદના ભાગી થાય છે

કાવ્ય કથન રસિક જનોને પણ અત્યંત આનંદ ઉપજાવે છે

दोहा – तन्त्रीनाद कवितरस सरसरागा रतिरगा।
अनबुडे बुडे तिरे जो बुडे सबअगा ॥ ३ ॥

સોરઠો — કાવ્યને કીરતિ થોણા, ગુણહીરા ગમાણ
ભૂમિ ઉપરે ભાર, શાને કીધો, શામળા ?

રસિક ગુણીજનોની સમાજમા કાવ્યમોદય સત્કાર તથા શોભાને પ્રાપ્ત થાય છે

चोपाइ

मणी माणिक मुक्ता छबि जैसी,
अहि गिरि गज शिर सोहन तैसी
नृप किरीट तरुणी तनु पाइ,
लहहि सकल शोभा अधिकाइ,
तैसहि सुकवि कवित बुध कहहि,
उपजहि अनत अनत छबि लहही

અર્થ — મણિ નાગના મૂખમા, માણિક પર્વતના શિખરે, ગજમુક્તા હસ્તીના કુંભસ્થળમા ઉત્પન્ન થાય છે છતા તે સ્થળે તેની કે સ્થાનની શોભા જણાતી નથી પણ નૃપાળોના કીરીટ — મુગટોમા તથા યૌવન મદભરી સૌંદર્યવતી બાળાના અંગ ઉપરના આભુષણોમા અલૌકિક શોભા ઉત્પન્ન કરે છે તેમ સુકવિની કાવ્ય પણ સુજ્ઞજનોની સમાજમા પ્રસંશાને પાત્ર થાય છે

" जो प्रबध बुध नहि आदरही,
सो श्रम बादि बालकवि करही "

सुज्ञेषु किं बहुना

અપૂર્ણ

શ્રી કાશિકા તીર્થ માલિકા

(યોજક ક્ષેમશંકર વિશ્વેશ્વર શાસ્ત્રી ચુડાના મું૦ ભાવનગર)

गणेशं गिरीशं च विष्णुं भवानीम् ।
प्रणम्य प्रभेशं मुदा पञ्च देवान् ॥
शुभां काशिकातीर्थमालां प्रकुर्वे ।
जनेभ्यश्च मुक्तिप्रदां दर्शनाद्वै ॥ १ ॥

ગણપતિ, શંકર, દેવી, વિષ્ણુ અને સૂર્ય એ પાંચ દેવોને હર્ષથી પ્રણામ કરી, દર્શનથી માણસોને મુક્તિ દેનાર સુંદર કાશિકા તીર્થ માલિકાને હું રચું છું ૧

एकदा नैमिषारण्ये शौनकादिमहर्षय ।
सूत सम्प्रेक्ष्य सत्कृत्य दिव्यज्ञानाभिलाषिण ॥ २ ॥
एकीभूय समे ते वै सत्वरा भक्तिभाविता ।
शौनकं च पुरस्कृत्य पप्रच्छुर्विनयान्विता ॥३॥युग्मम्

એક વાર નૈમિષારણ્ય ક્ષેત્રને વિષે દિવ્ય જ્ઞાનની ઇચ્છાવાળા શૌનકાદિ મહર્ષિઓ સૂત પુરાણિના દર્શન કરી તેમનો સત્કાર કરી, ભક્તિરસ્યુત અને વિનયવાળા ને સર્વે એક મત વાળા થઇ શૌનક મુનિને અગ્રેસર કરીને અતિત્વરાથી પુછવા લાગ્યા ૨ — ૩

॥ शौनक उवाच ॥

सूत सूत महाभाग कथय त्वं मम प्रभो ।
काशिका तीर्थमाला वै कृपा कृत्वा सुविस्तरात् ॥४॥

શૌનક બોલ્યા — હે સૂત! હે સૂત! હે મહાભાગ! હે પ્રભો! તમે મારા ઉપર કૃપા કરીને અતિ વિસ્તારવાળી કાશિકા તીર્થ માલિકાને કહો ૪

॥ सूत उवाच ॥

शृणु शौनक हर्षात्त्वं मानवेप्सितदां पराम् ।
यामुवाच शिवो देवीं कैलासे पर्वतोत्तमे ॥ ५ ॥

सूत बोल्या — हे शौनक! पर्वतोत्तम कैलास उपर महादेवजी जेने पार्वतीदेवी आगळ कहेता हता ते, मनुष्योना मनोरथ पुरनार उत्तम काशिका तीर्थ माळिकाने तमे हर्षथी सांभळो ५

कदाचिद्गजा कान्त गिरीश प्रेमसयुता ॥
पप्रच्छ सुखमासीन जीवोद्धारणहेतवे ॥६॥

कोई वखत प्रेमयुक्त पार्वती, आनंदमा बेठेला पोताना पति शंकरने जीवोना उद्धारमाटे पुछवा लाग्या ६

॥ पार्वत्युवाच ॥

श्रोतुमिच्छामि हेकान्त तीर्थानामुत्तम स्थलम् ॥
निवास यत्र त्व कृत्वा जीवान्नुद्धरसे भयात्॥७॥

पार्वती बोल्या — हे कांत ! जे स्थळमा आप निवास करीने आ संसारथी जीवोनो उद्धार करो छो ते तीर्थमा उत्तम स्थळने हु सांभळवा इच्छु छु ७

॥चन्द्रशेखर उवाच॥

शृणु कान्ते प्रवक्ष्यामि तीर्थानामुत्तम स्थलम् ॥
यत्रस्थो भूरिपापेभ्यो जीवान्सतारयाम्यहम् ॥८॥

श्री चंद्रशेखर बोल्या — हे कांते ! ज्या रही हु जीवसमुहने महापापोथी तारु छु ते, तीर्थोना उत्तम स्थळ हु तमोने कहीश ८

काशीति मोक्षदा पूर्व मद्रूपा नाऽस्ति सशय ॥
तत्रत्यदेवतीर्थेषु निवसामि सदा प्रिये ॥९॥

मोक्ष देनार काशी ए नामनी पुरी खरेखर मारु स्वरूप छे अने त्यांना देवो अने तीर्थोमा मारो सदा निवास छे हे प्रिये ! तेमा शंका न करवी ९

तानि ते वच्मि हेकान्ते सावधानतया शृणु ॥
श्रुत्वा दृष्ट्वा च यानि वै मोक्षदानि न सशय ॥१०॥

हे कांते ! नामना श्रवणथी अने स्वरूपना दर्शनथी जे देवो अने तीर्थो निःसंशयपणे मोक्षना आपनार छे ते हु तमोने कही आपु छु ते सावधानपणे सांभळो १०

अपूर्ण

સૌંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી.

(એક અંગ્રેજી વાર્તાનો અનુવાદ)

પ્રકરણ ૧ લુ

સોંદર્યવતી શ્વેતાંગ રાક્ષસીની વાત મ્હેં કેવી રીતે સાભળી ?

ચીન દેશના હોંગકોંગ બંદરે આપણી વાર્તાની શરૂઆત થાય છે સમુદ્રની શીતળ વાયુલહરિ ગતિમાન ન હોવાથી રાત્રિનો વખત છતા સખત ગરમીના ઉકળાટને લેઇને મુસાફરો પસીનાથી તરબોળ થઇ અકળાઇ જવાથી ઓક્સીડેન્ટલ હોટેલના દરેક ઓરડામા હોટેલના નોકરો પંખાની દોરીઓ ખેંચી રહ્યાછે રાત્રિના અગીઆર વાગ્યા છે, તે વખતે આ હોટેલના બિલિયર્ડ રૂમમા ચાર મનુષ્યો હાર જીતના ખેલો રમતા બેઠા છે ચાઈનીઝ રેવન્યુ ખાતાની સ્ટીમર વાય—ચેંગ નો કપ્તાન બેનવેલ અને ઇંગ્લીશ ક્રુઝર ટાર્ટારિકનો કપ્તાન પેકલ એમને આ રમતમા પ્રતિસ્પર્ધિ હતા અને પેસ્ટ ખાતાની સ્ટીમર સાનફ્રાન્સીસ્કોનો કપ્તાન મેલોન અને હુ જ્યોર્જ ડી નોર્મન વિની પ્રેક્ષકો તરિકે તે રમત જોતા હતા, અને વખતે રમત સબધી કાઇંક સલાહ પણ આપતા હતા રમત બરાબર જામી હતી તેવામા બારણાને હડસેલો મારી એક મનુષ્ય અંદર ધસી આવ્યો

" ઓહો ! આ કોણ ? મનુષ્ય જાતિના નોગદ લેઇ કહુ છુ કે આતો પોડી! કાં, ચોકીવાન ! રાત્રિના શુ સમાચાર છે ? દોડતો કેમ આવ્યો ? " પેકલે પુછયુ

નવો આવનારવાળ ઓડાવેલા લાલ ચ્હેરાને, સફેદ દાંત, વિશાળ નેત્રો, લાંબા કાન અને પીળચટા વાળવાળો ઠીંગણો મનુષ્ય હતો પસીનાથી રેબઝેબ તે થઇ ગયો હતો અને તેને એટલો તો શ્વાસ ભરાઇ ગયો હતો કે લગભગ બે મીનીટ સુધી ઉપરના સવાલોના જવાબ આપવા તે અશક્ત હતો

" મનમા દબાવી રાખેલી કોઇ બાતમીના હુમલાથી તે પીડાય છે" બેનવેલ જે કે તેને બારિકાઈથી તપાસતો હતો તે બોલ્યો " ડી નોર્મનવિની ! તેને કાંઈ દવા આપો તો સારૂ અહા, હુ ભુલી ગયો કે તમે એકબીજાથી અપરિચિત છો અને તમારી પરસ્પર ઓળખાણ કરાવવી જોઇએ— મીસ્તર પેટ્રેસ વેન્ડરબર્ન, ડોકટર ડી નોર્મનવિની, ફારમમા કહેવાય છે તેમ તમે હવે પરિચિત છો"

" પોડી, જલદી કહે " તેની પાંસળીમા આંગળી કરતા પેકલે આગ્રહ બતાવ્યુ "જો તું જલદીથી અમોને નહિ કહીશ તો હુ પીં વેલી (સુખી ખીલ–

ક્રીશ્ચનોને દફનવવાની જગ્યા) માની તારી રવાનગીના સાક્ષીભૂત થવા માટે અમારે અમારી આવતી કાલની ડયુટી ઉપર નહિ જવાની દીલગીરીભરેલી ફરજ પડશે ”

“ વારૂ, પહેલું તો, ” મી૦ વેડરબર્ને શરૂ કર્યું, “ તમો જાણતા હશો કે— ”

“ ચાંડીનુ કહેવુ સાભળો, સાંભળો વાતની ઘણી સારી શરૂઆત ! ’

“ પેકલ ! વચમા બોલવુ રહેવા દે અને તેને બોલવાની તક આપ વારૂ, વારૂ હવે અગાડી ચાલવા દે ”

“ તમો જાણતા હશો કે ઉડનદત્ત — ”

“ વારૂ— વારૂ, તેનો મુખ્ય અમલદાર પરકીસ, સદગુણોનુ મુર્તિમાન સ્વરૂપ અને પરહેજગાર પહેલો અમલદાર બ્રેડબર્ન, અથવાતો ચીનાઇ મસુદ્રનો જુહો! તે સ્ટીમર સબધી શુ છે? આજ સાંજેજ તે શેઘાઈ જવા ઉપડી ગઇ હતી ને ? ”

‘ દોઢ લાખ રોકડ લોટને તે ઉપડી હતી સાતવાગે લાઇ—ઇ—મુન પાસ મા કાઠે ગઈ તુરતજ ચાચીયાઓએ ઘેરી લીધી મુખ્ય અમલદારે મદદ માટે બીજા અમલદારને સ્ટીમ લાચમા રવાના કર્યો ગનબોટ પણ અતીશય ત્વરાથી ઉતરી પડી અને ઘણી ખરી ગનબોટો પ્રમાણે ઘણી મોડી પહોચતા કાઇ ઉપયોગમા ન આવી મુખ્ય અમલદાર અને દસ માણસો ગોળીથી વીંધાઈ ગયા, પહેલો અમલદાર ખંજરથી ઘવાયો પહેલા વર્ગના સલુન પેસેન્જરોની માલમતા લુટી લેવામા આવી અને તેમને તેમની ઓરડીઓમા પુરી ઉપર તાળા દેવાયા પછી તિજોરીના ઓરડા ઉપર ધમાલ થયો અને નાણાનો દરેકે દરેક રાતો સેંટ (જઇ જેવો સીકો) લઈ ગયા—ઇશ્વર જાણે કે કયા લઈ ગયા હવે, તમે આ ખબર વિશે શુ ધારો છો ?

“ ચાચીયા કઇ જાતિના હતા ? ”

“ તે કોઈ જાણતું નથી ’

“ વળી લાઇ–ઇ– મુન પાસ આગળ ! બરાબર આપણા પગ પાસેજ ’

“ હુ ધારૂ છુ કે, ફરીને પાછી સૌદયવતી ચૈતાગ રાક્ષસી ”

“ તેના જેવુજ કામ છે કેમ નહિ ? પેકલ ! હવે પેપરો આ બાબત ઉપાડી લેશે અને ગુસપેપરો સબધે હુ જે કાંઈ જાણુ છુ તે ઉપરથી કહી શકુ છુ

કે તેઓ તમો ગનબોટવાળા માણસોનેજ ઠીક ખાસડા લગાવશે ”

" જો હું બ્રીટીશ નૌકાખાતામાંનો હોઉં અને એક ચીનાહાથથી લુંટાઉં તો તો હું બંદુક ખાઈ મરૂં ”

" એ વાત હવે જવા દો હું હવે બુઢ્ઢો થયો છું અને મારે કોઈ સગાવહાલા પણ નથી પણ તમારા જેવા ઇંગ્લાંડના ગૃહસ્થો માટે ઠીકજ છે કે આરામથી ઘર આગળ બેસી ગામ ગપાટા ચલાવવા અમો જેટલું તે સ્ત્રી વિશે જાણીએ છીએ તેટલું જો તમો જાણતા હોત તો તેણીના સબંધે આટલી છુટથી ટીકાઓ ન ચલાવત મારી જાતને માટે, હું તો માનુંછું કે તેણી એક રાક્ષસીજ છે ”

મે ધાર્યું કે હવે વચ્ચે બોલવાનો સમય આવ્યો છે

" એક ગરીબ મુસાફર પર દયા કરી કોઈ ખુલાસો કરવાની કૃપા કરશો ? ” હું બોલ્યો, " પૂર્વમાં હું આવ્યો છું ત્યારથી સાૈંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી—સાૈંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી—સાૈંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી, એ સિવાય બીજું કાંઈ હું સાંભળતોજ નથી, કોલંબોમાં ગવર્નમેન્ટ હાઉસ આગળ ટીફીન વખતે—સાૈંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી, યોકોહોમામાં, ક્લબના મેળાવડા વખતે સાૈંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી! નાગાસાકી, ફ્લેગશીપ—સાૈંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી અને હવણાં અહીં, મધદરિયે સાૈંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી, અને તેના પરાક્રમનું સ્થળ દરેક વખતે અગાઉના સ્થળ કરતાં માઈલોના માઈલો દૂર મ્હને તો ઘણું આશ્ચર્ય થાયછે ”

ચાર જણમાંના દરેકે વાત કહી સમજાવવામાટે શરૂઆત કરી મે મારા હાથ અરજ કરવાની ઢબે જોડયા

" મારા પર જરા દયા કરો ” મે કહ્યું, " સઘળા સાથે ન બોલો ”

ચુપચાપ પગરવવાળા ચીનાઈ છોકરાઓમાંનો એક, મારી સીગાર સળગાવવા દીવાસળી લાવ્યો અને મે સળગાવી ત્યાં સુધી ધરી રાખી પછી એક વાળી આરામ ખુરસીમાં આડો પડી મે તેમને વાતનો આરંભ કરવા આજ્ઞા આપી

" પાદ્રીને કહેવા દો ” પેકલે કહ્યું, " ઘણીજ અસાધારણ કલ્પનાશક્તિ માટે તેને અભિમાન લેવાનું છે બુઢ્ઢા ! વાત ચલાવ, અને તેની ઇજ્જતમાં ઉમેરવામાં જરાપણ કૃપણતા ન કરતો ”

વેડરબર્ન ટટાર થયો, સર્વને ચુપ રહેવા ઇશારત કરી અને ત્યાર પછી નાટકી ઢબે શરૂ કર્યું — " સાૈંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી કોણ છે ? વાત અંધારામાં. તેના પગલાં પ્રથમ ક્યાંથી થયાં ? વાત અંધારામાં તેનું નામ શું ? મારૂં કહેવું એમ છે કે ચીનાઓએ તેને આપેલું આ સાૈંદર્યવતી શ્વેતાંગ રાક્ષસી એ નામ નહિ પણ તેનું ખરૂં નામ ? વાત અંધારામાં જે બાબત ચોકસ થઈ શકે છે તે

ત થતો જાય છે "

"અને તેણીને માટે ઉત્કંઠિત થવા યોગ્ય નથી ? હું તેનો ઇતિહાસ જાણ વા ઘણો ઉત્સુક છુ "

"અને તમે મને એમ કહેવા માગો છો કે આ જળપ્રદેશો ખેડતા ઇંગ્લી શ, અમેરિકન, ફ્રેંચ, ચાઇનીઝ અને જાપાનીઝ કાફલાઓ માટે તેણીને પકડવાનુ કાર્ય શુ અશક્ય છે ?'

' હમણા સુધી તો તેમજ છે સર્વ વૃતાત ઉપર લક્ષ આપો તેણી આજે આહી હોય તો આવતી કાલે પત્તો ન હોય સફેદ સ્ટીમર આજે સીંગાપોર નજીક દેખાય—આવતા ગુરૂવારે મકાસર આગળ ત્રાંબાના રંગની સ્ટીમર દેખાય—આવતા અઠવાડિયામા વળી શેવાહી નજીક કાળા રંગની સ્ટીમર જ ણાય પોલીસ અને બીચારો બુઢ્ઢો એડમીરલ આ માથાકુટથી કટાળી ગયા છે'

"ઇશ્વરના સોગંદ લેઇ કહુ છુ કે તેણીને જોવાથી હુ ઘણો ખુશી થાઉ "

' એમ ન બોલો, નહિ તો તમે જોશોજ હવે ફરી તે કયાથી નિકળી આ વશે તે કોઇપણ માણસ કદી જાણતું નથી. એટલુ તો ચોક્કસ છે કે દરેક સ્થ ળે તેણીના આડતીઆ હોય છે અને કાઠા ઉપરના ચાચીયામાના અર્ધોઅર્ધ સાથે તેણીને સામેલગીરીનો સબધ છે હુ ખુશી છુ કે મને સપડાવવા લાયકનો મા ણસ લેખે તેવો હુ નથી "

"તેણીના વિશે તમે આટલુ બધુ કહો છો છતા પણ હુ ભાગ્યે જ માની શકુ છુ કે એક સ્ત્રીને માટે આવો ધધો ચલાવવો શકય હોય આતો એક વિ લક્ષણ ઘટના જેવી બાબત છે '

' વિલક્ષણ ઘટના જેવી નહિ, પણ વિલક્ષણ ઘટના પોતેજ સુરબાયાનો સુલતાન અને ગરીબ બુઢ્ઢો વેમેઇ આ ઘટનાનો અત જોવા ઘણા ખુશી હશે એમ હુ માનુ છુ તે સફેદ સ્ટીમર અને તેમાની ગોઠવણુ વેમેઇ જે બ્યાન કરે છે તે તો તમે હજી સાભળ્યુ નથી આ સ્ત્રી તુતક ઉપર બેસીને જ્યારે પો તાના અર્ધા બિચેલા પોપચામાથી તેના તરફ લાગો દ્રષ્ટિપાત નાખતી ત્યારે તેના મનમા એમ થતુ કે જાણે ઉભો થઇ ચીસ પાડુ કે બેઠો બેઠો ગાડો બની જાઉં વળી તે સફેદ સ્ટીમર ઉપર તણે બે ત્રણ બાબતો એવી જોઇ છે કે તે કદી ભૂલી જશે નહિ એમ તેનુ કહેવુ છે અને હવે ઉક્ત સ્ત્રી સાથે તે વધારે સહેલગાહ કરવા ખુશી નથી એવી હકીકત મ્હને મળી છે.'

"તે કલ્પનાશક્તિ વિનાનો મનુષ્ય હોવો જોઇએ "

"સારી, શાંત અને સામાન્ય બુદ્ધિવાળો તે મનુષ્ય છે"

"એમ તેમ હોય પણ મે પ્હેલા કહ્યુ તેમ હુ તો તેણીની મુલાકાતથી શરમાયો."

"વારૂ, તમારી ઇચ્છા થોડા વખતમાંજ પરિપૂર્ણ થાય તો તેમા કાંઈ નવાઇ નથી સઘળા તેણીને પકડવા પ્રયત્ન કરી રહ્યા છે, પણ મ્હને આશ્ચર્ય એજ થાય છે કે મહિનાઓ થયા તેઓ કાંઈ કરી શક્યા નથી"

"તેણી આટલો લાંબો વખત છટકવા પામી છે એજ વાત મને તો નહિ માનવા જોગ જણાય છે"

હવે તેઓ ફરી રમત શરૂ કરવા જતા હતા તેવામા એક વૃદ્ધ મનુષ્ય દ્વાર ઉઘાડી ઓરડામા આવ્યો તેણે આખે શરીરે સફેદ વસ્ત્ર પહેર્યાં હતા, એક મોટી છત્રી સાથે રાખી હતી અને પહોળી કીનારીની ટોપી માથે પહેરી હતી

"વગર રજાએ અંદર આવવા માટે મ્હને માફ કરશો પણ આપ મ્હને કહી શકશો કે ડીનોમેનનિલિ નામનો ગૃહસ્થ કયા હશે ?"
"તે માણસ હુ છુ" મારી ખુરશીમાથી ઉઠતા મે કહ્યુ

"હુ આશા રાખુ છુ કે આપ મને અસભ્યતાવાળો નહિ લેખશો" તેણે ચલાવ્યુ, "પણ આપ મને આપની સાથે વાત કરવા પાચ મિનિટ આપશો તો આપનો મહદુપકાર"

"ઘણીજ ખુશીથી"

તે ઉભો હતો ત્યા હુ ગયો અને બારણા નજીકની એક ખુરશી પર બેસવાની મે નિશાની કરી"

"મ્હને માફ કરશો" તે બોલ્યો, "પણ જે કાર્ય માટે હુ આપની સલાહ લેવાની ઇચ્છા રાખુ છુ તે ઘણુ અગત્યનુ અને ખાનગી છે આપણે એકાંત કરી શકીએ એવો એમદ ઓરડો આ હોટેલમા હશે ?"
"ફક્ત મ્હારો સુવાનો ઓરડો છે" મે જવાબ આપ્યો, "ત્યા આપણે તદ્દન એકલા પડી શકીશુ"
"તે ઘણુ અનુકુળ આવશે ચાલો, આપણુ ત્યા જઇએ"
એટલી વાતચીત કરી અમો ઉપરને માળ ચડ્યા તેને મારી સાથે શુ કામ હશે તેની અટકળ કરવામા આખે રસ્તે હુ મારા મગજને ગુચવતો રહ્યો તે માણસ એટલો તો ખેદભર્યો હતો અને તેમછતા મ્હને ખુશી રાખવા એટલો આતુર જણાતો હતો કે તેનામા મને રસ પડવા લાગ્યો
અપૂર્ણ.

અમારી ભૂલને અપાયલો અન્યાય.

વિવિધ ગ્રંથમાળા વર્ષ ૩ જુ અંક ૩૪-૩૫-૩૬ તરિકે " દસ વાર્તાઓ ' નામે પુસ્તક પ્રગટ થયુ છે અને જેમાની લગભગ સાતેક વાર્તાઓ " રોમેન્સ ઑફ હીસ્ટ્રી-ઇંડીઆ " નામે અંગ્રેજી પુસ્તકમાથી ભાષાતર છે અને જેમાની ચાર પાચ અગાઉ આપણા શ્રી અંબિકા વિજયમા પ્રગટ થઇ ચુકેલી છે સદરહુ પુસ્તકના પ્રકીર્ણ વિષયોમા કેટલાક ધતિંગ એ હેડીંગ તળે તેમની એક આનાવાળી ભગવત્ ગીતા સબંધે કેટલીક હકીકત આપેલી છે તેમા તેમણે અમારૂ નામ સાથે જોડેલુ હોઇ તે સબંધી અમારા ગ્રાહકો સમક્ષ ખુલાસો કરવાની જરૂર ધારીએ છીએ ।

આજથી આશરે બેએક વર્ષ પહેલા અમારા કુટુમ્બના એક વડીલ બાઇને કેટલાક ગીતાના પુસ્તક પુણ્યાર્થ વહેચવાની વૃત્તિ થઇ અને તેઓ અમારા એક યજમાન રાજકર્તાના જનાનામાની બાઇયો પાસે બબ્બે ચચ્ચાર માસ રહેતા હોવાથી ત્યાના કેટલાક બાઇઓને વાત કરતા તેમાના બે ચાર બાઇઓએ પણ પોતાની તેવી વૃત્તિ જણાવી આ ઉપરથી તેઓ સહુએ મળી અમારો પ્રેસ ધંધો જાણી આગ્રહ સાથે પાચસો સાતસો ગીતાઓ તૈયાર કરી આપવા જણાવતા અમોએ તૈયાર કરી આપવા હા કહી તેઓ સર્વને ઉક્ત ગીતાઓ પુરૂષોત્તમ માસમા વહેચાય તો ઠીક એ હેતુથી તે સમય પહેલા જોઇતી હતી અને તે અરસામા અમારા પ્રેસમા કામનો ભરાવો હોઇ તૈયાર થઇ શકે તેમ નહોતુ તેથી બીજાકોઇ પ્રેસમા છપાવી લેવામાટે અમદાવાદના કેટલાક પ્રેસોમા ભાવ અને તૈયાર કરી આપવાની મુદત સબંધે પત્ર વ્યવહાર કરતા અમોએ જે ભાવથી આપવા ઠરાવેલ તે કરતા કિંમત વધી જવાથી તેમજ મુદતસર તૈયાર પણ ન થાય તેવું તે ધારણા અમલમા ન આવી ત્યારે કોઈ પ્રેસમા છાપેલા ફરમા તપાસ કરી અને તેમા પણ અમારી ધારણા બર ન આવી જેથી છેવટ સસ્તા સાહિત્યની ગીતાઓ હોઈ તેમાંથી તૈયાર ફરમાનો ઉપયોગ કરવા ધાર્યું અને તે તેમની વેચવાની કિંમત મળી જાય તો પછી તે આખી ચોપડીનો ઉપયોગ કરીએ કે પછી તેમાથી અમને જરૂર પડતા ભાગનો ઉપયોગ કરીએ તેમા અમને કાઈ વાધા પડતુ લાગ્યુ નહિ તેથી બીજો નકામો ભાગ દૂર કરી ફક્ત ગીતામાત્ર કરવા મોકલો અને અર્થોવાળોજ ભાગ રાખી અમોએ મૂળશ્લોકજ ના પુઠા (વાળી ગીતાઓ)

છપાયેલી હોય તેને દર રૂપિઆ લગભગ અરધો આના ખેરચી જાડાં પુઠા બધાવી લીધા અને પુઠા બાંધવામાં જ્યાં કોરા કાગળ વાપરવા જોઇએ ત્યાં આપણાં માસિક તથા ફોટાના બાહેર ખબર છાપેલ કાગળોનો ઉપયોગ કર્યો હવે મુદ્દો માત્ર એટલોજ છે કે —

સદરહુ ગીતાઓમાં અમોએ પ્રસિદ્ધકર્તા તરિકે અમારૂં નામ મુકયું તે મુશ્કેલીમય કે નહિ ? તે બાબતે અમારી માન્યતા એવી છે કે ગીતાનું પુસ્તક મહોટમાં શ્રી વેદવ્યાસ પ્રણીત છે અને તે કાળથી અત્યાર સુધીનો તેમનો કોઈ સીધો વારસ તેના પર કોપીરાઈટનો હક ધરાવનાર મોજુદ નથી મતલબ કે તેના ઉપર સમગ્ર ભારતવાસીઓનો સરખો હક છે અને ગમે તે મનુષ્ય તે પ્રસિદ્ધ કરવાનો હક ધરાવે છે તેના સંબંધમાં પણ ગમે તે વિદ્વાન તેનો અર્થ કરે તે પણ સમાય અર્થ એક સરખી મતલબનાજ હોઈ શકે નહિ કે તેના ભિન્ન ભિન્ન અર્થ થાય અને તેથી તે મૂળ વસ્તુ— ગીતાના શ્લોક અને ટીકા અમારા પ્રેસમાં છાપીએ કે બીજાના પ્રેસમાં છપાવીએ અથવા તો કોઈના તૈયાર કરેલા લેઈ ઉપયોગ કરીએ તે સર્વ એક સરખુંજ હોઈ પ્રસિદ્ધકર્તા તરિકેનો પોતાનોજ હક છે એવો દાવો કોઈ ધરાવી શકે નહિ —

પ્રેસના નામના સંબંધમાં ભૂલથી તેમ બન્યું હોય કે પછી અમો પોતે પ્રેસના માલીક હોઈ પ્રેસ એટલેથી ગજ્ઞાત હોઇએ અને તેનું ફળ લેગવીએ તોપણ તે અન્ય મનુષ્યો વાસ્તે ટીકાને યોગ્ય નથી

હવે બાબત ફક્ત સ્તનો ... પરોપકારનો ... ના સંસ્થાની અજ્ઞાન લોકોને છેતરવા સબબ ... છાપેલી ... સબબ કરી તેનો ખુલાસો એ છે કે ... પદરના ખર્ચથી વહેંચ ... તેઓ અમારા સંબંધવાળા, ... ધર્મમાળાના ગ્રાહક હોઈ ... ગીતા મળે છે એ વા... તે ફક્ત નામનીજ ... ત્યું તેજ તેમની પા... સ્વાર્થ તેમાં સમાય ...

છતા પણ સ... ત્યાંનો એક માણસ ... ની મારફત કામ, ...



છુટક અંકના રૂા ૦–૩–૦

प्रगट करनार —
માધવલાલ કુબેરજી શાકતધર્માચાર્ય
મેનેજર, શ્રી શકિતધર્મોદ્ધારક સમાજ
ચુડા (કાઠિયાવાડ)
... ૪ વર્ષે સુધીના ગ્રાહકોને પાસ્ટે ... ને ... સાથે મફત)

દેવીતત્વ દીવાકર.

(પુસ્તક ૧૦ ના અંક ૪ ના પૃષ્ઠ ૮૬ થી ચાલુ)

આ જમાનો સીઓ સાથે વિહાર કરતા ઘણોજ સમય વ્યતિત થઇ ગયો અને ભામજાવાળામા રમણરૂપ ઘ્રત પડવાથી અધક મત્ત બની ગયો સા ાસારના વિચારથી અજાણુ થઇ પોતાના પરિવાર અને કારભારી વગની શુભ સલાહનો અનાદર કરી તે અધર્માચરણમા પ્રવૃત્ત થયો વેની મર્યાદાનુ તેણે ઉલ્લઘન કર્યુ તેના રાજ્યમા અનેક અનાચારો પ્રચલિત થયા મૃત્યુલોકમા પણ મનુષ્યોને દુખ દેવા લાગ્યો એક વખત પોતાની સેના સાથે તે મદર પવત ઉપર ગયો તેની સાથે તેના જેવા દુષ્ટ સ્વભાવના દુર્યોધન અને વૈઘસ નામના મત્રિઓ હતા તે પવત ઉપર તેઓ આમતેમ ફરતા હતા તેવામા એક મનોહર અને ખીલતા પુષ્પ જેવી સ્રી તઓની દ્રષ્ટિએ પડી અને એક ગુફામા મુનીને ધ્યાન કરતા જોયા એટલે તુરત તેઓ બને દૈત્યરાજ અધક પાસે આવી કહેવા લાગ્યા,— મહારાજા ! એક સ્રીરત્ન અમા । જેવામા આવ્યુ છે અને તેની નિકટમા એક યોગી તપ કરે છે તે યોગી સ્વરૂપવાન હોવા સાથે તેની જટામા ચદ્ર રહેલો છે કટિની આસપાસ તેણે ચમ વિટેલુ છે અને તેનુ શરીર સર્પોવડે વિટાયલુ છે એક હાથમા તલવાર બીજા હાથમા શક્તિ અને ત્રીજા હાથમા તેણે ત્રિશૂળ ગ્રહણ કરેલ છે બાણ, ભાથો, ટક વિગેરે પ્રત્યેક પૃથક હાથમા પકડેલા છે મસ્તક ઉપર જટા શોભી રહી છે અને નેત્ર મહા પ્રકાશિત છે તેની પાસે એક શ્વેત પોઠીયો છે તે પણ વૃદ્ધ સરખો જણાય છે દિવ્ય વસ્રાલકાર અને વિવિધ આભુષણોથી શોભાયમાન પ્રવાલ મણિ, મૌક્તિકાદિથી શણગારેલ તે સ્રી જેણે જોઇ છે તેની ચક્ષુ સફળ છે તે સ્રી તો દેવતાઇ છે એવી અમારી માન્યતા છે મરભાગીઓના એવા વચનો શ્રવણ કરી અધક દૈત્યના શરીરમા પ્રતિરોમ કામ વ્યાપી રહ્યો અને બોલ્યો કે — જાઓ તે મુનિ જોઇ પુછો કે તુ કોણ છે અને આહી શા વાસ્તે બેઠો છુ ? આ સ્રી તારે શુ થાય ?

એટલે તુરતજ તેઓ શકર જે સ્થળે તપ કરતા હતા ત્યા જઇ તેમને કહેવા લાગ્યા કે— તુ આહી શુ કરવા બેઠો છ અને આ મનોહર સ્રી કોણ છે ? તે તારા શરીરે રાખ ચોપડી છે ગળામા મનુષ્યના મસ્તક લટકાવેલા છે અને હાથમા બાણ તોમર, તેગ, ભ્રશુડિ, ત્રિશૂળ વજ્ર ઇત્યાદિ વિવિધ પ્રકારના આયુધ ધરેલા છે ત્હારી જટામા ગગા છે અને આ માથા ઉપર ખોપરીનો કટકો અગર તો ચદ્રમા છે અને વળી શરીરપર ઝેરી સર્પો લટકાવી રાખ્યા છે

એ નવ ત્હારા વિપરિત આચરણ ક્યા અને સ્થુલ સ્તનવાળી આ કોમળ કામિ ની ક્યા? ઘરડા પોઠીયા ઉપર બેસવુ, સંધ્યાકાળને પ્રણામ કરવા અને ત્હારૂ ભોજન પણ દુનિયાથી જુદુ, આવી રીતે તુ સવ ઉંધુજ કરે છે, પણ અમે ત્હને સમજાવીને કહીએ છીએ કે આ સ્ત્રી તુ અમને આપી દે કારણ કે અમારો મહારાજા અંધક ત્રણે લોકનો અધિપતિ છે તેથી આ નારી રત્ન તેને લાજ શોભે તારે માટે તે યોગ્ય નથી તે જે શસ્ત્રાસ્ત્ર ગ્રહણ કરેલા છે તે છોડી દઇ પાછો તપ કરીને શુદ્ધ થા અને અમારા રાજાનો હુકમ જો તુ નહિ માનીશ તો અવશ્ય તને મૃત્યુજ પ્રાપ્ત થશે

અંધકના દૂત પાસેથી ઉપરના વચનો શ્રવણ કરી જરા હાસ્યપૂવક શ્રી સદા શિવ બોલ્યા કે— ભાઇ, તારે અંધકને જઇને કહેવુ કે, તે તો ભગવાન શં કર જે રૂદ્ર કહેવાય છે, તે છે અને તારા માતાપિતા છે હુ અજન્મા છુ અ ને આ ગુફામા હુ સર્વદા પાશુવત નામનુ વ્રત કરૂ છુ મારૂ સ્વરૂપ કોઇપણ જાણી શકે તેમ નથી આ જગતનુ મૂલ હુ છુ મારા આધારે આ જગત્ મા ન રહેલુ છે આ સ્ત્રી મારી પત્નિ છે અને તે પણ જગત્ માત્રની સિદ્ધિ છે તે અયોગ્ય માગણી કરી છે તેથી તને રાક્ષસપણુ પ્રાપ્ત થશે અને નિરતર તુ પાપી થઇશ

શંકરનુ ગભીર વચન સાભળી તેમને પ્રણામ કરીને દૂત તુરત અંધકની પાસે આવ્યો અને તે અજ્ઞાનીને પ્રણામ કરી શંકરનો સંદેશો કહી સભળાવતા છેવટમા જય જય એવા શબ્દો બોલીને કહેવા લાગ્યો,— મહારાજા તે યોગીએ હસીને કહ્યુ કે, ભયથી ભય પામનારો તે રાક્ષસ ક્યા અને પર્વત તથા સમુદ્ર જેવા મ્હારા બાહુઓ ક્યા? મારો નદીશ્વર ક્યા અને વાનર આકૃતિવાળો અને જીર્ણ શરીરવાળો રાક્ષસ ક્યા? સુરૂપા પાર્વતી ક્યા અને મંદ ભાગ્યવાળો તે રાક્ષસ ક્યા! માટે જો તારે લડવાની ઇચ્છા હોય તો અવશ્ય આવજે તારૂ શ રીર કમળ જેવુ કોમળ છે અને મારૂ વજ્ર અત્યત કઠિન છે આવા શબ્દો તેણે કહ્યા છે માટે આપજ વિચાર કરો કે તેણે આપનો કેટલો બધો તિરસ્કાર કર્યો છે

તે સાભળી અંધકના શરીરમા અગ્નિ વ્યાપી ગયો અને ત્ર્યંબક ગ્નિમા ઘી હોમ્યુ હોય તેની પેઠે તેના શરીરમા ક્રોધાગ્નિની જ્વાળાઓ નિકળવા લાગી તે મૂર્ખ તુરત હાથમા કટાર લેઇ ઉભો થયો અને ર[illegible] પીને તુરત આગળ ચાલ્યો ગુફાના દ્વારમા જઈ જોયુ તો પાર્વતીજી તની દ્રષ્ટિએ પડ્યા તેમજ શં કર તથા તેમના નંદિકેશ્વર અને અન્ય શસ્ત્રો પણ જોયા પાર્વતીજીને હરવા તેણે એકદમ અંદર પ્રવેશ કરવા માંડ્યો એવામા શંકના [illegible]ે તને અટકાવી

નાખ્યો તેથી અંધકના નેત્રો ગુસ્સાથી લાલચોળ થઈ ગયા અને અંદર જવાનો વારંવાર પ્રયાસ કરવા લાગ્યો છતા દરે વખતે વીરકે તેને અટકાવ્યો

આ વખતે અગ્નિને જોઈ તેમા પડવા માટે પતંગ જેમ ઉંચોનીચો થાય તેમ તે પણ થવા લાગ્યો અને છેવટમા વીર એવા નંદીશ્વર સાથે તેને પાષાણ લગુડ, શસ્ત્ર અને અસ્ત્રથી ભીષણ યુદ્ધ થયુ અને તેમા તે પ્રહાર અને થાકથી વિહ્વળ થઈ હારીને નાશી ગયો મહાભમાથી અંધક જ્યારે નાશી ગયો ત્યારે તેની સાથમા આવેલા નહો વિગેરે દૈત્યોએ પણ નંદી વગ સાથે યુદ્ધ કર્યુ અને તેમા તેઓ હારવાથી લજ્જીત થઇ ગયા ત્યાર પછી વિરોચન, બાણાસુર, બલી, ભજ, સુભજ શબર, વૃત્રાસુર, વિગેરે મહાબળવાન દૈત્યો લડાઈ કરવા આવ્યા તેમને પણ મહાન શુરવીર નંદીશ્વરે હરાવી અનેક દાનવોનો નાશ કર્યો

અપૂર્ણ

વિનોદ વાટિકા

આપણા લોકોમા જે પ્રદેશમા ચોર લુંટારાનો ઘણો ભય હોય તે પ્રદેશ ને ઘણીવાર મેવાસ કહે છે મેવાસ શબ્દ મહીવાસી નો અપભ્રંશ થયેલ શબ્દ જણાય છે તેનો અર્થ મહી નદીને કાઠે રહેનાર એવો થાય છે મહીકાઠે અસલ ઘણી ઝાડી હતી અને તેમા ચોર લુટારા લોકો રહેતા હતા કહ્યુ છે કે —

ઉપજાતિ વૃત્ત

मही मही मडलगा विभाति, गंगेव गीता सकलेश्च वेदै
बालोपि चोर स्तरुणोपि चोर, श्चोर विना न प्रसूति नार्य

અર્થ — પૃથ્વીમંડળમા મહી નદી શોભે છે તેને બધા વેદોએ ગંગા જેવી કહી છે પણ તેના બાળકે ચોર, જુવાને ચોર ત્યાની સ્ત્રીઓ ચોર સિવાય જણતીજ નથી

पलाश मुकुल भ्रात्या शुकतुड पतत्यलि
सोपि जबुफल भ्रात्या तमालि धर्तुमिच्छति

પોપટ ચાચ રાતી હોવાથી તેને જોઇ આ કેસુડાનુ ફુલ છે એવુ ધારી ને ભમરો તેમા પડયો અને પોપટે જાણ્યુ કે આ જાબુડુ છે તેથી તેને પકડયો

ઘોડાની વહેચણ

એક માણસ મરતી વખતે મુદી મરણ પામ્યો અને પોતાની પાછળ તેણે પુંજીમા ૧૭ ઘોડા મુકયા હતા મૃત્યુપત્રમા તે લખી ગયો હતો કે મોટા દીકરાએ તે પુંજીનો અર્ધોભાગ, વચલાએ ત્રીજોભાગ, અને ન્હાનાએ નવનો ભાગ લેવો, વહેચણ કરતા છોકરા પરસ્પર લડવા લાગ્યા કારણ કે મતરનુ અધ ટા માટે જ્યારે ઘોડા વધારે શી રીતે લેવાય ! એકેનો ભાગ બધ બેસે નહિ એવામા એક સાધુ ઘોડે બેસી ત્યા આવી ચડયો તેણે સર્વ હકીકત સાભળ્યા પછી કહ્યુ કે ભાઇઓ, નાહક શુ કામ લડો છો ! લો ! મારો ઘોડો અને પછી વહેચો ઘોડા ની સખ્યા ૧૮ થવાથી તેનુ અધ ૯ અને ત્રીજો ભાગ ૬ અને નવમો ભાગ ૨ એ રીતે ૧૭ ઘોડાની વહેચણ કરી ૧ રહ્યો તે પોતાનો ઘોડો સાધુએ પાછો લીધો



ટોપરાની શેષ

હરિરામ અને દયાશકર નામના બે મિત્રો હતા તેઓ એકજ જ્ઞાતિના અને કાઇક સગા પણ હતા એક વખત દયાશકર, હરિરામને ઘેર ગયો ત્યારે હરિરામ ઘેર નહોતો, પણ તેની મા અને વહુ ઘરમા હતા તેઓએ ઘરમાથી મા દ પાડીને કહ્યુ કે, પરશાળમા પાટ ઢાળેલી છે તે ઉપર બેસો, હરિરામ બહાર જ ગયા છે તે હમણા આવશે પછી તે પાટ ઉપર બેઠો.

હરિરામનો દીકરો પાચ વરસનો હતો તેને એક દિવસ ઘોડો તાવ આ વ્યો હતો તેથી તેની માએ માનતા કરી હતી કે છોકરાને આજનેઆજ તાવ ઉત રી જશે તો માતાજીના નામનો ઘીનો દીવો કરીને નાળીયેર વધેરીશ, તાવ ઉતરી ગયો એટલે ઘરમા દીવો કરી નાળીયેર વધેર્યુ તેની શેષ પાડોશના દીકરાઓમા વહેચી હતી

હરિરામની માએ હરિરામની વહુને કહ્યુ કે આ માતાની શેષ દયાશકરના ભને પરશાળમા જઇ આપી આવ ત્યારે વહુએ કહ્યુ કે પદર દહાડા પહેલા ત મારો દિકરો અને દયાશકભાઈ કાઇ કારણથી લડયા હતા ત્યારે દયાશકરભાઈ ગુસ્સે થઇ બોલ્યા કે આજથી મારે તારા ઘરનુ પાણી હરામ છે ત્યારે ઘેર નગા જ્હાને તો શુ પણ આખી જ્ઞાતિ જમતી હશે તો પણ હુ તમારા ઘરનુ કો

છોકરૂ સુદ્ધાત જમવા આવીશુ નહિ પછી પાડોશીઓએ મળી તેમનો કજીઓ પતાવ્યો હતો તેથી તે બે જણ ઉપર ઉપરથી બોલે ચાલે છે, પણ હુ ધારૂ છુ કે દયાશંકરભાઇએ સોગન ખાધા છે, તેથી આપણા ઘરનુ પાણીએ પીશે નહી, તો આ ટોપરાની શેષ ભાગ ધારવા પ્રમાણે લેશે નહિ હુ તેમને શેષ આપવા જાઉં અને તે ના પાડે તો હુ ભુંડી પડુ, માટે હુ તો આપવા જનારી નથી, પણ આપણા છોકરા સાથે મોકલો, એટલે તે કાકાને છોકરા ઉપર હેત આવશે તો છોકરાનો હાથ પાછો ઠેલશે નહિ અને જો મનમા ઉંડ અટસ હશે તો બત્રિતનો હાથ પાછો ઠેલશે એમ કહીને દયાશંકરભાઇને ટોપરાની શેષ આપવા સારૂ પોતાના છોકરાને મોકલ્યો

છોકરે જઇને દયાશંકરને કહ્યુ કે, કાકા, આ લ્યો તમે ખાઓ ત્યારે દયાશંકરે જાણ્યુ કે કેટલાએક છોકરાને એવી ટેવ હોય છે કે પોતે કાંઇ ખાતુ હોય તે વખતે બીજુ કોઇ માણસ આવે ત્યારે કહે છે કે, લ્યો તમે ખાઓ તે રીતે આ છોકરો પણ અમસ્થો કહે છે તેથી દયાશંકરે કહ્યુ કે ભાઇ, તુ ખા, મારે નથી ખાવી પછી તે શેષ લેઇને છોકરો પાછો ઘરમા ગયો અને કહ્યુ કે કાકાએ શેષ લીધી નહિ અને દયાશંકરે છોકરાને કહ્યુ કે તુ ખા એ શબ્દો સાસુ વહુએ ઘરમા પણ સાભળ્યા હતા તેથી તેમને ઘણુ માઠુ લાગ્યુ અને વહુએ ઘુંઘટમાં રહીને સાસુને કહ્યુ કે હુ નહોતી કહેતી કે દયાશંકરભાઇ આપણા ઘરની શેષ લેશે નહી !

થોડીવાર બેશીને દયાશંકરભાઇ તો તેને ઘેર ગયા પછી હરિરામ ઘેર આવ્યો ત્યારે તેની વહુએ અને માએ કહ્યુ કે દયાશંકરભાઇ આપણા ઘેર આવ્યા હતા, તે થોડીવાર બેશી તમારી રાહ જોઇને ગયા તેમની સાથેનો ટંટો આપણે પતાવ્યો છે અને હવે કાંઇ વાંધો રહ્યો નથી તો પણ તેમના મનમા હજુ ઘણો અટસ છે આપણા ઘરની શેષ એમણે લીધી નહિ અને આપણા છોકરાએ એટલો ની રે છે તેનો હાથ પણ પાછો ઠેલ્યો માટે પરમ દહાડે દયાશંકરભાઇની વર્ષગાંઠ છે તેથી સર્વ સગા વહાલાને જમાડનાર છે તો આપણે ઘેર નોતરા મોકલશે પણ આપણે ઘેરથી કોઇએ તેમને ત્યા જમવા જવુ નથી તેમજ નાનુ છોકરૂ પણ મોકલવુ નથી

દયાશંકરની વર્ષગાંઠને દિવસ નોતરા આવ્યા અને જમવાની વખતે તેડવા પણ આવ્યા છતા હરિરામના ઘરના તો સહુ રિસાઇ બેઠા અને કહ્યુ કે અમારા ઘરનુ કોઈ તમારે ત્યા જમવા આવશે નહિ

દયાશંકરે કહ્યુ કે હવે આપણે કાંઈ વાંધો રહ્યો નથી અને તમે શા માટે

જમવા આવતા નથી ? તમારે ઘેર કાંઈ ટાલુ આવ્યુ હોત તો હુ પહેલો આ વીને બેસત. ત્યારે હરિરામની વહુ બોલી કે, તને અમારા ઘરની શેષ પણ લીધી નહિ અને સાતખોટના મારા દિકરાનો હાથ પાછો ઠેલ્યો, માટે અમારાથી તમારે ઘેર જમવા શી રીતે અવાય ? હજુ તમારા મનમા અટમ રહયો છે,

દયાશંકર બોલ્યો કે, મે તો જાણ્યુ કે છોકરો ગમમ્થી કહે છે તેથી મે ટોપરૂ લીધુ નહિ, પણ મને ખબર હોત કે માતાની શેષ છે અને તે મને આ પવા આવ્યોછે તો હુ લીધા વિના રહેત નહિ એમ કહીને કેટલાક સોગન ખાવા અને ઘણી આજીજી કરી ત્યારે હરિરામના ઘરના તેને ત્યા જમવા ગયા

આ વાતને એકાદ વર્ષ થઈ ગયુ ત્યાર પછી એક દહાડો દયાશંકર પોતા ના એક પાડોશીને ઘેર કાંઇ કામ વાસ્તે ગયો ત્યારે પાડોશીની સ્ત્રીએ કહ્યુ કે પરશાળમા પાટ ઉપર બેસો, તેઓ બહાર ગયા છે તે હમણા આવશે પછી તે પાટ ઉપર બેઠો એટલામા તે પાડોશીનો પાચ વર્ષનો છોકરો ઘરમાથી પરસાળમા આવ્યો તેના હાથમા ટોપરૂ હતુ તે છોકરે દયાશંકરને કહ્યુ કે, આ લ્યો, તમે ખાઓ, ત્યારે દયાશંકરે ધાર્યુ કે, કાંઇ માનતાનુ નાળીયેર વધેર્યુ હશે તેની શેષ આ છોકરાની માએ મને આપવા સારૂ આને મોકલ્યો હશે માટે જો હુ તે નહિ લઉં તો તેની માને રીસ ચડશે એમ ધારીને છોકરાના હાથમાથી શેષ લઇને દ યાશંકર ખાઇ ગયો થોડીવાર તો છોકરો તેના મ્હો સામે જોઇ રહયો, પણ પછી તો ખૂબ રોવા લાગ્યો, પેટ કુટવા મડયો અને ભોય પછાડ ખાવા મડયો એટલે તેની માએ ઘરમાથી બહાર નીકળીને છોકરાને પુછ્યુ કે કેમ રોયો ? ત્યારે છો કરે કહ્યુ કે, આ દયાશંકર કાકો મારૂ ટોપરૂ ખાઇ ગયા પછી તે બાઈએ ઘણી રીસ ચડાવીને દયાશંકરને કહ્યુ કે જાઓ, જાઓ, મારા ભાઈ, તમે એ બાળક જેવા છો ? એટલા નાના છોકરાના હાથમાથી ટોપરૂ ખુચીને ખાઇ ગયા ? દયા શંકરે કહ્યુ કે તેણે આવીને મને કહ્યુ કે તમે લ્યો અને— (આટલામા છોકરાની મા વચ્ચે બોલી) એ તો બાળક છે તે કહે તે વાસ્તે તેના હાથમાથી લઇને ટો પરૂ ખવાય ? સવારનો છોકરો રડતો હતો ને કજીઓ કરતો હતો કે મને ટોપરૂ આપ તેથી એક પાડોશીને ત્યાથી કટકો ટોપરૂ મે માગી લાવીને આપ્યુ હતુ ને માડમાડ છાનો રાખ્યો હતો

દયાશંકર— મે તો ધાર્યુ કે માતાની શેષ હશે તે તમે—

છોકરાની મા— ટોપરૂ ખાવાનુ તમને મન થયુ એટલે માતાની શેષ ઠરાવી, તે છોકરે તમને કહ્યુ હતુ કે આ માતાની શેષ છે ?

એવામા તો તે બાઈનો ઘાંટો સાંભળીને પાડોશની પાચ સાત બાયડીઓ

રોગી થઇ ગઇ અને પેલો છોકરો તો બહુજ રડતો હતો વળી તેની માએ તે છોકરાને લાતો મારી મારીને છાનો રાખવા માડયો

દયાશંકરે કહ્યું કે હું આણુ નાળીયેર લાવી આપુ

છોકરાની મા— તમે શુ લાવીને આપતા હતા ? ચૌટામાથી હુ નહિ મગાઉં ! પણ ચૌટુ શુ આહી ઢુકડુ પડયુ છે ? એક ગાઉ જઇને આવીએ ત્યારે ખોપરૂ આવે ત્યા સુધી આ છોકરા રડી મરે કે નહિ ? પેલી બીજી બાયડીઓએ પણ દયાશંકરને ફીટકાર ફીટકાર કરવા માડયો અને દયાશંકરની આખમા તો આસુ આવી ગયા પછી ત્યાથી ઉઠીને નીચુ જોઇ ચાલી ગયા

—o—

કાવ્ય વિનોદ.

ગરીબો ઉપરે જો જો, અમીરોનો ગુજારો છે !

ગઝલ

બનાવે હીરને કીગ સહે તે મૃત્યુની પીગ,
મધુ રચનાર છે માખી, રહે છે દુખ તે સાખી
હણાયે મોતીને માટે, અવાચક મીન ધારો છે,
ગરીબો ઉપરે જો જો, અમીરોનો ગુજારો છે !

હવે તુ લખ લેખી લે કરોડો જીવ દેખી લે,
હજારો હેલને મારી બનાવે બત્તીઓ સારી,
ખરે ગજરાજ કંકણુ કાજ રહ્યે સહાર તારો છે
ગરીબો ઉપરે જો જો અમીરોનો ગુજારો છે !

વળી કસ્તુરી ધરનારા મૃગો વિણુ મૃત્યુ મરનારા
બને છે ઢાલ તે માટે, કપાતા કાચબા ઘાટે
અલિ મનમા વિચારે તો, બધાને પ્રાણુ પ્યારો છે
ગરીબો ઉપરે જો જો, અમીરોનો ગુજારો છે !

મણિલાલ કરૂણાશંકર મ્હેતા

એવા જનો આવી જગતમાં કામ શું સારું કરે?

હરિગીત ૯૬

માબાપની આજ્ઞા કદી અંતર વિષે ધારે નહિ,
સત્પુત્રના શું ધર્મ તે વળી લેશ વિચારે નહિ,
સેવાતણી શું આશ અવળા પંથમાં મતિ સંચરે,
એવા જનો આવી જગતમાં કામ શું સારા કરે?

નહિ જાતિનું અભિમાન કરવા કલેશ છે તત્પર સદા,
કાયા વચન કર્મે થકી દે દીન જનને આપદા,
આડા બની અવળેજ ધંધે સર્વ શક્તિ વાપરે,
એવા જનો આવી જગતમાં કામ શું સારા કરે?

ખાયે પીયે પોષે બહુ સંસારના સુખ ભોગને,
પરલોકની લીતિ નથી ભલું ભોગવ્યું જે આ ભવે
સત્કર્મના રસ્તા વિશે જે પાઇ એક ન વાપરે,
એવા જનો આવી જગતમાં કામ શું સારા કરે?

મદ મત્સરેથી અંધ પડતા કામનાના ધંધમાં,
ક્રોધે ધરે અવળી મતિ વળી નિપુણતા છે ફંદમાં,
દુર્જનોના ગણી ભુષણ દુરા — ચરણમાં પડીને મરે,
એવા જનો આવી જગતમાં કામ શું સારા કરે?

શમ દમ અને વળી શાંતિને શત્રુ ગણીને જે તજે,
વંઠેલ વલખા મારતા દ્રવ્ય મનને ભાવે ભજે,
શાસ્ત્રાતણા ઉપદેશ જેને લેશ કદિ ના સાંભરે
એવા જનો આવી જગતમાં કામશું સારા કરે?

નીતિ તણું નહિ નામ ને સદ્ધર્મમાં પ્રીતિ નહિ,
સુખ ક્ષણિકના ઉપભોગની વળી કામના છૂટી નહિ,
કરીને કુભાડો અન્યના ધન ધામ ધરતીને હરે,
એવા જનો આવી જગતમાં કામ શું સારા કરે?

———o———

પારસીઓના શ્લોક.

પારસીઓ ઇ ાનથી પ્રથમ હિંદુસ્થાનમાં આવ્યા અને થોગક વર્ષ દીવબ દરમા રહીને પાછી સવત ૭૭૨ ના શ્રાવણ શુદી ૯ શુક્રવારે સજાન બદર જ્યા સુરત તથા મુબઈ વચે રેલ્વે સ્ટેશન લાવ છે ત્યા રજપુત રાજાના રાજ્યમા આવી રહ્યા અને રાજાએ નઓાન ધ ા વિષે પુછવાથી તઓએ ૧૬ સસ્કૃત શ્લો ક બનાવીને સમજા યા તે વિધવિલાસી સજ્જનોના મનરજનાથ અત્ર આપીએ છીએ.

स्रग्धरा वृत्तम्

सूर्यं ध्यायति ये वै हुतवहमनिलं भूमिमाकाश माप्य
तोयेश पचतत्त्व त्रिभुनन सदन न्यायमत्रैस्त्रिसघ्य
श्री होर्मज्द सुरेश वहुगुण गरिमाण त्वमेक कृपालु
गौरा धीरा सुवीरा वहुवलनिलया स्ते वयं पारसीका

જેઓ સૂર્યનુ અને અગ્નિ, વાયુ પ્રથિવ, આકાશ, જળદેવતા, વિગેરે ત્રિભુ વ્યાપક પચતત્વનુ નષે કાળ યામમત્રવડે ધ્યાન કરે છે, તેમજ જેઓ અહુરમઝદન, આપ સવ દેવોમા શ્રેષ્ઠ, અનેક મહાનગુણગણુવડે વિભુષિત તેમજ દયાળુ છો એવી સ્તુતિપૂર્વક યજે છે તેવા અમે ગૌર, ધીર, વીર અને બહુ બળવાળા પારસીઓ છીએ

स्नाने ध्याने सुपाठे हुतवह हवने प्राशनोत्सर्ग काले
शास्त्रोक्त मौनमार्गं निजगुरु विहित धारयतीह ये वै
नाना धुपे सुपुष्पे वर फल निचयै पुजयतीह धेनु
गौरा धीरा सुवीरा वहुवल निलया स्ते वय पारसीका

... જેઓ સ્નાનમા, ધ્યાનમા પાઠ કરતાં અગ્નિ હોમ વખતે, જમતા અને (મળમુત્રોત્સગ વખતે, શાસ્ત્રમા કહેલો અને પોતાના ગુરૂએ દર્શાવેલો મ ન માગ સેવે છે તથા જેઓ વિવિધ પ્રકા ના ધુપ, સુગધી પુષ્પ, ઉત્તમ ફળો અને સ્તે વડે ગાયનુ પુજન કરે છે એવા અમ ગાર, ધ ર, વીર અન બહુ બળવાળા પા

રસીઓ છીએ

रम्यं स्त्रांगे सुवस्त्र कवच गुणमयं कंचुकं ये धरति,
युक्तामुर्णा सुपुष्टा महिमुख सामना बधन सर्व कट्या
मुर्द्धान चित्र वस्त्रै पटयुगलतलै श्छादयतीह नित्य
गौरा धीरा सुवीरा बहुबलं निलया स्ते वयं पारसीका

જેઓ (ની સ્ત્રીઓ) પોતાના અંગે સારા મનોહર વસ્ત્રો અને બખ્તર જેવી કસકસતી કાચળી ધારણ કરે છે, જેમાના સર્વ મંત્રવિધાનથી પુષ્ટ કરેલી, સર્પનીમુખાકૃતી જેવી ઉનની (કસ્તી) કટિપ્રદેશ ઉપર બાધે છે અને જેઓ (ની સ્ત્રીઓ) પોતાના મસ્તકો ચિત્રોમય વસ્ત્રોવડે બેવડાપટ્ટાથી નિત્ય ઢાકે છે, તેવા અમે ગૌર, ધીર, વીર, અને બહુ બળવાળા પારસીઓ છીએ

यन्मागल्य विवाहे त्वथ शुभ दिवसेपूत्सव गीत वाद्य
श्रीखंडाढय सुधन्यं वपुषि युवतयो धारयतीह येषा
आचारै र्ये पवित्रा बहुगुण विधयो रम्य शास्त्रार्थयुक्ता
गौरा धीरा सुवीरा बहुबल निलया स्ते वय पारसीका

વિવાહ અને તહેવા ના શુભ દીવસોમા ગીતવાદ્યથી ઉત્સવ કરવામા જેઓ મંગળ— કલ્યાણ માને છે, જેઓની સ્ત્રીઓ શીતળ ચંદનના કીરાથી શરીરોને સણગારે છે અને અનેક પ્રકારના મનોહર રહસ્યોવાળા આચારોવડે જેઓ પવિત્ર છે એવા અમે ગૌર, ધીર, વીર, અને બહુ બળવાળા પારસીઓ છીએ

येषा गेहे सुरम्य मधुर रसमय चान्नदान च नित्य
कासारान् कुप वापीरिह धरणितले दान मे तत्प्रकार
वस्त्राद्य द्रव्यदान द्विजवर गुणिना सर्वदा ये चरति
गौरा धीरा सुवीरा बहुबल निलया स्ते वय पारसीका

જેઓના ઘરે રમ્ય, મધુર, અને રસમય અન્નના દાનો નિત્ય દેવાય છે, આ ધરણિ તલ ઉપર તળાવો, કુવા, વાવ, ઇત્યાદિ પરોપકાર માટે કરાવવા—એ પ્રકારના દાન પણ જેઓ આપે છે, અને સદગુણી તેમજ શ્રેષ્ઠ દ્વિજો (મોબેદો) ને સર્વદા જેઓ વસ્ત્રના ગાસડા અને દ્રવ્ય દાન તરિકે આપે છે એવા અમે

ગૌર, ધીર, વીર, અને બાહુ બળવાળા પણ સૌ એ છીએ

અપૂર્ણ

—०००००००—

ગરીબના આશિર્વાદની શું જરૂર ?

એક નાસ્તિક માણસ હતો તેણે એવો નિશ્ચય કર્યો હતો કે જ્યા સુધી શરીર છે ત્યા સુધી જ જીવ છે અને શરીરના નાશની સાથે જીવ પણ નાશ પામશે માટે જીવતા સુધી શરી ને સુખી રાખવુ એજ જીવનનુ સાર્થક છે મુઆ પછી કોઇ ભોગવી શકાતુ નથી

કોઇ દુખી કે ગરીબ માણસ તેને ઘેર જઇને આશિર્વાદ દે અને કહે કે તમે અમારા જેવા દુખી માણસો ઉપર દયા રાખશો તો પરમેશ્વર તમારા ઉપર દયા રાખશે અને અમારા જેવાના આશિવાદથી તમારૂ કલ્યાણ થશે ત્યારે તે નાસ્તિક કહેતો કે, તમારૂ પડતુ કલ્યાણ કરવની તો તારી શક્તિ નથી અને બીજાનુ કલ્યાણ તારા આશિર્વાદ થી તુ શી રીતે કરી શકીશ ? અથવા તારા કહેવા થી પરમેશ્વર કોઈનુ સારૂ કે ભુડુ કેમ કરશે ? એવુ કહી ગરીબ લોકોને તિરસ્કાર કરી કઢી મુકતા હતો અવી વાત ઘણા લોકોના જાણવામા આવી એથી કોઇ દુખી માણસ તેની મદદ માગવા જતુ નહોતુ

એક વખત એવો જોગ બન્યો કે તે નાસ્તિક એક ગામથી ક્યાંઇ બીજે ગામ જતો હતો અને ઉનાળાના દિવસ હતા રસ્તે જતા તેને પાણીની ખુબ તરશ લાગી ત્યા માથુ બાંધ્યા વગરનો એક કુવો હતો તેમાથી પાણી કાઢવા ગયો ત્યાં પગ ખસી જવાથી તે કુવામા પડી ગયો તે કુવાના એક બાવકુ હતુ તેને વળગી રહ્યો અને ઘણી બુમો પાડી પણ વગડામા કોઇ માણસ હતુ નહિ બે ઘડી પછી કોઇક માણસ આવ્યો અને તણે જોયુ તો પેલા નાસ્તિકને કુવામા પડેલો જોયો નાસ્તિકે તે માણસની ઘણી આજીજી કરી અને કહ્યુ કે તુ મને બહાર કાઢ તે નાસ્તિકને સવ મનુષ્યે ઓળખતા હતા અને સૌની આગળ તે કહેતો હતે કે ગરીબની આશિશ લેવાંથી શુ ફળ ? આ વાક્યો તેના પ્રસિદ્ધ થયેલા હતા તેથી તેના ઉપર કોઇને દયા આવતી નહે તી પણ માણસે

તેને પુછ્યું કે તને બહાર કાઢવાથી અમને શો ફાયદો થાય? હાલ તારી પાસે કંઇ માલમતા નથી કે તેમાંથી તું કાંઇ મને આપે એમ કહીને તેતો ચાલ્યો ગયો વળી થોડી વાર પછી બીજા બે ચાર જણ આવી ચઢયા તેઓએ પણ નાસ્તિકને એવો જવાબ આપ્યો, પછી નાસ્તિક દુખનો ઘણો પોકાર કરીને બોલ્યો કે અરે ભાઇઓ, તમે આ વખતે મારા જીવને બચાવશો તો મારૂં અંતઃકરણ તમને આશીર્વાદ આપશે અને પરમેશ્વર તેનો બદલો તમને આપશે પછી પેલ઼ઓના મનમાં દયા આવી અને નાસ્તિકને મોતથી બચાવ્યો અને કુવામાંથી કાઢયો

દુખી માણસનો આશીર્વાદ લેવાથી શું ફળ થાય છે અને તે આશીર્વાદ લેવો યોગ્ય છે કે નહિ તે વિશે, પછી ખાતરી તે નાસ્તિકની થઇ માટે ગરીબ અને દુખી માણસનો આશીર્વાદ લેવાથી શું થાય એવો સંશય જેના મનમાં હોય ત્યારે તણે પોતાના દુખનો અનુભવ કરી જોનો, એટલે ખાતરી થશે

પુરાણોમાંના દેશોનાં અર્વાચિન નામો.

આનર્તદેશ — ઓખામંડળ
સૌરાષ્ટ — સોરઠ, કાઠિઆવાડ
ગુર્જર — ગુજરાત
પાંચાલ — લાહોરપ્રાંત પણ કેટલાએક પુરાણ કાઠીઆવાડનો ચોટીલો ડુંગર છે તે જ નાનું નામ લખ્યું છે, અને ત્યાં હાલ પંચાળ દેશ કહેવાય છે
દશાપુર — પાટણવાડો
સોજકટ — કચ્છદેશ
મરૂ — મારવાડ
મેદપાટ — મેવાડ
માલવ — માળવા
વિદર્ભ — વરાડ
સિંધુ — સિંધ
સૌવિર — સિંધમાંનો રેતાળ પ્રદેશ.

શૂરસેન — મથુરાપ્રાંત
મધુવ — આગ્રાપ્રાંત
મૈથિલ — જનકપુર તથા ગોરખપુરનો પ્રાંત
માગધ — ગયા જી લો
મત્સ્ય — પ્રયાગ, કાનપુર મિરજાપુર, વિગેરે પ્રાંત
કાનાટ — ચિત્રકુટ, કાલ્પી
નૈષધ — બંગાળનો એક ભાગ
અવંતિ — ઇંદોર પ્રાંત, ઉજ્જયિની
અંગદેશ — બહાર જ્યાં હાલ પાટણ છે તે પ્રાંત
કલિંગ — ઉડીસા, કટક શહેર છે તે પ્રાંત
આંધ્ર — રાજ્યમહેંદ્ર અને વિજય પટ્ટન પ્રાંત
કર્ણાટક — મહીસુર કાવેરી નદી છે તે પ્રાંત.
કામરૂપ — આસામ
કુરૂ — પાણીપત મિરત, લુધીયાના વિગેરે પ્રાંત.
કોશલ — અયોધ્યા પ્રાંત
ગૌડ — બંગાળામાંનો ગંગા તરફનો ભાગ
ચેદી — પૂર્વ હિંદુસ્થાનમાં શીશુપાળનો દેશ.
જાલંધર — પંજાબનો દક્ષિણ ભાગ.
નેપાલ — હાલ નેપાળ છે તેજ
મહારાષ્ટ — હાલ પણ તેજ નામથી ઓળખાય છે
પાંડ્ય — મદુરા જી લો
દ્રવિડ — ત્રાવણકોર જી લો
ટંકણ — મદ્રાસ પાસે કુડ્ય શહેરનો ભાગ
ચોલ — આર્કાટ, ત્રિચિનાપલી, તાન્જોર, વિગેરે છે તે પ્રાંત
કોંકણ — હાલ તેજ નામથી ઓળખાય છે
કેરલ — ગોવા અને કલિકોટ પ્રાંત
કુંતલ — કલ્યાણી તથા કલપુર પ્રાંત
કિરાત — પૂર્વ સમુદ્ર કાંઠે ઉત્તર
કરહાટ — દક્ષિણ કોંકણ
કાશ્મીર — હાલ તેજ નામ ચાલુ છે
કેકેય — કાબુલ
ગાંધાર — કંદહાર
પુલિંદ — બલુચીસ્થાન
પારસિક — ઇરાન

મદ્ર — મિસર
સિંહલ — લંકા
હૂણ — તિબેટ
બંગ — બંગાળા, હાલ કામાક્ષી દેવી છે તે પ્રાંત
યવનદેશ — ગ્રીસ, યુરોપિયન તુર્કીનો દક્ષિણ ભાગ
બર્બર — આફ્રિકાખંડનો બાર્બરી
કાંબોજ — કાંબોડીઆ, બ્રહ્મદેશનો દક્ષિણ ભાગ



વિજયી જીવન પ્રાપ્ત કરવાની કળા.

(ગતાંકથી ચાલુ)

ચાતુર્ય — આ શબ્દની ઉત્પતિ, અસર અથવા લાગણીની શુદ્ધિ એ અર્થવાળા શબ્દથી થઇ છે પૃથક પૃથક સંજોગોમાં શું કરવું ઉત્તમ છે એ વાત તે બતાવે છે સામાન્ય સમજ અથવા બુદ્ધિમતાપણું એવો તેનો અર્થ થઈ શકે યોગ્ય સ્થળમાં, યોગ્ય સમયે, યોગ્ય બાબત કરવાની શક્તિ, યોજનાબુદ્ધિ આપણને આપે છે

૧ બોલવામાં ધીમા થાઓ — એક ગ્રીક કહેવત છે કે, " મુર્ખ મનુષ્ય પોતાની જીભ બંધ રાખી શકતો નથી " તમારો સ્વભાવ કદી ન ખોતા (ગુસ્સે ન થતા) અને કદાચ તેમ બની આવે તો બનતા પ્રયાસે તમારી જીભને બંધ રાખજો અને તે નહી બતાવવાનો યત્ન કરજો

૨ કાર્ય કરતા પહેલા બરાબર વિચાર કરો — કેટલાક લોકો પ્રથમ કાર્ય કરે છે અને પછીથી વિચાર કરે છે ઘણી વખત તેઓને માલુમ પડે છે કે પોતે ભૂલ્યો છે ઘણા મનુષ્યે એ પોતાના કૃત્ય એકજ મુર્ખાઇ ભરેલા કાર્યથી પોતાના જીવન બરબાદ કર્યા છે

સાવધાની — શેકસપીયર કહે છે કે —

> There is a tide in the affairs of men
> Which, taken at the flood leads on to fortune
> Omitted all the voyage of their life
> Is bound in shallows and in miseries "

અર્થ — મનુષ્યના કાર્યોમા પણ ભરતી આવે છે તેથી જો તેને પૂરની વખતે હાથ ધરવામા આવ તા—તેમા વિજય મળે છે અન જો તક જવા દીધી તો પછી તેમના જીવનની સઘળી સફર છીછરા પણીમા અને દુખોમા નિર્માણ થઇ ચુકી છે

મતલબ એ છે કે— કટલીક ચોક્કસ તક હોય છે જેનો લાભ લેવામા આવે તો વિજયી જીવન તરફ દોરી જાય છે પણ જો તના અનાદર કરીએ તો તે સઙ્કટ અને પરાજિત તરફ દોરી જાય છે

આ તક— સંજોગોનો લાભ લેવા માટે મનુષ્યે સાવધાન રહેવુ જોઈએ વિજયી મનુષ્યો સભાળ પૂર્વક જોનારા છે તેઓ પોતાના ચક્ષુ ખુલા રાખે છે" અને બીજાઓ જેને પસાર થઇ જવા દે છે એવા સંજોગોને તેઓ ઝડપી લે છે

સભ્યતા— એક જુની અંગ્રેજી કેવત છે કે 'રીતભાત વડે મનુષ્ય વવાય છે'— એ મનુષ્યના વિજયના આધાર ઘણેભાગે તેની સભ્ય વર્તણૂક ઉપર છે

આખરે માડા સાત વાગે દ્રષ્ટિમર્યાદા નિચે સૂર્ય અદ્રશ્ય થયો અને તેની રવાનગી વખતેજ એ ખુશનુમા પવન લ્હેરી આવી એક કલાકમાં તો પવન લહેરી ચાલુ રહી ને તેણે સામાન્યરૂપ પકડયુ ત્યાર પછી અધકાર વડે દરેક વસ્તુ અસ્ત થતા પહેલા તુતક ઉપરના એક ચીનાની બુમથી મારો સોબતી ઉભો થઇ ગયો વહાણની કિનારીએ ધસી જઈ તેણે પશ્ચિમ તરફ તાક માડી

" હા ! તેજ છે ! આપણે બચ્યા છીએ, ડી લેમનવિવિ—આપણે બચ્યા છીએ તે કહે છે તેમ તે સ્કુનર (એક જાતની સ્ટીમર) જ છે '

તેજ વખત તે રહસ્યમય રાત્રિ દરમીયાન હુ ચોથી વખત બેભાન થઇ પડ્યો



प्रकरण ३ जुं

સૌદર્યવતી શ્વેતાગ રાક્ષસી

જ્હે મ્હારા નેત્ર ઉઘાડયા ત્યારે હુ મ્હારા નિસીમ આશ્ચર્ય વચ્ચે સુવસ્ત્રિત પણે બાધેલા ચ્હદરવા નિચેના એક સુખદાયક ગુંથેલા બિછાનામા વસ્ત્રોથી સુસજ્જ થયેલોજ સુતેલો હતો મારા આરામગાહની ઉનવાસની દિવાલોને લીધે મ્હારી આજુબાજુના દેખાવમા મ્હારા પગોના ફણા શિવાય બીજુ કાઇ દેખી શકતો નહોતો પણ જ્યારે હુ બેઠો થયો અને બાજુની કિનારી પરથી ડોકીયુ કર્યુ ત્યારે મ્હારી દ્રષ્ટિએ જે પડયુ તે અમારા વહાણના તુતકના ખોખરા પાટિયા નહોતા પણ એક સુદર અને સારી બાધણીના યૉટ (એક જાતની નાની સ્ટીમર) નુ સ્વચ્છ તુતક હતુ મ્હારૂ ઝુલતુ બિછાનુ વહાણના મધ્ય ભાગે હોય તેમ જણાતુ હતુ અને મ્હે જ્યા દ્રષ્ટિ કરી તે બાજુ ઉપરથી નિર્ણય કરતા—ચક્કર ઉપર કામ કરતો એક માણસ અને ફેરાડમાનુ પીતળકામ પાલીસ કરતા બે માણસો શિવાય—સમગ્ર તુતક ઉપર હું એકલોજ હોઉં તેમ મને લાગ્યુ આ આગબોટ કોની હશે ? આના ઉપર હુ કેવીરીતે આવ્યો હોઇશ ? અને મને અહિ આવ્યા કેટલો સમય થયો હશે ? આ પ્રશ્નોનો ઉત્તર મેળવવા જોકે મ્હે મ્હારા મગજને ઘણો ગુંચવ્યો છતા એક પણ બાબતનો નિર્ણય મને

મળી શક્યો નહિ મ્હારી સ્મરણશક્તિએ મ્હારી તેવા સ્વિકારવાની ના -ની દીધી, અને તેથી, છેવટ થાકીને હું પાછો પથારીમા પડયો અને કરી એકવાર મ્હારા નેત્રો બંધ કર્યા

આ પ્રમાણે હું ભાગ્યેજ ફરી ગયો હોઇશ તે પહેલા બીજી બાજુ ઉપર કાંઈક અવાજ સભળાતા હું બેઠો થઇ ગયો અને ઊઠીયુ કરી તે બાજુ જોયુ ત્યા મે જે જોયુ તેનુ વર્ણન હું કેવીરીતે કરૂ ? ત્યાર પછી ત્રણ વર્ષ વ્યતિત થયા છે તોપણ, તે પળે મ્હારી સામે જે ચિત્ર હતુ તેને લગતી ઝીણામા ઝીણી વિગત પણ જાણે કે તે હકીકત ગઈ કાલેજ બની હોય અને મ્હારી સ્મરણ શક્તિમા સ્પષ્ટ રીતે કોતરાઇ ગઇ હોય તેવી રીતે મને સપૂર્ણ યાદ છે

હાથ રાખવાના હાથા ઉપર એક કોણી રાખી તે નજીક હાવની કમળ સરિગી હથેલી પર હડપચી ટેકીને એક સવા I સુદર લનના નેતરની એક લાબી ખુરશીમા બેઠેલી હતી તે સુદરી એટલી બધી મનોહર અને લાવણ્ય વતી હતી કે હું સત્યને અવલબી ખાત્રી પૂર્વક કહી શકુ છુ કે મારા આખા જીવનભરમા કદી પણ તેવી રમ્યાંગી યુવતી મ્હે જોઇ નહોતી અથવા ભવિષ્યમા જોવાનો સભવ પણ નથી જો કે તેણી બેઠેલી હતી અને તે કારણને લઇ હું તેની બરાબર ઉચાઈ નક્કી કરી શક્યો નહિ છતા મ્હારી ખાત્રી હતી કે તે સામાન્ય કરતા વધારે ઉચી હોવી જોઇએ તેના અવયવો હું જેટલુ જોઇ શક્યો તે ઉપરથી ઘાટદાર અને પ્રમાણસરના જણાતા હતા તેનુ મુખ કમળ અતિશય સુદર હતુ અને તેની ભામાશો કુરગસમા [illegible] નેત્રો અને દીપની શીખા સરીખી સીધી નાસિકા વધારો કરતા હતા માથાપરના શ્યામ કેશ કલાપમા સુવર્ણ-રગી છાય અનહદ શોભા ઉત્પન્ન કરતી હતી તેણે સર્વાંગે શ્વેત વસ્ત્રો પહેર્યા હતા તેના ફેકશુઝ (તુતકપર પહેરવાના જોડા)અને માથા પરની પહોળી પનામા હેટ (ટોપી) એ બને પણ શ્વેતજ હતા ફક્ત એકજ ચીજ આ સુદરતાના નમુનાને આડખીલી જેવી હતી જે પ્રમાણમા તે સૌદર્યવતી હતી તે પ્રમાણમાજ તેનાથી વિરૂદ્ધ ગુણવાળો એટલે બેડોળ અને બીહામણો એક પીળો બુલડોગ, પોતાના આગલા પગના પગ વચે માથુ રાખીને લપાઇ બેઠો હતો અને તેણી નાશ કરવા ઇચ્છે તેવો કોઈ શખ્સ આજુબાજુ છે કે નહિ તેની ખાત્રી કરવા તે પોતાની લોહીની ત્યાગી કુર આખો તેણીના રહેઠાણ પર વારવાર ફેરવતો હતો

તેણી, ખરેખર તેણીના પોતાના વિચારોમાજ નિમગ્ન થયેલી ના ની કની અને ખુરશીની બાજુમા તેણીનો જે હાથ જે લટકતો હતો તે કુતરાના માથા ઉપર કર્યો અને ધીમે ધીમે તેનાપર પસવારવાની પેઠે ફરવા લાગ્યો ત્યાર પછી

તેના નેત્રો ઉંચકાયા અને હું તેણીના તરફ જોઇ રહ્યો હતો તે તેણીએ જોયું હું જાગ્રત થયેલો છું એમ જોઇ તે ઉઠી અને મ્હારા તરફ આવી

" કેમ, છેવટે તમે જાગ્યા કે ડૉક્ટર ડી નોમનવિલિ ? " તેણી હસતા હસતા બોલી અને તેણીનો સ્વર સાંભળતાં મને જણાયું કે તેના સર્વ અંગાનું લાવણ્ય એ હું જોઈએ તેના કરતા પણ તે સ્વર ઘણોજ મધુ હતો " તમે ઘણી લાંબી ઉંઘ ખેંચી બાર કલાક ! '

" બાર કલાક ? ' હું આશ્ચર્યસહ બોલી ઉઠ્યો અને તેણીને માટે મ્હારા હૃદયપર રમી રહેલા પ્રમશઃ ભાવ વડે મેં તેણીપર દ્રષ્ટિ ફેરવી " હું બાર કલાક ઉંઘ્યો એમ શું તમો કહો છો ? હું ભાગ્યેજ તે માની શકું છું અમો તે લુચ્ચાઓના વહાણપર હતા ત્યાર પછી થોડીજ પળો પસાર થઇ હોય એમ કેમ લાગે છે ત્યારે ! અને ત્યાર પછી શું બન્યું છે ? જેને માટે અમે હોંગકોંગથી નીકળ્યા હતા તે આ સ્ટીમર છે ?

" હા તે આ બોટજ છે તે વહાણ દ્રષ્ટિએ પડ્યું તે વેળાએજ અમો તમારે માટે ચિંતાતુર થતા હતા તમારા સોબતીએ જે હકીકત જણાવી છે તે ઉપરથી મને ભય લાગે છે કે તમોએ તે વહાણ ઉપર બહુજ હેરાનગતિ ભોગવી "

" એ અનુભવ ફરીથી લેવાની જરૂર પડે તે હું જોતા નથી ' મેં ગમ્મતથી જવાબ આપ્યો, " આવો એકજ અનુભવ આખી જીંદગીભરને માટે પુરતો છે હું આશા રાખું છું કે મારો સોબતી તેના સાહસોને લીધે કાંઇ નાદુરસ્ત નહિ હોય

" તે બાબતનો ભય રાખવાની તમારે જરૂર નથી તેની જાતના અનુભવ લેવાને તે ટેવાયેલો છે અને તમે જોયું હશે તેમ તેની તેનાપર કંઇ અસર થઇ નથી તે હમણાં નીચે છે પણ તુરતજ ઉપર આવશે કે તુરત તેને હું તમારી પાસે મોકલીશ હવે તમે ફરી પાછા સુઇ જાઓ અને થોડી વધારે ઉંઘ લ્યો તો ઠીક તમારે યાદ રાખવું જોઇએ કે તમારી તન્દુરસ્તી અમારા માટે ઘણીજ કિંમતી છે '

બોલે મેં ' હું ધારતો નથી કે હું બરાબર સમજી શક્તો હોઉં પણ આપની કૃપા આ આગગાડીએ તે પહેલા આ બોટનું નામ અને મ્હારા બચાવ માટે કોણનો મને આશ્રય આપ્યો તેનો મ્હને કહેશો ? '

મ્હેં મ્હારા મગજને ઘણું

અપૂર્ણ

અખુટ તાકાત આપનારી

પ્રખ્યાત

આતંકનિગ્રહ ગોળીઓ

તમામ જાતની નબળાઈને દૂર કરી શરીરના તમામ ભાગને પુનર્જીવન આપે છે કિંમત ગોળી ૩૨ ની ડબ્બીનો રૂ. ૧ (એક) વધુ વિગત જાણવા માટે આપના કેમીસ્ટને મળો

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

આતંકનિગ્રહ ઔષધાલય

જામનગર—કાઠિયાવાડ

REGISTERED- NO B 38

शाक्त प्रकीर्ण ३ अंक १ लो

હિંદુસ્થાનમાં બહોળો ફેલાવો પામેલું, શક્તિધર્મના તેમજ
ગદ્ય સાહિત્ય, કળાકૌશલ્ય, નીતિ, જ્ઞાન, વીગેરે સંબંધી
રસમય અને બોધક લેખો ચર્ચતું અને સર્વત્ર
સન્માન પામેલું માસિક પત્ર —

શ્રી અંબિકા વિજય

(દરેક પુનમે બહાર પડે છે)

પુસ્તક ૧૦ મું   કાર્તિક પુર્ણિમા, ૧૯૬૯   અંક ૧ લો

અનુક્રમણિકા —

પ્રગટ કરનાર —

માધવલાલ કુબેરજી રાવળ   શાક્તધર્માચાર્ય

મેનેજર, શ્રી શક્તિ[illegible] સમાજ, ચુડા (કાઠીયાવાડ)

(સમાજના ૧ થી ૪ વર્ગ સુધીના મેમ્બરોને પોસ્ટેજ અને ભેટ સાથે મફત)

વાર્ષિક લવાજમ અગાઉથીજ રૂ ૧—૮—૦ ભેટના પોસ્ટેજ સાથે

પાછળથી રૂ ૨—૦—૦ ભેટ વીના   છુટક નકલના રૂ ૦—૩—૦

શ્રી જગત સિદ્ધ[illegible] પ્રિન્ટીંગ પ્રેસ, ચુડા.

विज्ञप्ति —

આ માસિકનુ દરેક વર્ષ કાર્તિક પુર્ણિમાએ શરૂ થાય છે પણ આ કાર્તિક પુર્ણિમાના અંક ગત વર્ષના છેલ્લા અંકમાં જણાવેલ શરીરની બિમારીને લઇ અમો મોડો પ્રગટ કર્યો છે તે માટે સુજ્ઞ ગ્રાહકો ક્ષમા આપશે એમ અમો આશા રાખીએ છીએ અને માગશીર્ષથી અંક નિયમિતપણે પ્રગટ કરવાનુ વચન આપીએ છીએ

ગયા વર્ષની ચાર ભેટોની યોજના વધારે ખર્ચાળ હોઇ આ માસિકને અંગે નભી શકે તેમ નથી છતા માસિકની ઉન્નતિને ખાતર ગ્રાહક વધારવાની આશાથી તે યોજના આ વર્ષને માટે પણ કાયમ રાખી છે આ વર્ષની આપવા ધારેલી ચાર ભેટોનુ વિસ્તારપૂર્વક વિવેચન આ અંકના ૨૨ મા પૃષ્ઠે આપેલુ છે અને આ ભેટોથી સર્વ ગ્રાહકો સંતુષ્ટ થશે એવી અમે આશા રાખીએ છીએ

ગ્રાહકોને ભેટો વી પી થી મોકલવાનુ કામ થોડા વખતમાં શરૂ થશે અને હાલ અમારા જે ગ્રાહકો છે તેમના તરફથી વી પી મોકલવાના ઓર્ડરની રાહ ન જોતાં યથાક્રમે વી પી કરવામા આવશે તોપણ જો આવી ભેટોના લાભ સંભવ નથી છતાં કોઇને ગ્રાહક રહેવાની નામરજી હોય તો તેમણે વેળાસર ખબર આપવી કે જેથી નાહક ખર્ચમાંથી બચી શકાય

આ અંક પરીક્ષા માટે તેમજ પરિચય વિનાના ટપાલ સદ્ગૃહસ્થો તરફ આ અંક ગ્રાહક થવાની વિજ્ઞપ્તિ સાથે મોકલવામા આવ્યો છે તેમજ હવે પછીના અંકો પણ ચાલુ રાખવામા આવશે માટે જેઓને ગ્રાહક થવા ઇચ્છા ન હોય તેમણે આ અંક પહોંચ્યેથી તુરત ખબર આપવા અગર અંક પાછો મોકલવો

આ માસિક તરફ લાગણી ધરાવનાર ગ્રાહકોને પોતપોતાથી બનતા નવા ગ્રાહકો વધારી આપવા વિનંતિ કરવામા આવે છે

श्री शक्तिधर्मोद्धारक समाज

વર્ગ ૧ લો — પેટ્રન એકી વખતે રૂ ૫ સમાજના ફંડમા આપનાર સદસ્ય

વર્ગ ૨ જો — લાઇફ મેમ્બર એકી વખતે રૂ ૧ સમાજના ફંડમા આપનાર સદસ્ય

વર્ગ ૩ જો — વાર્ષિક મેમ્બર A દરવર્ષે રૂ ૫) સમાજના ફંડમા આપનાર સદસ્ય

વર્ગ ૪ થો — વાર્ષિક મેમ્બર B દરવર્ષે રૂ ૨॥ સમાજના ફંડમા આપનાર સદસ્ય

વર્ગ ૫ મો — સબ સ્ક્રાઇબર આ વર્ગમા હરકોઇ વખતે સમાજના શ્રી આગામી દુર્ગેશ્વર મંદીર ફંડમા રૂ ॥ નાણુ આપનાર સદસ્ય

ઉપરના ચાર વર્ગના મેમ્બરોને આ માસિક તેની ભેટસાથે ફ્રી મળે છે વર્ગ ૧ થી ૩ સુધીના મેમ્બરોને આ માસિક ઉપરાંત સમાજ તરફથી જે જે પુસ્તકો કે ટીકા વિગેરે પ્રગટ થશે તે પણ ફ્રી પોસ્ટેજ લઇ અને વર્ગ ૫ ને અપાતી ઇનામી ટીકીટોમાંની એકેક ટીકીટ ફ્રી આપવામા આવે છે વર્ગ ૪ થાને માસિક અને તેની ભેટો ફ્રી મોકલવામા આવે છે

दुरापा दुर्वृत्ते दुरित दमने दारणभरा,
दयार्द्रा दीनाना मुपरि दलदिंदी वरनिभा,
दहति दारिद्र्य द्रुम कूल मुदार द्रविणदा,
त्वदीया द्दष्टिर्मे जननि दुरद्दष्ट दलयतु

* *

શ્રી અંબિકા વિજય

(દરેક પુનમે બ્હાર પડે છે.)

* *

પુસ્તક ૧૦ મુ.   કાર્તિક, પુર્ણીમા, ૧૯૬૯   અંક ૧ લો

आशीर्वचन

भिक्षु क्वास्ति बलेर्मखे पशुपति किनास्त्यसौ गोकूले ?
मुग्धे पन्नगभूषण सखि सदा शेतेच तस्योपरि ।
आर्येमुञ्च विषादमाशु कमले नाहप्रकृत्या चला
इत्थ वै गिरिजा समुद्रसुतयो सभाषण पान्तुव ॥

કમળા (લક્ષ્મીજી) પાર્વતિને પુછેછે કે—ભિક્ષુ (શંકર) ક્યાં છે ?
પાર્વતિ— ભિક્ષુ (વામન એટલે કૃષ્ણ) બલિરાજાના યજ્ઞમાં ગયાછે
કમળા— પશુપતિ (શંકર) ક્યાં છે ?
પાર્વતિ— પશુપતિ (ગાયોનો ગોવાળ કૃષ્ણ) શું ગોકુળમાં નથી ?
કમળા— મુગ્ધા સર્પજે ભુષણ જેનું (એવા શંકર) ક્યાં છે ?
પાર્વતિ— સખી તે (કૃષ્ણ) હમેશાં સર્પની ઊપરજ ક્ષીરસાગરમાં સુવેછે
કમળા— આર્યે ! વિષાદ (વાદવિવાદ) છોડી દે

ત્યારે પાર્વતિજી વિષાદનો અર્થ વિષને પી જનાર શંકર સમજ્યા તેથી કહ્યુ કે, લક્ષ્મી ! હું તારા જેવી ચળપ્રકૃતિ વાળી નથી કે એકને છોડી બીજા પાસે ચાલી જાઉં

ઉપર પ્રમાણેનુ ગિરીજા તથા સિંધુરાજની પુત્રી લક્ષ્મીનુ સંભાષણ તમારૂ રક્ષણ કરો !

" નંદન "

नविन वर्षारंभे गतवर्षना अनुभवनुं अवलोकन

अने

श्री अंबिका विजयनो तेना सुज्ञग्राहको साथेनो संबंध

એ નામના વીષયને માટે આ અગ્રસ્થાન હોવુ જોઈએ છતાં તેના લખાણમાં જરા સમય ફેર થતા તે ૭ પેજ ઉપરથી શરૂ થયેલો છે અને તે દરેક ગ્રાહક માટે અગત્યનો હોઈ તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે

એડીટર

ટિપ્પણ

૧ કાર્તિક માસના કૃષ્ણ પક્ષની અષ્ટમી કાલાષ્ટમી કહેવાય છે તે મધ્યાહ્ન વ્યાપિની લેવી તે દિવસે કાળભૈરવનો જન્મ થયો છે તેથી તે કાળભૈરવની જયંતિ તિથિ છે માટે કાળભૈરવની પૂજા કરી તેને ત્રણ અર્ઘ્ય દેવા શક્તિ પ્રમાણે ઉપવાસ અથવા ફળાહારાદિ કરવુ રાત્રિનુ જાગરણ કરવુ યજ્ઞાદિ સત્કર્મોમા વિઘ્ન કરનારા રાક્ષસો વિગેરે દુષ્ટ સ્વભાવવાળાઓને દૂર કરવા માટે રૂદ્રદેવે કાળભૈરવનુ સ્વરૂપ ધરેલુ છે

કાર્તિક માસમા હમેશા સ્નાનદાનાદિ ઘણા સત્કાર્યો કરવાના છે તે વિશેની હકિકત પણ ઘણી વિસ્તીર્ણ હોવાથી કાર્તિક માહાત્મ્ય નામના પ્રસિદ્ધ ગ્રંથમાથી જાણી લેવી

૨ માગશીર્ષ માસની શુકલ પંચમીને દિવસે નાગોની પૂજા કરવાની કહેલી છે તેથી તે પણ નાગપંચમી કહેવાય છે

૩ માગશીર્ષ માસના પ્રથમ રવિવારથી આરંભી બાર માસના રવિવારને દિવસે ગમેતે ઇષ્ટ સિદ્ધિ માટે સૌર વ્રત કરવાનુ છે માગશીર્ષના રવિવારોમાં ત્રણ તુલસીપત્રો પોષમા ત્રણ તોલા ઘી માઘમાં ત્રણ મુઠી તલ ફાલ્ગુનમા ત્રણ પલ દહિ ચૈત્રમા ત્રણ પલ દુધ વૈશાખમા જરા ગોમય જેઠમા ત્રણ અંજલી જળ આષાઢમાં ત્રણ મરી શ્રાવણમા ત્રણ પલ સાથવો ભાદ્રપદમા ગોમુત્ર આશ્વિનમા શર્કરા અને કાર્તિકમાં ઉત્તમ હવિષ્ય એઓનુ ભક્ષણ કરવુ સૂર્યનુ પૂજન કરવુ અને બીજા વ્રતોની જે સામાન્ય પરિભાષા છે તે પ્રમાણે સર્વ કાર્ય કરવુ આથી સર્વ સિદ્ધિ થાય છે

૪ માગશીર્ષ શુદી પૂર્ણિમા એ દત્તજયંતિ કહેવાય છે તે દિવસે દત્તાત્રેયનો પ્રદોષ સમયે જન્મ થયેલો છે અત્રિમુનિના પુત્ર હોવાથી આત્રેય શબ્દ લાગુ અને વિષ્ણુએ દીધેલા હોવાથી દત્ત શબ્દ લાગુ એટલે તેમનુ દત્તાત્રેય નામ કહેવાય છે દત્તાત્રેય વિષ્ણુના અવતાર કહેવાય છે તથા તે મહાસિદ્ધ યોગી છે આ વિષયની કથા શ્રીમદ્ ભાગવતમા છે એમણે ચોવીસ ગુરૂઓ કરેલા છે તે વિષેનુ વિસ્તીર્ણ અને ચમત્કારી આખ્યાન એકાદશ સ્કંધમા આવેલુ છે તે દિવસે દત્તાત્રેયનુ પૂજન તથા વ્રત બીજા વ્રતોની પેઠે કરવાના છે

એક માસનું પચાગ

સવત ૧૯૬૯ ના કાર્તિક વદી ૧ થી માગશીર્ષ શુદી ૧૫ સુધી

તિથિ	વાર	તારીખ	હકીકત
૧	સોમ	૨૫	
૨	મગળ	૨૬	
૩	બુધ	૨૭	સકષ્ટ ચતુર્થી
૪	ગુરૂ	૨૮	
૫	શુક્ર	૨૯	
૬	શનિ	૩૦	
૭	રવિ	૧	કાલાષ્ટમી
૮	રવિ	૦	આઠમનો ક્ષય છે
૯	સોમ	૨	
૧	મગળ	૩	
૧૧	બુધ	૪	ઉત્પતિ એકાદશિ ઉત્પાત ૪૭—૧૨ સુધી
૧૨	ગુરૂ	૫	
૧૩	શુક્ર	૬	
૧૪	શનિ	૭	
૩	રવિ	૮	
૧	સોમ	૯	માગશર માસ બેઠો
૨	મગળ	૧૦	
૩	બુધ	૧૧	
૪	ગુરૂ	૧૨	
૫	શુક્ર	૧૩	નાગ પચમી
૬	શનિ	૧૪	
૬	રવિ	૧૫	સૌરવ્રતનો આરભ
૭	સોમ	૧૬	
૮	મગળ	૧૭	
૯	બુધ	૧૮	
૧૦	ગુરૂ	૧૯	
૧૧	શુક્ર	૨૦	મોક્ષદા એકાદશી ઉત્પાત ૧૬—૫૯ સુધી
૧૨	શનિ	૨૧	
૧૩	રવિ	૨૨	
૧૪	સોમ	૨૩	દત્ત જયતિ
૧૫	મગળ	૨૪	

વિશેષોપયોગી વિષયોમારે કર્મા છે તે સામેના ૧૨ે ટિપ્પણમા જુઓ

देवी तत्व दीवाकर.

ગત વર્ષના છેલા અંક સુધીમાં આ દેવી તત્વ દીવાકર એ નામનો વિષય ચાલુ કર્યો તે બે વર્ષ પુરા થાય છે અને આજ સુધી દરેક અંકે તે વિષય નિયમિત ચાલુ રહ્યા છે તેમાં આપણે આદિસૃષ્ટિની હકીકત કાળ સ્વરૂપનો પ્રબંધ પ્રલયોના સ્વરૂપ જગદંબાની ઉપાસનાથી સૃષ્ટિ ક્રમમાં નિર્માયેલા દેવ દેવીઓનાં આખ્યાન છેલા મહાપ્રલય પછીના છ ગત મનુઓના સામ્રાજ્યમાં બનેલા વૃત્તાંતવાળા ઇતિહાસની તેમજ વર્તમાન વૈવસ્વત મન્વંતરમાં સૂર્ય અને ચંદ્ર વંશની શરૂઆત કરનાર ઇક્ષ્વાકુ અને પુરૂરવા સુધીના પ્રણાલીબદ્ધ ઇતિહાસ ની રૂપરેખા ભાવિના સાત મનુઓના વર્તમાન ચરિત્રોમાંની મનુપણું મેળવવા યોગ્ય કરાવવી જગદંબાની ઉપાસનાઓ વિગેરે વૃત્તાંતો યથા ક્રમ આપી ગયા છીએ પણ હવે તે ઇતિહાસ નું સ્વરૂપ સમજાવતા પહેલા જે હકીકત આપી ગયા તે અરસા દરમીયાન બીજી બાજુ બનેલા બનાવો વર્ણવી ઇતિહાસની સાંકળના આંકડા મેળવવાના છે એટલે કે પૃથ્વીમાંના મનુવંશ વર્ણવ્યા તે દરમીયાન આ બ્રહ્માંડમાંના બીજી બાજુના બનાવો જેવા કે દેવ દૈત્યોના યુદ્ધો જગદંબાના અનેક સ્વરૂપે આવિર્ભાવ અને દેવોને કરેલી સહાયતા વિગેરે તેમજ શક્તિનાં પ્રકૃતી સ્વરૂપો કળા સ્વરૂપો અંશાંશ સ્વરૂપો વિગેરે વૃતાંતો વર્ણવવાના છે અને ત્યારપછી જગદંબા સંબંધી ભક્તિનું જેમાં પ્રાધાન્ય છે તેવા રાજવંશો વર્ણવીશું પણ આ બીજી બાજુના બનાવો વર્ણવતા પહેલા આગળ કહેલી હકીકતમાંની એક ત્રુટી કહીથી ખંડિત થયેલી સાંકળ સાંધવાનું યોગ્ય ધારીશુ

પ્રથમ આપણે કહી ગયા છીએ કે બ્રહ્મા વિષ્ણુ અને સદાશિવ એ ત્રણે દેવો જગદંબા ના તામસી સ્વરૂપ યોગનિદ્રા રૂપે મહાકાળીના અનુગ્રહે મધુ કૈટભના ભયમાંથી મુક્તથયા પછી દેવીની વિશેષ કૃપાથી વિમાનદ્વારા મણિદ્વીપમાં જવા ભાગ્યશાળી થયા હતા અને ત્યાંથી સૃષ્ટિ સંપાદન કરવાની આજ્ઞા સાથે તેમને અનુક્રમે મહાસરસ્વતિ મહાલક્ષ્મી અને મહાકાળી એ નામની ત્રણ શક્તિઓ મળી હતી ત્યાર પછી સહુ સહુએ પોતપોતાના લોકો રચી સૃષ્ટિ ની નિયંત્રણાનું કામ ઉઠાવી લીધું હતુ વળી વધારામાં શ્રી વિષ્ણુએ પોતાની કૃતજ્ઞતા દર્શાવવા અંબામખ નામનો દેવીનો યજ્ઞ કર્યો હતો

ઉપર પ્રમાણે ત્રણ દેવોને ત્રણ શક્તિઓ મળવાનું કહી ગયા તેમાં સદાશિવને મહાકાળી મળેલા હતાં છતાં આગળ દક્ષ કન્યા સતિનો વિવાહ સદાશિવ સાથે થયાનું આપણે કહી ગયા તેથી મહાકાળી છતાં સદાશિવ દક્ષકન્યાનો સ્વિકાર કરે એ અયોગ્ય છે અને દક્ષકન્યા સતિનું જન્મ કારણ કહેવું આગળ ઉપર રહી ગયેલ તેથી તે પુર્વાપર વિરોધ આવેછે માટે રહી ગયેલ બાબત પ્રથમ કહી આપણો વિષય પછી આગળ ચલાવીશું

બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવ સૃષ્ટિ સંબંધી કાર્યો કરવામાં પ્રવૃત્ત થયા હતા તેવામાં કેટલોક કાળ ગયા પછી કાલાકેય નામના દાનવો ઉત્પન્ન થયા અને તેઓએ એકદમ ત્રૈલોક્યને જીતી લીધું બ્રહ્માના વરદાનથી ઉન્મત થયેલા એ દૈત્યોએ વૈકુંઠ તેમજ કૈલાસને પણ પોતાની

પ્રબળ સેનાથી ઘેરો ઘાલ્યો હવે વિષ્ણુ અને સદાશિવે યુદ્ધ કરવાનો આરંભ કર્યો દેવ અને દૈત્યોની સેનામા મહાન સહાર થવા લાગ્યો અને સહુ કોઈ ત્રાહે ત્રાહે પોકારવા લાગ્યા આ પ્રમાણે સાઠ હજાર વર્ષ સુધી તે દૈત્યો સાથે યુદ્ધ કરી તે બે દેવોએ તે દૈત્યોને મારી નાખ્યા અને ત્યાર પછી સ્વસ્થ થઇ પોત પોતાના લોકમા ગયા વિષ્ણુ અને સદાશિવ આ પ્રમાણે પોતાના લોકમા ગયા પછી પોતાની શક્તિઓ કે જેના પ્રભાવથી પોતે તે દૈત્યોને મારી શકયા હતા તેમની પાસે પોતાના પરાક્રમનુ અભિમાન કર્યું એઓને ખોટુ અભિમાન ધરાવતા જોઇ લક્ષ્મી તથા ગૌરીએ તેઓની હાસી કરી તેઓને હસતી જોઇ તે દેવો ક્રોધાયમાન થયા અને તેમને કઠોર વચન કહ્યા. આ પ્રમાણે માયાએ કરેલા મોહને લીધે વિષ્ણુ અને સદાશિવને ભ્રમિત થએલા જોઇ લક્ષ્મી તથા ગૌરી પોતપોતાના પતિને છોડી દઇ તેજ ક્ષણે અંતર્હિત થઇ ગયાં અને તે વખતે હાહાકાર થઈ રહ્યો પોત પોતાની શક્તિઓનુ અપમાન કરતા તેઓ જતા રહેવાથી વિષ્ણુ અને સદાશિવ તેજ વિનાના શક્તિ રહિત વિક્ષેપ પામેલા અને બુદ્ધિ વગરના થઇ ગયા તેઓને આ પ્રમાણે થઇ ગયેલા જોઇ બ્રહ્મા બહુજ ચિંતાતુર થયા અને વિચાર કરવા લાગ્યા કે " આ તે શુ થયુ ? આ વિષ્ણુ અને સદાશિવ કે જેઓ દેવતાઓમા અગ્રેસર છે તેઓ પોત પોતાના કાર્યથી વિમુખ કેમ થઇ ગયા ? આ સંકટ શા કારણથી ઉત્પન્ન થયુ ? નિરાપરાધ જગતનો અકાળે લય થવાનો છે કે શુ ? આ પ્રમાણે અત્યંત ચિંતાગ્રસ્ત થયેલા બ્રહ્માએ નેત્રો મિચી ધ્યાન કરતા આ સઘળુ પરાશક્તિના કોપથી થયુ છે એમ જાણવામાં આવતા તેનો ઉપાય કરવા તત્પર થયા ઉપાયની યોગ્ય ગોઠવણ થાય અને વિષ્ણુ અને સદાશિવ પાછા પોતાની અસલ સ્થિતિમા આવે ત્યાં સુધી બ્રહ્માએ પોતાની શક્તિવડે પોતાના કાર્ય ઉપરાંત તેમના કાર્યો પણ કરવા માંડ્યા ત્યાર પછી તે બે દેવોના શ્રેયને માટે મનુ અને સનક વિગેરે પોતાના પુત્રોને બોલાવ્યા અને તેઓને કહ્યુ કે, " હુ હમણાં બહુજ વ્યવસાયમાં પડેલો છુ અને પરાશક્તિને રાજી કરવાસારૂ જગતનો ભાર મે માથે લીધો છે તેથી હાલ હુ તપ કરી શકુ તેમ નથી પરાશક્તિના કોપથી વિષ્ણુ અને સદાશિવ વિક્ષેપ પામેલા છે માટે તેઓને સ્વસ્થ કરવા માટે તમો પરમ ભક્તિથી અદ્દભુત તપમા ઉદ્યુક્ત થઇ પરાશક્તિને પ્રસન્ન કરો કે જેથી તેઓ પોત પોતાની શક્તિઓ પામી આગળ હતા તેવા થાય હે પુત્રો ! આમ કરવાથી તમારો યશ વધશે અને જેના કુળમાં એ શક્તિઓનો જન્મ થશે તેનુ કુળ સર્વ જગતમાં પવિત્ર અને પ્રસંશનિય થશે તેમજ તેઓ પોતે પણ કૃતાર્થ થશે " આ પ્રમાણે બ્રહ્માનાં વચન સાભળી દક્ષ વિગેરે તેમના સઘળા પુત્રો પરાશક્તિનુ આરાધન કરવા માટે વનમા ગયા

તેઓ હિમાલયની તળેટીના વનમા રહી માયાબીજના જપમા તત્પર રહી ધ્યાન ધરીને તપ કરવા લાગ્યા પરાશક્તિનુ ધ્યાન કરતા એક લાખ વર્ષ વીતી ગયા ત્યારે તે દેવીએ પ્રસન્ન થઇને તેમને પ્રત્યક્ષ દર્શન દીધુ તેમના ચાર હાથમા અનુક્રમે પાશ, અંકુશ વરદાનની મુદ્રા અને અભયની મુદ્રા હતા ત્રણ નેત્રવાળાં કરૂણારસથી ભરપુર અને સચ્ચિદાનંદ રૂપિણી તે જગદંબાને જોઇ નિર્મળ હૃદયવાળા તે લોકોએ તેમની નીચે પ્રમાણે સ્તુતિ કરી

હે દેવી ! હે જગદંબા તેઓ સ્તુતિ કરવા લાગ્યા, " આપ કે જે વ્યષ્ટિ સ્થુળ

દેહના અભિમાની વિરાટરૂપ સમષ્ટિ સ્થુળ દેહના અભિમાની વૈશ્વાનરરૂપ વ્યષ્ટિ લિંગ દેહના અભિમાની તેજસરૂપ સમષ્ટિ લિંગ દેહના અભિમાની સુત્રાત્મારૂપ વ્યષ્ટિ કારણ દેહના અભિમાની પ્રાજ્ઞરૂપ અને સમષ્ટિ કારણ દેહના અભિમાની અવ્યાકૃતરૂપ છો તેમને અમો પ્રણામ કરીએ છીએ વળી આપ કે જે જીવના અધિષ્ઠાન ભૂત બ્રહ્મરૂપ, સત્યરૂપ અને સત્ય શબ્દના લક્ષ્યાર્થરૂપ છો તેમને વારવાર સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ

દક્ષ વિગેરે નિર્મળ મુનીઓ આ પ્રમાણે જગદંબાની સ્તુતી કરી તેમના ચરણારવિંદમા નમ્યા પછી પ્રસન્ન થયેલા દેવીએ કોયલ સરખા મધુર સ્વરથી કહ્યું કે હે ભાગ્યશાળીઓ ! વર માગો હું સર્વદા વર દેનારી છુ એ પ્રમાણે જગદંબાનુ વચન સાભળી તેઓએ માગ્યુ કે બ્રહ્મા અને વિષ્ણુના શરિરમા શાંતી થવી જોઇએ અને તેમને તેમની શક્તિઓ મળવી જોઇએ તેઓમા વળી દક્ષપ્રજાપતીએ વધારામા માગ્યું કે હે જગદંબ ! તમારો જન્મ મારા કુળમાં થવો જોઇએ કે જેથી હુ કૃતાર્થ થાઉં હે પરમેશ્વરી ! જપ ધ્યાન પુજા આપના મ્હોંથીજ મને કહો

હે દક્ષ ! દેવીઓરૂપ મારી શક્તિઓનુ અપમાન કરવાને લીધે શીવ અને વિષ્ણુની એવી સ્થિતી થઇ છે માટે એવો અપરાધ કદીપણ કરવો ન જોઇએ હવે મારી કૃપાથી તેઓના શરીરમા શાંતિ થશે અને તેઓને વાસ્તે મારી પ્રેરણાથી એક શક્તિ તમારા ઘરમા જન્મશે અને બીજી શક્તિ ક્ષીરસાગરમા જન્મશે જે માયાબીજ છે તે મારો મુખ્ય મંત્રી છે એથી સર્વદા હુ રાજી થાઉં છુ મારા વીરાટ સ્વરૂપનુ અથવા હમણા તમારી આગળ ઉભેલા આ સ્વરૂપનુ અથવા સચ્ચિદાનંદ સ્વરૂપનુ ધ્યાન કરવુ આ સઘળુ જગત મારા ધ્યાનરૂપ છે તમ લોકોએ સર્વદા મારૂ પુજન અને મારૂં ધ્યાન કરવુ

આ પ્રમાણે કહીને તે મણીદ્વીપમાં રહેનારા જગદંબા અંતર્ધાન થઇ ગયા અને દક્ષ વિગેરે બધા મુનીઓ પાછા બ્રહ્માની પાસે આવ્યા અને તેઓને સઘળી વાત કહી સભળાવી પછી પરાશક્તિની કૃપાથી શીવ અને વિષ્ણુ સ્વસ્થ થઇ સૃષ્ટિ સબંધી પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થયા આ વાતને કેટલોક વખત થઇ ગયા પછી દક્ષને ઘેર પરાશક્તિના તેજનો અવતાર થયો તે વખત રાજી થયેલા દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા અને સ્વર્ગ લોકમા સભ્રમમાં પડેલ લોકો હાથની કોણીઓથીજ દુદુભી વગાડવા લાગ્યા નિર્મળ હૃદયવાળા સાધુ લોકોના ચિત્ત પ્રસન્ન થયા નદીઓ માર્ગે ચાલવા લાગી અને સુર્યની કાંતિ સ્વચ્છ થઇ મહામાયા જગદંબાના જન્મ સમયમા સર્વત્ર મંગળ વરતાઇ રહ્યું પરાશક્તિ સત્ય હોવાને લીધે દક્ષ પ્રજાપતિએ તેમના અવતાર રૂપ પોતાની પુત્રીનુ નામ સતી રાખ્યુ અને એ સતી કે જે પ્રથમ શિવની શક્તિ હતા તેજ પાછા દક્ષપ્રજાપતીએ શિવને આપ્યા

ત્યારપછી કેટલેક કાળે ચાક્ષુષ મન્વંતરમા દેવ અને દૈત્યોએ મળી સમુદ્ર મથન કર્યુ હતુ અને તેમાથી ચાદ રત્નો પૈકી પરાશક્તિના અંશરૂપ લક્ષ્મી નીકળ્યા હતા તેમને વિષ્ણુએ પોતાની પત્ની કરી રાખ્યા એ હકીકત આગળ આવશે

અપુર્ણ

―――――

कचन कण

Grains of Gold

સ્વાભાવિક બુદ્ધિ અને પવિત્રતા દુનિયામા જે વિચાર ફેકે છે તે દરેક વિચાર દુનિયાનુ સ્વરૂપ બદલી દીયે છે

કોઇ પણ નવિન સત્ય જાહેરમા આવ્યા છતા તેનો સ્વિકાર ન કરવાનો યત્ન કરવો એ સૂર્ય ઉદય થતા નેત્રો મીચી દઇ તેનો અસ્વિકાર કરવાના યત્ન બરાબર છે

આધુનિક સમયની અનેક ભયકર ભૂલોમાની એક એ છે કે આરોગ્ય શાસ્ત્રના કાયદાનુ ઉલઘન કરીને તેની શીક્ષામાથી બચીજવા માટે દવાના થેડા ટીપા ગળે ઉતારી જઇશુ અને તે આપણી કુટેવોના પરિણામનુ વાળણુ થઇ પડશે એવી દરેક મનુષ્યની સામાન્ય કલ્પના છે

વૃદ્ધત્વ એ એક એવુ કપીત ભયકર પ્રાણી છે કે જેનાથી આપણુ સર્વ બહુજ ભય પામીએ છીએ છતા આજેજ કામ ઉપર બેસો અને તમારા મિત્રોમાના જેઓ વૃદ્ધત્વને લીધે મરી ગયા હોય તેઓની ગણતરી કરો પરિણામે તમને તે સખ્યા ઘણીજ હાની જણાશે તાત્પર્ય એ છે કે વૃદ્ધત્વ કરતા વ્યાધિઓથી વીશેષ ભય રાખીને તેનાથી દુર રહેવા બુદ્ધિપૂર્વક સાવચેતી રાખવાની છે

આત્મામાથી દ્રવતી અનુકપાનો વિસ્તાર જેમજેમ વધતો જાયછે તેમતેમ આત્માની યોગ્યતા વધે છે

તમારી સ્વાર્થમયતા તમે જ્યા છો ત્યાજ તમને જકડી રાખેછે અને નિસ્વાર્થ બુદ્ધિ તમને વધારે ઉચ્ચ ગતીએ લઇ જાય છે

એક પ્રજાનો જે અલૌકીક—દૈવતાઇ કાયદો છે તે બીજી કોઇ પ્રજાનો કુદરતી કાયદો પણ હોઇ શકે

આવશ્યકતા એ સ્વાભાવિક બુદ્ધિનુ પારણુ છે અને શોધખોળ તેની કબર છે

આ સૃષ્ટિમા જો કીનાખોર સ્ત્રી પુરૂષોની હયાતી ન હોય તો ઇશ્વર પણ કીનાખોર ન હોય

नविन वर्षारंभे गत वर्षना अनुभवनु अवलोकन
અને
श्री अंबिका विजयनो तेना सुज्ञ ग्राहको साथेनो संबंध

ગત વિક્રમાર્કનો ભુતકાળના ઉદરમાં લય થતાની સાથેજ આપણા શ્રી અબિકા વિજયનુ નવમુ વર્ષ પણ પુરૂ થાયછે અને નવિન વર્ષના મગળ મય પ્રભાતના સુર્યોદય સાથેજ પરમ કૃપાળુ શ્રી જગજ્જનનીની કૃપામૃત દ્રષ્ટિની-દ્રષ્ટિના સિંચનથી શ્રી અબિકા વિજયના દશમા

मुक्ते स याति नरकं सुकरेष्वाभि जायते

ઉપરોક્ત શ્લોકમાં કહ્યું તેમ જે મનુષ્ય મોહ અથવા પ્રમાદવશ થઇ દેવપૂજન કરતો નથી તેને દોષ લાગે છે અને ઉપાસનાનું મુળ ભક્તિ છે તેમજ ભક્તિની શરૂઆત દેવ પૂજનથીજ છે

પરમાત્મા અને તેની શક્તિ એ બને એકજ સ્વરૂપ છે એ આપણે શ્રી અંબિકા વિજયમાં અનેકવાર સિદ્ધ કરી ગયા છીએ એટલે વારંવાર કહેવાની જરૂર રહેશે નહિ કે પરમાત્મા છે તેજ શક્તિ છે અને શક્તિ છે તેજ પરમાત્મા છે અને તે નિરાકાર હોવા છતાં ભક્ત લોકોની ઇચ્છાશક્તિના બળે સાકાર સ્વરૂપ ધારણ કરેછે અને ભક્તિનો પ્રારંભ પણ સાકાર સ્વરૂપ થીજ થઇ શકે છે

હવે ભક્તિનું મુખ્યઅંગ જે પૂજન છે તેને માટે છ આયતન એટલે સ્થાનની માન્યતા છે

अप्स्वग्नौ हृदये सूर्ये स्थडिले प्रतिमासु च
षट् स्वेतेषु हरे सम्यगर्चनं मुनिभि स्मृतम्

જળ અગ્નિ હૃદય સૂર્ય સ્થંડિલ અને પ્રતિમા એ છ સ્થાને પરમાત્માનું પૂજન કરવાનું મુનિઓએ કહ્યું છે અને તેનું આવાહનથી વિસર્જન સુધીમાં ષોડશોપચાર પૂજા થઇ શકે છે આજ શાસ્ત્રોથી અજ્ઞાત મનુષ્યોને મૂર્તિ પૂજા એ પથ્થર અથવા ધાતુને પૂજવા જેવું લાગેછે પણ ખરૂં તત્વ તેઓ સમજતા નથી વાસ્તવિક રીતે તો મૂર્તિ એ બેસવાની ગાદી રૂપ છે અને આવાહનદ્વારા પરમાત્માને આપણે તે ગાદી ઉપર બેસારીએ છીએ

ધ્રુવ પ્રહ્લાદ અભિમન્યુ વિગેરે ન્હાના ન્હાના છોકરાઓએ પણ ઇશ્વર ભક્તિ કરીને ભગવદ્ દર્શન મેળવ્યું હતું તે વાતો જગજાહેર છે નામદેવ નામના એક ન્હાના છોકરાએ પોતાના બાપને વિઠ્ઠલની પૂજા કરતો જોયો અને તેને પણ પૂજા કરવાનું મન થયું તે ધીમે ધીમે, વિઠ્ઠલ વિઠ્ઠલ એવો જપ કરવા લાગ્યો તેના મનમાં તો શાલિગ્રામની પ્રતિમા એજ ખરો વિઠ્ઠલ (ઇશ્વર) હતો જ્યારે જ્યારે તેને લાગ મળે ત્યારે તે પૂજાની ઓરડીમાં પેસે અને શાલિગ્રામની મૂર્તિ પાસે જઇને પ્રેમથી અને આનંદથી કહે કે " હે, આજ ઠીક લાગમાં આવ્યા છો વિઠોબા ! પરંતુ ત્હેનો બાપ વિઠ્ઠલની મૂર્તિને ન્હવડાવીને તેની પૂજા કરવા દેતો નહોતો એક દિવસ ત્હેના બાપને પરગામ જવું પડ્યું અને આ તરફ બાપ ઉપડેલા થઇ ગયા છોકરે બાપને જતી વખતે કહ્યું કે ત્હમે તો ગામ જાઓ છો ત્હમારી બદલી વિઠોબાની પૂજા હું કરીશ

બાપ બોલ્યો ઠીક પણ સવારમાં દાતણ કર્યા પહેલાં તું ખાવા માગે છે ત્હારા જેવો છોકરો તે દેવની પૂજા શું કરવાનો હતો ! પૂજા કરવાની હોંશ હોય તો દેવને જમાડીને

પછી પોતે જમવુ જોઇએ ” એમ કહી બાપ ગામ ગયો

આ હઠયેલા છોકરાને રાત્રે ઉંઘ પણ ન આવી અને રાતમાંજ ફરી ઉઠીને પોતાની માને પુછે કે પરોઢીયુ થયુ ? સવાર ક્યારે પડશે મા ? હુ વિઠોબાની પૂજા ક્યારે કરૂ ? વ્હાણુ વાતાંજ છોકરો નદીએ જઇ સ્નાન કરી આવ્યો એટલે તેની માએ દેવને નીચે ઉતારી આપ્યા છોકરે દેવની મૂર્તિ કાઢીને તરભાણાના પાણીમા ડુબાડી એકદમ બહાર કાઢી અને તુરત આસનમા બેસાડી પોતાની માને કહેવા લાગ્યો કે ' મા ! જલદી દુધ લાવ વિઠોબા ન્હાઇને બેઠા છે તેમને બહુ ભૂખ લાગી છે '

ત્હેની માએ આણી આપેલા દુધનો પ્યાલો દેવ સામે મુકી તે કહેવા લાગ્યો કે મહારાજ દુધ પીઓ દેવે દુધ પીધુ નહિ છોકરે આંખો મીંચી ધીમે ધીમે ગણગણવુ શરૂ કર્યુ અને ' રામ રામ વિઠ્ઠલ વિઠ્ઠલ ' એમ બોલવા લાગ્યો ત્હેના મનમા ખાત્રી હતી કે મ્હારી આ ભક્તિથી પ્રસન્ન થઇને દેવ જરૂર દુધ પીશે વચ્ચે વચ્ચે તે ધીમે રહીને આંખો ઉઘાડે અને દેવ દુધ પીએછે કે નહિ તે ચુપચુપ જુએ ઘણીવાર સુધી રામ રામ વિઠ્ઠલ વિઠ્ઠલ ના જપ કર્યા પણ દેવે કાંઇ દુધ પીધુ નહિ તેથી છોકરે કંટાળી જઇને તથા ભૂખ તરસ અને રાતના થાકથી વ્યથિત થઇને બિચારો નામદેવ રડવા લાગ્યો દીર્ઘ શ્વાસ લેવા લાગ્યો હોઠ સુકાઇ ગયા ' હાય અરે વિઠોબા ! આજ ત્હારૂ હૃદય આવુ પત્થર જેવુ કેમ થઇ ગયુ છે ! હુ છોકરૂ છુ માટે શુ તુ દુધ પીતો નથી ? મ્હારા જેવા ગરીબ ભોળા છોકરાથી પણ રીસાવ છો ? ”

બિચારો છોકરો રડીરડીને આખરે ચુપ રહ્યો આંખોમાથી અશ્રુ પ્રવાહ ચાલ્યા કર્યો અને છેવટ ત્હેને મુર્છા આવી આડોશી પાડોશી એકઠા થયા અને તેમણે ત્હેના મ્હોપર પાણી છાંટયુ જ્યારે ત્હેને શુદ્ધિ આવી ત્યારે સૌએ તેને સમજાવવાનો યત્ન કર્યો કે તુ દુધ પી દેવ દુધ પીતા નથી તે તો ફક્ત વાસનાનાજ ભૂખ્યા છે

ઇશ્વરને પણ છેતરવાની અક્કલ એ છોકરામા હજુ આવી નહોતી તે સત્યનુ—પ્રમાણિક પણાનુ પુતળુ હતો છેવટે હઠ લેઇને તે રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે ' જો વિઠોબા દુધ પીતો નથી તો મ્હારે પણ ખાવા પીવાની કે જીવવાની દરકાર નથી ' નાયમાત્મા બલહીનેન લભ્યઃ દુબળ મનને આત્મલાભ કદી થતો નથી ન્હાના સરખા નામદેવ ! તારામા કેટલું જોર કેટલું આત્મબળ છે ! એ ન્હાના છોકરાએ ઉપર પ્રમાણે નિશ્ચય કરીને તુરતજ એક લાંબી છરી હાથમા લીધી અને પોતાના ગળા ઉપર મુકી બોલ્યો વિઠોબા ! પી નહિતર હુ મરૂ છુ !

છરી ગળા નજીક જતાંજ એકાએક એ શુ થયુ ! વિઠોબા એકદમ મૂર્તિમાન પ્રગટ થયા અને દુધ પીવા લાગ્યા

કોઇ કહેશે કે ગપ છે પણ સંપૂર્ણ શ્રદ્ધા અને ઇચ્છાશક્તિથી કંઇ થાય નથી થતુ ? આધુનિક સમયમા પ્રાક્ષ્માવ્ પ્રજાએ માનસ શાસ્ત્રના પ્રયોગથી એવા ' ચમત્કારો સિદ્ધ કર્યા

છે તો નિષ્પાપ અને પૂર્ણભક્ત નામદેવ પોતાની ભાવનાને બળે પરમેશ્વરને મૂર્તિમંત કેમ ન કરી શકે ?

શુદ્ધ હૃદયની ભક્તિ (ઉપાસના) નું કેટલું સામર્થ્ય છે તે આપણે જોયું જ્યાં રાજ્ય સત્તા કે બીજી કોઇ પ્રબળ સત્તાનો આદેશ ચાલતો નથી ત્યાં ઉપાસના પોતાનું સામ્રાજ્ય સ્થાપી શકે છે લંગોટી પહેરેલો ભિક્ષુક જેવો જણાતો એક સાધુ પોતાની ઉપાસનાને બળે હજારો મનુષ્યને પોતાની પાછળ દોડાવા સમર્થ થાય છે ત્યારે આપણે વિચાર કરો કે આપણે ગમે તેવા પ્રયત્ને પણ આપણું કહેલું પુરા દશ જણાને પણ માન્ય કરાવી શકીએ છીએ ?

ઇશ્વર પ્રત્યેના પ્રેમનું ક્ષેત્ર વિશાળ કરવાને ઉપાસના (ભક્તિ) જ મુખ્ય સાધન છે એ પ્રેમ વધારતા જઇ છેવટ પોતાનો અહંભાવ ભાવ ભુલી જવો અને ઇશ્વર પરાયણ —ઇશ્વર સ્વરૂપજ થઇ જવું—આત્માનું પરમાત્મામાં આરોપણ કરી દેવું એજ ધ્યાનનું લક્ષ્ય છે

આપણું શ્રી અંબિકા વિજય એ ઉપાસના (ભક્તિ—પ્રેમ) તત્વનુંજ પોષક છે અને જેઓનો જીવન ઉદ્દેશ આ દૃશ્ય સૃષ્ટિમાંજ સમાયલો નથી તેઓને તો વ્યહવારિક ધર્મ વિજ્ઞાન અને શિક્ષણ વિગેરેને બોધતા સર્વોત્તમ છાપકામ અને છટાદાર ભાષામાં પ્રગટતા અન્ય માસિકને મુકાબલે આ માસિક ગમે તેવા રૂપરંગમાં હોય છતાં શ્રેયસ્કરજ જણાશે તેમાં વળી જેઓની જગદંબા પ્રત્યે કાંઇક પણ શ્રદ્ધા હશે તેઓતો દેવી ધર્મ સબંધે આ એકજ માસિક હોઇ તેના તરફ અપુર્વ સ્નેહભરી દૃષ્ટિથીજ નિહાળશે તેમજ તેને જોઇતો આશ્રય આપવામાં પણ કટિબદ્ધ રહેશે વળી આપણા શ્રી અંબિકા વિજયનું લવાજમ રૂા ૧—૮— છે તે આજ કાલના સુધારાના અને સસ્તા વાચનના જમાનામાં એટલા લવાજમમાં કોઇ કોઇ અઠવાડિક પેપરો મળતા હોઇ ઉપરક દૃષ્ટિએ જોનારને વધારે જણાશે પણ વિચાર કરવો જોઇએ કે તેટલા લવાજમમાં અમોએ ગઇસાલ ચાર ભેટો આપી છે શ્રી જગદંબાના ફોટા કાંઈ નહીંતો ઘરમાં લટકાવ્યા હશે તો પણ જેટલી જેટલી વખત દૃષ્ટિએ પડતા હશે તેટલી વખત જગજ્જનનીનું નામસ્મરણ કરાવતા હશે તેમજ પૂજનમાં રાખ્યા હશે તો ઇશ્વરીના ગુણાનુવાદનું ભાન કરાવી ઇશ્વરી પ્રત્યેના પ્રેમ (ભક્તિ) માં કાંઇક વૃદ્ધિ તો થઇજ હશે તેમજ હરપાળદેવ અને શક્તિદેવી નામના નૉવેલે એક નવલકથાના આનંદ ઉપરાંત શ્રી શક્તિની શ્રદ્ધાના મુળને વધારે દૃઢ બનાવ્યા હશે આ ફાયદો જોકે વ્યહવારિક દૃષ્ટિએ ક્ષુદ્ર—નજીવો જણાશે છતાં પારલૌકિક જીવનમાં તેની શું અસર છે તે તો પરિણામેજ જણાશે

આ ભેટો છુટક રૂા ૨— — ની કિંમતે આપવામાં આવેછે અને તેની ઉપયોગીતા જેઓ જાણેછે તેઓ તો તે કિંમતે છુટક પણ ખરીદે છે વ્યહવારની પ્રવૃત્તિ એટલી બધી વધી ગઇ છે કે હાના હાના પારમાર્થિક વ્યવસાયોમાં ફુરસદનો સર્વત્ર અભાવજ હોય છે તેમ ઉપયોગીતા છતાં આ ફોટા છુટક લેવા કદાચ ફુરસદ ન મળે છતાં શ્રી અંબિકા વિજયના ગ્રાહકોને તે ભેટ તરિકે હોઇ વગર માગ્યેજ ઇચ્છા હોય કિંવા ન હોય છતાં તેનો લાભ આપવામાં આવે છે એટલે કે લવાજમ ઉપરાંત ભેટનેજ કિંમત વધી જાયછે છતાં ખાર

માસ સુધી માસિક મળે તે વધારામા છે કદાચ, એમ ધારીએ કે માસિકનો કાંઇજ ઉપયોગ નથી છતા પ્રતિમાસે ફક્ત એકજ વખત પોસ્ટમાથી મળે ત્યારે, શ્રી અંબિકાના નામનુ સ્મરણ આપે છે એટલુ પણ તેનુ ઓછુ મહત્વ નથી રામ રામ ને બદલે મરા મરા નો જપ કરતા વાલ્મિકી જેવા અધમ જાતિના મનુષ્યો મહામુનિની પદવીને પ્રાપ્ત થયા તે એ નામ-સ્મરણના મહત્વની વાતથી કોઇ શ્રદ્ધાશીલ આપ અજ્ઞાત નથી કાંઇજ ઉપયોગ નથી એતો ફક્ત કલ્પના છે પણ તાત્પર્ય એ છે કે ફક્ત માસિકનુ નામાભિધાનજ આટલુ રહસ્યપૂર્ણ છે તદુપરાંત દેવી ની ઉપાસનાનુ તત્વ આ માસિકમાં ઓતપ્રોત ભરેલુ છે એમ અમને મળેલા અનેક અભિપ્રાયો ઉપરથી અમો કહી શકીએ છીએ તેમજ વળી વધારામા કંચન કણ વાણીવિલાસ સાહિત્ય, કાવ્યવિનોદ વિગેરે નૈતિક, સામાજીક અને બોધક વિષયોથી ગ્રાહકોની સેવા બજાવવામા આવેછે

ઉપરોક્ત સર્વ હકીકતનુ વિચાર પૂર્વક મનન કરતા આ માસિકના ગ્રાહકોમાના દરેક ગત વર્ષ આ માસિક ખરીદવામા લાભકારક ખરીદીજ કરી [illegible] કોઇ કહી શકશે હવે ભાવિના ઉપયોગ માટે ગત વર્ષના અનુભવોનુ નિરિક્ષણ જેમ દરેક હૃદયને કરવાનુ છે તેમજ આપણે પણ શ્રી અંબિકા વિજયના સબંધમાં કરીશુ

ગત વર્ષ દરમીયાન્ માસિકની પ્રગટ તિથિની નિયમિતતા સાચવવા અમે પુરતો શ્રમ લીધો છે છતા દીલગીરી સાથે કહેવુ પડે છે કે અભાગ્યથી તે બની શક્યુ નથી કાગળનો સ્ટોક અગાઉથી ખરીદી રાખેલો હોઇ તે અમો એકજ જાતના અને સારા વાપરી શક્યા છીએ છાપકામ ઉપર પુરતી દેખરેખ રાખેલી છતા ફક્ત ૭ મો અને ૧૨ મો એ બે અંકોમા એક વખત કોઇ પરોપકારી કાર્યમા રોકાતા અને બીજી વખત અચાનક વ્યાધિગ્રસ્ત થતા— ગ્રાહકોને કંટાળો આવ્યો છે પણ તે તે પ્રસંગે તે કારણો દર્શાવી યાચેલી ક્ષમા મળી ગયા હશે અમારી માન્યતા છે અને આ નવિન વર્ષના મંગળાચરણમા આ પ્રથમ અંક મોડો નીકળે છે તે પણ ગત વર્ષના ૧૨ મા અંકમા જણાવેલી વ્યાધિગ્રસ્ત દશાને આભારી હોઇ તે બદલ ફરી ક્ષમા યાચીયે છીએ અને ગતવર્ષના અનુભવનો ભાવિમા ઉપયોગ કરવા તરિકે અમો જાહેર કરીએ છીએ કે આ વર્ષમા કોઇ પણ ગ્રાહકને કંટાળાનુ કારણ ન મળે તેને માટે અમો પુરતી સાવચેતી રાખીશુ વળી વધારામા ગત વર્ષમા આપેલ ચાર ભેટો કરતા વધારે સરસ એવીજ બીજી ચાર ભેટો અથવા તેટલાજ ખર્ચમા બની શકે તેવી કોઇ અમુક ભેટોની આ વર્ષમા પણ યોજના કરીશુ અને તે યોજના આ અંકમાજ આગળ પ્રગટ કરેલી આપ જોશો

આપણા જીવનકાળના ભૌતિક સબંધે સતત્વના અનુભવો પૈકી આપણે શ્રી અંબિકા વિજય દ્વારા થયેલ અનુભવનુ અવલોકન કરી ગયા અત્યાર સુધીમા તે દ્વારા આપને મળેલ અનુભવનો આપ સર્વ ગ્રાહકો ભાવિમા ઉપયોગ કરશો તેમજ કર્મ અને ઉપાસના વડે મેળવેલી ચિત્તશુદ્ધિ દ્વારા— નિષ્કામ ભક્તિથી—ઉપાસનાની છેવટ ભૂમિકા પ્રેમ લક્ષણા ભક્તિથી પ્રેમસ્વરૂપ બની રહી— જ્ઞાન મેળવી મોક્ષના અધિકારી થશો અને આ કલ્યાણ

માર્ગનુ અવલંબન કરવામાં શ્રી જગજ્જનનીની જગદંબા નિરંતર આપને સ્હાય થાઓ તેમજ આ માર્ગમાં રક્ષારૂપ થઇ પડે તેવા લખાણોથી આપ સર્વ ગ્રાહકાની સેવા બજાવવાનુ સામર્થ્ય અમને આપો એવી શ્રી જગદંબા પ્રત્યે અંતિમ પ્રાર્થના છે

હવે છેવટ એકજ બાબત આપના લક્ષ ઉપર મુકવાની બાકી છે ગત વર્ષના પ્રથમ બે અંકોમા પ્રગટ કરેલી શ્રી જગદંબાની આજ્ઞા અનુસાર લોક બરા વિલંબથી પણ અનુકૂળતા મળી ત્યારે શ્રી આગામી દુર્ગાસ્વરૂપ મંદિર બંધરથા ૧૩ ઉપાડવામા આવ્યું છે અને તેનો ખરેખર બાર થાવવા કેટલાક ગ્રાહકો તેમજ અન્ય દેવી ધર્માનુયાયી ગ્રહસ્થો તરફથી મદદ મળી છે તો પણ સર્વ ગ્રાહકો યથાશક્તિ મદદ કરવાનુ અને પોતપોતાના સ્નેહિ સંબંધી અને મિત્રવર્ગ તરફની યોગ્ય મદદ અપાવવાનુ મન ઉપર લેશો તો આ બંધકામ ધારેલુ કાર્ય પૂર્ણ થઇ શ્રી જગદંબાના દુર્ગાસ્વરૂપ નાગટ્યના દર્શન કરવા આપણે સર્વે ભાગ્યશાળી થઇશુ તેમજ આપણા સર્વની એકત્રિત ભાવના બળે શ્રી જગજ્જનનીના તે સ્વરૂપદ્વારા આપણો ઐહિક અને પારલૌકિક ઉત્કર્ષ સાધી શકીશુ



—००००卐००००—

विक्रमार्क सवत १९६९ नुतन वर्षनी शुभेच्छा

हरि—वसत

૯ ૧ ૬ ૬
ષડ ઋષિ શતે હરે રસ ચંદ્ર વર્ષ પ્રવેશતા
ગત ભૂલિ ધરિ સ્વતંત્ર દગ અન્યોન્યને અભિનંદતા
સ્નેહાર્દ્ર હૃદયે હળીમળી આ દિવસ નવલા રંગથી
મહી સૌખ્યતા સર્વત્ર આશિષ અર્પવી ઉમંગથી

હેરો અનેક ઉદધિ ઉરમાં વહે છે
તેમા જુની નવિ નહિ સહુ કોઈ કે છે
એવીજ રીત આ કાળ અનંત ગણતા
જુનો નવો ન દિન એક સત્ય ભણતા

તોપણ વિસામા વાટના જન જાત માટે મન ધરી
બેઠા મળો વિશ્રાંતિ લ્યો શિર ભાર ઘડી અળગા કરી
પાછળ નિરિક્ષણ વર્ષનુ કરી હૃદય ઉત્સાહે ભરો
સ્થાપિત સિદ્ધ લક્ષ્ય અનુભવ મેરી ઉરમાં દ્રઢ કરો

વળિ, વાટના કુત્સિત હસેરો તોડવાને

જાઓ વિવિધ મન આલસ ફેંકવાને,
શુ સ્નેહના દીપકથી ઉર દો ઉજાળી,
ગાઢા સમાગમહિ આમ મળતા દિવાળી

આ નવલ વર્ષે હર્ષસહ ઉત્કર્ષે નવલા રંગમાં
સુખ સંપ સંપતિ સાંપડે આરોગ્ય વાધે અંગમાં
સ્મૃતિ સરલ યશ વિમળ સન્મતિ સૌખ્યદાતા પામજો,
શ્રી શક્તિ ભક્તામન્ના ઉર આહ્લાદ અતિશે જાગજો

साधव.

नवल वर्ष—स्नेह [illegible]

ગયો વિષમ કાળ ને વિકટ માર્ગ પુરો થયો,
ગયો અધમ દ્વેષ ને અખુટ પ્રેમ વહેતો થયો
થઇ રસિક પૃથ્વી ને રસિક તેમ વૃક્ષો થયા
હતા હૃદય શુષ્ક તે નવલ વર્ષ ભીનાં થયા

કદી અવરને તમે દુખદ શબ્દ કીધા હશે
કદી રમત માત્રમાં સરલ દીલ દુભ્યા હશે
હજી વખત હાથ છે સહજ જ્ઞાન તાણુ કરો,
થવા જીવન ઉચ્ચ આ નવલ વર્ષ ઐક્યે રહો

હરી અમલથી મળી પદવી ઉચ્ચ બીજા થયા
મળી વિમળ થઇ જવા વિકળ થઇ જવા તે નથી
થયું અધિક જ્ઞાન તો અવર જીવને તારજો
બધી વિષય વાસના નવલ વર્ષમા મારજો

ફરો જન સમાજમાં હૃદય ભેદ છોડી તમે
હરો અવરને થતી હૃદય વેદના આ સમે
કરો અબળને તમે સબળ સ્નેહ મૈત્રી કરી
તરો નવલ વર્ષમા સરલ પ્રેમ કીસ્તી કરી

केशव

साभार स्विकार

આપણા શ્રી અંબિકા વિજયના આગમના વખત લેખક, જેઓએ પોતાનો અનુપમ

કાવ્યામૃત, જેવા કે વાણીવિલાસ રસુધાત્યાગ વિવાદ શ્રી જગદંબાના સ્તવનો વિગેરેથી ભરપૂર અંબિકા વિજયના ગ્રાહકોના લાંબી મુદત સુધી મન રંજન કર્યું છે અને જેઓ હમણા સરસ્થાન શ્રી લાઠીના શણગારરૂપ બામાજીના કારભારી હોઇ વ્યવસાય પરાધિનતાને લીધે ગ્રાહકોની તેવી સેવા બજાવવા અશક્ત છે છતા આ માસિક પ્રત્યે નિરંતર માન અને કૃપાની દ્રષ્ટિ રાખ્યા કરેછે તેઓએ હમણા શ્રી આગામી દુર્ગાસ્વરૂપ મંદિર ફંડ માં રૂા ૭) મોકલી આપ્યા છે તે ઉપકારસહ સ્વિકારવામા આવે છે

ઉક્ત ગૃહસ્થ રા. પ્રતાપસિંહ (જુણા.) જાડેજાએ ઉપરની રકમ મોકલતા તે સાથે નિચેનુ કવિત લખી મોકલ્યુ છે જેમા તેમના પ્રેમ અને વિનયાદિ સદ્ગુણોનુ ચિત્ર આલેખાયલુ હોય ને ગ્રાહકોની જાણ માટે અત્ર આપવામા આવે છે

कवित

विदुरकी भाजी लीनी निवाजीके नदलाल,
दुर्योधन मिजवानी ताजी तज दीनी हे,
सिवरीके धोर अरु तादुल सुदामा जुके,
स्नेहसो स्विकारे श्याम वात ना नवीनी हे
तेसेंजु आगामी दुर्गा स्वरुप मदीर काज,
अल्प भेट भावजुत अर्पन जु कीनी हे,
ख्याल कर समे काल लायक माधवलाल,
कीजीये कबूल मेरी हेरी मिसकीनी हे

વાણીવિલાસ.

મહાત્માઓએ પરમાર્થ માટે રાજ્યસેવા કરવી ઉચિત છે

પશ્ચિમ તરફના એક બાદશાહના આબાદ શહેરમા એક મહાત્માની મોલવી રહેતો હતો તેની ઇશ્વર પ્રત્યેની અપાર શ્રદ્ધા તે સબંધેનુ અત્યુત્તમ જ્ઞાન અને નકી દયા વિગેરે અસાધારણ સદ્ગુણોથી આસપાસના પ્રદેશમા તે ઘણી ખ્યાતિ પામ્યો હતો તેની આવી અદ્ભુત ખ્યાતિ સાભળી તેનો એક અગાઉનો મુરીદ (શિષ્ય) તેની પાસેથી કાંઇ બોધ મેળવા અને તેની અમૃતમય પવિત્ર વાણી સભળવા માટે તેને મળવા આવ્યો પુછપરછ કરતો તે મોલવી સાહેબને ઘેર ગયો અને પોતાને મોલવી સાહેબને મળવુ છે એમ જણાવ્યુ ત્યારે માણસોએ તેને સત્કાર સાથે જવાબ આપ્યો કે તેઓ આ વખતે તો બાદશાહની હજુરમા ગયા છે તે બપોરે ઘેર આવશે

ત્યારે પેલા માણસે તે નોકરને સવાલ કર્યો કે "મૌલવી સાહેબ સરકારમાં શામાટે ગયા છે ?

નોકર— "તેઓનો હમેશા આ વખતે બે કલાક સુધી બાદશાહની હજુરમા રહે છે

આ શબ્દો સાભળી પેલા માણસને ભારે નિરાશા અને દિલગીરી થઇ— તેણે વિચાર્યું કે જે માણસ લોભાદિ દુર્ગુણોથી બધાયના બાદશાહો પાસે નિત્ય ધક્કા ખાય છે તે જગતનુ શુ કલ્યાણ કરશે? એટલુ જ નહિ પણ જે અજ્ઞાનીઓની આશા ઉઠાવે છે, તેને જ્ઞાનીજ શા માટે કહેવો જોઇએ

આવા આવા તર્ક વિતર્કથી તેને એમ સમજાયુ કે મૌલવી સાહેબ જ્ઞાની હશેજ નહિ અને હુ જ્ઞાનાભિલાષાથી આવ્યો તે ફોકટ ફેરોજ પડ્યો આવા વિચારથી તેણે મૌલવી સાહેબને મળ્યા વગરજ પોતાને ગામ પાછા ફરવા વિચાર કર્યો પણ મૌલવીના માણસોએ તેની ઘણી આગતા સ્વાગતા કરી તેથા તેમજ ધોા તો [illegible] એમ ધારી વિવેકની ખાતર તેણે મળ્યા વિના પાછા જવાનુ માંડી વાળ્યુ

મૌલવી સાહેબને મરકાગમ થી આવવાને હજુ વાર હોવાથી થોડીવાર ત્યાં બેસીને પછી તે બજારમા જરા ફરવા નિકળ્યો દરમીયાન બજારમા કોઇ દુકાનમાથી કાઇ ચોરી થયેલી હતી, તે ચોરની સિપાઇ લોક શોધ કરતા હતા તેમણે આ પરદેશી માણસને જોઇને તેનેજ પકડી લીધો। તેણે પોતાનુ નિર્દોષપણુ સાબિત કરવાને નમ્રતાપૂર્વક આગ્રહ કરી પણ તે પોલીસે માની નહિ અને એ પરદેશીજ ચોર છે એમ સમજીને તેની પોલીસ તપાસ કરવા (માર મારવા) ને તેને ચાવડીપર લઇ ગયા એટલામા સરકારમાંથી ઘર તરફ વળેલા મૌલવી સાહેબ ત્યા આવી ચડ્યા તેમણે માણસોની ભીડ થયેલી જોઇ પુછ્યુ કે આ શી ધાંધલ છે? ત્યારે એક માણસે તેમને હકીકતથી વાકેફ કર્યા તેથી ચોરને જોવા તથા બરાબર હકીકત મેળવવા તેઓ ચાવડી પર ગયા ત્યા પેલા માણસને માર મારવામાટે બાંધીને તૈયાર કરેલો તેમણે જોયો તેથા સિપાઇઓને ચોરીની હકીકત પુછી અને પછી પકડાયલા પેલા ચોરને નિરખીને જોયા ।। તે મા બોલ્યા કે —

આ માણસને એક આગળી પણ લગાડશો નહિ તેને જલ્દ છોડી દો એ ચોર છે એમ તમે શી રીતે જાણ્યુ ? એની પાસેથી ચોરીની શી સાબિતી તમને મળી છે? અને શા કારણથી તમે એને પકડ્યા છે ?

મૌલવી સાહેબના એક હાથની લાબી રૂપાના પત્રાજેવી શ્વેત દાઢી, તેમની પોણી સદીની વયને ખચીત શોભા આપતી હતી તેમના તમામ સફેદ કપડાં અને તેવીજ તાર અને તેજસ્વી મુખાકાતિ તેમની પવિત્રતા સાબિત કરવાને માટે બસ હતી તેમના તેજમા ખુદ બાદશાહ પણ અજાઇ જતા હતા ત્યારે આ બિચારા સિપાઇઓ શી ગણત્રીમાં ? મૌલવીના વચનો સાભળી નિપાઇઓ દીન વાણીથી બોલ્યા કે સાહેબ આ માણસના ચોર તરીકેની કશી સાબિતી અમને મળી નથી અમે તો માત્ર તેને પરદેશી જાણી શકથી પકડ્યો છે,

આપની આજ્ઞા હોયતો તેને છોડી દઇએ

મોલવી— આ માણસનુ મોઢુ જોવાથીજ ખાત્રી થાયછે કે તે ચોર નહિ પણ ઇ નો સપુર્ણ શ્રદ્ધાવાન ભક્ત છે તેણે જ મારામા કોઇવાર ચોરી કરીજ નહિ હોય તેમ કરશે પણ નહિ માટે તેને તરત છોડી દ્યો અને તમારા ખરા ચોરની બેગાસર તપાસ કરો

આ હુકમથી સિપાઇઓ પેલા નિર્દોષ મનુષ્યને તત્કાળ છોડવા લાગ્યા અને મોલવી સાહેબ પોતાના ઘર તરફ ગયા

આ બનાવથી પેલા માણસે નક્કી કર્યુ કે— મહાત્માઓએ સ્વાર્થમાટે નહિ પણ પરમાર્થ માટે શહેર સેવા કરવી જોઇએ

ઘેર જતાજ મોલવીના માણસોએ તેમને કહ્યુ કે કોઇ માણસ આપને બહાર ગામથી મળવા આવેલ છે અને તે હમણા જરા બજારમા ગયેલ છે એટલામાંજ પેલો માણસ આવ્યો તેને જોતા [illegible] પકડાયો હતો એમ મોલવી સાહેબે ઓળખ્યો પણ જ્યારે તેણે જણાવ્યુ કે હુ આપનો પૂરતો આભારી એક શિષ્ય છુ ત્યારે તેમણે બહુ આનંદ બતાવ્યો પછી તે જીજ્ઞાસુએ તે જ્ઞાની મોલવી પાસેથી ઘણો ઉપદેશ લીધો અને પોતાની શંકાઓ દૂર કરી અને તે દિવસથી તેની સપૂર્ણ ખાત્રી થઇ કે મહાત્માઓ જંગલમા રહેવાથી માત્ર પોતાનુજ કલ્યાણ કરી શકે છે, પણ શહેરમા રહેવાથી અનેક જનોનુ કલ્યાણ કરી શકે છે

ફેશનના પંજામા

હુ ફક્ત એક મીનીટને માટે તમને મળવા માગુછુ સીડીને તળીયે ઉભેલી એક લેડી (સ્ત્રી) બોલી પણ આ ગાઉન (ઘાઘરા જેવુ ઘેરદાર વસ્ત્ર) ની ફેશન એટલી તંગ છે કે હુ સીડી ચડી શકતી નથી તમો જરા નીચે આવશો?

જો હુ આવી શકાત તો હુ ઘણી ખુશીની સાથે આવતે ઉપરથી નિ શ્વાસ પૂર્વક બોલ્યો પણ આ નવી હેટ (ટોપી) એટલી બધી પહોળી છે કે દાદર સાંકડો

મહાત્માઓએ પરમાર્થ માટે શહે[illegible]

પશ્ચિમ તરફના એક બાદશાહના આમાદ શહેરમાં ભાગ

તેની ઉમર, પ્રત્યેની અપાર શ્રદ્ધા તે સમર્પેલુ અર્પણ એ બાપને તરણપયનો સારો ભાગ અસાધારણ સદ્ગુણોથી આસપાસના પ્રદેશમાં તે ઘણી ખ્યાતિ પામ્યો હ

ખ્યાતિ સાભળી તેનો એક અમાઉનો મુરીદ (શિષ્ય) તેની પાસેથી કા[illegible] ટોપી ને આપો બાગ

તેની અમૃતમય પવિત્ર વાણી સાભળવા માટે તેને મળવા આવ્યો પુછપરછ

સાહેબને ઘેર ગયો અને પોતાને મોલવી સાહેબને મળવુ છે એમ જણા[illegible]

તેને સત્કાર સાથે જવાબ આપ્યો કે તેઓ આ વખતે તો બાદશાહ

બપોરે ઘેર આવશે નદી ન્હાવા ગયા છે

ના ભાઈ ! સીમારેટથી મગજને નુકસાન થતુંજ નથી, કારણ કે જે લોકોને મગજ (બુદ્ધિ) હોય છે તેઓ કદી સીમારેટથી તેને ખરાબ કરતાજ નથી

એક પ્રાચીન પુસ્તકમાંથી ચુંટણી કરેલા વિચારો

દારુના શોખીનોને અર્પણ ! ! !

છાકટપણું એ મનુષ્ય જાતિના ઇતિહાસમાંના પુરાણા દુર્ગુણોમાંનો એક દુર્ગુણ છે પાયમાલ થયેલાં જીવનોમાં તેનો અયોગ્ય હેવાલ મળી આવે છે અને ઘણીક કોમોનો વિનાશ થવામાં તેનોજ મુખ્ય હાથ છે

ખોટા લાડ લડાવવા જતા નોહા પોતેજ કલંકિત થયો છે તેના ન્હાના પુત્ર હૅમ ઉપર જે વર્તનને લીધે નિરંતરનો શાપ ઉતર્યો તે વર્તન માટે તે થોડે અંશે પણ જવાબદાર હતોજ

લૉટની પુત્રીઓ જનક દારૂના પરિણામોથી ખરેખર વાકેફ હતીજ તેઓ જાણતી હતી કે તેનો નિસ્સો હોય ત્યારે કોઈ પણ રસ્તો એને નથી પાપમય અને હલકા દરજ્જાનો નથી લાગતો કે જે લેવો અશક્ય હોય શું?

ન્યાયબુદ્ધિનો નાશ કરવો અને નૈતિક સ્વભાવને ઉથલાવી દેવો એ દારૂના પરિણામોમાંના મુખ્ય છે

જો જનક દારૂ વડે પ્રથમથીજ મનને મૂઢ—અસાવધ બનાવવામાં આવે તો ગુન્હાહિત કાર્ય વધારે સરલ જણાય છે અને પાપની ભયંકરતા ઓછી થાય છે ઇશ્વરની મુળ પ્રજાની બુદ્ધિ દારૂએ છીનવી લીધા પછી તેઓ પોતાના પેદા કરનારને ભૂલી ગયા અને પોતાના હાથેજ સ્થાપન કરેલા કાલ્પનિક દેવોને નમવા લાગ્યા

મનુષ્યના પેટમાં દારૂ પડે છે કે તરતજ તેના હૃદયમાં વિકારો એકદમ બંધન મુક્ત થઈ જાય છે મનુષ્યનું મન ઠેકાણે હોય ત્યારે તે ગમે તેવો ભલો હોય છતાં દારૂની અસર તળે અતિશય નિંદ્ય—અધમ કૃત્યો કરશે તે નહિ દોરવાય તેની કાંઇ જામીનગીરી નથી તેની બુદ્ધિ ગયેલી જેમ પોતાનાંજ છાનાં રહસ્યો ખુલ્લાં કરશે ઘણીજ મૂર્ખાઇ ભરેલો લવારો—બકવાદ કરશે અથવા ખાલી ઉદ્ધતાઈથી પોતાનેજ હાસીપાત્ર બનાવશે તેની સ્ત્રી તથા છોકરા તરફ તેનો હાથ નિર્દયપણે ઉપડશે પોતાની મીલકત કાંઇને લખી આપશે અથવાતો પોતાના કુટુમ્બની ખોરાકી પોષાકીના આધારના પદાર્થો પોતાના મોજમજાહના સોબતીઓમાં વહેંચી આપશે ઘણા ગરીબ મૂર્ખાઓ ધીમેધીમે છાકટપણાની સ્થિતિએ પહોંચેલા છે અને આ અમર વહી જતી તેઓ પોતાને ન્યાયના નિઠુર પંજામાં સપડાયલા જુએ છે

આફતથી ઘેરાયલા કોણ હોય છે ? દીલગીરીનો વાસ કોના હૃદયમાં છે ? નાહક તકરારો કોણ ઉભા કરેછે ? બકબકાટ કોણ કરેછે ? કારણ વિના દુખી જીવન કોણ માણેછે કોની આંખો લાલચોળ હોય છે ? આવા પ્રશ્નોનો જવાબ મુશ્કેલીજ જડે છે તેજ સહુને માટે, પણ છે બુદ્ધિમાન મનુષ્યોના આ કહેણની આપણા ન્યાયાધિશો અને કાજીઓ ખાત્રી આપેછે તેઓ આપણને કહેછે કે નાહક તકરારો અને વિના કારણ ઉદ્‌ભવતી ભાંજગડીઓ કરનારાઓ કે જેનાથી તેમની કારકીર્દિ ઝાંખી થાયછે તેનુ મૂળ છાકટપણામાં છે જેઓ પોતાનો ઘણો વખત પીઠામા ગુજારે છે તેઓની જીંદગી બરબાદ જાયછે

મોજમજાહ પોતાના જેવા સોબતીઓ સાથેની ગમ્મત આનંદી સ્વભાવ નિર્ભય હાજરજવાબીનો સ્વાદ—આ સર્વ આનંદોની ખાતર મનુષ્યો પોતાની સમજ શક્તિઓ । કામની અવગણના કરે છે પણ જલદ દારૂએ આપેલી સર્વ આશાઓ ભ્રમણાઓ ઠરછે અને છેવટે તે ઝેરી સાપની પેઠે દંશ દેછે ઝેરી સર્પને પાળવો અને દારૂ પીવાની ટેવ પાડવી એ બન્ને બરાબર છે

આ દુર્ગુણને વશ થવું ——— સાથે મનની અને હૃદયની ઉચ્ચ સ્થિતિ જાળવી રાખવી એ સર્વથા અશક્યજ છે દારૂના ઉપયોગનો એક નઠારો ભાગ એ છે કે સવારમાં વ્હેલા ઉઠીને જેઓ દહાડાની શરૂઆત દારૂ પીવાનીજ કરે છે અને રાત્રે બેશુદ્ધ થઈ પડે ત્યા સુધી પીધાજ કરેછે તેઓને ધિક્કાર છે !

જેઓ દારૂ પીવામાંજ પોતાના સર્વ બળનો ઉપયોગ કરનારા છે અને પોતાના બળવાન શરીરને જેઓ દારૂથી બગાડે છે તેઓને ધિક્કાર છે ! દારૂ એ અધમતામાં નિર્દોષતાની કલ્પના કરાવે છે અને બનાવ ભલાપણું ભુલાવી દીએ છે

ઇઝરાયલના રાજ્યની પાયમાલી કરનારા એફ્રેઇમના દારૂડીયા હતા બાબીલોનનો નાશ દારૂના અત્યંત વપરાશને લીધે થયો પર્શિયા (ઈરાન) મોજમજાહથી દુષિત થયેલું હતું અને તેનું ગ્રીકોના હાથથી નાશ પામ્યું પણ ત્યારપછી તે ગ્રીકો પોતે દારૂના કેફથી નબળા પડ્યા લોર્ડ જેના રાજદરબારનું રોમ પણ દારૂના પરિણામે નાશ પામ્યું અને અત્યારે પણ મનુષ્યજાતનો કોઈ બીજા કારણ કરતા દારૂના વાપરવાથીજ વધારે નબળી થતી જાયછે રાજાઓ અને રાજકુમારો માટે તો દારૂ પીવાનોજ નથી જો રાજ્યકર્તાને પોતાનું રાજ્ય ટકાવી રાખવું હોય તેણે તો પરહેજગારજ રહેવું જોઈએ

જનસમાજના કોઈ પણ ભાગને દારૂના વપરાશની અપવાદ તરીક રજા આપવી ઘટે તો તે ફક્ત જીવનકલહમાં હારી ગયેલાઓને અને જેઓએ પોતાની કુલહતા સિદ્ધ કરી બતાવી છે એવા નાલાયકોનેજ યોગ્ય છે જે મનુષ્ય મરવાની અણી ઉપર હોય અથવા જેનું હૈયુ ન રૂઝે એવા દુખના જખમથી ચીરાઈ જતું હોય તેનેજ ફક્ત પોતાની ગરીબાઈ ભુલવા અને ઘનુ દુખ વિસરી જવા દારૂ લેવા દ્યો પણ મનુષ્યજાતને અરે જે સઘળું કરી શકાય તેમાં ફક્ત દારૂનો ઉપયોગ કરવાનોજ બાકી હોય એવો વખત જ્યાં સુધી નથી આવ્યો જ્યાં સુધી જીવન આશાનો અંકુરો અને અધમ લાલસા પ્રત્યે તિરસ્કાર દર્શાવવા જેટલી હિમ્મત હોય

ત્યા સુધી કોઇપણ મનુષ્યને પોતાના સોબતીના ખભા ઉપર વધારાનો બોજો મુકવા ન દેતા અથવા તો તેના મ્હો આગળ કેફી દારૂનો પ્યાલો ધરીને તેના શરીરની રક્ત વાહિનીઓમાં વિષનું મિશ્રણ કરવા ન દેતા જેઓ પોતાના માનવ બંધુઓને આ નાશકારક રસને જવામાં સહાયભૂત થાય છે તેઓના ઉપર ઈશ્વરી કોપ ઉતરે છે. જેઓ પોતાના પડોશીને દારૂ આપે છે, તેઓને તેમજ જેઓ પોતે પીએ છે તેમને ધિક્કાર છે।

—ooooo❀ooooo—

दुर रहेतां पखीने

— શિખરિણી —

સદા આવી સામે તરલ તુજ નેનાં નચવીને —
હર્યું હૈયું મારૂં પ્રણય રસ મીઠો છલકી તેં
પરન્તુ કદી ના વદન મૃદુ થાને બતવીને?
તજી ભીતિ સઘ મુજ કર વિશે તું રહી લહે
રસીલી વાણીના કદી શ્રવણ માટે તલસીને —
અરે શું ગાયું કે મુજ મન ભમે છે તુજ પુઠે
મધુર એ ગાણું ફુર્યો લલગારે ત્યમ હવે
પધારી સાન્નિધ્યે રમ્ય થતાં ત્રાંડ બપ મને
વિધુએ તુજમાં શી અનુપમ પ્રભા ને રૂપ ધર્યું !
મનોહારી કેવું લલિત સ્વરમાં માર્દવ ભર્યું !

— અનુષ્ટુપ —

જાણે છે તું હવે ભીતિ પંખીડા છે વાર્તા
હરે શાને તમી રોજ મ્હી દૂર રમે છતાં ?
તુજ માટે કર્યું જે મેં પાંજરૂં કાંચન તણું,
આવ રહે છડી આર ખાઈ લે ફળ પ્રેમનું
પ્રેમના વ્યાધિને જાણે પ્રેમી અંતર ઓળખું,
તુજમાં છે નહીં પ્રેમ તો પછી શીદ મેળવું ?

" मकरन्द "

साहित्य.

कुडलियो

परनिंदा परनारि अरु, परद्रव्यनकी आश
छोडी तीनो घातकु, भजो एक अविनाश
भजो एक अविनाश, तबें जगनाथ निवाजे
जन्म मरण जजाल, प्रभु सो पल पल भाजे
हरि गुरु विन हरिदास, सिंधु यह तरनो भारी,
तजो तीनको संग, द्रव्य निंदा परनारी

हरिदास

अपनी भावी भोगवी, सगर कृष्ण रावन,
गांधारी घेली भइ, सत सुतके कारन
सत सुतके कारन, भुखे मरि भइ दिवानी,
कहा न मान्या काहु, अघफल खाया छानी
एते सुत एके न, तोय कयों कहा आवी,
सगर कृष्ण, रावन, भोगवी अपनी भावी

हरजीवन.

आ वर्षनी चार भेटो

શ્રી ભગિની વિજય આઠ વર્ષનું થતા સુધી અમોએ પ્રથમ વર્ષ સિવાયના દરેક વર્ષ દરેક ગ્રાહકને આઠ આનાની કિંમતની ભેટ આપી છે મતલબ ભગિનીની વ્યવસ્થા શ્રી શક્તિ ધર્મોદ્ધારક સમાજને હસ્તક હોવાથી ફક્ત ગ્રાહકો વધારવાના ઉદ્દેશથી કાંઇ પણ નફાની આશા રાખ્યા સિવાય ખરેખર નુકસાન ભોગવવાનું સમાજને પણ સ્વિકારીને દરેક ગ્રાહકને દરેક આઠ આનાની એવી ચાર ભેટો આપી હતી. જેમાં અમારો પ્રયાસ તેમજ શ્રી ભગિની વિજય પ્રત્યે ગ્રાહક

ચલાતા રાખતા કેટલાક સુજ્ઞ ગ્રાહકોનો પૂરતો આશ્રય—એ રીતે બન્ને હોવા છતાં જે પરીણામ ની આશા હતી તે આશા સંપૂર્ણ રીતે ફલીભૂત થઇ નથી અને તેથી આ પ્રયાસ એક વર્ષ વધારે લંબાવવા માટે આ વર્ષે પણ ચાર ભેટનીજ યોજના કાયમ રાખવામાં આવે છે અને તેથી ગ્રાહકો વધારવામાં અમારા હિતેચ્છુ ગ્રાહકો તરફની મદદની પણ પૂર્ણ અપેક્ષા રાખવામાં આવે છે તો આશા છે કે શ્રી જગદંબાની સેવા નિમિત્તે સર્વે ગ્રાહકો અમારી આ માગણી સ્વીકારશેજ

ભેટોની વિગત —

૧ શ્રી ૐકાર સ્વરૂપિણી

ગત વર્ષની ભેટ હ્રીંકાર સ્વરૂપિણીમાં જેમ એ બીજમંત્રમાંથી શ્રી જગદંબાની મરટ (ઉપરનું અર્ધ શરીર) નો પ્રાદુર્ભાવ જણાવેલો છે તેમજ ૐકાર એ પરમાત્મ સ્વરૂપ હોય " પરમાત્મા છે તેજ શક્તિ છે અને શક્તિ છે તેજ પરમાત્મા " એ અનુસાર શ્રી જગદંબા પણ ૐકાર સ્વરૂપ હોય ઓંકારમાંજ શ્રી જગદંબાના દર્શન થાય એવી રીતનો આ ફોટો કરેલો છે વળી આ ઓંકાર અને શ્રી જગદંબા એકજ સ્વરૂપ જણાય તેવી રીતે સંકલિત હોવા છતાં શ્રી જગદંબાના પૂર્ણ સ્વરૂપે સિંહની સ્વારી સાથે દર્શન થાય છે એ જગદંબા પ્રત્યે પ્રેમથી ઉભરાતા હૃદય માટે કાંઇ ઓછું આનંદકારક નથી

૨ હિમાલય જ્ઞાનોપદેશ

તારક નામનો અસુર દેવતાઓની સ્વર્ગમાંની રિદ્ધિ સિદ્ધિ લુંટી લઇ તેમને અનેક પ્રકારે પીડવા લાગ્યો, ત્યારે સર્વે દેવો વિષ્ણુને શરણે ગયા અને ત્યાં વિષ્ણુએ તેમને શ્રી જગદંબાનો અનુગ્રહ મેળવવાનો પ્રયાસ કરવાનો ઉપદેશ દેતાં વિષ્ણુ સહિત સર્વ દેવતાઓ દેવી ઉપર તપ કરવા માટે હિમાલયમાં આવ્યા અને ત્યાં પ્રથમ દેવીનો મોટો યજ્ઞ કર્યો પછી જુદા જુદા દેવતાઓ જુદા જુદા વ્રતો ઉત્સવો પારાયણો અનેક પ્રકારના દેવીના મંત્ર, બીજમંત્ર અને સૂક્તોના જપો યામ, ધ્યાન સમાધિ, વિગેરે અનેક પ્રકારની ઉપાસના કરવા લાગ્યા તેથી કેટલેક સમયે મણિદ્વીપવાસિની શ્રી જગદંબા પ્રસન્ન થતાં અકસ્માત ચૈત્ર સુદી નવમી ને શુક્રવારે પ્રથમ તેજરૂપે પ્રગટ થઇ પછી પોતાના અત્યંત સુંદર રૂપે દર્શન આપી સર્વ દેવતાઓને વરદાનોથી કૃતાર્થ કર્યા હવે તારકાસુરને એવું વરદાન હતું કે સદાશિવના ઔરસ પુત્રને હાથે તેનું મૃત્યુ થાય પણ આ વખતે સદાશિવ તો દક્ષના યજ્ઞમાં સતીનું અપમાન થતાં સતીનો દેહ યોગાગ્નિથી દગ્ધ થતાં ક્રોધિત થઇ કેટલોક કાળ ભ્રમણ કર્યા પછી શાંતિ કોઇ એકાંત સ્થળે ધ્યાનમાં મગ્ન થઇ રહેલા હતા તેથી સદાશિવને એકજ ન હોતાં સ્ત્રી સિવાય ઔરસ પુત્રની પ્રાપ્તિ તો ક્યાંથી સંભવે ? તેથી દેવતાઓ પર અનુગ્રહ કરવા અને પોતે આપેલ વરદાનનું પાલન થવા જગદંબાએ સાક્ષાત્ હિમાલયને સંબોધી રાજયોગ હઠયોગ કર્મ ઉપાસના નવધા ભક્તિ જ્ઞાન વિગેરેનો ઉપદેશ આપી તેને પોતાનો અવતાર થવાને લાયક અધિકારી—પાત્ર બનાવ્યો 'દેવીદર્શનનો આ ફોટામાં તાદૃશ ચિતાર

છે અને સિંહારૂઢ થયેલા શ્રી જગદંબા પોતાની સ્તુતી કરતા સર્વ દેવતાઓ સમક્ષ હિમાલયને જ્ઞાનોપદેશ કરે છે તે આ ફોટાનો વિષય છે

૩ મધુ કૈટભ વધ

આ સપ્તશતી—ચંડીપાઠમા ત્રિકાળદર્શી અને ચીરંજીવ માર્કંડેય ઋષીએ રચેલા આ કથાનકથી શ્રી જગદંબાની ભક્તિમા શ્રદ્ધા રાખતા કોઇ મનુષ્ય ભાગ્યેજ અજ્ઞાત હશે છતા સારાંશ તરીકે કહેવાનુ કે પ્રલય મહાપ્રલય પછી શ્રી વિષ્ણુ શેષ ઉપર સુતા હતા તેમની નાભિમાથી લોકરૂપ કમળ ઉદ્ભવ્યુ હતુ અને તે કમળ ઉપર ચતુર્મુખ બ્રહ્મા બેઠેલા હતા તેવામા વિષ્ણુના કાનના મળમાથી ઉત્પન્ન થયેલ મધુ અને કૈટભ એ નામના બે દૈત્યોએ બ્રહ્મા પાસે આવી તમને કમળનુ આસન છોડી દેવા અથવાતો પોતાની સાથે યુદ્ધ કરવાનુ કહ્યુ તેથી બ્રહ્મા ભયભીત થઇ વિષ્ણુને ઉઠાડવા લાગ્યા પણ યોગનિદ્રાને વશ થયેલા વિષ્ણુ જાગ્યા નહિ ત્યારે બ્રહ્માજીએ શ્રી જગદંબાની સર્વોપરી સત્તાનો સ્વિકાર કરી યોગનિદ્રાની ઘણી સ્તુતિ કરી ત્યારે યોગનિદ્રા વિષ્ણુના શરીરનો અધિકાર છોડી દઇ પોતાના સ્વરૂપે આકાશમા ઉભા રહ્યા અને મધુ કૈટભને પોતાની માયાના મોહ પમાડી વિષ્ણુના હાથથી તેમનો વધ કરાવ્યો આ વખતના સંપૂર્ણ દેખાવની તાદ્રશ્યતા આ ફોટામા છે

૪ સુરથ વૈશ્ય વરપ્રદાન

આ સુરથ રાજા અને સમાધિ નામનો વૈશ્ય એ બન્ને પણ સપ્તશતી—ચંડીપાઠના મુખ્ય પાત્રો છે તેમને ઉદ્દેશીનેજ જગદંબાના ત્રણે વિસ્તારવાળા ચરિતોની ટુંકામા શ્લોક—મંત્રબદ્ધ રચના સુમેધા મુનિના મ્હોએથી માર્કંડેય ઋષી કહેવડાવે છે રાજ્યભ્રષ્ટ થયેલો સુરથ રાજા અને કુટુંબથી તજાયલો જ્ઞાનાભિલાષી વાણીઓ સમાધિ વૈશ્ય એ બન્ને સુમેધા મુનિના અનુગ્રહથી જગદંબાનુ માહાત્મ જાણી તેમની સર્વેષ્ટ સિદ્ધિ આપનારી ભક્તિનુ જ્ઞાન મેળવે છે અને તે પ્રમાણે જપ તપના અનુષ્ઠાનદ્વારા અને પોતાના સ્વશરીરનુ હોમાગ્નિમા બલિદાન આપતા જગદંબાની પ્રસન્નતા અને પ્રત્યક્ષ દર્શન મેળવવા ભાગ્યશાળી થાયછે છેવટમા વરદાન તરિકે સુરથરાજા પોતાનુ ગયેલુ રાજ્ય અને વૈશ્ય પોતાની ઇચ્છાનુસાર જ્ઞાન મેળવે છે અને વધારામા શ્રી જગદંબાના અનુગ્રહથી સુરથરાજા આ વૈવસ્વત મન્વતર પછી સાવર્ણિ નામના આઠમા મનુ થવાના છે અને પોતાના ભક્ત આ સાવર્ણિ મન્વંતરના સાત્રા ઋ માટેજ યોગ્ય ભાજો (જુદા જુદા આત્માઓના અનેક જીવનના અનુભવે ખપાયેલ છેવટની વાસના રૂપે બીજો કે જે અનુસાર નવા કલ્પની શરૂઆત થાય છે તે) તૈયાર કરવા માટે અધિકારી આત્માઓને પોતાની ભક્તિમા કેળવવામાટે શ્રી જગદંબા થોડા સમયમાં પોતાના અંશથી શ્રી દુર્ગા સ્વરૂપે પ્રગટ થવાના છે અને તેમના પ્રાગટ્ય વખતે મંદિર વિગેરે જરૂરના થતા શ્રી આશ્રમમાં દુર્ગાસ્વરૂપ મંદિર ફંડ અમોએ ઉઘાડેલુ છે

ઉપરોક્ત વસ્તુદ્વારા શ્રદ્ધાળુ ભક્તોના હૃદયમા શ્રી જગદંબાની ભક્તિની વધારે ઉંડી છાપ પડે તે માટે આ ફોટામા તે વસ્તુનો ચિતાર આપેલો છે જપ તપમા મગ્ન રહેતા રાજા

અને કેશ હોમકુંડ આગળ બેઠેલા છે રાજા પોતાના મામવ અંગો કાપી બલિદાન આપેછે અને પ્રસન્ન થયેલા જગદંબા પ્રત્યક્ષ મૂર્તિમત થઇ, દર્શન આપે છે, વિગેરે, આ ફોટામાનો દેખાવ શ્રી ભક્તિની શ્રદ્ધાના ગુણને દૃઢ કરે છે

ઉપરોક્ત ચારે ફોટા આ વખતે ખાસ હુશીયાર આર્ટીસ્ટને રોકી તૈયાર કરાવવામા આવ્યા છે અને તે આજસુધીમા અમારાં તરફથી પ્રગટ થયેલા તમામ ફોટા કરતા ઘણાજ સુંદર અને ચિત્તાકર્ષક છે ગ્રાહક શિવાયના કોઇપણ ગૃહસ્થને જોઇતા હશે તો - દરેકના રૂા —૮—૦ લેઇ આપવામા આવશે પણ જેઓ ગ્રાહક છે અને નવા ગ્રાહક થશે તેમને વિનામુ પેજ ફક્ત માસિકનુ લવાજમ વસુલ કરવા રૂા ૧—૯—૦ ના વી પી થી મોકલવામા આવશે

चितोडनो घेरो

(ઐતિહાસિક નવલકથા)

મેવાડની મુખ્ય રાજ્યધાની ચિતોડના નામથી અને ત્યાના રાજવંશ સીસોદીઆના પરાક્રમોથી કોઇ પણ હિંદવાસી ભાગ્યેજ અજાણ્યો હશે હિંદમા મુસલમાન બાદશાહી સ્થપાયા પછી આ રાજ્યવંશે અનેક રણજંગોમા મુસલમાનોને હરાવ્યા છે અને અકબરના સમયમા દરેક રાજપુત રાજાએ પોતાની દીકરી મુસલમાનોને આપી સમયને માન આપ્યુ હતુ ત્યારે આ એકલાજ રાજ્યવંશે અનેક વિપત્તિઓ વેઠવા સાથે રાજ્ય સુખનો ભોગ આપી પોતાની નિષ્કલંક કીર્તિ સાચવી રાખી છે મુસલમાની વખતમા આ રાજ્યવંશના દરેક રાજાને પોતાનુ રાજ્ય અને આબરૂ સાચવવા અનેક વખત મુસલમાનો સાથે લડવુ પડયુ છે છતાં જ્યાસુધી ચિતોડ તેમની રાજ્યધાની તરિકે જાહોજલાલી ભોગવતું રહ્યું તેટના વખતમા ફક્ત ત્રણ વખત તેના પર ઘેરો ઘાલી મુસલમાનો તેને જીતી લેવામા ફાવ્યા છે

પહેલો ઘેરો રાણા લખમસીના વખતમા તેના કાકા ભીમસીંહની સ્ત્રી પદ્મનીથી લોભાઇ અલાઉદીને ઘાલ્યો હતો અને તેનો છેવટમા ભીમસીંહ પોતાના બાર પુત્રોમાંના એકને રાજ્યવંશ સાચવવા બ્હાર મોકલી બાકીના ૧૧ પુત્રો અને અનેક રાજપુતો સાથે કેસરીયા કરીને રણમા પડ્યા અને રાજપુતાણીઓ કિલ્લામા જોહરમા બળી મર્યા ખાની ચિતોડ મુસલમાનોના હાથમા આવ્યુ હતુ પણ ત્યારપછી કેટલેક સમયે ત્યાના સુબા માલદેવ પાસેથી આ રાજ્યવંશના હમીરે પુન પાછી લીધુ હતુ

બીજો ઘેરો બ્હાદુર સંગ રાણાના પુત્ર વિક્રમજીના વખતમા ગુજરાતના બ્હાદુરશાહે ઘાલ્યો હતો અને તેમા પણ દેલવાડાના સરદાર વાઘજીએ કેસરીયા કરી ચિતોડની કીર્તિ સાચવી હતી અને રાણી કરણાવતીએ હુમાયુને ભાઇ કરી તેના પર રાખડી મોકલી તેની મદદ માગી હતી પોતાના પિતા બાબરને હરાવનાર સંગની ગણી કરણાવતીની રાખડી સ્વિકારીને

પોતાના પિતાનું વેર મુઘીભુપ ભીદાર સિસનો હુમાયુ મદદ આપો પણ તે પહેલા ચિતોડ મેવાડ ગયુ હતુ અને કરણવતી અનેક રાજપુત સ્ત્રીઓ સાથે જોહરમા બળી મુઇ હતી હુમાયુએ આવી બ્હાદુરશાહને નસાડયો અને વિક્રમજીતને પુન ચિતોડની ગાદીએ સ્થાપન કર્યો હતો

બીજો ઘેરો રાણો ઉદયસિંહ કે જે બાયલો અને રાજાના યોગ્ય ગુણોથી વંચિત હોવાનુ ઇતિહાસમા નોંધાયલુ છે તેના વખતમાં હતો અને ઘેરો ઘાલનાર અકબર બાદશાહ હતો મુસલમાન ઇતિહાસ કર્તાઓ અકબરે એકજ વખત ચિતોડ ઉપર હુમલો કર્યો અને જીતી લીધુ એમ કહે છે પણ રાજપુત વંશાવળી અકબરના બે હુમલાનુ વર્ણન કરેછે પહેલા હુમલામા અકબર હારી ગયો હતો અને એ હરાવનાર રાણા ઉદેસીંગની રાખ હતી તેણીએ મરદાનગીથી રાજપુતોની સરદારી લેઇ કીલ્લા બ્હાર નીકળી મુસલમાનોની છાવણી ઉપર ધસારો કર્યો એટલુજ નહી પણ બાદશાહના પોતાના તંબુ સુધી ધસારો લેઇ ગઇ આથી મુસલમાનો ગભરાઇ નાસી ગયા રાણાની આ જીત એની રાખની બ્હાદુરીથી થઇ એમ જાહેર કર્યાના એના સરદારો ઘણા ગુસ્સે થયા અને તેથી તે રાખને મારી નાખી આ મારામારી કજીયા થયા તેનો લાભ લેવા અકબરે એક જબર લશ્કર લઇને ચિતોડને ફરી ઘેરો ઘાલ્યો આ સૈન્ય એટલુ બધુ હતુ કે તેની છાવણીએ દશ દશ માઇલ જગ્યા રોકી હતી જેવો અકબરે ચિતોડને ઘેરો ઘાલ્યો કે તુરતજ રાણો ઉદેસીંગ નાસી ગયો પણ તેથી ચિતોડના રજપુત હિંમત હારી ગયા નહિ ચંદ્રસીંગનો વંશજ સહીદાસ પોતાના અનંત ભાયાતોને લેઇને ચિતોડના રક્ષણાર્થ ઉભો હતો સુરજ દરવાજા ઉપર મુસલમાનોએ હુમલો કર્યો ત્યારે તેનુ રક્ષણ કરતા કરતા તે ત્યાંજ મરાયો ચંદ્રભાણના સગા સાંગાનો વંશજ મદારીયાનો દુદો રાવત અને તેના ભાયાતો દિલ્હીના પૃથુરાજના વંશજ બેદલા અને કોઠારીયાના ઠાકોરો બીજોલીનો પરમાર સાદરીના ઝાલા એમણે પણ પરાક્રમો કરી પોતાના માણસોને ઉત્સર્ગ કર્યા દેવનાનો વાઘ તો પ્રથમ બ્હાદુરશાહના ઘેરામા મરાયો હતો પણ ત્યાર પછી તેની ગાદીએ બેસનાર સીસોદીયા પણ ચિતોડના રક્ષણાર્થ બ્હાદુરીથી લડયો એતો રાણાના પોતાના પગારનો પણ એ સિવાય ચિતોડનુ રક્ષણ કરવા બીજા રાજાઓ પણ આવ્યા હતા તેઓમા ઝાલોરનો સોનીગઢરાવ કસુરીદાસ રાઠોડ કર્મસીંગ ઇશ્વરદાસ દુદો સાદાણી અને ગ્વાલીયરનો તુંવાર રાજા એ મુખ્ય હતા

પણ મેવાડના ઇતીહાસના આ વખતના કાળા પાનામા જે જે નામો ચકાસી નીકળે છે અને જે નામો હજુસધી ખરા રાજપુતો અને ભાટ ચારણો પવિત્ર ગણે છે તેમજ અકબરે પોતે પોતાની કલમ વડે જે નામોને અમર કર્યા છે તે નામો જેમલ અને પતા પમીઆના છે કેટલાક ઇતીહાસકર્તા જેમલને રાણાનો પટાવત ગણે છે પણ કેટલેક સ્થળેથી એવી પણ હકીકત મળે છે કે તે મારવાડના મેડતાનો બ્હાદુર રાઠોડ ઠાકોર હતો અને અકબરના માનપાત્ર પોતાના કાકાના દગાફટકાથી તેને પોતાના કુટુંબ સાથે મેડતા છોડી પોતાના મિત્ર કેલવાના તાબેદાર (કેટલેક સ્થળે ફતેસિંગ લખેલ છે પણ તેજ આ કેલવાનો પ્રતાપસિંહ હશે) પાસે રહેવુ પડયુ હતુ અને મિત્રધર્મ તેમજ રાજપુતીધર્મને અનુસરી ઘેરામા

તેને ચિતોડના રક્ષણાર્થ રોકાવુ પડ્યુ હતુ

જ્યારે સુરજ ન્રનાજા પાસે સતુમ્બા મરાયો ત્યારે ત્યાના લશ્કરની સરદારી કેળવાનો પ્રતાપસીંગને મળી પ્રાચીન કાળની સ્પાર્ટન માતાની પેઠે તેની માએ પોતાના એકના એક પુત્રને કેસરીઆ કરવાને અને ચિતોડના બચાવમા જીવ આપવાને માટે હુકમ કર્યો અને સ્પાર્ટન માતા કરતા વિશેષમા—પોતાના પુત્રને તેની પ્રાણપ્રિયા પત્નિની યાદ આ વાથી રખેને કેસરથી પ્રકાશિત કીર્તિને ઝાંખ લગાડે એવી શંકાથી તેણીએ પ્રતાપની યુવાન વહુને બાણો આપી હથીઆરબધ તૈયાર કરી અને બને જણીઓ દુશ્મનો ઉપર તુટી પડી ચિતોડના રક્ષણએ પોતાની બાજુ ઊભા રહી તે સાસુ વહુને લડાઇમા મરાતા જોઇ અને આ પ્રમાણે પોતાની બેનોને અને સ્ત્રીઓને પરાક્રમ કરીને મરતા જોઇ તેઓ પણ મરણીયા થયા અને ઘણા દહાડા સુધી ચિતોડનો બચાવ કર્યો પણ તાબે થવાનુ નામ લીધુ નહિ એ ધમારામા પ્રતાપસીંગ પણ પોતાની માતા અને સ્ત્રીની સાથે બહાદુરીથી લડતા મરાયો પ્રતાપસીંગનુ આ છેલ્લી વખતનુ પરાક્રમ અવર્ણનિય [illegible] આ પ્રમાણે જુસ્સાબંધ લડતા પ્રતાપસિંગ મરાયાથી ચિતોડગઢમાના લશ્કરની સરદારી શુરવીર જયમલે લીધી અને ચિતોડનો બચાવ કરવાનુ કામ તેણે માથે લીધુ ત્યારથી આપણી આ વાર્તાની શરૂઆત થાય છે

ચિતોડના સરદાર જયમલ કીલ્લા ઉપરથી શત્રુ સૈન્ય કે જેમાનો કેટલોક ભાગ ઝાડની ડાળીઓથી બનાવેલ અને ચામડાથી મઢી લીધેલી ટટ્ટીઓની ઓથે ઓથે આગળ વધતો આવતો હતો તેની હીલચાલ તપાસતો ઉભો હતો કીલ્લામા ખોરાક પાણી પુષ્કળ હતા કીલ્લાનુ રક્ષણ કરનાર સૈન્યમા આઠ હજાર રાજપુતો હતા અને કીલ્લાનો એકપણ પથ્થર સાબુત હોય ત્યાસુધી શત્રુને શરણ ન થવાનો દ્રઢ નિશ્ચય દરેક જણ ધરાવતા હતા ઘેરો ઘાલ્યાને બે માસ થઇ ગયા હતા અને તે સૈન્યની સરદારી અકબરે જાતે લીધી હતી છતા હજુ કાઇ પણ સતોષકારક પરીણામ આવ્યુ નહોતુ ઘેરાયલા રાજપુતો ક્ષત્રીપુત્રોને છાજે તેવા નિશ્ચિત ધૈર્ય અને વીરતાથી લડતા હતા ઘેરો ઘણોજ મજબુત હતો અને અત્યાર આગમચ કેટલાક રાજપુત સરદારોએ કેસરીયા કરી શત્રુ સૈન્યમા ઝોકાવ્યુ હતુ તેમજ કેટલાક સરદારો શત્રુના ધસારા સામે કીલ્લાનો બચાવ કરતા રણમા પડ્યા હતા છતા રાજપુતોએ જરા પણ મચક આપી નહોતી

પોતાના સૈન્ય સાથે અકબરે જે જે શહેરો પર ચડાઇ કરેલી તે તે શહેરો તેના કીલ્લા ગમે તેવા મજબુત છતા ત્વરાથી તાબે કરી લીધાનો તેને આજસુધીનો અનુભવ હોવાથી આ સ્થળે આટલુ બધુ રોકાઇ રહેવુ પડતા તે ઘણો ગુસ્સે થઇ ગયો હતો છતા કીલ્લાનો બચાવ કરતુ સૈન્ય કેવુ જોરાવર છે તે તે જાણતો હતો તેમજ તે સૈન્ય જેઓનુ બનેલુ હતુ તે રાજપુતો કેવા શુરવીર હોય છે તે પણ તેની જાણ બહાર નહોતુ અને તેથી આ ચિતોડનો કીલ્લો સહેલાઇથી તાબે નહીંજ થાય એમ તેણે ધારી મુક્યુ હતુ—

જયમલ આ પ્રમાણે શત્રુસૈન્યની હીલચાલ તપાસતો કીલ્લાપર ઉભો હતો તેવામા તેની નજ

અહા ! સહેલ ! ત્હારા પ્રેમનો હકદાર થવાને હું લાયક છું એ શું મ્હારે સાબિત કરી આપવું જોઈએ ? આતો કાંઈક બળાત્કાર ગણાય

પોતે જે કીર્તિના હકદાર હોય તે કીર્તિ પોતાના પરાક્રમોથી સ્થાપિત કરવાને માટે શુરવીર પુરૂષ હમેશા અભિમાન ધરાવે છે અને તેના માટે આ બળાત્કાર નથી

પણ હું ત્હને વચન આપુછું કે તું જે પળે મ્હારી પોતાની થશે તેજ પળે હું ત્હારો પતિ રાજપુત નામને કલંકિત કરે એવો નાલાયક નથી એની તું જે સાબીતી માગે છે તે આપીશ

નહિ રૂપસિંહજી ! ઘેરો હજુ ચાલુ છે જ્યા સુધી જુલમી બાદશાહ કતલ થઈ જશે નહિ કે આપણા કીલ્લાની સમીપતા છોડી નાસી જશે નહિ ત્યા સુધી હું તમારી ઇચ્છામા સહાનુભુતી ધરાવતી નથી.

અકબરની સેનામા એક રાજપુત હતો કે જે તિરસ્કાર વૃત્તિથી ચિતોડ છોડી મોગલ સેનામા ભેળાયો હતો પોતાના દેશ બંધુઓનો ત્યાગ કરવાનું તેને નીચે મુજબ કારણ મળ્યુ હતુ — શુરવીર સરદાર જયમલની નાની પુત્રી તરફે પ્રેમથી ઉત્તેજીત થઈને તેણે તેણીના હાથનુ માગુ કર્યુ પણ આ સંબંધમા તે માણસ દરજ્જામા પોતાનો બરાબરીયો નથી એમ જાણી તેણીના માબાપે તેની માગણીનો સ્વિકાર કર્યો નહિ બાળાએ પણ પોતાના માબાપના વિચારને માન આપી તેને પોતા તરફની ના કહી દીધી અને તેથી તે ઘણોજ દીલગીર થયો

આ ઝનુની સૈનિકોના આવેશો ઘણા પ્રબળ હોયછે અને આ માણસની નિરાશ થયેલી લાગણીઓએ તેને પોતાના દેશ બાંધવોને દગો દે . પ્રેર્યો તે શત્રુ સૈન્યમા ગયો અને ઘેરો આગળ વધારવાની ઘણી અનુકુળતા મળી શકે એવી કેટલીક બાતમી આપી પોતાને મળેલ બાતમીનો કેવીરીતે લાભ લેવો તે અકબર સારીરીતે જાણતો હતો પણ વિગ્રહનીતિની મર્યાદા ઉપરાંત તેનો તે વિશ્વાસ રાખતો નહોતો બાદશાહની યુક્તિઓના ભેદવિશે તેને કાંઈ જાણવા કે જોવા દેવામા આવતુ નહોતુ છતા બ્હારથી તેના તરફે વિશ્વાસ અને માયા ભરેલુ વર્તન ચલાવવામા આવતું હતુ તોપણ તેણે પોતાની શકદાર તરિકેની સ્થિતિ જોઈ લીધી અને તેથી તેનુ અભિમાન જાગૃત થયુ જે માણસ પરત્વે દગાખોર હોવાના શક રાખવામા આવે તેણે ખરેખર દગાખોર થવુ એમાજ ન્યાય છે એવી તેના આવેશે સુચવેલી અસત્ય તર્કણાને અનુસરવા તે તયાર થયો પોતાની ઇચ્છાઓ તૃપ્ત કરવા દરેક ચીજનો ભોગ આપે એવો એ ભયંકર ગરમ મીજાજનો ઝનુની માણસ હતો દગા ભરેલી કોઈ બીજી યુક્તિથી જયમલની સંમતી મેળવી તેની પુત્રી સાથે પરણવુ અને આ પ્રમાણે પોતાના પ્રેમ અને વેરના આવેશને તૃપ્ત કરવો એવો વિચાર કરીને તેણે શુરવીર સરદાર જયમલને મળવાનો અને પોતાની માગણી સ્વિકારવાની કીંમત તરિકે મોગલ બાદશાહને કતલ કરવાની દરખાસ્ત કરવાનો નિશ્ચય કર્યો

પ્રથમ મુસ્કેલી કીલ્લામા શીરીતે પેસવુ એજ હતી એક બાજુએ જ્યા કોટની દીવાલ ઘણીજ ઉંચી હોઇ તે બાજુથી કોઇ દુસ્મન આવી જવાનો સભવ ઓછો હતો ત્યા પહેરેગીરોની સંખ્યા ઓછી હતી તેમજ તે પહેરેગીરો પણ બહુજ સાવધ રહેતા નહોતા એ વાતથી તે વાકેફ હોઇને તણે તેજ સ્થળેથી દીવાલ ઉપર ચડવાનો યત્ન કરવા નિશ્ચય કર્યો એક અંધારી રાત્રે તે પોતાની સાથે આશરે નવ નવ ઇંચ લાબા કેટલાક ખીલાઓ લેઇ કીલ્લા તરફ ચાલ્યો દિવસને વખતે કુદરતી હાજતને બ્હાને કોઇને શક ન આવે તેમ તે મુસલમાનોની છાવણીમાથી નીકળી ગયો હતો કીલ્લાના પાછલા ભાગમા જ્યા દીવાલ લગભગ ૮૦ ફુટ ઉંચી હતી ત્યા પહોચતા જ તણે ચતુરતર કામગા ખીલા બેસા ડવાનુ શરૂ કર્યું આ પથ્થરો સારી રીતે ઘડીને ચુના વગરજ એક બીજા ઉપર મુકવામા આવેલા હોઇ અથવા તો લાબા વખતને લઇ વચમાનો ચુનો ખરી ગયેલો હોઇ થોડી મહેનતે ખીલા અંદર પેસાડવાને પુરતી જગ્યા હતી પહેલો ખીલો જમીનથી એક વાર ઉંચો બેસાડીને તેના ઉપર તે ઉભો અને બીજો ખીલો તેનાથી એક ફુટ ઉંચે બેસાડીને તેના ઉપર તે ચડ્યો આવી રીતે આ સાહસમા જો કે ઘણુ મોટુ જોખમ સમાયલુ હતુ છતા શાંતિ અને ધીરજથી આ રીતી[illegible]કામ ચાલુ રાખીને છેવટ તે દીવાલને મથાળે પહોચ્યો

પોતાની ઇચ્છા બર લાવવા માણસમા જેવી આતુરતા હોય છે તેવી આતુરતાથી તે જ્યારે આ પ્રમાણે ઉપર ચડતો હતો ત્યારે તેને સારે નસીબે ઉપરનો પહેરેગીર તે દેશગા ગવાતુ કાંઇ ગીત લલકારતો હતો તેથી આ ભયકર ચઢાઇ દરમીઆન થતો કાંઇ અવાજ તે સાભળી શક્યો નહોતો

આ રાજપુતે દીવાલ ઉપર ચડવા માડ્યા પહેલા પોતાના કપડા ઉતારી નાખ્યા હતા તેથી રાત્રીના અંધકારમા તેની ચામડીનો ઘેરો રગ મળી જઇને કીલ્લા ઉપરથી કોઇ જોતુ હોય તેને દેખાય તેમ નહોતુ તેથી ઊલટી રીતે કોટ ઉપરના પહેરેગીરનુ સફેદ બદીવાન અંધકારમા તે ઘણે દુરથી જોઇ શકતો હતો દીવાલને મથાળે પહોચતાજ પહેરેગીર જેવો તેના પાસે થઇને ચાલી ગયો તેવોજ તે કુદીને અંદરની બાજુ પડ્યો પછી તે જાણે અંદરની બાજુથી આવ્યો હોય તેમ જાણી જોઇને પહેરેગીર પાસે ગયો અને પોતે જાણે તેમનામાનોજ હોય તેમ પહેરેગીર સાથે સહજ વાતચીત કરી પોતાના આવ્યા સબંધમા કાંઇ શક ઉત્પન્ન થયો નથી એમ નક્કી કરી લીધુ તેને પોતાની જાતનો જોઇને જેના મનમા કાંઇ પણ શક નહોતો એવા તે પહેરેગીરને તે જયમલની સરદારી તળેના સૈન્યમાનો નથી એવો કાંઇ સશય ઉત્પન્ન ન થયો અને તેથી તેને કાંઇ પણ વધારે પુછગાછ સિવાય આગળ જવા દીધો તે રાજપુત એક દેવાલયના દરવાજાની કમાન તળે જઇ સુતો અને વ્હાણુ વાવાસુધી શાંતપણે ઉંઘ્યો વ્હાણુ વાતાજ તે સરદાર પાસે જઇ ઊભો રહ્યો

" આપ મને આ કીલ્લામાં જોઇને ખરેખર આશ્ચર્ય પામ્યા હશો તે બોલ્યો આપ મને એક દગાખોર તરિકે ગણો છો પણ તેમા આપની ભુલ થાયછે તે સાબિત કરી આપવાને અને નિર્દય દુસ્મનના જુલમી પંજામાથી આ શહેરને બચાવવા હુ શક્તિવાન છુ એમ

બતાવી આપવાને હુ આ યો છુ '

જે માણુસ ગુસ્સે થઇને દુશ્મનની છાવણીનુ શરણુ લેકે તેને દગાખોર તરિકેજ ગણુવામાં આવે છે જયમલે કહ્યુ

પણ આપ એ વાતથી અજાણ્યા નહિજ હોવ કે દુશ્મનની છાવણીમા જવાથી મારા પાસે એવી બાતમીઓ હોવી જોઇએ કે જે વડે દુશ્મનોને આગળ વધતા અટકાવી આ શહેરના લોકોની જીદગી અને માલમી કતનુ આપ રક્ષણુ કરી શકો

તમો દગાખોર નથી એવી મારી મા યતા સ્વીકારવાની આશા ધરાવતા પહેલા તમોએ તમારા દેશ બાંધવોના હિત અથ તેવી બાતમી મેળવી છે એ બતાવી આપવુ જોઇએ

આ કી લામાના સપના બલાવ માટેની દરખાસ્ત કરવાને માટેજ હમણા હુ આપની પાસે આ યો છુ

તે બતાવી આપો'

ચાક્કસ સરતોથી હુ સુલતાન બાદશાહને મારી નાખવાનુ માથે લેઉ છુ '

તે સરતો શુ છે? "

આપની ન્હાની પુત્રી મને લગ્નમા આપવી

મ્હારે જો વીસ પુત્રીઓ હોય અને તે સવ આવી ખિજમતની ચાકરીના ઇનામ તરિકે આપવી પડે તો પણુ હુ તેને ઘણુ મોટુ ઇનામ ન ગણુ આપણા કીલ્લા ઉપર લશ્કર લેઇ આવનાર તે દુશ્મની બાદશાહનો નાશ કરો અને પુ કળ દાયજા સાથે મારી પુત્રી તમને લગ્નમા આપવાનું હુ વચન આપુ છુ

હુ તેના મોતનો પ્રયાસ કરવાનુ લગભગ વચન આપુ છુ અને મારી પાતાની ઇચ્છા વિના બીજુ કોઇ તેને સલામત રાખી શકશે નહિ

મારે તમને કહેવાની જરૂર નથી કે મારી તર્ફે વરના આવેશથી તમે દુશ્મનો સાથે મળી ગયા છો એવી સવની માન્યતા બધાઇ ગઈ છે બહાદુર અને પ્રમાણિક માણુસોના હૃદયમા આવી મા યતા એકવાર બધાઇ ગયા પછી તેને દુર કરવી એ કાઇ રહેલુ કામ નથી તમે જે દરખાસ્ત મુકીછે તે પુર્ણ કરી શકશો તો તમારા માટેના જે ખરાબ અભિપ્રાય અમારા અ ત કરણમા બધાયો છે તે તુરતજ દુર થઇ તેને બદલે તમો વિશ્વાસપાત્ર થઇ શકશો

આ મુલાકાતના પરિણામથી તે રાજપુત પુર્ણ સતુષ્ટ થયો પણ જ્યારે તેણે પોતાના પ્રેમની વસ્તુને મળવા માગ્યુ ત્યારે તેણીના પિતાએ જવાબ આપ્યો કે —

અપુર્ણ

—ooooo—

अलभ्य सौरभ्य कविकूलनमस्या रुचिरता
तथापित्वद्धस्ते निवसदरविंद विकसितम्
कलापे काव्यानां प्रकृतिकमनीयस्तुतिविधौ
गुणोत्कर्षाधान प्रथितमुपमान समजनि

* *

શ્રી અંબિકા વિજય

(દરેક પુનમે બ્હાર પડે છે.)

* *

પુસ્તક ૧૦ મુ   માગશર, પુર્ણીમા, ૧૯૬૯ ☞ અંક ૨ જો.

श्री आगामी दुर्गास्वरुप स्तवन

દુર્ગા દયાળી દેવિ વિષ્ણુ હૃદય સત્તા ધારિણી,
જનની સકળ બ્રહ્માંડની હર વામ પાર્શ્વ વિહારિણી,
શુભ સમય સાવર્ણિ તણા આગામી ધારી ચીતને
પ્રગટી કૃપાળી શરણ લ્યો નિજ સર્વ આશ્રિતજીવને

બ્રહ્માંડ પિંડ અનેકની રચના રચી લીલા થકી
ચૈતન્યરૂપે અણુઅણુમાં તું વસી વિશ્વે નકી
ખાલી ન સ્થળ તારા વિના સચરાચરે કો સંભવે
સાકાર થઈને શરણ લ્યો દુર્ગાસ્વરૂપે શ્રી હવે

કોટિ સૂરજ બિંબ સરિખી શરીર કાંતિ શોભિતી
છે અક્ષિ લાલ વિશાળ કરુણા માતૃભાવે સૂચવતી
અધરોષ્ઠ લાલપ્રવાલ અમીઝર નાસિકા દીપકશીખા
દ્વિજશ્રેણ કુંદકલાપ ફિર કર્પે દપે કોટિધા

બાહુ મૃણાલ વિશાળ કાનન શુભ કણવા ભાવતા
સિંદૂર હેમ સમા પયોધર જગપોષણ વ્રતરતા
કટિ કેસરી શુભ ચરણ તુજ હું શરણ લઈશું પ્રેમથી
દુર્ગાસ્વરૂપે દર્શ જન જનમ ન આવે ક્ષેમથી

माधव

એક માસનું પંચાંગ

સંવત ૧૯૬૯ ના માગશીર્ષ સુદી ૧ થી પોષ સુદી ૧૫ સુધી

તિથિ	વાર	તારીખ	હકીકત
૧	[illegible]	૨૫	
૨	બુધ		બીજનો ક્ષય છે
૩	ગુરુ	૨૬	
૪	શુક્ર	૨૭	[illegible]
૫	શનિ	૨૮	
૬	રવિ	૨૯	
૭	સોમ	૩૦	
૮	મંગળ	૩૧	[illegible]
૯	બુધ	૧	
૧૦	ગુરુ	૨	
૧૧	શુક્ર	૩	[illegible] ૧૬—૪ સુધી છે ધનુર્માસનો આરંભ
૧૨	શનિ	૪	
૧૩	રવિ	૫	[illegible]
૧૪	સોમ	૬	સોમવતી અમાવાસ્યા
૨૦	મંગળ	૭	[illegible] અમાવાસ્યા ૨૧—૧ સુધી છ [illegible]
૧	બુધ	૮	
૨	ગુરુ	૯	
૩	શુક્ર	૧૦	
	[illegible]	૧૧	
૫	રવિ	૧૨	ધનુર્માસની સમાપ્તિ
૬	સોમ	૧૩	મકર [illegible] ૨૧—૩૧ [illegible] છે [illegible] [ના [illegible] સુધી છે
૭	મંગળ	૧૪	
૮	બુધ	૧૫	અષ્ટમી વ્રત
૯	ગુરુ	૧૬	
૧	શુક્ર	૧૭	
૧૧	શનિ	૧૮	[illegible]ઓની પૂજા [illegible]
૧૨	રવિ	૧૯	વૈષ્ણવોની પૂજા [illegible]
૧૩	સોમ	૨	
૧૪	મંગળ	૨૧	
૧૫	બુધ	૨૨	માઘ સ્નાનનો આરંભ

[illegible] વિશેષ [illegible] છે તે [illegible] જુઓ

પચાગનું ટિપ્પણ અથવા આ માસમાના વ્રતોની વિધિ

૧ કાશીખડમા માગશર વદી આઠમને દિવસ કાળભૈરવની પૂજા કરી તેની પાસે ઉત્સવ પૂર્વક રાત્રિનુ જાગરણ કરવાથી સર્વે પાપોનો નાશ થાય છે એમ કહ્યુ છે ભૈરવની ઉત્પતિ પ્રદોષ કાળમા થઇ છે માટે પ્રદોષ વ્યાપિની અષ્ટમી લેવી એમ કેટલાએક કહેછે પણ શિવરહસ્ય પ્રમાણે મધ્યાન્હ સમયે ભૈરવની ઉત્પતિ છે માટે મધ્યાહ્ન વ્યાપિની લેવી આ વ્રતથી મનુષ્ય વિઘ્નોના સમુદાયને જીતી શકેછે અને કાલોદક નામના તીર્થમા સ્નાન કરી પિતૃઓનુ તર્પણ કરી, કાળભૈરવના દર્શનથી પોતે તથા પિતૃઓ નરકમાથી ઉદ્ધરે છે

૨ કૃષ્ણાષ્ટમીની કથા આદિત્ય પુરાણના અગીયારમા અધ્યાયમા છે અને મેરૂ પર્વતના દક્ષિણ શિખર ઉપર બિરાજતા નદિકેશ્વરે નારદ મુનિને કહેલી છે નિવૃત્તિ પરાયણ પુરૂષોની તપોવૃદ્ધિ કરનાર અને પ્રવૃત્તિ પરાયણ પુરૂષોને સૌભાગ્ય, કીર્તિ અને અક્ષર સુખ આપનાર છે

માગશર વદી આઠમે પ્રાત કાળમા પીપળાનુ દાતણ કરી, સ્નાન કરી, પિતૃઓનુ તર્પણ કરી પોતાને ઘેર આવી શકરની પૂજા કરી જરા ગૌમૂત્ર પાન કરી ઉપવાસ કરવો એથી અતિરાત્ર નામના યજ્ઞનુ આઠગણુ ફળ થાય છે પોષ વદી આઠમે, પીપળાનુ દાતણ ઘૃતનુ પાન, શભુ નામના મહાદેવનુ પૂજન અને તેથી આઠ વાજપેય યજ્ઞનુ ફળ છે માહા વદી આઠમે વડનુ દાતણ ગાયના દુધનુ પાન મહેશ્વર નામથી પૂજન અને આઠ અશ્વમેધનુ ફળ છે ફાગણ વદી આઠમે વડનુ દાતણ ઘૃતનુ પાન, મહાદેવ નામથી પૂજન અને આઠ રાજસૂય યજ્ઞનુ ફળ છે ચૈત્ર વદી આઠમે, ઉમરાનુ દાતણ શુ જેલા યવોનુ ભક્ષણ શભુ નામથી પુજન અને અશ્વમેધનુ ફળ છે વૈશાખ વદી આઠમે ઉમરાનુ દાતણ દર્ભના જળનુ પાન શિવ નામથી પુજન અને અગ્નિષ્ટોમ યજ્ઞનુ ફળ છે જેઠ વદી આઠમે, પીપરનુ દાતણ ગાયના શ્રૃગોદકનુ પાન પશુપતિ નામથી પુજન રાત્રે શિવાલયમાજ શયન અને કોટિ ગોદાનનુ ફળ છે અશાડ વદી આઠમે પીપરનુ દાતણ ગોમયનુ પ્રાશન, ઉગ્ર નામથી પૂજન અને સોત્રામણિ યજ્ઞનુ ફળ છે શ્રાવણ, વદી આઠમે, ખાખરાનુ દાતણ, આકડાના પત્રનુ પ્રાશન શર્વ નામથી પૂજન, અને કલ્પ પર્યંત કૈલાસવાસ, એ ફળ છે ભાદ્રપદ વદી આઠમે ખાખરાનુ દાતણ બિલ્વપત્રનુ ભક્ષણ ત્ર્યબક નામથી પુજન અને સર્વ દીક્ષાનુ ફળ છે આશો વદી આઠમે જાબુનુ દાતણ ચોખાના પાણીનુ પાન ભવ નામથી પૂજન અને પાડરીક યજ્ઞનુ ફળ છે કાર્તક વદી આઠમે, જાબુનુ દાતણ પચગવ્યનુ પ્રાશન ઇશાન નામથી પૂજન અને અગ્નિષ્ટોમનુ ફળ છે

વર્ષની સમાપ્તિમા ઉદ્યાપન કરવુ લિગતોભદ્ર મડળ કરી, પચરગી ચદરવો બાધી આચાર્યાદિ બ્રાહ્મણો વરાવી સુવર્ણમય ઉમામાહેશ્વરની મૂર્તિ તથા રૂપાનો પોઠીયો સ્થાપી કલશ સ્થાપન પૂર્વક પૂજન કરવુ રાત્રિનુ જાગરણ કરવુ નવમીને પ્રાત કાળે અગ્નિ સ્થાપન કરી ઘૃતયુક્ત તિલદ્રવ્યથી ત્ર્યબકમત્ર પૂર્વક અષ્ટોત્તરશત આહુતિથી હોમ કરવો બાર

બ્રાહ્મણો જમાડવા દાનો દેવા દક્ષિણાનું નૈવેદ્ય ધરાવવું

૩ બાર સંક્રાતિઓમા જ્યારે ધનુ સંક્રાતિ આવે સારે ધનુર્માસ કહેવાય છે તેમા હમેશાં અરૂણોદય સમયે નદીમા સ્નાન કરી નિત્યકર્મ કર્યાપછી સૂર્યનો ઉદય થતા મુહૂર્તમાત્રમાં બ્રાહ્મણોને ખીચડી ઘી અથવા લાડુનું ભોજન કરાવી દક્ષિણા તથા ઉનના વસ્ત્ર વિગેરે આપવાં આખો મહિનો ન બને તો નત્યેક રવિવારે એ પ્રમાણે કરવું આ વ્રતથી ધન ધાન્ય આરોગ્ય અને પુત્ર પરિવાર મળેછે

૪ સોમવતી અમાવાસ્યાની કથા ભવિષ્યોત્તર પુરાણમા છે પીપળાના વૃક્ષને કાંઇ પણ ૮ ૫ કે ૨૭ સાથે એક સો આઠ પ્રદક્ષિણા કરી તે દ્રવ્ય વગેરેનુ દાન કરવુ વિગેરે લોકપ્રસિદ્ધ હોઇ અત્ર લખાણ કરતા નથી

૫ માગશર વદી અમાવાસ્યાએ ગૌરીતપાવ્રતનો આરંભ કરી શકાય છે અને તે સોળ વર્ષ સુધી કરવાનુ છે સ્નાન, નિત્યકર્મ વિગેરે કર્યાપછી વ્રતનો અને વ્રતાંગે ઉપવાસ કે નક્ત ભોજનના સંકલ્પ કરી ગૌરી મહેશ્વરનું સપરિવાર પૂજન કરવુ આઠ તંતુઓની વાટ વાળો ઘીનો દીવો કરી તેનુ પૂજન કરી દિવસ રાત્રિ તેને અખંડ રાખવો બીજે દિવસે સવારમા આઠ સૌભાગ્ય પદાર્થો યુક્ત ધાતુ પાત્ર ઉપર પકવાન સાથે તે દીપને મુકી તેની પૂજાકરી સૂર્યને બતાવી પૂજેલા બ્રાહ્મણના જોડલાને તેનુ દાન દેવુ અને સુવાસિની સ્ત્રીનો આશિર્વાદ લેવો બીજે વર્ષે એ સર્વ કૃત ૧ પડવાને દિવસે કરવુ ત્રીજે વર્ષે બીજને દીવસ કરવુ એ પ્રમાણે પ્રતિવર્ષ એકેક તિથિ આગળ ચાલવુ સોળ વર્ષ સુધી આ પ્રમાણે કરતા ઉદ્યાપનમા પુર્ણિમાને દિવસે સ્ત્રી સહિત સોળ બ્રાહ્મણોને નિમંત્રણ કરી મધ્યાહ્ન સમયે અષ્ટદલ કમલમા ગૌરીનુ પૂજન કરવુ પ્રત્યેક જોડલાને જમાડી વસ્ત્રાલંકાર તથા વિવિધ પકવાનોનુ દાન દેવુ—આચાર્યને સુવર્ણમય મૂર્તિ પયસ્વિની ગાય અને દક્ષિણા આપી વ્રતની પૂર્ણતા કરવી સ્ત્રીને આ વ્રત કરવાથી અખંડ સૌભાગ્યનુ સુખ મળેછે

૬ જુદી જુદી સંક્રાતિઓમા જુદીજુદી પૂજનપદ્ધતિ અને દાનોથી વિવિધ પ્રકારના સિદ્ધિ આપનારા સંક્રાતિ વ્રતો જેવાકે ધાન્ય સંક્રાતિ વ્રત લવણ સંક્રાતિ વ્રત ભોગ સંક્રાતિ વ્રત રૂપ સંક્રાતિ વ્રત તેજ સંક્રાતિ વ્રત સૌભાગ્ય સંક્રાતિ વ્રત તામ્બુલ સંક્રાતિ વ્રત મનોરથ સંક્રાતિ વ્રત અશોક સંક્રાતિ વ્રત આયુ સંક્રાતિ વ્રત ધન સંક્રાતિ વ્રત સર્વ સંક્રાતિ વ્રત વિગેરે સ્કંદ પુરાણમા કહેલા છે લખાણ ભયે અત્રે આપેલા નથી ઇચ્છા હોય તેમણે વ્રતોત્સવ વ્રતરાજ વિગેરે ગ્રંથોમાથી કે વિદ્વાન બ્રાહ્મણ દ્વારા જાણી લેવા

૭ પોષ શુદી આઠમ જો બુધવારના યોગવાળી હોય તો તે દિવસે સ્નાન જપ હોમ દેવપિતૃતર્પણ અને બ્રહ્મભોજન કરવાથી ઘણુ પુણ્ય થાય છે તેમાં પણ જો ભરણી નક્ષત્રનો અથવા રોહિણી કે આર્દ્રા નક્ષત્રનો યોગ હોય તો અત્યુત્તમ પુણ્ય પર્વ ગણાય છે

देवी तत्व दीवाकर.

(અંતાકથી ચાલુ)

ભરતખંડમાના સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજકુળોનો ઇતિહાસ કે જેમા શ્રી જગદંબાની ભક્તિ પ્રાધાન્ય સ્થાન ધરાવે છે તે શરૂ કરતા પહેલા સૃષ્ટિની ઉત્પત્તિથી વૈવસ્વત મન્વંતર સુધીની સીધી વંશાવળી આપણ આપી ગયા તે દરમીયાન બીજી બાજુ બનેલા બનાવોનુ વિવેચન કરવુ યોગ્ય ધારીએ છીએ આ વિવેચનમા કશ્યપના વંશજો, દિતિ, અદિતિ દનુ, વિગેરેના પુત્રો દૈત્ય દાનવો વચ્ચે સ્વર્ગના રાજ્યપદ—ઇંદ્રાધિકાર માટે વારવાર થયેલા યુધ્ધો નો મુખ્ય સમાવેશ થાય છે અને દેવોની સહાયતા અર્થે, બ્રહ્મા, વિષ્ણુ, સદાશિવ અને છેવટ જગદંબાએ પણ આ યુધ્ધોમા મુખ્ય ભાગ લીધેલો છે અને તેને પરિણામેજ મહિષાસુર, શુંભનીશુંભ, દુર્ગમ, અરુણ, અંધક વિપ્રચિત્તિ વિગેરે દૈત્યોને માર્યાના શ્રી જગદંબાના કથાનકો છે આ સર્વ આખ્યાનો યથાક્રમ કહેવા તે આપણા પુરાણોમા ઇતિહાસાનુસાર ક્રમબદ્ધ ન હોવાથી મુશ્કેલ કામ છે છતા તેનુ સંશોધન કરી યથામતિ, ક્રમાનુસાર ગોઠવી કહેવામા આવશે અને ત્યારપછી શક્તિઓનુ વર્ણન કર્યા પછી સૂર્યચંદ્ર વંશો આગળ ચલાવવામા આવશે

કશ્યપની સ્ત્રી અદિતિને પેટ ઇંદ્ર સરખો દેવોનો અધિપતિ પુત્ર હોવાથી તેની બ્હેન અને સહપત્નિ દિતિએ તેના જેવા પુત્રની અભિલાષાથી કશ્યપ ઋષીની પ્રાર્થના કરતાં તેમણે તેને પયોવ્રતનો ઉપદેશ કર્યો તે અનુસાર વ્રત કરતાં તેને મહા બળવાન ગર્ભ રહ્યો ઇંદ્રે ઇર્ષ્યાથી તેના પેટમા પેસી તે ગર્ભના વજ્ર વડે કકડા કરી નાખ્યા અને તે ૪૮ વાયુ થયા તે હકીકત આગળ કહી ગયા છીએ ઇંદ્રના આવા વર્તનથી દિતિ શોકાતુર રહેતાં હતા તેવામા એક દિવસ કશ્યપઋષી સંધ્યાકાળે યજ્ઞશાળાની બ્હાર આવ્યા તે વખત દિતિએ કામાતુરપણાથી તેમનુ વસ્ત્ર પકડયુ ધર્મભંગ માટે કશ્યપે ઘણુ સમજાવ્યા છતા દિતિ ન માની ત્યારે ને ધર્મ વિરૂદ્ધ કાળમા રતિદાન આપતા ગર્ભ રહ્યો અને હિરણ્યાક્ષ હિરણ્ય કશિપુ, જેવી આસુરી પ્રજા જન્મી ઇંદ્ર પ્રત્યે ક્રોધના સંસ્કાર તેમને ગર્ભમાજ મળેલા હોઇને તેમજ અયોગ્ય કાળમા તેમની ગર્ભ સ્થિતિ હોવાથી તેમનો બુદ્ધિ દુષ્ટ હોઇને તેઓ મુળથીજ દેવતાઓની સાથે વિરોધ ધરાવનાર હતા અને તેથી દેવનો અને દૈત્યનો એવી રીતે બે પક્ષ બંધાઇ ગયા હતા દેવોના ગુરૂ બૃહસ્પતિ હતા અને દૈત્યોના ગુરૂ ભૃગુના પુત્ર શુક્રાચાર્ય હતા બને પક્ષ વચ્ચે વારવાર યુધ્ધો થતા અને જે પક્ષ જીતતો તે સ્વર્ગનો અધિકાર ભોગવતો દૈત્યો સદા પાતાળમા રહેતા પણ તેમાં કોઇ બળવાન થતો તો તેને અગ્રણી કરી તેઓ બીજા લોકો જીતી લેતા અને ઠેઠ સ્વર્ગ સુધી પહોચતા અને તે વખતે દેવતાઓ સામે થતા હારી જતા તો ત્યાથી નીકળી જઇ પહાડોની ગુફાઓમા સંતાઇ રહેતા અને ત્યા તપદ્વારા બ્રહ્મા વિષ્નુ સદાશિવ કે જગદંબાની સહાય મેળવવા પ્રયાસ કરતા વળી દૈવ અનુકુળ થતા આવી સહાય દેવોને મળતી ત્યારે તેઓ દૈત્યોને હરાવી સ્વર્ગનુ રાજ્ય પાછું મેળવતા અને દૈત્યો પોતાના પાતાળના રાજ્યમા જતા રહેતા

ઉપર કહેલા દિતિના બને પુત્રો હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ પાતાળનુ રાજ્ય ભોગવતા

હતા તેમાં હિરણ્યાક્ષ કાંઇ સંતતી ન હોવાથી પુત્ર નામિતી કામનાથી વનમાં જઈ શંકર ઉપર તપ કરવા લાગ્યો ઘણાક વર્ષે તપ કરતાં તે છેક દુબળો અને અસ્થિરૂપેજ થઇ ગયો ત્યારે શંકર પ્રસન્ન થઇ ત્યાં પધાર્યા અને વરદાન માગવા કહ્યું ત્યારે તે બોલ્યો કે —

હે મહારાજા ! મારે પુત્ર નથી તેથી તેની ઘણી ઇચ્છા રહે છે માટે હે ચંદ્રમૌનિ ! મને એક સુંદર અને પરાક્રમી પુત્ર આપો મારા ભાઇને નલ્હાદ વિગેરે ચાર પુત્રો છે અને મારેતો એક પણ નથી એ શું ? આથી મારો નિવંશ જતાં મારૂં રાજ્ય બીજા ભોગવશે પુત્ર વિનાના મનુષ્યની ગતિ સ્વર્ગમાં નથી અને તેથીજ સઘળા મનુષ્યો રાતદિવસ તે માટે માથાકુટ કરે છે અને પુત્ર ન થાયતો છેવટ ક્રીત વિગેરે આઠ પુત્રમાં એકપણ કરેછે પરંતુ મારેતો ઔરસ એટલે મારા શરીરથી સવર્ણ જાતીમાં ઉત્પન્ન થયેલો પુત્ર જોઇએ છીએ તે આપવાની કૃપા કરો

તેનું કહેવું સાંભળી શંકર બોલ્યા કે — હે દૈત્યરાજ ! તારા કર્મમાં ઔરસ પુત્ર તો નથી તો પણ મારે એક અંધક નામનો પુત્ર છે તે તારા જેવોજ પરાક્રમી અને બળવાન છે તે તને આપું છું

આટલું બોલી તુરત હિરણ્યાક્ષને તે પુત્ર આપ્યો તે લઇ ખુશી થતા તેણે શંકરની ઘણી સ્તુતિકરી અને પછી પુત્ર સાથે પોતાના પાતાળના રાજ્યમાં ગયો

(અપૂર્ણ)



વાણીવિલાસ

સરલતાની મહત્તા

પૂર્વે બગદાદની ગાદીપર ખલીફ હરૂન અલ રસિદ નામે એક મહાન્ પાદશાહ થઇ ગયો છે તેનું નામ કદાચ અમારા વાચનારાઓએ અન્ય ગ્રંથો દ્વારાએ જાણ્યું હશે એ પાદશાહ ઘણોજ ન્યાયી નીતિવાન ઉદાર આસ્તિક અને ગરીબો પર રહેમ રાખનારો હતો તથા જગતનું કલ્યાણ કરનાર મહાત્મા—જ્ઞાનીઓ તરફ તે અતિ પ્રીતિ ભાવ રાખતો હતો તે પોતાના રાજ્યમાં કોઇ જગ્યાએ અને કોઇપણ વખતે ગેરઇન્સાફ ન થાય એ એ બાબતની જાતેજ ઘણી કાળજી રાખનારો શ્રેષ્ઠ બુદ્ધિશાળી અને વિદ્વાન નરેશ હતો ખલીફ હરૂન અલ રસિદે પોતાનો એક રાજ્ય મહેલ બનાવ્યો પરંતુ તેના યોગ્યતાનો મોભનો વાસ ઘણી તપાસ કરાવ્યા છતાં તેને તે દેશો તરફથી મળી આવ્યો નહિ તેથી ખાસ એટલા માટે પોતાના વહાણો વિદેશમાં મોકલ્યા છતાં પણ કેટલાક વખત સુધી તેના વિશાળ મહેલના માપનો સીધો વાસ મળ્યો નહિ પરંતુ અંતે ઘણી તપાસ કરાવતાં સિલોનદ્વીપની નજીક હિંદુસ્તાનના દક્ષિણ કિનારાપરથી એક સારો અને સીધો તે મહેલની લાયકાતનો મોટો વાસ મળ્યો તે વહાણમાં

ચડાવીને કલીફના માણસો પોતાના દેશ તરફ લઇ ગયા અને ત્રેવિઆઇ તુર્કસ્તાનના બેલસોરા (બસરા) બંદરે તે વહાણ પહોચ્યુ, ત્યારે ત્યાંથી કલીફને વાસ મળ્યાના ખબર મોકલ્યા તે સાભળીને કલીફ બહુ ખુશી થયો અને તેણે પોતાના ઉમરાવોને હુકમ કર્યો કે " એ વાંસ જોવા માટે આપણે સવારી સહિત બેલસોરા બદરે ચાલીશુ " તે પ્રમાણે જ્યારે પાદશાહ અને તેના અમીર ઉમરાવોની સવારી વાસ જોવા માટે બેલસોરા જવાને તૈયાર થઈ ત્યારે તેને જોઇને રૈયતના પણ ઘણા માણસો ત્યા જવા માટે સજ્જ થયા એ સર્વે માણસો જ્યારે બેલસોરાના બદર પર પહોચ્યા ત્યારે ત્યા એક મોટો મેળો થઇ રહ્યો કલીફે તે વાસને એક છેડાથી બીજા છેડાલગી બરાબર જોયો, તેથી તેને તે ઘણોજ પસદ આવ્યો વાસ જોયા પછી તેણે ત્યા પાસેજ પોતાના તબુ ખડા કરાવીને એક ભારે દબદબાથી પાદશાહી કચેરી કરાવી, અને પોતાને આવો શ્રેષ્ટ વાસ આખરે દુનિયામાંથી મળી આવ્યો તેની ખુશાલી દર્શાવતા તે લાવનારાઓને ઇનામો આપ્યા આવી રીતે જે વખતે કચેરીમા ખુશીનો રગ જામી રહ્યો હતો તે વખતે એક મહાન્, તત્વ જ્ઞાની ફકીર ત્યાં આવી ચડ્યો તેણે બીજા માણસોને પુછ્યું કે " આ શેનો મેળો ભરાયો છે ? " ત્યારે લોકોએ જવાબ આપ્યો કે, પાદશાહના મેહેલ માટે એક ઘણો લાબો અને સીધો વાસ હિદુસ્તાન તરફથી આવ્યો છે તેને જોવા માટે કલીફ પોતાની સવારી સહિત અહી આવેલ છે, અને તેનીજ ખુશાલીમા આ મોટો દરબાર ભરવામા આવ્યો છે.

આ અજાયબ જેવી હકીકત સાભળીને ફકીર મનમા ખુશી થયો અને પોતે પણ તે વાસ જોવા માટે કિનારા તરફ ગયો તે દેખાવે તથા પોષાકમાં ઘણો સાદો ફકીર છતાં પણ વિદ્વતામા ઘણોજ પ્રસિદ્ધ હોવાથી લોકોને કાને કાન જતાં તરત તેના આવ્યાની ખબર કલીફ પાસે પહોચી પણ કલીફે વિચાર્યું કે તે મહાત્મા મારી પાસે ન આવતા સીધો વાસ તરફ જાય છે તો હાલ તેને જવા દઇને વળતી વખત અહીં બોલાવવો

પેલો જ્ઞાની ફકીર વાસ પાસે ગયો અને પ્રથમ તો તેણે વાસ જોવા નિમિત્તે તેને એક આખી પ્રદક્ષિણા કરી અને પછી એક છેડા પાસે પોતાનુ મોઢુ રાખીને જાણે વાસને કઇ પુછતો હોય એવો ડોળ કર્યો, પછી જાણે વાસ તેને કંઇ ઉત્તર આપતો હોય અને તે કાન દઇને બરાબર સાભળતો હોય તેમ તેણે પોતાનો કાન તે વાંસ ઉપર ધર્યો પછી જાણે વાસે જે જવાબ આપ્યો હોય તે, તે માન્ય રાખતો હોય તેમ તેણે માથુ નમાવીને હા કહી અને પછી ત્યાથી પોતાને માર્ગે જવા લાગ્યો એટલામાતો કલીફના હજુરીએ આવીને તેને ઘણા માન અને વિવેકથી કહ્યુ કે " સાઇ ! આપના દર્શન અને મુલાકાતનો લાભ મેળવવા માટે નેકનામ કલીફ આપને રાજસભામાં પધારવાની વિનંતી કરે છે "

આ આમત્રણ સ્વિકારીને તે જ્ઞાની પુરૂષ કલીફની કચેરીમાં ગયો ત્યા કલીફે તેનો ઘણો સત્કાર કર્યો પછી કહ્યુ કે—" આપે વાસને શો સવાલ કર્યો ? તથા વાંસે આપને શો ઉત્તર આપ્યો ? તે મેહેરબાની કરીને જો આપની ઇચ્છા હોયતો સભળાવશો તેથી હુ આપનો ઉપકારી થઇશ "

ત્યારે તે જ્ઞાની ફકીરે કબીરને કહ્યું કે—' હે ! જહાનના માલીક ! મે તે લાકડાને પુછ્યુ કે ' હે ! કાષ્ટ ! તુ જડ અને નિરસ છતા તારામા એટલો બધો શો ગુણ છે ! કે જેને દુનીયાના તમામ બાદશાહો સલામ કરવા જાય છે તે પાદશાહોનો પાદશાહ તારી સલામ કરવા માટે પોતાના કચેરી મડળ સહિત આટલે દુર ચાલીને આવ્યો છે ? ત્યારે તે લાકડાએ મને ઉત્તર આપ્યો કે હે ! ખુદાના બદા ! તુ કહેછે તેમ હુ રસ વગરનો અને જડ છુ તથાપિ મારામા એક ઘણોજ મોટો સરળતા (સીધાપણા) નો ગુણ રહેલો છે કે જેથી મને આ બગદાદના બાદશાહે હિંદુસ્તાનથી પોતાના મહેલમાં રાખવા માટે અહીં લાવ્યા છે એટલુજ નહિ પણ આટલી લાબી મુસાફરી કરીને તે મને સામો મળવા આવ્યો છે તે માત્ર મારામા એકજ સરળતાના ગુણનો પ્રતાપ રહ્યો તેથીજ છે તે પરથી તારે વિચારી લેવુ કે હુ જડ છુ તથાપી મારામા સરળતાનો ગુણ હોવાથી હું આટલુ માન પામ્યો ત્યારે માણસ જે ચૈતન્ય રૂપ છે તેમાં જો સરળતાનો ગુણ હોય તો તે કેટલુ બધુ માન પામે ? એ વાસનો જવાબ મને અક્ષરે અક્ષર ખરો લાગ્યાથી મે મારૂ માથુ નમાવીને તેનું કહેવુ કબુલ કરતા તેને માન આપ્યુ

આ સાભળીને કલીફ તેમજ તેના રાજસભાસદોના મનરજન થયા ત્યારપછી પેલો ફકીર પોતાને રસ્તે ગયો અને કલીફે તે વાસ લાવીને પોતાનો મહેલ પુર્ણ કર્યો

માતૃભક્ત સિકદર

સિકદર બાદશાહનુ નામ વિશ્વવિખ્યાત છે એણે આખી દુનિઆ જીતી હતી એ વાત અમારે અહીં કહેવી નથી અમારે અત્રે કહેવુછે એટલુંજ કે એની મા ઓલીમ્પીઆસનો સ્વભાવ અતિશે ખરાબ હતો તે પોતાના પુત્રના કામમાં વારવાર આડી આવતી હતી એનુ એ કામ સિકદરને જરાપણ પસદ નહોતુ તોપણ તે તેનો કદી અનાદર કરતો નહોતો તેના તરફ તે સદા ભક્તિભાવથી વર્તતો અને તેણીને ભારે માન આપતો એવી માતા પ્રત્યે મહા મમતા રાખવા માટે સિકદરને બેશક બહુજ સાબાશી ઘટેછે

સિકદર બાદશાહ જ્યારે એશિઆ ખડના દેશો જીતવા આવ્યો હતો, ત્યારે પોતાના દેશનો કાર્યભાર વહેવાનુ તેણે એ ટીપેટર નામના સરદારને સોપ્યુ હતુ સિકદરની માતે રાજ્યકારભારમા માથુ મારવાની ભદ્દુ ટેવ પડી હતી તેથી તેણે ઘણીજ નમ્રતાપૂર્વક વિનીત પત્ર લખ્યો કે આપે મારાપર મેહેરબાની કરીને રાજ્ય કારભારની ખટપટમા હાથ ઘાલવાનુ માફ કરવુ અને એન્ટીપેટરને કશી હરકત થાય તેમ કરવુ નહીં આ પત્રના પ્રત્યુત્તરમા ઓલીમ્પીઆસે ઉલટો એવી સખ્ત ભાષામાં તેને ઠપકો લખ્યો કે તે વાચીને રુવાડા ઉભા થાય એટલુ છતાં સિકદરે તે ઠપકો ધીરજથી સહન કર્યો અને તેની વિરૂદ્ધ એક પણ શબ્દ લખ્યો કે બોલ્યો નહીં વે ઉલટો એશિઆ ખડની લડાઈમાં મળતી લુટમાથી ઉમદા ચીજો પોતાની માતા તરફ અવશ્ય મોકલતો

દિવસે દિવસે ઓલીમ્પીઆસ એન્ટીપેટરને અધિકાધિક પજવવા લાગી તેથી આખર થાને

તેણે સિકંદર બાદશાહને બીજો એક પત્ર લખ્યો અને તેમાં તેની માં વિષે બહુ સખ્ત ભાષામાં ફરિયાદી કરી એ વાંચીને સિકંદરે વાત મનથી ; એન્ટીપેટરને જે ઉત્તર લખ્યો હતો તે ખચીત લક્ષમાં લેવા લાયક છે

તેનો ઉત્તર આ મતલબનો હતો—કે એન્ટીપેટરને થોડીજ ખબર છે કે મારી માતાના નેત્રમાંથી ટપકેલું એકજ આંસુ આના જેવા હજાર પત્રને ધોઇ નાખવાને સમર્થ છે. પોતાની માતા તરફ આટલુંબધું હેત રાખનાર માણસો દુનિઆમાં બહુજ થોડા જડી આવશે



यज्ञनु रहस्य

(જગદ્વિખ્યાત સ્વામી રામતિર્થના લેખ ઉપરથી)

(ગયા વર્ષના ૧૨મા અંકના પૃષ્ટ ૨૮૪ થી ચાલુ)

સ્ત્રીઓ, બાળકો અને મજુરવર્ગની કેળવણી પ્રત્યે બેદરકારી રાખવી એ જે શાખાપર આપણો આધાર હોય તેજ શાખાને કાપી નાખવા સમાન છે એટલુંજ નહિ પણ ખુદ પ્રજારૂપી વૃક્ષના મુળમાં ઘા કરવા બરાબર છે

વીશમા શતકના ઋષિકુમારો ! જો તમે શ્રુતિનો ઉપદેશ સમજશો તો તમને સંકુચિત કરી નાખનારા જે સેંકડો પેટાવર્ણો તથા પંથ રૂપી બારે કબજ તમારા પર લાધ્યાં છે તે તમારે ફાડી તોડી નાખવા પડશે જો તમારા આત્માને ઓળખવાને તમે તૈયાર ન હો જો તમને શ્રુતિનું અભિમાન ન હોય અને આ સખત તાપથી બળતા ખરા ઉન્હાળામાં પણ જો તમે શિયાળાને માટે કરાવેલાં કપડાં વાપરવાનો આગ્રહ ધરતા હો તો તમને તમારા પૂર્વજોના કસમ છે કે તમારી સાંપ્રત સ્થિતિ કેવી છે તે મહેરબાની કરીને લક્ષમાં આણો. મનુષ્યદેહ કેવળ કાળનેજ આધિન નથી પરંતુ દેશને પણ આધિન છે. કાળની દૃષ્ટિથી જોતાં તમે હિમાલયમાં રહેતા ઋષિઓના ખુદ વંશજ હશો, પરંતુ સ્થળની દૃષ્ટિથી જોતા કળા કૌશલ્ય અને વિજ્ઞાન શાસ્ત્રના પક્કા જ્ઞાતા તથા વ્યવહારકુશળ યુરોપીઅનો અને અમેરીકનોની સાથે જે સમકાલીન અસ્તિત્વનો સંબંધ તમે ધરાવો છો તેનો ઇનકાર તમે કરી શકશો નહિ આનુવંશિક (વંશપરંપરાના) સંસ્કારથી તમારામાં ઉપનિષદનું જ્ઞાન ભલે આવે, તેને ભલે પ્રાપ્ત કરો પરંતુ લૌકિક બાબતમાં તો જાપાન તથા અમેરિકાનું વ્યાવહારિક જ્ઞાન સંપાદન કરી તેને પોતાના જીવનમાં ઓતપ્રોત ગુંથી દેવાથીજ તમે જગતના જીવન કલહમાં ટકી શકશો એક વૃક્ષનો કોમળ છોડ જો આસપાસની જમીન હવા પાણી પ્રકાશાદિમાંના પોષક તત્વો લઇ તેને પચાવવાનો ઇનકાર કરે અને પોતાના બીજ વિષે બડાઇ મારા કરે તો તે જરૂરીજ મરી જશે એમ નક્કી સમજવું પોતાના શરીર અસ્તિત્વનો પરિત્યાગ કરવાનો ઉપદેશ આપવાની કલ્પના પણ ' રામ ' ના મસ્તકમાં આવનાર નથી પણ ' રામ ' તમને

, ફરમાવે છે કે તમારે વધવુ જોઇએ વર્તમાન અને ભુતકાળ આ ઉભયનો વિચાર કરીને તમારે વધવું જોઇએ અને જે પ્રમાણે તેઓ (યુરોપીઅનો તથા અમેરિકનો) તમારી બ્રહ્મવિધાને તેમની પોતાની કરી લે છે તે પ્રમાણે તમારે તેમના શાસ્ત્રીઓને તમારૂ પોતાનુ કરવુ જોઇએ

ઇતિહાસ તથા અર્થશાસ્ત્ર પરથી જણાય છે કે રક્ષની વૃદ્ધિ અને પ્રજાની વૃદ્ધિમા એકજ નિયમ પ્રવર્તે છે અને તે નિયમ સમયાનુસાર કલમ (કાપકુપ—દેશાન્તર) કરવાનો છે જો આપણે ભુખે મરતાં બેકાર ૨૦ હિંદિ લોકોને ૦ ૨ તના ઓછી વસ્તીવાળા ભાગમા પોતાનુ ગુજરાન ચલાવવાને માટે મોકલી દઇએ તો તે લોકો ઉન્નત થશે અને આથી હિંદુસ્તાનના લોકો દુરદુરના દેશમા પ્રસરી જશે આથી હિંદુસ્થાનનુ આલસ્ય નષ્ટ થશે દેશને ઓછો બોજો ઘસડવો પડશે અને આલસ્ય ઉત્પન્ન કરનાર કાર્બોનિક એસિડ ગેસ પણ સાથે સાથે કમી થશે જો આ પ્રમાણે તમે ખુશીથી કરશો તો વિજયરથના ચક્ર (પૈડા) સાથે જાણે તમે દેશને જોડી મુક્યા હોય તેમ તમારો વિજયરથ જોરથી દોડશે જો એમ નહિ કરોતો ઇશ્વરના નિર્દય ચક્રો દેશમા ફરવા માંડશે અને પોતાના માર્ગમા જે આવે તેના જરા પણ અટકયા વગર એક સરખી રીતે ચુરેચુરા કરી નાખશે આ નાશમાથી જો તમે તમારૂ રક્ષણ નહિ કરશો તો ટપકો તમારે શિરજ રહેશે તમે ગમે તેમ માનો પણ ઇશ્વરને તમારા પ્રત્યેની દયાને ખાતરજ પ્લેગ દુષ્કાળાદિથી આ કાપકુપ કરવી પડે છે જો એક માણસ પોતાની બુદ્ધિનો ઉપયોગ સૃષ્ટિનિયમાનુસાર કરે તોજ તેમાંથી તે બચી શકે આવા મનુષ્યનુ નામ પોતાના કરેલા પ્રયત્નોથી સૃષ્ટિની ચુટણી (Natural selection) ની યાદીમા દાખલ થઇ જાય છે અને જીવનકલહમાથી તેને મુક્તિ મળે છે

હવે કેટલાક લોકો કહે છે કે ' ગરીબ બેકાર લોકોનેજ શા માટે હદપાર કરવા જોઇએ! આવા માણસોની કલ્પના એવી હોવી જોઇએ કે જે પ્રમાણે ગાંડા માણસને ઇસ્પિતાલમા તેમ ઘરથી જુદા કાઢી નાખવામા આવેછે તે પ્રમાણે દરેક માણસને ઘરમા ગોંધી રાખવા જોઇએ જે ખોલીમાં તમે જન્મ્યા હતા તે ખોલીની બહાર શા માટે જાઓ છો! ઘર મુકીને રસ્તાપર પણ શા માટે આવો છો ! તમે જે પ્રમાણે ભુલોકના બાળક છો તેજ પ્રમાણે સ્વર્ગ લોકનાં બાળક પણ છો બલ્કે તમે સ્વર્ગ રૂપજ છો તમે જ્યાં જાઓ ત્યાં તમારૂ ઘર છે એક (જગ્યાએ તમારે ગોંધાઇ રહેવાની જરૂર નથી હિંદુસ્થાન દેશપણ આજે જગતને છોડી એકલો રહી શકશે નહિ પુર્વે એવો એક કાળ હતો કે જ્યારે હિંદુસ્થાન અલગ તથા ઇરાન અને મિસર અલગ થઇ રહ્યા હતા પણ આજે બાષ્પ (વરાળ) અને વિદ્યુતની મદદથી દેશકાળના બંધન મૃતપ્રાય થયા છે અમારી માફક સમુદ્ર અટક (પ્રતિબંધ) તરિકે રહ્યો નથી પણ રાજમાર્ગ બની ગયો છે પ્રાચીન કાળના દેશો તે આજે શહેરો બની ગયા છે અગાઉના શહેરોને લોકો આજે માત્ર રસ્તા ગણી ગણે છે માટે હવે સ્વમુલ વિષેની કલ્પના વિસ્તૃત કરવાનો સમય આવી પહોંચ્યો છે ! સૃષ્ટિ અને ઇશ્વરના બાળકો ' સઘળા દેશોપર તમારો એક સરખો જ હક છે સઘળી માનવજાત તમારા ભાઇબેન છે હિંદી પ્રજાને મળે ભાખો ભિખારીઓનો જે બોજો લદાયેલો છે તેમાં વધુ ભાર કરવાને બદલે સમાજની

ઉપર્યુક્ત ઉદ્યોગી માણસ બનીને જ્યાં જીવનનો ઉત્તમ રીતે નિર્વાહ થઇ શકે ત્યાં ખુશીથી જાઓ. ઇશ્વર અને માનવ જાતિના તમને કસમ છે જાઓ ! ચાલો તૈયાર થાઓ !

(અપૂર્ણ)

—ooooo✱ooooo—

काव्यविनोद

जे आपशो ते पामशो

—હરિગીત—

પોતા તણા તેમજ પરાયાને તમે જો આપશો—
આનંદ ઉત્તેજન અને ઇષ્ટ સ્હાય સિદ્ધિ ચાહશો

તો જરૂર પડતાં પ્રાપ્ત કરશો સ્હાય સઘળાં સ્થાનથી,
જે આપશો તે પામશો શંકા જરી તેમાં નથી

જે માણસો દુઃખ પામતા હો દિલગીરી કે શૂનથી,
આશ્રય દિલાસો આશ સઘળાં તે જનોને આપવી

કંગાલ કેરા ખોત નાહી અન વસનો કારણે—
શ્રુતિ ઉપર પડતા બિચારાને મદદ કરવી ઘટે

દુઃખદ પતિની યોષિતા નિજ સ્વામી સ્વર્ગ સીધાવતાં—
દુઃખી નિરાશ્રિત થઇ જતી—જો વૃદ્ધ તો પછી શી મણા !

આવી સ્થિતિમાં તેહને આશ્રય અનુકમ્પિત બની—
નિજ શક્તિ અનુરૂપ આપી આશ્વાસન થકી સંતોષવી

કરવી અદા આ ફર્જ જે સૌ શીષ ઉપર લટકતી,
જે વાવશો તે વાઢશો શંકા જરી તેમાં નથી

વિણ ભેદ પાત્રાપાત્રનો દો સ્નેહ વ્યક્તિ સર્વને,
ના માગશો તે સ્નેહનું પ્રતિફલિત કોઇની કને

તે સ્નેહ વિશ્વમાંથી સદાએ સ્હાય તમને આપશે
જે અર્પશો તેની તમોને વસ્તુતઃ પ્રાપ્તિ થશે

" मकरन्द "

કરમાવે છે કે તમારે વધવું જોઇએ વર્તમાન અને ભુતકાળ આ ઉભયનો વિચાર કરીને તમારે વધવું જોઇએ અને જે પ્રમાણે તેઓ (યુરોપીઅનો તથા અમેરિકનો) તમારી બ્રહ્મવિદ્યાને તેમની પોતાની કરી લે છે તે પ્રમાણે તમારે તેમના ભૌતિકશાસ્ત્રને તમારૂં પોતાનું કરવું જોઇએ

ઇતિહાસ તથા અર્થશાસ્ત્ર પરથી જણાય છે કે વૃક્ષની વૃદ્ધિ અને પ્રજાની વૃદ્ધિમાં એકજ નિયમ પ્રવર્તે છે અને તે નિયમ સમયાનુસાર કલમ (કાપકુપ—દેશાંતર) કરવાનો છે જો આપણે ભુખે મરતા બેકાર ૨૦ કોટિ લોકોને બીજા ઓછી વસ્તીવાળા ભાગમાં પોતાનું ગુજરાન ચલાવવાને માટે મોકલી દઇએ તો તે લોકો ઉન્નત થશે અને આથી હિંદુસ્તાનના લોકો દુરદુરના દેશમાં પ્રસરી જશે આથી હિંદુસ્થાનનું આલસ્ય નષ્ટ થશે દેશને ઓછો બોજો ખસડવો પડશે અને આલસ્ય ઉત્પન્ન કરનાર કાર્બોનિક એસિડ ગેસ પણ સાથે સાથે કમી થશે જો આ પ્રમાણે તમે ખુશીથી કરશો તો વિશ્વરથના ચક્ર (પડા) સાથે જાણે તમે દેશને બાંધી મુક્યા હોય તેમ તમારો વિજયરથ જોરથી દોડશે જો એમ નહિ કરો તો ઇશ્વરના નિર્દય ચક્રો દેશમાં ફરવા માંડશે અને પોતાના માર્ગમાં જે આવે તેના જરા પણ અટક્યા વગર એક સરખી રીતે ચુરેચુરા કરી નાખશે આ નાશમાંથી જો તમે તમારૂં રક્ષણ નહિ કરશો તો ટપકો તમારે શિરજ રહેશે તમે ગમે તેમ માનો પણ ઇશ્વરને તમારા પ્રત્યેની દયાને ખાતરજ પ્લેગ દુષ્કાળાદિથી આ કાપકુપ કરવી પડે છે જો એક માણસ પોતાની બુદ્ધિનો ઉપયોગ સૃષ્ટિનિયમાનુસાર કરે તોજ તેમાંથી તે બચી શકે આવા મનુષ્યનું નામ પોતાના કરેલા પ્રયત્નોથી સૃષ્ટિની ચુંટણી (Natural selection) ની યાદીમાં દાખલ થઇ જાય છે અને જીવનકલહમાંથી તેને મુક્તિ મળે છે

હવે કેટલાક લોકો કહે છે કે ગરીબ બેકાર લોકોનેજ શા માટે દરબાર કરવા જોઇએ? આવા માણસોની કલ્પના એવી હોવી જોઇએ કે જે પ્રમાણે માંકડ માણસને દરિયાવાસમાંથી ... જડમુળથી ઉખેડી નાખવામાં આવે છે તે પ્રમાણે દરેક માણસને ઘરમાં ગોંધી રાખવા જોઇએ જે બોલીમાં તમે જન્મ્યા હતા તે બોલીની બહાર શા માટે જાઓ છો? ઘર મુકીને રસ્તાપર પણ શા માટે આવો છો? તમે જે પ્રમાણે ભુલોકના બાળક છો તેજ પ્રમાણે સ્વર્ગ લોકના બાળક પણ છો બલ્કે તમે સ્વર્ગ રૂપજ છો તમે જ્યાં જાઓ ત્યાં તમારૂં ઘર છે એકજ જગ્યાએ તમારે ગોંધાઇ રહેવાની જરૂર નથી હિંદુસ્થાન દેશપણ આજે જગતને છોડી એકલો રહી શકશે નહિ પૂર્વે એવો એક કાળ હતો કે જ્યારે હિંદુસ્થાન અલગ તથા ઇરાન અને મિસર અલગ થઇ શકતા હતા પણ આજે બાષ્પ (વરાળ) અને વિદ્યુતની મદદથી દેશકાળના બંધન શિથિલપ્રાય થયા છે અગાઉની માફક સમુદ્ર અટક (પ્રતિબંધ) તરીકે રહ્યો નથી પણ રાજમાર્ગ બની ગયો છે પ્રાચીન કાળના દેશો તે આજે શહેરો બની ગયા છે અગાઉના શહેરોને લોકો આજે માત્ર રસ્તા ગણી કહે છે માટે હવે સ્વગૃહ વિષેની કલ્પના વિસ્તૃત કરવાનો સમય આવી પહોંચ્યો છે! સૃષ્ટિ અને ઇશ્વરના બાળકો! સઘળા દેશોપર તમારો એક સરખો જ હક છે સઘળી માનવજાત તમારાં ભાઇબહેન છે હિંદી પ્રજાને મળે ચાખો ભિખારીઓનો જે બોજો ઉઠાવવો છે તેમાં વધુ ભાર કરવાને બદલે સમાજના

जाणवा जोग

૧ હાથી કેમ સુંઘે છે

લોકોનો એક મોટો વિચાર એવો છે કે હાથી તેની સુંઢની મારફતે કોઈપણ ચીજની વાસ લઈ શકે છે પણ વાસ લેવાના કામને માટે એ સફાઈદાર જાનવરની લાંબી સુંઢ કદાપિ ખપમાં આવતી નથી મી૦ ' એચ હાસ નામનો એક લખનાર એ વીશે લખતાં જણાવે છે કે એક નાકાને તમે નસકોરાનું નામ આપો તો હાથીને માત્ર એકજ નસકોરુ છે, કે જે તેના માથામાં આવેલા હવાના માર્ગોમાંથી નીચે લંબાઈ, ઉપરના તાળવામાં જરા આગલી બાજુથી બાહેર આવે છે તેની સુંઘવાની શક્તિના સઘળા જ્ઞાનતંતુઓ એજ નાકા અથવા નસકોરામાં છે અને જો કાંઈ ચીજ તે સંભાળથી સુંઘવા માગતો હોય તો પોતાની સુંઢ વડે એ તાળવાના નાકા આગળ લાવી તે સુંઘે છે

૨ ઠંડામાં ઠંડી રાજધાની

' સેંટ પીટર્સબર્ગ જે રુશીયાના મુલકનું પાયતખ્ત શેહેર છે તે આખા યુરોપની રાજધાનીઓમાં સખત ઠંડીની બાબતમાં સરસાઈ ભોગવે છે આખા વરસની ગરમીનો આસરો ફેરનહીટની પાત્રીસ ડીગરી સુધીનો રહેછે શીયાળાની ઠંડીનો ભાગ સખ્ત પડેછે, કેટલીક વેળા તો પારો મીંડાથી પણ પચાસ ડીગ્રી નીચે જાયછે । તો પણ ત્યાંની હવા સ્વચ્છ અને ખુશનુમાજ ચાલુ રહેછે ઉનાળો પણ રોશનીવાળો, અને ગરમ રહેછે તે વેળાનું માપ ૯૮ ડીગ્રી સુધીનું પણ જણાય છે છતાં તે પછીની વસંતઋતુ ઘણી સરદીવાળી અને નાપસંદ દાખલ થાય છે ત્યાંની નીવા નદી, જે લંડનની ' ટેમસ નદીથી પણ પોહોળી છે તે ઝડપથી વેહેતી અને બીલોરના જેવી સ્વચ્છ રહેછે, અને અકટોબર મહીનાની આખરથી તે એપ્રીલની આખર સુધીતો તે પર બરફનું જાડું પડ બંધાયલું રેહેવાથી તે ઉપર ત્યાંના રેહેવાશીઓ ચાંદનીમાં તરેહવાર રમતગમતો કરેછે

૩ ઘરડા નીશાળીઆ

કેટો—જ્યારે તે ગ્રીક ભાષા ભણ્યો ત્યારે ઘરડો ખખ હતો

શેખસાદી—પોતાની ઉમરનાં ૪૩મા વરસથી શીખવાનું શરૂ કીધું

માઈકલએન્જેલો—તેણે ૭૦ વરસની ઉમરે કહ્યું કે "હું હજુતો ભણવા જાઉં છું

જોન કેમ્બલ—હેમલેટ (Hamlet) નામની ચોપડી ૩૦ વાર ભણી રહ્યા પછી બોલ્યો "હવે હું જરાતરા સમજવા લાગ્યો છું"

[illegible]—[illegible] અને [illegible] હતા બોલી કે "સઘળી [illegible] હું હમણાં શીખું છું।

સુધારણાના જમાનામાં નિરાશ્રિતો, રોગી અપંગ કે ગુનેગારોને મદદ કરવાની કોઈ યોજનામાં તે પૈસા વાપરે તેટલું વધુ ભલું છે। હા, મ્હારી દૃઢ માન્યતા છે કે તમાકુ પીવી એ પૈસાની ભયંકર પાયમાલી છે

વાહ તે પહેલો રહ્યો ! પછી સુરે બોલ્યો, અને તેમાં કાંઈક સત્ય પણ છે માટે તે કબુલ રાખવો જોઇએ મહેરબાની કરી આગળ ચલાવો !

બીજે બાળાએ આગળ ચલાવ્યું, મેં આ વિષય ઉપર ઘણું વાંચ્યું છે અને મારી ખાત્રી છે સારા સારા ડાક્ટરો એકમતે કહે છે કે તમાકુ પીવાથી તંદુરસ્તીને નુકશાન થાય છે તમાકુમાં નીકોટીન નામનું ઝેરી સત્વ રહેલું છે અને કેમીસ્ટ તમને કહેશે કે આખા કાર્બોલીપીવામાં નીકોટીન કરતાં વધારે ભયંકર ઝેર પ્રસીક એસીડ છે દરેક મનુષ્ય જાણે છે કે તમાકુ દેહની ઘણી ખરાબી કરે છે લોહીને પાતળું કરે છે અને જ્ઞાનતંતુની પાયમાલી કરે છે પહેલવાનોને કેળવવામાં આવે છે ત્યારે તેમને તમાકુ પીવાની મનાઈ હોય છે અને ખાતો સખત નિયમિતપણું જાળવવામાં આવે છે હવે જો તમાકુ પીવામાં નુકશાન ન હોય તો દુનિયામાં આવો એક અખતો કાયદો શા માટે હોય ? મ્હારી તો ખાત્રી છે કે તમાકુ પીવાથી તંદુરસ્તીને નુકશાન છે

" બીજા નંબરનો રહ્યો ! ચાર્લી ફ્રાંસીસ બોલ્યો ખાંડીઆ ! હું કહું ? આપણી ટીમ ચાલી શકશે નહિ

અપૂર્ણ.

साहित्य.

कवित

विषहीकी भुमिमांहि विषके अकूर भये,
नारी विष वेली बढी नख शिश देखिये,
विषहीके जर मूल विषहीके डार पात,
विषहीके फूल फल लागे जु विसेखीये;
विषके ततु पसार उरझाइ आटी मार,
सब नर वृक्ष पर लपटेही लेखिये,
सुंदर कहत कोउ सत तरु बचि गये,

तिनके तौ कहु लता लागी नहि पेखिये

सुदरदास

धन हित धाय धाय धाम धाम धध कियो,
दियो नहि दान दु ख दागते दहानो हे,
कलमकी काती करि कटि केते केते काध,
आध अज्यो चेत भव वारिध वहानो हे,
खरच्यो ना खायो ना खेर खुशी पायो ना,
गोविद गुण गायो ना चलत चहानो हे,
आदित कहत आयो मूठी मजबूत वाधि,
पाछे पछतायके पसार पुनि जानो हे

रविराम

सवैया

सत प्रेम प्रेम परिब्रह्म, ताप सीतहु तन तावे,
स्वामि धर्मके सूर, प्रेम परि अग कटावे,
सती श्यामके प्रेम अग अगनीमे जारे,
यहें रीतसें प्रीत, सोय भावीक विचारे,
साधन विशेप सो सो सरे, चित अनुमान द्रढाइये
सिद्धा बदत सागर सुनो, प्रेम नेम यो पाइये

मेरामण

चितोडनो घेरो

(ગતાંકથી ચાલુ)

નહિ તમા હજુ ગ્યાબેર તરિકેના ફકરાની છાપાનુ છે મારી પુત્રી સાથે વાત

કરવાની તક મળવા પહેલા તમારે તે કલંકથી મુક્ત થવુ જોઇએ '

મારી પ્રમાણીકતાને માટે આપને શક છે ? '

તમારી પ્રમાણીકતા માટેની મારી પાસે કાઇ જામીનગીરી નથી અને તેથી આટલા વખતની તમારી ગેરહાજરી કાઇ કપટયુક્ત નહાતી એવુ જ્યાસુધી તમે જણાવી શકયા નથી ત્યાસુધી હુ તમાને દગાખાર કરતા બીજી કાઇ સારી ઊપમા આપી શકતો નથી

આવતા કૃષ્ણપક્ષ પહના મોગલ રાજ્યના ક્ષમાની એક રજ્યા હુ ખાતી પાડુ તો આપ મને વિશ્વાસુ ગણશો ?

મુસલમાન બાદશાહનો નાશ તમને તમારા દેશબાંધવોના તેમજ મારા પોતાના વિશ્વાસ પાત્ર બનાવશે

તે રાજપુત અકબરની છાવણીમાં પાછો ફર્યો તેની ગેરહાજરી ત્યાં જાહેરમાં આવી ગઇ હતી તેને બાદશાહ પાસે બોલાવી જવામા આવ્યો. બાદશાહની હજુરમા દાખલ થતાજ અકબરે તેના મ્હોપર તીવ્ર અને માર્મિક દ્રષ્ટિ ફેરવી પણ તે જરાયે ક્ષોભ પામ્યો નહિ

રાજપુત યોદ્ધા ! ' બાદશાહે કહ્યુ ગયરાત્રે તમે છાવણીમાથી કેમ હાજર હતા તમારી ગેરહાજરીનુ શુ કારણ ?

" બાદશાહ સલામતનુ ભલુ કરવુ તે

કાયદાનો ભગ કરવાથી કાઇ બાદશાહનુ ભલુ થઇ શકતુ નથી

આપ દેશના દુશ્મનોના ભલાને માટે કીલ્લામા પ્રવેશ કરીને મે જાસુસનુ નિર્દય કામ કર્યુ છે "

બાદશાહ એક પળસુધી શાંત રહ્યો પણ તપાસની અદ્દભુત અસરવાળી તેની દ્રષ્ટિ દગાખાર ઊપર ફેરવી હતી તમે શુ બાતમી લાવ્યા ? છેવટે તેણે પુછયુ

બાતમી એવી મળી છે કે રાજપુત સંઘમાંના કટલાક વીણી કાઢેલા શુરવીરો આવતી કાલે સવારમા કેસરીયા કરી રણુજંગમાં ઊતરવાના છે સરદારનો એવો નિશ્ચય છે કે દરેક જણે મરી ખુટવુ પણ વશ ન થવુ અને બાદશાહનો જીવ લેવા તેણે એક છુપો માર્ગ યોજ્યો છે "

છુપો મારો ક્યાં હશે તે તમે જાણો છો ?

બાદશાહી છાવણીમાજ

અકબર આ નિર્માલ્ય યુક્તિથી ઠગાય તેવો નહાતો મનુષ્ય સ્વભાવ વિશે તેને ઘણી સારી પરીક્ષા હતી અને તેથી પોતાના દેશના દુશ્મનના ભલામાટે કાઈ માણસ કાઇ પણ સ્વાર્થી ઉદ્દેશ સિવાય ફક્ત ઊદારપણે પોતાની જીંદગી જોખમમા નાંખે એ વાત તે માની

શક્યો નહિ છતા તેણે પોતાનો ચક્ર છુપાવી રાખ્યો અને તે રાજપુત જે સૌરો તીરંદાજ કહેવાતો હતો તેને પોતાનુ તીર કામઠુ લેઇ પોતાની સાથે દુશ્મનોના કીલ્લા આગળ આવવા કહ્યુ બાદશાહે પોતાની સાથે ફક્ત થોડાજ માણસો લીધાં હતા અને બાદશાહ પછવાડે તેનો ઘોડો દોરી લઇને સાઇસ ચાલતો હતો

કીલ્લાથી તેઓ તીરવા છેટે હતા ત્યારે દુશ્મનોની ટોળીને આટલી બધી નજીક જોઇ હુમલાની તે શરૂઆત છે એમ ધારી રાજપુત સૈનિકો કોટ ઉપર એકઠા થયા અને તે એકઠા થયેલામા સરદાર જયમલ પોતાના કદાવર અશ્વને લીધે તરી આવતો હતો

હવે ' અકબરે રાજપુતને કહ્યુ 'તમે મને હમણા જે બાતમી આપીછે તે સત્ય છે એવુ સામેના સરદારના માથામા તીર મારીને સાબીત કરી આપો '

રાજપુત તેમા સમત હોય તેમ જણાયો અને બાદશાહી ઘોડાને ઝાલીને ઉભેલા સાઇસ તરફ ધીમે પગલે ગયો આથી કરીને તે હવે બાદશાહી ટોળકીની લગભગ સીધી લીટીમા આવ્યો આ માણસ પાસે ઉભો રહી રાજપુતે પોતાની કમાનપર એક તીર ચડાવ્યુ અને કોટ ઊપર તાક્યુ અકબર અને તેના માણસોની દ્રષ્ટિ જે માણસને દરેક જતી પળમાં તીર મ્હારવાની તેઓ આશા રાખતા હતા તેના તરફ વળેલી હતી તેવામા રાજપુતે એકદમ ફરી જઇ તે તીર બાદશાહ તરફ છોડ્યુ તીર તેનો ખભો વીંધી હાડકામા જઇ ચ્હોટ્યુ રાજપુતે પોતાની કમાન ફેંકી દીધી કટાર ખેચ્યો અને ઘોડો ઝાલી ઉભેલા સાઇસની છાતીમા ભોકી દઇને ઘોડા ઊપર ચડી ગયો ઘોડાની બાજુમા જોરથી એડી મારતાજ તે કુદ્યો અને વિજળીની ત્વરાથી કોટ તરફ દોડાવી ગયો

સરદારો આશ્ચર્યવત્ થઇ ઉભા રહ્યા અકબરના દ્રષ્ટિપાતમા અધિકપણુ જણાતા હતા પણ તે કાઇ ન બોલ્યો અને સન પાછા છાવણીમા આવ્યા વાગેલુ તીર કાઇક મુશ્કેલીથી ખેચી કાઢવામા આવ્યુ તોપણ કેટલાક દહાડા સુધી તેનાથી તબુ મ્હાર ન નીકળાયુ પણ એક પખવાડિયામા જખમ રૂઝાઇ ગયો

તે દરમીયાન તે રાજપુત તીર છોડ્યા પછી કોટના દરવાજા તરફ ઘોડો દોડાવી ગયો હતો તેને તરતજ અંદર લેવામા આવ્યો તેના કામની હકીકત સેનાપતિને પહોચાડવામાં આવી અને તેણે તેને તુરતજ પોતાની પાસે બોલાવ્યો

હમણાં હુ મારી પતિના હક્દાર તરીકે આવ્યો છુ- મારા તીરે મહાન બાદશાહને વધી નાખ્યો છે '

તે કપાઇ મુવો છે ?

તે ફરી ઊઠે એ અશક્ય છે

' જે શરતો નક્કી કરી છે તે તમે પૂર્ણ કરી છે એવુ સાબિત કરી આપવામા આવશે ત્યારેજ આપેલ વચન પાળવાનો વખત આવશે

પેરાપલા શહેરમાં તરતજ ખબર મળ્યા કે બાબરનો જખમ રૂઝાતો જાય છે રાજપુતને ફરી સેનાપતિ આગળ બોલાવવામા આવ્યો

' તમારૂ ધારેલુ કાર્ય બજાવવામા તમે નિષ્ફળ ગયા છો ! જયમલ બોલ્યો રાજપુતના બના મળ્યા તેથી મારી શરત હુ રદ કરૂ છુ હવે મારો એવો નિશ્ચય છે કે તમારે તમારી જામણી દગાખોરીની સજા ભોગવવી જોઇયે તમે દેશોદ્રોહી હતા તોપણ તમે જો તમારા દેશનુ વેર વાળવાના કામમા તમારા ગમે તેવા ઉદ્દેશો હોવા છતા સાધનભૂત થયા હોત તો તમારી જીંદગી બચી જાત અને મારી પુત્રી બલિદાન તરીકે હોમાત પણ તમે વિશ્વાસ કરવા યોગ્ય મનુષ્ય નથી અને તેથી મૃત્યુ યોગ્ય છો

તે રાજપુતને તુરતજ ખુરતા બનતાની મુસલમાન છાવણીમા મોકલી આપવામા આવ્યો અને તે સાથે બાદશાહની ઇચ્છા હોય તેવી મ ન દગાખોરને કરે એ મતલબનો પત્ર સેનાપતિ તરફથી લખવામા આવ્યો બાબરે સભ્યતામય પ્રત્યુત્તર સાથે જાપતા માટે આવેલ માણસોને પાછા મોકલ્યા અને એક બાદશાહી હાથી પોતાની આગળ લાવવા ફરમાન કરી દગાખોરને આગળ ઉભા રાખવા હુકમ કર્યો મૃત્યુને હસી કાઢતો હોય તેવા જરાપણ ગભરાટ વિનાના ચ્હેરે રાજપુત આગળ આવ્યો તેણે પોતાના હાથની અદબ વાળી હતી અને બાદશાહ તરફ તિરસ્કારનો એક દ્રષ્ટિપાત ફેંક્યો બાદશાહના હાથની ઇશારત થતાજ માહાવતે હાથીને આગળ ચલાવ્યો અને ગુન્હેગાર પાસે પહોંચતાજ હાથીએ તેને સુંઢવા નીચે રોળી પાડ્યો પોતાનો ભારે પગ તેના શરીર પર મુકયો અને પછીથી તેને કચરી નાખી મૃત્યુવશ કરી દીધો

પ્રકરણ ૨ જુ

ઘેરાનુ કામ હવે વધારે જોસથી ચાલુ થયુ ઘેરો ઘાલનારાના બચાવ અર્થે વપરાતી કે સાબુત નામની રીત જે હિંદુસ્તાનમા મશહુર છે તે રીતથી હલ્લો કરવાનો બાદશાહે હુકમ આપ્યો બાદશાહી ફોજે હવે નીચે પ્રમાણે આગળ વધવા માંડ્યુ — કીલ્લાથી બંદુકની ગોળી પહોંચે તેટલે છેટે જુદી જુદી ટુકડીઓ પોતાની આસપાસ કામચલાઉ ચાલતા કોટ કે જે બને બાજુ ઝાડની ડાળીઓ ગુંથી વચમા માટી ભરીને અથવા પાટીયાના ટાટા ઉપર ચામડુ મઢી લઇ બનાવવામા આવ્યા હતા તે ઊભા કરી દઇ તેની ઓથ ઓથે આગળ વધતા જતા હતા અને કીલ્લાપાસે પહોંચતાજ સુરંગ ખોદતા લાકડાના ઘણા જમીનમા ઉભા કરતા અને તેની સાથે બંધ બાંધી પોતાના માથા ઉપર પાલખ બાંધી દેતા કે જેથી કરી તેની નીચે કાંઈ પણ ભય સિવાય તેઓ સુરંગો ખોદવાનુ કામ કરી શકે સુરંગ તયાર થઇ જતા તેમ તેમ ભરી ઉડાડવાને જમીનમા રહેલી અથવાતો એવી રીતે રાખેલી નીચેની ટુકડીઓ તે જગ્યા તરફ ધસી જતી અને ગાબડુ પડેલ દીવાલ ઉપર હલ્લો કરતી આ વખતે બે તરફના બે બુરજો નીચે એવા પાલખો બાંધી લેવામા આવ્યા હતા અને પાલખ નીચે એકેક સુરંગ ભરવામા આવી હતી

ગમે તે જોખમે અને શ્રમે કીલ્લો હાથ કરવાનો અકબરનો દૃઢ નિશ્ચય હોવાથી સુરંગો ખોદવાનું અને છોડવાનું કામ તે હમેશાં પોતે જાતે તપાસતો હતો. ઘેરાયલા રાજપુતો તરફ કેટલાક ધસારા કરવામાં આવ્યા હતા અને તે ધસારા જોકે બરાબર અનુકુળતા સાધીને તેમજ બળપૂર્વક કરેલા હોવાછતાં મોગલ સેનાની સારી વ્યવસ્થાને લીધે નિષ્ફળ ગયા હતા.

પોતાના બાદશાહની હાજરીથી ઉત્તેજિત થઇને સુરંગોનું કામ કરનારા ઘણાજ ઉત્સાહ અને ખંતથી પોતાનું કામ કરતા અને સૈનિકો પણ રાજપુતના વારંવારના ધસારા સામે ખરા ધૈર્યથી ટક્કર ઝીલતા અને તેથી રાજપુતોનું મરણીયા વૃત્તિનું અપ્રતિહત પરાક્રમ નિષ્ફળ જતું. અકબર પોતાની દૃષ્ટિ ફક્ત અમલદારો ઉપરજ નહિ પણ પોતાની ફોજના દરેકે દરેક સાધારણ સિપાઇ ઉપર પણ રાખતો અને દરેકના શૌર્ય અને ઉત્સાહની પોતે જાતે કદર કરતો તેથી તે પોતાના સઘળા સૈનિકોમાં વ્હાલો થઇ પડ્યા ઉપરાંત દરેક સૈનિક એવા તો ખરા દીલથી પોતાની ફરજ બજાવતો કે તેને મારે દુશ્મનો પણ આશ્ચર્યચકિત થતા.

દરમીઆન મુસલમાનોના આવા ધસારાના દબાણથી તેમજ રાજપુતોના દરેક હલ્લા નિષ્ફળ જવાથી કીલ્લામાં ઘણોજ ગભરાટ વ્યાપી ગયો હતો. સેનાપતિની સ્ત્રી હમેશાં કોટ ઉપર આવતી અને રાજપુતોને ઉત્સાહિત કરતી. કીલ્લા ઉપર ચડી જવાના દુશ્મનોના એક પ્રયાસમાં રાજપુતોના અડગ શૌર્યે તેને પાછા પાડ્યા હતા અને તેમાં તે પ્રભાવશાળી સ્ત્રીએ પોતાને હાથે કીલ્લાની ટોચે પહોંચેલા કેટલાક મુસલમાનોને હડસેલી પાડ્યા હતા. સ્ત્રી જાતિને માટે દુર્લભ ગણાતી કીર્તિ પ્રાપ્ત કરવાને તે આકાંક્ષિત હોઇને તેણે એકજ અસાધારણ સાહસિક કાર્ય કરવા નિશ્ચય કર્યો.

સ્વામીનાથ ! તે બોલી, " દુશ્મનોની છાવણીમાં હું જઇશ અને એક સ્ત્રીનો હાથ તેના હૃદયસુધી પહોંચી શકેછે કે નહિ તેની અજમાયશ કરીશ.

' ભલે ' તેનો પતિ બોલ્યો, દુશ્મનનો નાશ કરવા યોગ્ય સમજ્યતા તને તારામાં જણાતી હોયતો જા. પણ તું શું યુક્તિ કરીશ ?

માત્ર બાદશાહના તખ્તુએ પહોંચવું ત્યારપછી શું કરવું તે સ્ત્રી જાતિનો નિશ્ચયાત્મક સ્વભાવ અને આ મારો હાથ સારીરીતે જાણે છે !

નિશ્ચયવતી રાજપુતાણી પોતાના સર્વોત્કૃષ્ટ સુંદર પોષાકમાં સજ્જ થઇ અને સંધ્યાકાળના અરસામાં દુશ્મનોની છાવણી તરફ ગઇ. હજુ તેનામાં અનુપમ સૌંદર્ય હતું. ચોકીદારે તેને રોકતાં પોતે એક ગાનારી હોવાનું અને પોતાની કળાની ઉત્તમતા મોગલ બાદશાહને બતાવવા ઉત્સુક હોવાનું તેણે જણાવ્યું. તે એકલી હતી અને કોઇપણ સોબતી વિનાની ફક્ત એક સ્ત્રીને છાવણીમાં દાખલ કરવામાં કાંઇ વધારે જોખમ જણાયું નહિ. અકબરને જાહેર કરવામાં આવ્યું કે એક હિંદુ નાયકી તેની આગળ મુજરો કરવા ઇંતેજાર છે અને બાદશાહ કે જે આખા દિવસના અસતત શ્રમ પછી, હમણાં હાથ ધરેલા આ કાર્યમાં કુદરતી રીતેજ જે કાળજી અને ચિન્તાઓથી ઘેરાયલો હતો તેમાંથી છુટો થઇ વિશ્રાંતિ લેવા ઉત્સુક હતો, તેણે તેને પોતા સમક્ષ લાવવા ફરમાન કર્યું. તે જેવી બાદશાહ હજુર આવી કે તુરતજ

તેણીના દમામની કુદરતી ગભીરતાથી અને તેણીના ચ્હેરાની સત્તા ચલાવતી અસરથી અકબર આશ્ચર્યચકિત થઇ ગયો તેણે તુરતજ જોઇ લીધુ કે તેણી કોઇ સામાન્ય નતકી નહોતી અને તેના મનમાં એકદમ દમાનો સશય આવતાં હુકમ કર્યો કે હવે પછી કોઇ પણ વ્યક્તિને—પુરૂષ કે સ્ત્રી કોઇને પણ —ગમે તેવુ બ્હાનુ બતાવે તોપણ છાવણીમા દાખલ થવા ન દેવી

નાર બની બાઇ બાદશાહે કહ્યુ તમારી શુ ઇચ્છા છે ?

મે સાભળ્યુ છે કે બાદશાહ સલામત જે કોઇ તેને આનદ પમાડવામા નસિબવત નીવડે તેને ઉદાર હાથોનવાજનાર પુરૂષ છે મારી સ્વરેદી વીણા ઉપર હુ સારો કાબુ ધરાવતી કહેવાઉ છુ તેથી આપને પ્રસન્ન કરવાની ઇચ્છા મને થઇ આવી છે

વીણા ઘણુ મધુર વાદ્ય છે ! બાદશાહ બોલ્યો આગળ આવી તમારી કળા અજમાવો અને જો તે તમારા સાંદર્ય જેવીજ મોહક હશે તો મને પ્રસન્ન કરવામા નિષ્ફળ થશો નહિ

તે બાદશાહની નજીક આવી અને અકબરે તેને પોતાની જમણી બાજુ બેસાડી વાદ્ય શરૂ કરવા કહ્યુ તોપણ તે વખતે તેણે તેણીના ઉપર તપાસનો એવોતો તિક્ષ્ણ દ્રષ્ટિપાત કર્યો કે પોતાના ઉપર છુપી તપાસ છે એવો ભય રાજપુતાણીના મનમાં ઉદ્ભવ્યો તોપણ તેણીએ જરાપણ ગભરાટ સિવાય પોતાની વીણાના તાર મેળવવા શરૂ કર્યા અને ઘણીજ ઉસ્તાદીથી એક ગાયન ગાઇ બતાવ્યુ બાદશાહ પ્રસન્ન થયો તેણીએ બીજા કેટલાક રાગ રાગણી ઘણીજ બાહોશી અને લાગણીપૂવક ગાઇ બતાવ્યા અને છેવટ બાદશાહના હૃદયની ઊંડાણમા તેની ઘણીજ અસર થઇ પ્રસન્નતાની ધુનમાં તે સાવધાનીનો દોર ચુકો અને તેની બીજી તરફ બેઠાતાજ તેણીએ એક ધણુજ કાતુ પોલાદી ખજર કાઢયુ પણ તેણીના રેસા શીકારના શરીરમા તે પેસે તે પહેલાજ તેનુ કાડુ બાદશાહે પકડ્યુ અને તેણીના માંથી કટાર છીનવી લીધો

તારી વાદકળાની સમાપ્તિ તો ઘણી સરસ ! તીવ્રહાસ્ય યુક્ત બાદશાહે કહ્યુ

હુ નિષ્ફળ થઇછુ કાંઇપણ ગભરાટવિના શુરી ક્ષત્રાણી બોલી અને પરિણામ માટે હું તૈયાર છુ બાદશાહ ! હુકમ કરો હુ મરવાને તૈયાર છુ સજાનો તોલ બાંધ્યા વગર મે આ પ્રયત્ન કર્યો નથી કમે ત્યારે મ્હારૂ મ્હોત થશે તેની મને દરકાર નથી તમે જુઓ કે મને ગમે તેવુ દુખ આપો તે હુ હેશે સહન કરૂ છુ અને તમે જે દુશ્મનને હરાવવા પ્રયાસ કરોછે તેઓના શાૈર્ય સબધે કાંઇક ખ્યાલ લાવવા એક મર્ણમુખમાં ઊભેલી સ્ત્રીનુ ખરી ખાત્રીનુ કહેવુ માનજો કે સામેના કીલ્લાની અદર એક પણ એવો મનુષ્ય નથી કે જે પોતાના દેવોને ધિક્કારનાર—ધર્મદુશ્મનો ઉપર વેર લેવામા બહાદુરીથી મૃત્યુમુખમા ઝપલાવતા અચકે ખાવ !

અકબરે કાંઇ જવાબ ન આપ્યો પણ એક ખાલી તબુમા તેણીને સખત ચોકી પહેરા

નીચે રાખવાનો હુકમ કરીને બીજે દીવસ સવારે તેણીને ચીતોડના દરવાજા પાસે પહોચાડી અને છાવણીમાથી વિદાય કરતા તેણીને કહ્યુ કે મોગલોના બાદશાહ સ્ત્રીઓ સાથે લડાઇ કરતો નથી અભિમાની રાજપુતાણીના મન ઉપર પોતાની નિષ્ફળતાને માટે અને બાદશાહના મોટા મન માટે ઘણીજ ઊંડી અસર થઇ અને તેમ છતા પોતાની જીદગીના જોખમે પણ તેને ગમે તે પ્રકારે મરણશરણ કરવાનો પોતાનો નિશ્ચય તે ફેરવી શકી નહી તેની સેના ના માટે અદ્ભુત હતી અને તે પોતે એટલો બધો કીર્તિમાન શાથી હતો તેને માટે તેણી હવે આશ્ચર્ય પામતી નહોતી અને તેને ઘેરો ઉઠાવી લેવાની ફરજ પાડવાની તેણીની આશાઓ આ પગથી અદ્રશ્ય થવા માંડી અપ્રતિહત શૌર્ય અને મૃત્યુ પ્રત્યેની નિર્ભયતા એ બે સદ્ગુણો કે જે એક શુદ્ધ ક્ષત્રીના આભુષણ ગણાય છે તે તેણે અકબરમા જોયા હતા અને આ સદ્ગુણો કે જે દરેક બ્હાદુર માણસમા સાચા પણે રહેલા હોયછે તે ઉપરાત તેનામા કાઇક ઇશ્વરદત્ત વિશેષતા હતી એમ તેણીને લાગ્યા વિના રહ્યુ નહિ તેણીએ પોતાના પતિ જયમલને પોતાનો ભય કહી બતાવ્યો કે આવા અસાધારણ મનુષ્યની સરદારી તળેના દુશ્મનોની ઉપર ફતેહજ મેળવી જોઇએ ' પણ આપણે આપણા કીલ્લા ઉપરજ લડતા લડતા મરી શકીશુ ઉત્સાહ પુર્વક તેણીએ કહ્યુ " અને જ્યારે પણ તેમની ફતેહ થશે ત્યારે તે ઇતીહાસમાંના ઘાતકી વૃતાત તરિકે હમેશને માટે નોધાઇ રહેશે

' પ્રિયે ! " જયમલે કહ્યુ આપણે હજુ નિરાશ થવાનુ કાઇ કારણ નથી આપણુ રક્ષણીય સૈન્ય હજી બળવાન અને એક નિશ્ચયવાળુ છે આપણી પાસે લગભગ પાચ મહિના ચાલે તેટલો ખોરાક છે અને તે સમય પહેલા તો ચીતોડના ધણી મુસલમાનો થશે કે હિંદુ ઓ રહેશે તેનો નિર્ણય થઇ જશે

સ્વામીનાથ ! પોતાનો જીવ લેવાનો પ્રયત્ન કરનારનો જીવ ન લેતા તેણીને તેણીના મિત્રો પાસે જેણે સહીસલામત પહોચાડી તે કાઇ સામાન્ય મનુષ્ય ન કહેવાય પ્રતાપીસર્વોત્તમ કવાયદી સેનાનો સરદાર અકબર ગણાય છે છતા તેની ફોજની સંખ્યા કે બ્હાદુરી કરતા તેની પોતાની ઉદારચરિતતાથી આપણે વધારે બ્હીવાનુ છે આવા પ્રતાપી દુશ્મનનો દુનિયામાથી અસ્ત કરવામા આ હાથ નિષ્ફળ ન ગયો હોત તો મ્હને કેવી અક્ષય કીર્તિ પ્રાપ્ત થાત !

હુ તેની ઘણીજ પ્રસશા કરે છે

તેની જેટલી પ્રસશા કરૂ તે પ્રસશાને માટે તે લાયક છે તેમજ તેના તરફ જેટલો દ્વેષભાવ ધરાવી શકુ તે દ્વેષભાવને માટે પણ તે લાયક છે સ્વામીનાથ ! તે માણસને બીજી દુનિયામા મોકલવાના બદલામાં જો કાઇ મ્હારી પોતાની અને મારા સતાનોની જીદગી સાટામા માગતુ હોય તો તે પણ આપુ '

બીજે દિવસ સવારે સેનાપતિ અને તેની સ્રી કોટ ઉપર બચાવ કામનુ નિરિક્ષણ કરતા હતાં કારણ કે દુશ્મનોની હીલચાલ ઉપરથી તેઓ એથાર ઘડીમા હુમલો થવાની આશા રાખતાં હતાં અને તે સામે ડહાપણ ભરેલી દુરંદેશી સુચવી શકે તેવી દરેક ગોઠવણ તેઓએ

કરી રાખી હતી કેટલાક નીચા બુરજો આગળ જ્યાં કોટ નબળો હોવાનું જયમલ ધારતો હતો ત્યાં તે બુરજોને પાછળ નવું બાંધકામ કરવા તેણે હુકમ આપ્યો હતો અને અત્યારે તે તે કામ તપાસતો હતો તેવામાં કોટના તળીયા તરફથી એક મોટો ધડાકો સાંભળતાંજ અંદરના સર્વ માણસો ગભરાઇ ગયા ધડાકો એટલો બધો જોરથી થયો હતો કે કોટ ઉપર ઉભેલા સર્વે મ્હાભર પડી ગયા અને કોટની નીચાણમાંથી ઘણોભાગ પડીને માણસો અંદર આવી જઇ શકે તેવું બાકું પડયું તરતજ એક બીજો—આગળના કરતાં મોટો ધડાકો થયો તેનાથી પહેલું બાકું વધારે મોટું થતાં એક બીજું પણ બાકું પડયું તરતજ જણાયું કે દુશ્મનોએ બે સુરંગો ફોડી હતી અને કોટમાં આવીરીતે માર્ગ થતાં દુશ્મનો પોતાની સઘળી ફોજથી એક સાથે હુમલો કરશે એમ ઘેરાયલા રજપુતો ધારતા હતા તેઓ કોટમાં પડેલ બાકારામાં મનુષ્ય શરીરોની દિવાલવડે શહેરનું રક્ષણ કરવા ખીચોખીચ એકઠા થઇ ગયા છતાં જેમ ધારવામાં આવ્યું હતું તેમ દુશ્મનોએ શહેર ઉપર હલ્લો કર્યો નહિ આનું કારણ એક પગને માટે જોકે આકસ્મિત કલ્પનાઓના વિષય રહ્યું હતું પણ તરતજ જણાઇ આવ્યું હલ્લો કરવા માટે તૈયાર રહેલા અકબરના સૈન્યમાંના વીણી કાઢેલા બે હજાર માણસો પહેલી સુરંગ ફુટી ત્યારે બન્ને સુરંગો એક સાથેજ ફુટી છે એમ ધારીને આગળ ધસી ગયા હતા અને તેને બાકારા એકદમ હાથ કરવા માટે તે ટુકડી તુરત બે સરખા ભાગમાં વહેંચાઇ ગઇ હતી સુરંગોમાંની એકજ હજુ ફુટી હતી અને બીજી સુરંગ પાસે જ્યારે ટુકડી પહોંચી કે તુરતજ જમીનના સખત આંચકા સાથે તેઓ આમ તેમ ઢળી પડયા તેઓના પગ નીચે જમીન ફાટી અને સૈનિકોની મોટી સંખ્યા આકાશમાં ઉડી ગઇ ઘણાકનાં કપાતાં ધડોમાંથી હાથપગ ધડોધડ ઉડી ગયા અને અવર્ણનિય ગભરાટનું સ્થળ તે થઇ પડયું મોગલ સેનાના પંદર અમલદારો અને ચારસો ઉપરાંત સૈનિકો આ અકસ્માતમાં માર્યા ગયા

આ અણચિંત્યા અકસ્માતથી હલ્લો કરનારી ટુકડીઓ ઉત્સાહ ભંગ થઇ ગઇ ગભરાટ નરમ પડયો ત્યાંસુધી તેઓ થોભી ગઇ અને આવી રીતે તેમના દુશ્મનોને ત્યાર માટે તૈયાર રહેવાનો વખત મળ્યો ત્યાર પછી તેઓ બાકારાઓ તરફ ઉત્સાહિત હૃદયે તો નહિ પણ હિમ્મતભેર આગળ ધસ્યા પરાક્રમી રાજપુતો તેમનો સત્કાર કરવા માટે તૈયારજ હતા બાકારા હાથ કરવા માટેનો દરેક હલ્લો પોતાના કીલ્લાના બચાવમાટે ગરણીયા થયેલા રાજપુતોએ પાછો વાળ્યો દરેક હુમલામાં મુસલમાનો પાછા પડયા અને ખરેખર શરમભરેલી રીતે તો નહિ પણ હારેલું કલંક વ્હોરીને તેઓ ઘણાજ નિરાશ હૃદયે પોતાની છાવણીમાં પાછા ફર્યા તેઓ હુમલો લઇ ગયા તે પહેલાં અકસ્માત બન્યો તેમાંજ તેમની હારનું કારણ સમાયલું હતું એમ અકબર જાણતો હોવાથી તે જાતે આ નિરાશ થયેલા સૈનિકોમાં ફર્યો તેઓના મંદ પડેલા આત્માઓને ઉત્તેજ્યા અને નવા હુમલાઓ માટે તેમને ઉત્સાહિત કરી મેલ્યા

(અપૂર્ણ)

—∞∞∞✽∞∞∞—

શ્રી જગદંબાના ફોટાઓ ! ! !

ફોટાનુ નામ	સાઇઝ	કિંમત	ફોટાનુ નામ	સાઇઝ	કિંમત
જીર્ણોદ્ધાર	કેબીનેટ	રૂા ।।	ગરુડવાહિની	કેબીનેટ	રૂા ०।।
માતૃસ્વરૂપ		રૂા ।।	રથવાહિની	"	રૂા ०।।
કેદાર પુનર્જિવન	"	રૂા ०।।	રામચંદ્રજીનો અભામખ		રૂા ।।
ચંડમુંડ મર્દિની		રૂા ०।।	મહિષમર્દિની	"	રૂા ०।।
સરસ્વતિ	"	રૂા ०।।	શંકર (દીગંબર)	"	રૂા ०।।
શંકર (કનામ)	"	રૂા ०।।	કોટેશ્વરમાતાના મહાત્મા કાર્ડસાઇઝ		રૂા ०।
શ્રી અંબાજીના ગોખની ફુલસાઇઝ		રૂા ૨	શ્રી અંબાજીના ગોખની કેબીનેટ		રૂા ૧

ખાસ વહેંચવા માટે સસ્તી કીમતે ! ! !

શ્રી અંબાજી અને બહુચરાજીના થાના વર્ણન —

રૂા ૧) ની ૭૫ નકલ રૂા ०।। ની ૩૫ નકલ

આ કરતા ઓછી સંખ્યામા આપવામા આવતી નથી

દેવી ભક્તોમા બહોળા પ્રચારને માટેજ ખાસ !

श्री नवरात्रिनी कथा–(કાચુ પુંઠું) રૂા ૧) ની ૧૦ નકલ

" (પુંઠું જાડુ પત્રીવાળુ) રૂા ૧) ની ૫ નકલ

ઉપરના માલની ફક્ત થોડી થોડી નકલોજ એ બારથી વેચવા કાઢેલી છે માટે ખલાસ થયાપછી મળી શકશે નહિ વહેલો તે પહેલો

श्री शक्तिधर्मोद्धारक समाज चूडा (काठियावाड)

जाहेर खबर

ફક્ત જુજ નકલો બાકી છે

જે સદ્‌ગૃહસ્થોને તેમજ વિદ્યાર્થીઓને સદ્‌વર્તન નામનુ ઉત્તમ જ્ઞાનરૂપ પુસ્તક જોઇતુ હોય તેઓ નીચેના શીરનામે રૂા —૦—૮ ની ટીકીટ મોકલશે તો કાંઇપણ લીધા સિવાય ભેટ મોકલી આપવામાં આવશે આમાથી રૂા —૦—૬ ની ટીકીટ [illegible] અને રૂા ૦—૦—૩ મંડળના લાઇબ્રેરી ફંડમા જશે

લી૦ સેવક

રાયપુર ભાઉની પોળ, અમદાવાદ

નૈષધરાય બાપાલાલ દવે

સ્થાપક, આર્ય યુવક મંડળ

REGISTERED NO B 382

शाक्त प्रकीर्ण ३ अंक ३ जो

હિંદુસ્થાનમાં બહોળો ફેલાવો પામેલું, શક્તિધર્મના તેમજ કાવ્ય સાહિત્ય, કળાકૌશલ્ય, નીતિ, જ્ઞાન, વીગેરે ભરેલું રસમય અને બોધદાયક ચર્ચાતું અને સન્માન પામેલું માસિક પત્ર —

શ્રી અંબિકા વિજય

(દરેક પાનને મથાળે પડે છે)

પુસ્તક ૧૦ મું પોષ, પુર્ણીમા, ૧૯૬૮ અંક ૩ જો



પ્રગટ કરનાર —

ભાગવતાચાર્ય ફુલેરજી રાવળ. શાક્તધર્માચાર્ય

મેનેજર, શ્રી શક્તિધર્મોદ્ધારક સમાજ ચુડા (કાઠીયાવાડ)

(સમાજના ૧ થી ૪ વર્ગ સુધીના મેમ્બરો પોસ્ટેજ અને ભેટ સાથે ૧ રૂ.)

વાર્ષિક લવાજમ અગાઉથી રૂ ૨—૮—૦ ભેટના પોસ્ટેજ સાથે

પાછળથી રૂ ૨—૦—૦ ભેટ વીના છુટક નકલના રૂ ૦—૩—૦

શ્રી લોહાણામિત્ર પ્રિ. પ્રેસ, સુરત

ગઇ અને પતંગીયે અગ્નિના ચમત્કાર કરતા પોતેજ બળી જાય તેમ મહાદેવના કપાળમા રહેલ ત્રીજા નેત્રમાના અગ્નિથી ક્ષણમાત્રમા બળી ગયો આ રીતે વસતની કથા છે અને સવ મનુષ્યે પોત પોતાના ઇષ્ટ પાસે વસતોત્સવ કરવો એ પરપરા છે પોતાના ઇષ્ટ પાસે વૃક્ષોની વાડી કરી વન જેવી શોભા કરી, ગુલાબ અને અબીલથી ચિત્ર વિચિત્ર મડળો કરવાં દેવ આગળ ગુલાલ ઉડાડવો પરસ્પરમા પ્રસાદરૂપ ગુલાલ ઉડાડવો ગીત નૃત્ય વાદિત્ર અને ભજનથી મોટી ધામધુમ કરવી

૬ સ્મૃતિ સમુદ્રમા કહ્યુ છે કે આ સપ્તમીને દિવસ અરૂણોદય સમયમા વિધિ પ્રમાણે સ્નાન કરવાથી સૂર્યગ્રહણમાં કરેલા તીર્થસ્નાન પ્રમાણે પુણ્ય થાય છે અને આયુષ્ય આરોગ્ય સપત્તિની વૃદ્ધિ થાય છે આ સપ્તમીનુ નામ રથસપ્તમી અચલાસપ્તમી અને પુત્રસપ્તમી છે અને તે તે વ્રતોની જુદી જુદી વિધિ છે

૧ **રથ સપ્તમી** છઠ્ઠને દિવસે દિવસમા મૌન રાખી તેલવિનાના અન્નનુ એકવાર ભોજન કરવુ દીન અધ તથા અનાથોને ભોજન કરાવવુ રાત્રિએ બ્રાહ્મણો સમક્ષ વ્રતનો નિયમ ` સાતમના રોજ અરૂણોદય પહેલા ઊઠી યથાશક્તિ સુવર્ણ રૂપુ તામ્ર કે મૃત્તિકાના પાત્રમાં કુસુંબાથી રંગેલી વાટવાળો તેલનો દીવો કરી મસ્તક પર લેઇ સૂર્યનુ ધ્યાન ચાયના કરી નદી વિગેરે જળાશયમા તે દીવો મુકી દેવો અને પછી સ્નાન તર્પણાદિ કરવાં ઘેર આવી એક સુંદર રથ તૈયાર કરવો પુષ્પમાળાથી તેને શણગારવો રથને મડપમા સ્થાપી સૌરસૂક્તનો પાઠ કરી સ્વસ્તિવાચન કરવુ રથમા સૂર્યની સુવર્ણની મૂર્તિ સ્થાપી તેમની અને સારથીની પૂજા કરવી નૈવેદ્ય ધરાવવુ વાચના કરવી રથ પાસે ગીત નૃત્ય વાદિત્રોથી ઉત્સવ કરવો રાત્રીએ જાગરણ કરવુ સવારમા પોતાના ઘરથી સૂર્યના મદિર સુધી રથયાત્રા કરવી ત્યા જઇ આચાર્યને રથનુ અને રાતી ગાયનુ દાન કરવુ

૨ **અચલા સપ્તમી** ઊપરની રથ સપ્તમીની વિધિમા જણાવ્યા પ્રમાણે જળાશયમાં દીવો તરતો મુકી દીધા પછી ત્યાજ જળાશયને કિનારે કેસરી ચદનથી અષ્ટદલ કમળ કરી મધ્યમા પ્રણવયુક્ત સદાશિવનુ અથવા માયાબીજ યુક્ત જગદભાનુ અને પૂર્વદલથી ક્રમે કરી રવિનુ ભાનુનુ વિવસ્વાનનુ ભાસ્કરનુ સવિતાનુ અર્કનુ સહસ્રકીરણનુ અને સર્વાત્મકનુ યથાધિકાર પ્રણવ કે માયાબીજ પૂર્વક તે તે નામમત્રોથી આવાહન કરી ષોડશોપચાર પૂજન કરવુ અને પછી જળમા વિસર્જન કવુ ઘેર આવી તામ્રપાત્રમા તલના પિષ્ટને ગુડ તથા ઘ્રત સહ સ્થાપી તેમા સુવર્ણનું તાલપાત્ર સ્થાપી તેને રાતાવસ્ત્રથી આચ્છાદિત કરી ચદન પુષ્પાદિથી પૂજા કરી બ્રાહ્મણ દ્વારા તેને ચલિત કરી બ્રાહ્મણને આપી દેવુ ત્ય મહિમા સૂચક કથાઓનુ શ્રવણ કરવુ પાખડી અને નીચ લોકો સાથે ભાષણ ન કરવુ ઉપવાસ કે એકાહાર કરી વ્રતને બીજે દિવસ બ્રહ્મભોજનાદિ કરી સમાપ્તિ કરવી

૩ **પુત્ર સપ્તમી** આદિત્ય પુરાણમા કહ્યુ છેકે એ દિવસે ઊપવાસ કરી ? કોઇ મનુષ્ય સૂર્યનારાયણની વિધિપૂર્વક પૂજા કરે છે તેને ઘેર સૂર્ય દેવ પુત્ર ફળ આપે છે આ સપ્તમીથી આરભી એક સવત્સર સુધી પ્રત્યેક માસની બન્ને સપ્તમીને દિવસે આ વ્રત કરવાથી પુત્રફળ

થાય છે છઠને દિવસ છતેન્દ્રિય રહી નીચ લોકોના સંસર્ગને છોડી, ઉપવાસ કરી શ્વેત પુષ્પો તથા શ્વેત ચંદનાદિ ઉપચારોથી સર્વનું પૂજન કરી રાત્રિનું ભૂમિ શયન કરવું સાતમીને દિવસ પ્રાતઃકાળમાં સ્નાનાદિ નિત્ય ક્રિયાઓ કરી લઇ સર્વનું પૂજન કરી વ્રતના સકામ કે નિષ્કામ સંકલ્પ સાથે ઉપવાસ કરવો તથા અગ્નિ હોત્રમાં હોમ કરવો પોતે અગ્નિહોત્રી ન હોય તો યથાશાસ્ત્ર અગ્નિ સ્થાપન કરી ઘૃતથી સૂર્ય મંત્ર વડે ૧૦૮ આહુતિઓ દેવી દહીંભાતથી અથવા દુધપાકથી બ્રાહ્મણોને યથાશક્તિ જમાડવા કૃષ્ણ પક્ષમાં પૂજન વિધિમાં રક્ત પુષ્પો અને રક્ત ચંદન વાપરવાં

देवी तत्व दीवाकर

(ગતાંકથી ચાલુ)

હવે આ અંધક શંકરનો પુત્ર શીરીતે થયો તે કહેવું જોઇએ એક વખત કૈલાસમાં સતીએ મસ્કરીમાં પોતાના કોમળ કરપંકજ વડે શંકરનાં નેત્ર ઢાંકી દીધાં તેથી નેત્રમાં ગાઢ અંધારૂ થઇ ગયું અને નેત્રની ગરમીથી સતીના હાથમાં પસીનો ઉત્પન્ન થયો તેથી મદનું જે જળ થયું તેમાંથી ગણ ઉત્પન્ન થયો તે ભયંકર વિકાળરૂપ આખા મસ્તક ઉપર કેશવાળો ગાતો હસતો નાચતો અને રૂદન કરતો ઉત્પન્ન થયો તેણે મેઘ સરખા ગંભીર નાદથી દીશા આકાશ અને પાતાળ ગજાવી મુકયાં આથી નેત્ર વીંચી ગયેલા શંકર હસીને બોલ્યા કે સતી તમે મને કેમ બીવરાવો છો? ત્યારે સતીએ નેત્રપરથી હાથ લઇ લીધા એટલે શંકરે અંધકાસુરને દીઠો તે અંધારામાંજ ઉત્પન્ન થયેલો હતો તેથી તેને નેત્ર નહોતાં સતીએ અંધકને જોઇ પુછ્યું કે ' પ્રાણનાથ! આ કોણ છે? કોનો પુત્ર છે? અને આને ઉત્પન્ન કરવાનું કારણ શું છે?

શંકર બોલ્યા કે સતી! તમે મારી આંખો બંધ કરવાથી તેમાં થયેલ અંધકારમાંથી તે ઉત્પન્ન થયોછે માટે આને ઉત્પન્ન કર્તા આપણ બંને છીએ આ મહા પરાક્રમી થશે આપણે તેની રક્ષા કરવી જોઇએ

શંકરના વચન સાંભળી સતી પ્રસન્ન થયાં હતાં અને તેને પુત્રવત્ ઉછેરી મોટો કર્યો અને હિરણ્યાક્ષની માગણીથી શંકરે તેને તે પુત્ર આપ્યો

હવે બ્રહ્માથી ઉત્પન્ન થયેલા સ્વાયંભુવ મનુ સૃષ્ટિ કરવાની શક્તિ મેળવવા પોતાના પીતા બ્રહ્માની સેવા કરતા હતા તેમને બ્રહ્માએ દેવીનું આરાધન કરવા પ્રેરણા કરી તેથી આદિમનુએ અનેક પ્રકારના તપથી દેવીને રાજી કર્યાં અને તેમની અનેક પ્રકારે સ્તુતિ કરી તેથી જગદંબાએ પ્રસન્ન થઇ તેમને નિર્વિઘ્ન સૃષ્ટિ થઇ શકશે એવું વરદાન આપ્યું

દેવીનું વરદાન મેળવ્યા પછી મનુ પોતાના પિતા પાસે આવ્યા અને સૃષ્ટિનો આરંભ કરવા માટે સ્થળની માગણી કરી હવે તે વખતે પૃથ્વી આકસ્મીક પ્રલયથી જળમાં ડુબી પાતાળમાં ગઇ હતી તેથી તેઓ મરીચી આદિ મુનિવરો સાથે તે સંબંધે વિચાર કરવા લાગ્યા તેવામાં બ્રહ્માની નાભિકામાંથી એક આંગળ જેવડો સુવર નીકળ્યો અને સહુના જોતા છતાંજ તે

આકાશમા ઉભેલો સુવર ઘડી માત્રમા હાથી જેવડો થઇ ગયો

આ વાત મોટા આશ્ચર્યરૂપ થઇ પડી મરીચી અને સનક આદિ મુનિવરોથી વિંટાયલા બ્રહ્મા કલ્પના કરવા લાગ્યા કે ' સુવરના મિષથી આ કયુ મોટુ દિવ્ય ભૂત આવેલુ છે આ મારા નાકમાથી નિકળ્યું એ ભારે આશ્ચર્ય થયુ છે પ્રથમ તો આ સુવર અંગુઠાના માથા જેવડો જોવામા આવ્યો અને ક્ષણમાત્રમા મોટા પહાડ જેવડો થઇ ગયો રખેને શ્રી જગદબાની માયામા રમતા વિષ્ણુ ભગવાન હોય ! "

આ પ્રમાણે બ્રહ્મા તર્ક કરતા હતા તેવામા તેમની આગળ પહાડ જેવડા વરાહ ભગવાને ગર્જના કરી દિશાઓને ગજાવી મુકી જન તપ અને સત્ય લોકમા રહેનારા તે મોટા દેવતાઓ અને બ્રાહ્મણો પોતાના ખેદનો ક્ષય કરનારી તે વરાહની ઘુઘવાણી સાભળીને ૠગ્વેદ સામવેદ અને અથર્વવેદના છદોમય ઉત્તમ સ્તોત્રોથી અને નયનોથી તે આદિ પુરૂષની સ્તુતિ કરવા લાગ્યા વિષ્ણુ ભગવાન તેઓએ કરેલી સ્તુતિઓ સાભળી કૃપા—કટાક્ષથી તેઓપર અનુગ્રહ દેખાડી જળમા પેઠા વરાહજી અદર પેસતા તેમની ક્રુર કેશવાળીની પછાટથી પીડાયલો સમુદ્ર બોલ્યો કે હે શરણાગતની પીડાના ક્ષય કરનારા દેવ ! મારી રક્ષાકરજો એ પ્રમાણે સમુદ્રનુ વચન સાભળી વરાહજી જળચરોને ચીરતા ચીરતા જળની અદર ઉડા ગયા ત્યારે કોર દોડતા અને પૃથ્વીને શોધતા એ સર્વેશ્વર વરાહજીએ ધીરે ધીરે સુધી સુધીને પૃથ્વીને શોધી કાઢી તે સમયે તેણે જળનીઅદર રહેલી સર્વ પ્રાણીઓના આશ્રયરૂપ પૃથ્વીને પોતાની દાઢથી ઉપાડી લીધી પૃથ્વીને દાઢની અણીમા ઉપાડીને આવતા યજ્ઞ પુરૂષ વિષ્ણુ ભગવાન જેમ કમલિનીને ઉપાડીને દિગ્ગજ શોભે તેમ શોભવા લાગ્યા મનુસહિત દેવતાઓના સ્વામી બ્રહ્માએ દાઢની પૃથ્વીને ઉપાડીને આવતા ભગવાનને જોઇ તેમની અનેક પ્રકારે સ્તુતિ કરી તેના પ્રત્યુત્તર રૂપે લીલા પૂર્વક તેમની સામે જોવારૂપ ભગવાને અનુગ્રહ બતાવ્યો

હવે આ પ્રમાણે વરાહજી પૃથ્વીને પોતાની દાઢની અણીપર લઇ આવતા હતા તેવામા હિરણ્યાક્ષ નામનો મોટો દૈત્ય જે પાતાળનો અધિપતિ હતો તે તેમને પૃથ્વીને લઇ જતા જોઇ તે પડાવી લેવા માટે રસ્તો રોકીને ઉભો દૈત્ય પાસે પહોચતાજ તેણે વરાહજી પર મહાને પ્રહાર કર્યો કે તુરતજ વરાહજીએ પોતાની દાતરડીવતી તે મોટા દૈત્યને ચીરી નાખ્યો એ દૈત્યના લોહીના ગારાથી ખરડાયલા વરાહજી ભગવાને રમતાં રમતાં દાઢવડે પૃથ્વીને લાવીને જળ ઉપર સ્થાપી અને પછી પોતાના સ્થાનકમા ગયા

હિરણ્યાક્ષના મરણ પછી તેની ગાદીએ તેનો પુત્ર અંધક બેઠો પણ તેનો કાકો હિરણ્યક શિપુ મહા બળવાન હતો તેમજ તેણે પ્રથમ બ્રહ્મા ઉપર મહાન તપ કરી પોતાનુ મરણ શસ્ત્ર અસ્ત્ર શુષ્ક કાષ્ટ વૃક્ષ પર્વત પશુ અગ્નિ વાયુ કે બીજી ચીજથી તથા સ્વર્ગમા પાતાળમા કે પૃથ્વી ઉપર અને દિવસે રાત્રીએ કે બપોરે ન થાય એવુ વરદાન મેળવ્યુ હતું તેથી તે મત્ત થયેલો હતો તેણે અંધકને ગાદીએથી ઉઠાડી મુકો અને પોતે રાજ્ય કરવા લાગ્યો અને અંધક પણ શોકાતુર હૃદયે શ્રી સદાશિવની ઉપાસના કરવાના નિશ્ચયથી ત્યાથી ચાલી નીકળ્યો

અપૂર્ણ

મિત્રનુ હૃદય —

એક લેખક લખે છે કે "તુટેલી મૈત્રી ચિનાઇ વાસણની પેઠે સંધાઇ શકાય છે પણ તેનો સાંધો હમેશા દેખાય છે" અને તે વચન સત્ય અને ડહાપણ ભરેલુ છે આપણા હિંદિ સાહિત્યમા પણ તેજ મતલબનો એક દોહરો છે જેનુ ચોથુ ચરણ "બિચ ગાઠ પડ જાય" છે એટલે સંધાનાથી પડેલ ગાઠ હમેશા દશ્યમાનજ રહે છે મૈત્રી એ એક અમુલ્ય—એવી અમુલ્ય કે બેદરકારપણે ફેકી દેવા કે તોડી નાખવા જેવી ચીજ નથી 'મિત્ર' શબ્દને જગત્ ફક્ત ઉપલક દ્રષ્ટિએ જુએ છે તેનો ખરો સત્ય અને ઉંડો અર્થ ભૂલી જવામા આવ્યો છે અને એક કલાકની પીછાણવાળાને અથવા આકસ્મિકરીતે પ્રસગમા આવી ચડેલાને જે મત્રામા અમુલ્ય અર્થ રહેલો છે તે સજ્ઞાથી ઓળખવામા આવે છે તમારો મિત્ર એવો હોવો જોઇએ કે જે તમારા દુર્ગુણો તેમજ સદ્ગુણો પીછાણતો હોય— જે તમારી નિષ્ફળતા અને ફતેહો—તમારા ઉદ્દેશો અને લક્ષો— તમારા આનદો અને તમારી લાલસાઓ— તમારી આશાઓ અને નિરાશાઓ—એ સવ બીજા સર્વ કરતા સારી રીતે સમજતો હોય અને બીજા કોઇથી ન બની શકે તેટને દરજ્જે દીનસૌજી ધરાવતો હોય મિત્ર કોણ હોઇ શકે કે જેની પાસે સલાહ માટે સુખમાટે અને ઊતેજન માટે જઇ શકો અને મેળવી શકો તે ભલે બીજા મનુષ્યો જેવો વિદ્વાન કે બુદ્ધિવાન ન હોય પણ તે તમારા કહેવાની મતલબ બરાબર સમજે છે અને તમારૂ કહેવુ તે ફક્ત શાતપણે સાભળી રહે એટલાથીજ તમને ઉત્સાહ અને નવી હિંમત આવેછે એટલુજ બસ છે

જેના જીવનમાં આવી મૈત્રીનુ સૌંદર્ય કે શક્તિ આવેલા છે તે પુરૂષ કે સ્ત્રીને ભાગ્યશાળી સમજવા મૈત્રીની કિંમત બરાબર સમજો આવી મૈત્રીને અખડ રીતે જાળવી રાખવા તમારૂ સવ સામર્થ વાપરો તે તુટે નહિ તેની સભાળ રાખો કારણકે જ્યારે તે તુટે છે ત્યારે સહેલાઇથી સાધી શકાતી નથી અને પછી કદાચ સંધાય છતાં તેનો રણકો બોદો વાગેછે અને પરસ્પરની પ્રથમની હૃદયૈક્યતા અને વિશ્વાસ સંપૂર્ણપણે પાછા આવતા નથી

"મહાન વિચારો."

વર્તમાન અને ભવિષ્ય

પરિણામ માટે ચિન્તા ન કરો, એટલે કે ભવિષ્ય માટે ઉત્કંઠિત ન રહો પણ પોતાની જાતમા કાંઇ ખોડ કે દુર્ગુણ હોય તેનીજ ચિન્તા રાખો અને તે દુર કરવા ઉત્કંઠિત રહો કારણ આ સાદુ સત્ય લક્ષમા રાખો કે — સાચામાથી ખોટુ પરિણામ આવતુ નથી અને સારા વર્તમાનમાથી ખરાબ ભવિષ્ય જન્મતુ નથી તમે તમારાં કાર્યોના સંરક્ષક છો, પણ તે કાર્યોદ્વારા જે પરિણામો ઉદ્ભવે તેના સંરક્ષક નથી આજના કાર્યો આવતી કાલનુ સુખ અથવા દિલગીરી લાવે છે તેથી તમારે માટે શુ પરિણામો આવવાના છે તે સબધે કાળજી રાખવાને બદલે તમે શુ વિચારો છો અને શુ કાર્યો કરો છો તે સબધેજ માત્ર કાળજી

ઓહ ! તમારી દલીલ ઉડી ગઇ એક જણ બોલ્યો આગળ ચલાવો બાઇ !"

બીજું, સીબીલે આગળ ચલાવ્યું કોઇ જણ કહે છે કે તે પોતે વખત ગાળવા તમાકુ પીએ છે વખત ગાળવો ! પણ વખતજ આપણને ત્વરાથી પસાર કરી જતો નથી? અને એક ફેરી વખત ગયો તો કદી પાછો આવતો નથી ! વખત ! કેમ તેજ વસ્તુના આપણા જીવન બનેલા છે ! અને તે જીવન— અરે, તેમાનો દરેક દિવસ—શું કિંમતી નથી? અરે આપણે બુદ્ધિવાળા મનુષ્ય પ્રાણીઓના જીવન અમૂલ્ય અને બહુ ટુંકા હોય છે તેથી વખતને આપણે આળસુ પણે સરી જવા દેઇ શકતા નથી આપણે આપણા જીવનના દરેક દિવસનો ઘણામા ઘણો અને સારામાં સારો ઉપયોગ કરવો જોઇએ !

તે એવી તો લાગણી ભરેલા સ્વરે બોલી કે બધા તરુણો પર તેની અસર જામી રહી અને તે ઓરડામા કેટલીક પળ સુધી શાંતિ પ્રસરી રહી પછી સીબીલ બોલી હવે ત્રીજા જવાબ માટે તે લોકો કહે છે કે મને તમાકુ પીવી ગમે છે તેથી હું પીઉં છું મને કહો કે તે પણ શું યોગ્ય કારણ છે? બેશક દારૂડીઆને દારૂ પીવો ગમે છે તેથી તે પીએ છે! કોઇ ચીજ ગમે તેવી નુકસાનકારક હોય છતા તે ફક્ત આપણને વાપરવી ગમે છે તે સહજ કારણને લઇ આપણે તે વાપરવી? નહિ ! મને ભય લાગે છે કે તે જવાબ પણ આપણે કબુલ રાખી શકીશું નહિ !

ફરી પાછા બધા પેટ પકડીને હસ્યા પછી તેણી બોલી "ચોથું કારણ બતાવવું તે હવે મને યાદ કરવા દ્યો'

'મે કહ્યું હતું કે એક તરુણ બોલી ઉઠ્યો' 'કે મને તમાકુ પીવાની ટેવ પડી છે અને તે ટેવ હું છોડી શકતો નથી તેથી હું તમાકુ પીઉં છું'

અરે હા ' સીબીલે જવાબ દીધો તમે જ્યારે તમારૂં આ કારણ બતાવ્યું ત્યારે મારા મનમાં વિચાર આવ્યો હતો કે શબ્દકોષમા અશક્ય એ નામનો શબ્દજ નથી એ શું આ તરુણ જાણતો નહિ હોય? તમે કદી આ ઉમદા લીટીઓ સાંભળી છે —

"So nigh is grandeur to our dust
So near is God to men
When duty whispers low, 'thou must!'
The soul replies 'I can!'

અર્થ — આપણી પૃથ્વીતળની એટલી બધી નજદીકમાં મોટાઈ રહેલી છે ઇશ્વર મનુષ્યની એટલો બધો સમીપ છે કે જ્યારે ફરજ ધીમેથી કહે છે કે 'તારે કરવુંજ જોઇએ!' ત્યારે આત્મા જવાબ આપે છે કે 'હું કરી શકીશ!'

આ કડીઓ કેટલી ઉમદા છે! પણ તમે કદી છો ઇચ્છતા નથી ... [illegible] ... તમે છોડી શકો [illegible]

[illegible]

છે પણ પ્રાચીન ઓકો કહેતા કે, 'સઘળી સુંદર આમતો મુશ્કલીવાળી હોય છે!' અને આ જીવન પ્રતિક્ષણ બદલાતી આગતોનું બનેલુ છે પરીચિત વસ્તુઓ છોડી નવી નવી વસ્તુઓ તરફ મન આકર્ષાય છે જુની ટેવો છોડી નવી અને વધારે સારી ટેવો ગ્રહણ કરવા તરફ તેનુ વલણ છે આપણા ગયકાલના કાર્યો ગમે તેવા ગાડપણ ભરેલા હોય છતા ગઈકાલે જે આપણે કર્યું તેજ આજે આપણે કરવુ જોઇએ એ વિચાર કેવો ભૂલ ભરેલો છે! એક કવિ કહેછે કે —

Every day is a fresh beginning
Every morn is the world made new

અર્થ — દરેક દિવસ એ નવી શરૂઆત છે દરેક પ્રભાતે દુનિયાએ નવિનતા ધારણ કરેલી હોય છે

આ કહેવુ સત્ય છે અને આપણે દરેક નવા દિવસ સાથે નવી અને વધારે સારી ટેવો પાળી નવા પ્રાણીઓ થવુ જોઇએ '

" હૅરી! **ઓબ્સ્મીથ** બોલી ઊઠયો, ' બાળાએ તમારી દલીલોને મુળમાથી ઉખેડી દીધી છે! બાળા! **સીબીલ** તરફ નેમન સાથે ફરતા તે બોલ્યો ' હુ ખાત્રીપૂર્વક જણાવુછુ કે તમારે વકીલ થવુ જોઇએ! બધા તરફોના કારણોના જવાબો તમારી પાસે તૈયાર છે અને તે પણ વળી હાજર જવાબ! તે આશ્ચર્ય કારક છે!

' ' તેમા આશ્ચર્ય કારક કાઇજ નથી!" **સીબીલે** હસતા કહ્યુ " તમે જુઓ છો, અને જોશો કે તમારી તમાકુની હિમાયત કરનારી પલીલો એવીતો લુલી છે કે તેને તોડી પાડવી સહેલ છે અત્યાર સુધીમા મ્હે તમાકુને માટે કાઇપણ ડહાપણવાળી કે જરાપણ વજનવાળી એક પણ દલીલ સાભળી નથી '

" તેણીના નિષ્કપટ અને ખુલ્લા દિલના બોલવાથી સવને અત્યન્ત રંજુ પડી અને થોડીવાર સુધી તો તેણી પણ બોલી શકી નહીં ત્યાર પછી તે બોલી કે — ' હવે ફકત તપાસ્યા વિનાનું એક કારણ રહ્યુ!'

હા બાળા! ડબાના ખુણામા બેઠેલો એક તરુણ બોલ્યો ' તે મ્હારૂ છે! મ્હે કહ્યુ છે કે તમાકુ પીવામાં હુ કાઇ નુકસાન જોતો નથી તેથી હુ તમાકુ પીયુ છુ તમે એમ નહિ કરી શકો કે તે ખરાબ કારણ છે!"

" પણ તમે જુઓ છો તે સત્યજ છે એમ તમારી ખાત્રી છે? **સીબીલે** પુછ્યુ 'કાઇ આંધળો મનુષ્ય માણસોની ભીડવાળા રસ્તે જવામા કાઇ ભય જોતો ન હોય પણ તેનું તે કહેવું શું તેની સલામતીની ખાત્રી આપે છે? વૈદકખાતાના માણસો કે જેમણે મનુષ્યશરીરનો અભ્યાસ કરેલો હોય છે તેઓ કહે છે કે તમાકુ લોહી બિગાડે છે, અને જ્ઞાનતંતુ, ફેફસા તથા હ્રદયને નુકસાન કરે છે છતા તમારૂ ' તેમા તમે કાઇ નુકસાન જોતા નથી એ કહેવુ શુ તેને

काव्यविनोद

હીંચકો —

કો મુગ્ધ બેઠી હીંચક આવી બીજી ઉભી સદા,
વ્હેલી કહે છે બ્હેન કેવી હીંચક મીઠી મજા !
'એ હીંચકામાં તો કડુવા મિષ્ટતા બન્ને રહી
જેને ગમે જે તે લઇ જન હીંચકે હીંચે ઘણા !
બીજી મુખે એ સાંભળી વ્હેલી કુતૂહલ સહ પુછે
આશ્ચર્ય તો પામીશ બ્હેની એ કથનમાં સત્ય છે
શું સત્ય છે? વ્હાલી કહે તેની ખબર મુજને નથી
હું જાણું કેવળ એટલું કે સુખ છે તેમાં સહી
આ વિશ્વ—જીવન હીંચકો છે જન હીંચે તેમાં ઘણા,
કો સુખમાં કો દુઃખમાં કો આશ કે નિરાશમાં
કો સ્નેહમાં કો વૈરમાં કો છે દયા રૂપમાં
કો ગાન કરતાં શોક કરતા લડી મરતા અહા !
આવી અનેક સ્થિતિમહીં એ હીંચક હીંચાય છે
છેડા ઉભય એ હીંચકાના પૃથ્વી અને આકાશ છે
મીઠી મજા એ હીંચકાની બુદ્ધિથી લેવાય છે
જીવન થવાથી ઉચ્ચ તેની મિષ્ટતા પેખાય છે
છે સત્ય તારૂં કથન કે એ હીંચકામાં સુખ છે
કિંતુ ન સમજે અર્થ તેનો તો પછી એ વ્યર્થ છે !
વિવેક પ્રજ્ઞા સત્ય નીતિ ધર્મવાળું જીવન
કરવાથી મળશે સુખ ઉંચુ હીંચકાની લ્હેરથી !'

દોલતસિંહ

જીવન દરપણ —

બાળકને તૈયાર કરો અને સ્વારી મા
આપીને જ્યારે તે પાછો આવ્યો ત્યારે તેણે તમ જીવન પ્રેમે છલકશે
થોડાની સાથે જો હવેથી નાણાંની કોથળી નરા માનવતા બનાવશે
અત્યારે નહીં [illegible] તેને આતુરતાથી પૂરા સ્મિત વદને વિલસશે
—ક સુખનાં જાણે દરશન થશે

'આપણ ભલા તો જગ ભલા' એ સત્ય જગ જાહેર છે,
રાજાથી માંડી રંક તક એમાં ન લગીરે ફેર છે
તમ જીવનમાં જે શ્રેષ્ઠ વસ્તુ જગ પાસ ધરશો
જીવન અરીસો જગત છે તો શ્રેષ્ઠ વસ્તુ પામશો

—साहित्य—

(कुंडलिया)

पानी बाढो नावमें, घरमें बाढो दाम,
दोउ हाथ उलेचिये, यही सयानों काम
यही सयानों काम, रामको सुमिरण कीजे,
परस्वारथके काज, शीश आगे धरि दीजे,
कहे गिरिधर कविराय, बडनकी याही बानी,
चलिये चाल सुचाल, राखिये अपनो पानी

गिरिधर

मिशरी घोरे जूठकी, ऐसे होय हजार,
झेर पिवावे साचका, सो विरला ससार
सो विरला ससार, पटतर उनका ऐसा,
मिशरीझेर समान, झेर हे मिशरी जैसा,
कथें शु कवियां कान, भूल मत जैयो भोरे,
जिनके शिर पैंजार, जूठकी मिशरी घोरे

कहान

[छप्पो]

विमल चित्त करि मित्र, शत्रु छल बल बस कीजे,
प्रभु सेवा बस करो, लोभवंतहि धन दीजे;
युवति प्रभु बस करो, साध आदर बस कीजे,

महाराज गुनकथन, वधु सम आदर दीजे,
गुरु नमि सिस,रससों रसिकने, नियावल बुधमन हरो,
मूरख विनोद सुकथा वचन, सुभ सुभाय जग वस करो

कराय

यज्ञनु रहस्य

(જગદ્વિખ્યાત સ્વામી રામતિર્થના લેખ ઉપરથી)

હિંદુસ્તાનના સંકટનુ નિવારણ કરવુ એ બાબત કેટલાક માણસોને એક રાષ્ટ્રીય પ્રશ્ન જેવી લાગતી હશે પણ રામને તો આ બાબત આંતર્ રાષ્ટ્રીય (International સર્વે દેશોના) પ્રશ્ન જેવી લાગે છે કોઇના મનમા આ પ્રશ્ન સ્વદેશાભિમાનનો લાગતો હશે પણ રામને તો તે સમસ્ત માનવજાતિ સંબંધીનો લાગે છે મારા બાળકો મારી દૃષ્ટિ સમીપ ભૂખથી ટળવળીને મરે તેના કરતા દૂર દેશમા જીવતા રહીને ઉન્નતિ પામે એ વધારે ઇષ્ટ છે પ્રેમના આંસુથી ભરેલી આંખો સહિત રામ તમને રજા આપે છે જાઓ

પરદેશમા પોતાનો ઉદરનિર્વાહ કરી થોડી વધુ કમાણી થાય તો પુન સ્વદેશમા આવજો જે પ્રમાણે જાપાની તરૂણો પાશ્ચાત્ય જનોનુ વ્યવહારિક જ્ઞાન પોતાના દેશમા આણ્યુ તે પ્રમાણે તમે પરદેશમાં મેળવેલુ જ્ઞાન તમારા દેશી બંધુઓને અર્પણ કરી તેમને સુખી કરજો જો પરદેશમા તમારો નિર્વાહ જેમ તેમ કરતા ચાલે તો તો ત્યાં જઇ રહેજો અને જો તમારે હિંદમાતાની દુખિત છાતી પર નિરૂદ્યાગી બોજો થઇને જ રહેવાનુ હોય તો તો એકદમ અરબી સમુદ્રમા જઇ ડુબકી મારજો અને સમુદ્રનુ આતિથ્ય સ્વીકારજો પરંતુ હિંદુસ્તાનના કિનારાપર પુન પાય મૂકશો નહિ સ્વદેશાભિમાન અને સ્વદેશ પ્રીતિ તમને આ પ્રમાણે કરવાની જ આજ્ઞા કરે છે

રામ જેટલો મનુષ્ય પ્રાણીને ચ્હાય છે તેટલો ઇતર પ્રાણી તથા પાષાણને સુદ્ધા ચ્હાય છે રામ ના મનમા વાદરા પણ દેવના જેટલાજ પ્રિય છે પરંતુ જે સત્ય છે તે તો સત્ય તરીકે જ પ્રકાશશે ? જૂઠું બોલે તે દેવની અવકૃપાને પાત્ર થાય છે જૉનબુલ (ઇંગ્લાંડ) ના પંજામાથી છુટવાનો આયર્લાંડને જે નાનો સરખો માર્ગ નાશ પામ્યો હતો તે એ હતો કે ગરીબ બિચારા આઇરિશ લોકો દરવર્ષે હજારોની સંખ્યામા પોતાની જન્મભૂમિ છોડી અમેરીકામા જઇને રહ્યા હિંદના આજાનુ લોકોએ મારા પ્રિય અમેરીકા કિવા ઇતર દેશોમા જઇ ગરદી કરવી એવી રામ ની ઇચ્છા નથી વસ્તુસ્થિતિ જ એવી છે કે તમારા પરદેશગમનમા તેમનો પણ ફાયદો સમાયેલો છે જે વૃક્ષો એક ઠેકાણે ગરદી કરી મોટી સંખ્યામાં ઉગે છે તે ઘણા ક્ષીણ અને કમજોર હોય છે તેમાંના એકાદ વૃક્ષને પોતાની મૂળ જગ્યાએથી ઉખેડી બીજા કોઇ દૂરના સ્થળે રોપો તો તે એક પ્રચંડ વૃક્ષ થઇ જશે જો તમે પરદેશગમન

કરશો તો જે સ્થળે તમે જશો ત્યાં એક ભૂષણરૂપે જ વિરાજશો અમેરિકાના ધનાઢ્ય લોકો ની અગાઉ એવીજ સ્થિતિ હતી ત્યાંના ઘણા ખરા લોકો પ્રથમ યુરોપથી ભિખારી હાલતેજ આવ્યા હતા સર્વ રાષ્ટ્રોના ઇતિહાસ પરથી સિદ્ધ થાય છે કે લોકો જેમ પરદેશગમન કરે છે તેમ સમાજસ્થિતિ સુધરતી જાય છે

યત્ન વિશે બીજા બે શબ્દો કહું છું યત્નનો અર્થ જો કદિ 'ત્યાગ' કરવામાં આવે છે ત્યાગ જેવા ઉદાત્તશબ્દનો અર્થ ક્રિયાશૂન્ય અજગર વૃત્તિ (અજગરના જેવું આળસુપણું—એદીપણું) અથવા આત્મઘાતક દુર્બળતા કરશો નહિ અથવા તેનો અર્થ નિષ્ઠુર તથા શરીરને કલેશ આપનાર વૈરાગ્ય વૃત્તિ પણ સમજશો નહિ ઇશ્વરનું પવિત્ર દેવાલય— તમારો માનવી દેહ—જરા પણ પ્રતિકાર કર્યા વગર માંસભક્ષક ક્રૂર વરુને ખાવા દેવું એ કાંઇ ત્યાગ નથી પોતાની જાતને એ પાપ તથા અઘોર પાતકને તાબે કરી દેવાનો તમને શું અધિકાર છે ? જારકર્મી મનુષ્યને પોતાનું પવિત્ર તનુ અર્પણ કરવું એ કાર્યે કાંઇ સ્ત્રીની ત્યાગવૃત્તિ પ્રદર્શિત કરતું નથી ત્યાગ એટલે પોતાનું સર્વસ્વ સત્યને (સત્યસ્વરૂપને) અર્પણ કરવું તે આ આપણો દેહ આ આપણી સર્વ માલમિલ્કત ઇશ્વરની છે તમે તમારો પહેરો નીમકહલાલીથી ભરો ઇશ્વરની સોંપેલી પવિત્ર મૂડીમાં અન્યાય તથા પાપને હાથ ઘાલવા દેશો નહિ પ્રથમ સત્યથી આપણે ભિન્ન છીએ એવું સમજીને તેથી અલગ રહેવું અને પછી ધર્મના નામ હેઠળ ત્યાગ કરવો એ બીજાની વસ્તુનું અપહરણ કરવા જેવું છે પારકી વસ્તુનું દાન કરવું એ પાપ નહિ તો બીજું શું ? સત્યરૂપી ચળકતા રવિની પેઠે પ્રકાશો સત્યસ્વરૂપ બનો આજ માત્ર વાસ્તવિક ત્યાગ છે પણ જરા થોભો એને આપણે 'ત્યાગ નું નામ આપી શકીએ કે ? શું એ દેવી ઐશ્વર્ય નથી કે ? દૈવીપણું અને ત્યાગ'નો અર્થ એકજ થાય છે વિદ્યા અને વિનય તેના બાહ્ય ચિન્હો છે

અપૂર્ણ

—oooooo—

चितोडनो घेरो

ઐતિહાસિક નવલકથા

(ગતાંકથી ચાલુ)

પોતાની જીતથી અને દુશ્મનોના નાશથી રજપુતોનાં હૃદય એટલાંતો ઉત્સાહિત થયાં હતાં કે તેઓએ કોટમાં પડેલાં બાકોરાં પુરી લેવામાં અસાધારણ ખંતથી પ્રયાસ કર્યો અને બીજે દિવસ સવાર પહેલાં તો કાલવની ઝાડી ભીંતથી પુરી લીધી કાલવની બીનાશને લઇને તેની સપાટી એટલી ઝપી લીસી હતી કે ત્યાં થઇને કોઇ ઉપર ચડવાનો પ્રયાસ કરે તે સહજ થવું અશક્ય હોઇને તે બચાવકામ ખાત્રી વાળું હતું મુસલમાનો આથી કાંઇ ગભરાયા નહિ પણ શહેર લેવાના પ્રયત્નો પાછા વધારે ખંતથી તેમણે ચાલુ કર્યા

મુશ્કેલીઓથી મન પાછુ હટે તેવો માણસ અકબર ન હતો જેમ જેમ મુશ્કેલીઓ વધતી ગઇ તેમ તેમ તે વધારે ઉત્સાહિત થતો ગયો તે શાન્ત અને દૃઢ મનથી પોતાનું કામ કર્યે જતો હતો અને તેથી જણાઇ આવતું હતું કે સંપૂર્ણ ફતેહ થયા પહેલા કશાથી તે સંતુષ્ટ થશે નહિ તેના સૈનિકો પોતાના અમલદારોના હુકમ બજાવવામા બહુજ ખંત રાખવા લાગ્યા અને છેવટના અકસ્માતની અસરથી તુરતજ છુટા થયા હિંદુઓ પણ સપળા સંભવો સામે તૈયારી કરવામા મંદ નહોતા અને ફક્ત થોડા દિવસમાંજ સુરંગો ફોડ્યા પહેલા ચીતોડનો કીલ્લો જેવો મજબુત હતો તેવોજ મજબુત તેમણે કરી લીધો

સુરંગનો અકસ્માત બન્યા પછી અકબરે પાછી બીજી સુરંગો ભરવાનું કામ ચલાવ્યુ હતુ અને એક રાત્રે તે પોતે પાલખ નીચે રહી મજુરોને સુચના આપતો હતો તે આ પ્રમાણે ત્યા ઉભો હતો તેવામાં કીલ્લાના બાંધકામ કે જે હવે સંપૂર્ણ થઇ ગયા હતા તે મશાલના અજવાળે તપાસતો ચિતોડનો સેનાપતિ તેની દૃષ્ટિએ પડ્યો પોતાના સૈનિકમાના એકના હાથમાથી બંદુક લઇને તેણે એવીતો આબાદ નેમથી તે છોડી કે તેની ગોળી જયમલના કપાળમા જઇ વાગી ઘેરાયલા શહેરના કોટ ઉપર ઘણોજ ગડબડાટ મચી રહ્યો એ ત્યાંથી સહેલાઇથી જોઇ શકાતુ હતુ માણસો આમ તેમ દોડાદોડ કરતા હતા અને કોટ ઉપર સૈનિકોની અને શહેરીઓની મેદની જામી રહીહતી અકબરે તેપળથી ફતેહ પોતાના હાથમા જોઇ ત જાણતો હતો કે રાજપુતો તેમના સેનાપતિના મરણથી નિરાશ અને બેદરકાર બની જશે અને તેથી રાજપુત સૈનિકો જ્યારે તદન નાઇલાજ થઇ જાયછે ત્યારે કેસરીયા કરી દુશ્મન ઉપર તુટી પડેછે એ વાત સામાન્ય પણે પ્રચલીત હોઇ તેણે આવા હલ્લા સામે તૈયારી પણ કરી રાખી

હજુતો પ્રભાત થવાને ઘણી વાર હતી તે પહેલા તો મુસલમાની છાવણી ઉપર પાણીના પુરની પેઠે રાજપુતો ધસી આવ્યા યવન સેનાની સારી વ્યુહરચના અને સૈનિકોની ઘણી વધારે સંખ્યા ન હોત તો આ હુમલાની સામે તેમને ટકવુ ઘણું મુશ્કેલ પડત રાજપુતો પોતાના ગત સેનાપતિની વિધવાની સરદારી તળે લેવાતો મરણીયા થઇને લડતા હતા કે થોડીવારતો તેમના સામે કોઇ ટકી શક્યુ નહિ વિધવાએ પોતાનો ઘોડો આવેશથી અકબરના તંબુ તરફ દોડાવ્યો તેણીને આગળ વધતી અટકાવવા એક ઉમરાવ વચ્ચે પડતા તેને તેણીએ પોતાના ન્હાના ભાલાથી વિંધી નાખ્યો અને પોતાની ગતિ ચાલુ રાખી બાદશાહી તંબુએ પહોચી અહીંયા બાદશાહી અંગરક્ષકો તેણીની સામે થયા અને તેમાના મોખરે હતેલાએ

તેણીના ચહેરા ઉપર તલવાર મારી તેણી ત્હેને ભાલાથી મરણ શરણ કરી પોતાના ઘોડા ઉપરથી કુદી પડી અને તંબુમાં ધસી જઇ પલંગ તરફ કુદી—પણ તે ખાલી હતો. કેટલીક ઝપાઝપી પછી ઘણી મુશ્કેલીથી ત્હેને પકડવામાં આવી, પણ આ ઝપાઝપીમાં તેણીએ કેટલાક અંગરક્ષકોને ઘાયલ કર્યા હતા અને તેણીની ગરદન ઉપર પણ એક બીજો સખ્ત જખમ થયો હતો તેમજ આ જખમમાંથી એટલું બધુ લોહી વહેતું હતું કે છેવટ તે બેભાન અને પોતાનો શીરસ્તોત ચાલુ રાખવાને અશક્ત થઇ પડતાં યુદ્ધથી પરાઙ્મુખ થવાની તેણીને ફરજ પડી હતી. આ સમય દરમીયાન તેણીના લગભગ સઘળા સૈનિકો કપાઇ મુવા હતા અને જે થોડા ઘોડા બચ્યા હતા તે આ નિરાશામય શોકસમાચાર કહેવા કિલ્લા તરફ પાછા ફર્યા.

આખર પોતાના તંબુમાં દાખલ થયો અને જેણીએ પોતાના પતિના મૃત્યુનું વેર લેવા આવું અસાધારણ અને બહાદુરી ભરેલું સાહસ ખેડયું હતું તે ઉમરાં અને તેણીના પોતાના અને પોતાના દુશ્મનોના લોહીમાં તરબોળ થએલી સ્થિતિમાં ભૂમિપર બેભાન પડેલી જોઇ તેણે તુરતજ તેણીના જખમો ઉપર મલમપટા કરવાનો અને સહવાર પડતા સુધી તેણીની કાળજી પૂર્વક સારવાર કરવાનો હુકમ આપ્યો. તેણીના શૌર્યથી તે છક થઇ ગયો, તેણીના દુખ પ્રત્યે દયા અને માનની લાગણી તેના હૃદયમાં સ્ફુરી અને કિલ્લાનો બચાવ કરતું સૈન્ય સહવારમાં જો શરણ થાય તો ઘણી લાભકારક સરતોથી સુલેહ કરવા તેણે નિશ્ચય કર્યો. પેગપલા શત્રુઓની અડગતાથી તે સાનંદાશ્ચર્ય પામ્યો હતો અને કહેવાય છે કે તેણે પોતાના એક વિશ્વાસુ સરદારને એમ કહ્યું હતું કે તે પોતે આવા સૈન્ય વડે સમસ્ત દુનિયા જીતવાનું માથે લેઇ શકે.

સહવાર થતાં બદીવાન વિધવા પથારીમાંથી ઉઠી અને બાદશાહને મળવાની ઇચ્છા બતાવી. તેણીને તુરતજ તેના સમક્ષ લાવવામાં આવી.

"મોગલોના બાદશાહ!" તે નિર્ભયપણે બોલી, "ત્હમારો જીવ લેવાનો મેં ત્રણ વખત પ્રયત્ન કર્યો છે. ત્હમારો યોગ્ય બદલો ભોગવવાની હિંમત હું ધરાવું છું. મ્હારા કાર્યોથી ઉદ્ભવેલી અને મ્હારી નિષ્ફળતાને યોગ્ય હોય તેવી હરકોઇ શિક્ષા ખમવા હું તયાર છું. કયા પ્રકારના મોતની શિક્ષા મ્હને ફરમાવો છો?"

"બાઇ! ધર્મયુદ્ધમાં દુશ્મનના પ્રાણ લેવાનો પ્રયાસ કરનારને સજા ફરમાવવામાંથી અલ્લાહ મને બચાવે! જેણે તમારા પતિનો ઘાત કર્યો છે તેના પ્રાણ લેવાનો પ્રયાસ તમે કરો એ સ્વાભાવિક છે. મ્હેં તેનો નાશ જો કે દુશ્મનાવટની ખાતર નથી કર્યો કારણ કે હું તેની વીરતા અને સ્વદેશવત્સલતાનો પ્રસંશક છું. છતાં વિજયાજિત પરિણામે પહોંચવાના શીઘ્રકારક ઉપાય તરીકે તેનો નાશ આવશ્યક હતો. તેનું મૃત્યુ ઉત્કટ દુશ્મનાવટની સ્થિતિમાંથી

જુદા પાડી ન શકાય એવા આકસ્મિક સંજોગોમાંનો એક છે હવે મારે ચિતોડનો ઘેરો ઉઠાવી લેવામાટે સુલેહની શરતો સબધે દરખાસ્ત કરવાની છે

મારા દેશબધુઓને કલકિત કરે એવી કોઇ દરખાસ્તનો નિર્ણય કરવા હું અધિકાર ધરાવતી હોઉ તો હુ તેમને ફરમાવુ કે તેમાનો એક પણ માણસ અવશેષ રહે ત્યાસુધી તમારા સામે ટક્કર ઝીલવી

પણ બાઇ હુ જે શરતો સુચવવા ધારૂ છુ તે તમને તેમજ સામેના કિલ્લા રહેવાસીઓને અનુકૂળ આવે તેવી— તમારો મોભો સચવાય તેવી છે

તેઓને જેણે બદલો ન વાળી શકાય તેવુ મહાન નુકસાન કર્યુ છે તે મોગલોના બાદશાહ તરફથી કોઇપણ સરત અનુકુળ હોઇ શકેજ નહિ જે શાંતિમા તમે નાહક વિઘ્નરૂપ થઇ પડ્યા છો તે શાંતિ ચિતોડના રહીશોને સુખરૂપ ભોગવવા દેવા આ ગઢ છોડી તમે તમારી છાવણી ઉઠાવી ચાલ્યા જાઓ એ શિવાય હુ કશુ સાભળવાની નથી હુ હમણા તમારા કબજામા છુ તમારૂ વેર લેતા હુ તમને અટકાવતી નથી નામર્દના જેવા સતોષાનદથી ભલે મને શિક્ષા કરો મ્હારા જીવનના છેલ્લા શ્વાસ સુધી હુ તે બ્હાદુરીથી ખમવા તૈયાર છુ જે મનુષ્યે હિદુઓના પવિત્ર દેવાલયોને ભ્રષ્ટ કર્યા છે અને તેમના દેવોની પ્રતિમાઓને મસજીદોના પગથીઆઓમા ચણી લીધી છે તેના તરફની કોઇ પણ શરતો તે ગમેતેવી લાભકારક હોય છતાં તે સાભળવા હુ માગતી નથી અને મારાજીવનની છેલી ઘડી સુધી હુ તેના તરફ તિરસ્કારની દ્રષ્ટિથીજ જોઇશ

હાઇ! મુસલમાન અને હિદુની ઉદારતા વચ્ચેનો ફરક હુ તમને બતાવીશ જેને તમે વેરની પવિત્ર ફરજ ગણો છો તેજ ફક્ત માન્ય રાખી શકે એવા ઝનુની આવેશમાં તમે મારો જીવ લેવા ત્રણ વખત પ્રયાસ કર્યો છે તમારો મોભો સચવાય તેવી સુલેહની શરતો સાભળવા તમે ના કહો છો તમે મારા તરફની પ્રાણઘાતક દુશ્મનાઇ પ્રદર્શિત કરો છો જો કે તમે મારા કબજામા છો અને તમારા તિરસ્કારની આગળ વધતી જતી ગતી એકપળમા અટકાવી દેવા હુ સમર્થ છુ છતા હુ ક્ષમા રાખુ છુ તમે છુટા છો, તમારા શહેરના દરવાજા સુધી તમને ફરી પહોચાડી જવા તયાર થવાનો મે મારા માણસોને હુકમ કર્યો છે'

રાજપુતાણીએ પોતાનુ મસ્તક ફેરવ્યુ એક ક્ષણને માટે આસુએ તેણીની આખને ચળકતી બનાવી, પણ અભિમાનની ગરમ ઉગ્રતાએ તેના ઉત્પાદકમાજ તે સુકવી દીધા અને તે આગળ વહેતા અટકી ગયા તે એક પણ શબ્દ બોલી નહિ, પણ બાદશાહને જતા જતા અભિમાન

પૂર્વક સલામ કરી શાન્તપણે તે તંબુ બ્હાર નીકળી ને તેણીને માટે તૈયાર કરાવેલી ડોળીમા ચઢી બેઠી અને થોડીવારમા ફરી પાછી ચિતોડના કિલ્લામા જઈ પહોચી નિરાશાના અને મૃત્યુના વિચારોથી તેનુ હૃદય હવે ધડકવા લાગ્યુ પોતાના શત્રુની ઉદાર ક્ષમાશીલતા તેણે કબુલ રાખી હતી અને પોતાના અને પોતાના દેશબંધુઓના કુટુમ્બમાની એક ઉસ્તી અને ભયંકર ફરજ બજાવવાને માટેજ તેણે પોતાની જીંદગીનો સ્વિકાર કર્યો હતો આણીનો વખત આવી પહોચ્યો હતો—જે કર્તવ્ય હમણા તે બજાવવાની હતી તે કાર્યની ગંભીરતાએ તેના આત્માને પ્રેરુ ન કર્યો

ચિતોડના રહેવાસીઓ હવે તદ્દન નિરાશ થઇ ગયા તેઓનો સેનાપતિ મરણ શરણ થયો હતો કિલ્લાનો બચાવ કરતા સૈન્યમાની મોટી સંખ્યા છેલા હુમલામાં કપાઇ ગઇ હતી અને બચાવની કાઇપણ આશા જણાતી ન હતી પરિણામ ઘણુ ભયંકર જણાતું હતુ દુશ્મનોના હાથમા પકડાવાના ભયથી પોતાના જીવનનો અંત આણવાની અનેક અસાધારણ રિતિઓ અમલમા મુકના ઘણા મનુષ્યો દોરવાઇ ગયા હતા આવો ભયંકર રસ્તો લેવા જેમણે તેઓને ફરજ પાડી હતી તેઓના ઉપર શ્રાપ વર્ષાવતા અને પરસ્પરની ગોદમા મરી જતા આખા કુટુમ્બોના કુટુમ્બો નાશ પામવા લાગ્યાં શહેરમા એવુ એક પણ ઘર નહોતુ કે જે મરેલા કે મરવા પડેલા મનુષ્યોથી ચિક્કાર ન હોય। કિલ્લો લડાઇ શિવાય મૃત્યુના પોકારોથી લગભગ ભરાઇ ગયો હતો અને જીંદગીનો અંત આણવાના ઉદ્દેશની ઉપર ફતેહ મેળવવાની આશાઓનો પુરેપુરો પાક લગભગ પાકી જવા આવ્યો હતો

દિવસો એક પછી એક પસાર થતા ગયા તેમ તેમ તેવા બનાવો જ્યા ત્યા દ્રષ્ટિગોચર થવા ચાલુ રહ્યા મુડદાઓ રસ્તામા રખડવા લાગ્યા અને તેમની અંતેષ્ટિ કરનાર કોઇ મળતુ નહિ તેથી તેના કોહવાટનેલઇ હવા બગડતા રોગનો ઉપદ્રવ ફાટી નિકળ્યો અને સર્વત્ર પાયમાલીના ચિન્હો દ્રષ્ટિગોચર થવા લાગ્યા જયમલની શુરવીર વિધવા કે જે કિલ્લાનો બચાવ કરતા સૈન્યની સરદારી ભોગવતી હતી તને આ ખરાબ હવાનો ચેપ લાગતા બે ત્રણ દિવસ સુધી તેને બિછાને પડ્યુ રહેવુપડ્યુ પણ પુનઃ તબિયત સુધરતા તે ત્યાથીઉઠી કોટ ઉપર આવી શહેરના રહીશોની નિરાશા તેના સાંભળવામા આવી હતી પણ તે વિશે તેણે કાઇ અભિપ્રાય ન આપતા શાંતિથી પોતાનુ કર્તવ્ય બજાવ્યે ગઇ અને પોતાના મુખ્ય સરદારોને બોલાવી તેમાના આગેવાન રૂપસિંહને ઉદ્દેશી તેણે કહ્યુ —

" દુશ્મનો અજીત છે અને આપણા પાસે હવે માત્ર આપણાં દેહના ફેરફારની તૈયારી કરવા શિવાય કાઇ અન્ય ઉપાય નથી માટે તમને કહેવાની જરૂર નથી કે, આવો નાઝિક સમય

આવી પડતાં એક રાજપુતનુ કેવી રીતનુ વર્તન હોવુ જોઇએ

નહિ આવી નિરાશા શા માટે ? રૂપસિંહ બોલ્યો હજુ સુધી આપણ સવ ખપી ગયા નથી સૈનિકોની સખ્યા હજુ પુરતી છે અને તેઓ સવ શૂરવીર છે વધારામાં આપણા દુશ્મનો છેલ્લા વિગ્રહમા નબળા પડ્યા છે

' તેઓ તેમના બળથી ભરપુર અને આપણે ગાઢ આપણી નબળાઇમા ભરપુર છીએ તેઓ હયાત રહેવાના અને આપણે મરી ખપવાના છીએ મારે તમને તયારી કરવાનો હુકમ આપવાની કશી અગત્ય નથી કારણ કે હુ જાણુછુ કે શૂરવીરને છાજતુ પરાક્રમ બતાવી મૃત્યુને ભેટવામા આપણામાંનો કોઇ પણ પાછો હઠે તેમ નથી

રૂપસિંહ જોકે હિંમતવાન પુરૂષ હતો છતા રાજપુત વિધવાએ આવુ જે ભયંકર કર્તવ્ય સુચવ્યુ તેને માટે કોઇપણ રીતે તૈયાર નહાતો તેણીની પુત્રી પ્રત્યે તેનો પ્રેમ હતો અને આ વિ મોગલભાઇની આશાને લીધે માજી સેનાપતિની વિધવાએ જે અસાધારણ નિર્ણય સુચવ્યો તેની આવશ્યકતા તે સ્પષ્ટરીતે જોઇ શકયો નહોતો તેઓને કદાચ શરણે થવાની ફરજ પડે તોપણ અકબરની ઉદાર રાજનીતિ એટલી બધી પ્રખ્યાત હતી કે હારેલાઓની સાથે કાંઇપણ જુલમી વર્તન નહિ ચલાવવામા આવે તેવી ધારણા સવ કોઇ ખાત્રી પૂર્વક રાખી શકતા હતા તેથી આવા ઉદાર શત્રુને વખતસર શરણે જવુ એમાંજ સલામતી અને ડહાપણ છે એમ રાજપુતો માનતા હતા

તેણી જે અત્યારે બચાવના સાધનોની ગોઠવણ કરતી હતી તેણીની પાસે જ્યારે તેણે પોતાનો આ અભિપ્રાય વ્યક્ત કર્યો ત્યારે આવા નામોશીથી ભરેલા કાર્યની દરખાસ્ત મુકનાર તરફ તિરસ્કારનો દ્રષ્ટિપાત ફેકી તે બોલી —

શુ ! મારી પુત્રીનો ભવિષ્યનો ભરથાર જ રાજપુત કોમને અણછાજતી આવી દરખાસ્ત મુકે છે ! બસ ! થઇ ચુક્યુ ! આજથી મારા મન તમે એક અપરિચિત વ્યક્તિ છો

તેણીએ મ્હોઢુ ફેરવી નાખ્યુ અને તેનો જવાબ સાભળવા ના પાડી દુશ્મનો તરફથી હૂમલો કરવામા આવે તો શુ કરવુ તેને માટે યોગ્ય હુકમો આપ્યા પછી તેણી જેઓને નિરાશાએ આત્મઘાતી કાર્યો તરફ પ્રેર્યા હતા તેઓની તપાસે ગઇ ત્યાના શોકકારક દ્રશ્યથી માત્ર તેણીનુ હૃદય વધારે નિશ્ચયાત્મક બન્યુ મૃત્યુ પામેલાના શબો તરફ તેણી જરાપણ શોક ની લાગણી સિવાય જોઇ રહી મૃત્યુ પામતા મનુષ્યોની સાથે જાણે કે તેઓ આનદમય નિવાસમા પ્રવેશ કરતાં હોય તેમ વાતો કરી અને અને તેઓના અંત સમયના આલાપમાં

પશ્ચાતાપ કે દુઃખના કશાં ચિન્હ તેણીને જણાતાં ન હતા, મૃત શરીરો મહેલોમાં છૂટા છવાયા પડેલાં હતા અને મૃત્યુના તરેહવાર દશ્યો તેણીના હૃદય ઉપર કાંઇ પણ આઘાત કરી શક્યા નહિ તેણીનો આત્મા આવેશની સંપૂર્ણ સત્તા નીચે હતો તેનાપર એક તિવ્ર લાગણીનું આધિપત્ય હતું પોતાના ઘરમાં પ્રવેશતાજ તેણીને તેની મોટી પુત્રી મળી

' સત્ય ! ' તે શાંતપણે બોલી મૃત્યુ આપણામાં અદૃશ્યપણે પોતાનું કાર્ય ચલાવી રહ્યું છે વિજેતાઓ વિજયમાળાનું સૌંદર્ય પ્રાપ્ત કરી શકશે નહિ મૃત શરીરોના કોહવાટથી બગડેલ વાતાવરણ તે કરમાવી નાખશે પુત્રી ! આપણે બીજી દુનિયાપ્રતિ ગમન કરવું જોઇએ વધારે પ્રકાશમય ભૂવનમાં નિવાસસ્થાન પ્રાપ્ત કરવા માટે તું આ મૃત્યુ લોક તજવાને તયાર છે ? આપણાં આ ક્ષુદ્ર શરીરો ભસ્મ થઇ જશે ત્યારે બીજા ભૂવન પ્રતિ પ્રયાણ કરવાને માટે આપણા આત્માઓને માર્ગ સુચવવામાં અગ્નિદેવ આપણો નેતા થશે .

માતુશ્રી ! મ્હારા નસીબમાં લખાયલી ઘટનાઓ અમલમાં મુકવા હું તૈયાર છું હું જે સ્વતંત્રતામાં જ મોટી થઇ છું તે સ્વતંત્રતામાં જ્યાં સુધી રહી શકું તે કરતાં વધારે સમય પ્રાણ ધારણ કરવાની મ્હને ઇચ્છા નથી અને વધારામાં મુસલમાનોની બંદીવાન થવા કરતાં આપણા ઉપર દુશ્મનો જે બંધનો નાખવા તત્પર થયા છે તે બંધનોમાંથી મુક્તિ અપાવનાર અગ્નિ જ્વાળાઓને ભેટવા હું વધારે ઉત્સુક છું)

માતા પોતાની પુત્રીને ભેટી પડી ન્હાની પુત્રીએ આ સંવાદ સાંભળ્યો હતો અને ત્હેનું હૃદય ધડકવા લાગ્યું અત્યારસુધી તેણી આ જીવનને સ્વિકારયોગ્ય અને મધુર મિસમ્ત માનતી હતી તેથી જોહર ઉપર ચડવાની અને અગ્નિની જ્વાળાઓ સાથે શરીરમાંનું ચેતન છોડી મુકવાની જરા પણ ઇચ્છા નહોતી તે યૌવનમદથી ભરેલી, સંપૂર્ણ આરોગ્ય અને મોજમજાહની અત્યંત શોખીન હોવા સાથે પાશ્ચર વૃત્તિનો સુંદર પ્રવાહ ત્હેની નસોમાં વહેતો હતો અને તેથી મૃત્યુ તેણીને ભય અને શ્રાપ રૂપ લાગતું હતું તેણીને તેણીની માતા સમક્ષ બોલાવવામાં આવી અને ત્હેની મા ગંભીર પણ કરડા અવાજે બોલી કે —

' પુત્રી ! મૃત્યુની છેલ્લી ઘડી માટે તારે તૈયાર રહેવું યમદેવનું આજ્ઞાપત્ર આપણને પહોંચી ચુક્યું છે અને તેનું ઉલ્લંઘન આપણે કરી શકતા નથી તેના ફરમાનને આધિન થવું એજ આપણી ફરજ છે અને આપણી ફરજ અદા કરવી એજ શ્રેયસ્કર છે મ્હારી પુત્રી ! આપણે મરવુંજ જોઇએ '

તે ગરીબ બાળા હેબતાઇ ગઇ અને એક પણ શબ્દનો ઉચ્ચાર કરી શકી નહી, કારણ

કે તેની માતાના કરડા સ્વભાવ આગળ કાંઇ પણ વિરૂદ્ધતા ચાલી શકશે નહી એમ તે સારી પેઠે સમજતી હતી તેણીએ નમ્રતાપૂર્વક નમન કર્યું અને જેવુ તેણીએ પોતાના મનોભાવ છુપાવવા પોતાની શુરવીર માતાના આગળથી મુખ ફેરવ્યુ કે તરતજ તેણીની આંખામા આંસુ ભરાઇ આવ્યાં પોતાની પુત્રીને રજા આપ્યા પછી નજીક આવતા આત્મભોગના સમયને માટે દ્રઢ નિશ્ચય કરવાનો તે વિચાર કરવા લાગી

જોહર કરવાનો દ્રઢ નિશ્ચય કર્યા પછી સેનાપતિની શુરવીર વિધવાએ પોતાના સર્વ રાજપુત સૈનિકોને એકઠા કર્યા અત્યારસુધીમા બે હજાર રાજપુતો કપાઇ જતાં બાકી ત્રણ હજારની સંખ્યા હમણા કિલ્લામા હતી તેઓ સર્વ આવી જતા શુરી વિધવાએ પોતાનો નિશ્ચય તેમની પાસે વ્યક્ત કર્યો તેઓએ કાંઇ પણ અવાજ કર્યા સિવાય શાંતિથી સાંભળ્યા કર્યુ પણ તેમણે ધારણ કરેલી ગંભીરતા તેમના વિચારની મહાન અસરતાનો ઉદ્દેશ દર્શાવી આપતી હતી તેઓ પણ હવે કેસરીયા કરવાના નિશ્ચય ઉપર આવ્યા અને કિલ્લામાથી એકદમ બહાર નીકળી છાપો મારવા તૈયાર થયા રૂપસિહ પણ તેઓની સાથેજ હતો તે યુદ્ધમાં જવાનો હતો એમ જણાતુ હતુ પણ કાંઇ બોલતો નહોતો જ્યારે તે શુરવીર મંડળ રવાના થવા તત્પર થયું અને તેમની તલવારો સૂર્યના કીરણોમા ચળકવા લાગી ત્યારે તે કડી રાજપુતાણી તેઓની તલવારો દુશ્મનોના લોહીથી તૃપ્ત થશે એ વિચારે તેમના તરફ આલ્હાદ અને અભિમાનપૂર્વક જોઇ રહી સર્વ તૈયાર થઇ જતા તેણે પોતાનો હાથ હલાવ્યો કિલ્લાના દરવાજા ઉઘાડી નાખવામા આવ્યા અને શુરવીર મંડળે મૃત્યુની છેલ્લી લડાઇ લડવામાટે પોતાની કુચ શરૂ કરી

મહાન જળપ્રલય થવા માટે પાણીનો મોટી રેલ આવે તેમ તેઓ આગળ વધ્યા ત્યારે તેઓ રૂ વીર મર્દાનાઓથી કાન બહેર મારી જવા લાગ્યા અનુપમ વીરતા બતાવી આત્મભોગ આપનાર આવા શુરવીર સૈનિકો હવે શું કરશે તે મોગલો જાણતા હતા શરૂઆતથીજ ગભરાટ ફેલાયો કાંઇ પણ ભય રાખ્યા સિવાય લડનાર ટુકડીમા સર્વત્ર કાપાકુપી ને મૃત્યુ ફેલાવા લાગ્યા ટુકડીનો કોઇ પણ ભાગ બાકી રહ્યો નહોતો કદાચ કોઇ રાજપુતને જીવતોજ કેદી તરીકે પકડવામા આવતો હતો કે તરતજ તે પોતાની તલવારથી આત્મઘાત કરતો હતો મુસલમાનોની અંદર કતલ ઘણીજ ભયંકર હતી તે અતિ ઉશ્કેરાયેલ શુરવીર પુરૂષો કે જેમણે મૃત્યુને પોતાની જીંદગી અર્પણ કરી દીધી હતી તેમની તલવારોથી હજારો મુસલમાનોના નાશ થયો

અપૂર્ણ



શ્રી જગદંબાના ફોટાઓ!!!

ફોટાનુ નામ	સાઇઝ	કિંમત	ફોટાનુ નામ	સાઇઝ	કિંમત
જગદાલેદાર	કેબીનેટ	રૂા ૦ાા	ગબ્બરવાસિની	કેબીનેટ	રૂા ૦ાા
માતસ્વરૂપ	"	રૂા ૦ાા	રથવાહિની		રૂા ૦ાા
કેદાર પુનર્જિવન	"	રૂા ૦ાા	રામચંદ્રજીનો [illegible]	"	રૂા ૦ાા
ચંડમુંડ મર્દિની	"	રૂા ૦ાા	મહિષમર્દિની	"	રૂા ૦ાા
સરસ્વતિ	"	રૂા ૦ાા	શંકર (દીગંબર)	"	રૂા ૦ાા
શંકર (કૈલાસ)		રૂા ૦ાા	કોટેશ્વર માતાના ગઢમાં	કાર્ડસાઇઝ	રૂા ૦ા
શ્રી અંબાજીના ગોખની	૬ મસાઇઝ	રૂા ૨	શ્રી અંબાજીના ગોખની	કેબીનેટ	રૂા ૧

ખાસ વહેંચવા માટે સસ્તી કીંમતે!!!

શ્રી અંબાજી અને બહુચરાજીના યાત્રા વર્ણન —

રૂા ૧) ના ૭૫ નકલ રૂા ૦ાા ની ૩૫ નકલ

આ કરતા ઓછી સંખ્યામા આપવામા આવતી નથી

દેવી ભક્તોમા બહોળા પ્રચારને માટેજ ખાસ!

શ્રી નવરાત્રિની કથા—(કાચું પૂઠું) રૂા ૧) ની ૧૦ નકલ

" (પૂઠું જાડું પગીયાનું) રૂા ૧) ની ૫ નકલ

ઉપરના માલની ફક્ત થોડી થોડી નકલોજ એ ભાવથી વેચવા કાઢેલી છે માટે ખલાસ થયાપછી મળી શકશે નહિ વહેલો તે પહેલો

श्री शक्ति धर्मोद्धारक समाज चूडा (काठियावाड)

जाहेर खबर

ફક્ત જુજ નકલો બાકી છે

જે સદ્‌ગૃહસ્થોને તેમજ વિદ્યાર્થીઓને મહેનત નામનુ ઉત્તમ ન્હાનકડુ પુસ્તક જોઇતુ હોય તેઓ નીચેના શીરનામે રૂા ૦—૦—૮ ની ટીકીટ મોકલશે તો કાંઇપણ લીધા શિવાય ભેટ મોકલી આપવામા આવશે આમાથી રૂા ૦—૦—૬ ની ટીકીટ મ્હોંકારી અને રૂા ૦—૦—૩ મંડળના લાઇબ્રેરી ફંડમા જશે

લી૦ સેવક

રાયપુર ભાટીની પોળ, અમદાવાદ } વૈદ્યરાજ બાપાલાલ દવે, સ્થાપક, આદિત્ય યુવક મંડળ.

આતંકનિગ્રહ ઔષધાલયમાં તૈયાર થતા ઉપયોગી

ફતેહમંદ ઔષધો

1. આતંકનીગ્રહ ગોળીઓ—અપુર્વ જીવન આપનારી જગપ્રખ્યાત પૌષ્ટિક દવા કીમત ગોળી ૩૨ ની ડબી ૧ નો રૂપીઓ ૧
2. વાઝીકરણ તેલ—ગએલા પુરૂષત્વને પાછું લાવી આપનાર બહારના ઉપચાર રૂપ ઉત્તમ ઉપાય કીમત તોલા ॥ ની બાટલી ૧ ના રૂ ૫
3. બાળમિત્ર—બાળકોના દરદો જેવા કે તાવ ઝાડો સળેખમ ખાંસી વગેરેને મટાડી તેઓના શરીરને મજબુત તથા પુષ્ટ બનાવનારી ચમત્કારિક ગોળીઓ કિમત ગોળી ૩ ની ડબી ૧ નો રૂપીઓ ૧
4. શુદ્ધ મોતીનો સુરમો—આંખોની શક્તિને રક્ષણ રાખેછે તથા આંખના રોગ વગેરેને દુર કરેછે કીમત કાળો સુરમો તોલા ૧ નો રૂ ૧॥ તથા ધોળો સુરમો તોલા ૧ ના રૂ ૨
5. નેત્રાંજન નં. ૨—આંખના દરદો જેવા કે ફુલું પડળ ઝાંખ વગેરેને તોડી આંખને ચોખ્ખી કરવામાં કદીપણ પાછો ન હઠે તેવો ઈલાજ કિમત તોલા ॥ ની શીશી ૧ નો રૂ ૧
6. કાસાંતક—ઉધરસ મટાડવાને માટે અકસીર ઈલાજ કીમત—ગોળા ૫ ની ડબી ૧ના રૂ ૧
7. ઊંઘની ગોળીઓ—ચોખ્ખી નીદ્રા લાવી મગજને શાંતી આપે છે કિમત ગોળી ૧૬ની ડબી ૧ રૂ ૧
8. રેચક ગોળીઓ—કબજીયત દુર કરી દસ્ત સાફ લાવે છે કિમત ગોળી ૩૨ની ડબી ૧ ના આઠ આના
9. મકુનટક—પકુ કમળો, ખરોઝ વગેરે મટાડે છે કિમત—ગોળા ૧ ની ડબી ૧નો રૂ ૧
10. જ્વરાંતક—હરકોઈ જાતના તાવના જોમને એકદમ કાબુમાં લઇ મટાડે છે કિમત ગોળી ૪૦ ની ડબી ૧ નો રૂપિઓ ૧
11. અકુમભા—પ્રમેહ, વધરાવળ, હરસ વગેરે મટાડે છે, કિમત ગોળી ૧૬ ની ડબી ૧ નો રૂ ૧

આ સિવાય પણ કોલેરાપીલ્સ, કર્ણ તેલ, આયુષ્યવર્દ્ધક તેલ, વાત કેસરી તેલ, ચ્યવનપ્રાશ પાક, ગ્રહમર્દન મલમ દાદરની ભુકી, દંતમંજન, કેશરાદિ ગોળીઓ, સીફીલીસ પાઉડર, વગેરે દવા તથા પુસ્તકોની પુરી કિમત જાણવા માટે અમારા ઔષધાલયનું લીસ્ટ મગાવવા મહેરબાની કરો.

વૈદશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.
જામનગર—કાઠિયાવાડ

शाक्त प्रकोर्ण ३ अक ४ थो


હિંદુસ્થાનમા બહોળો ફેલાવો પામેલુ, શક્તિધર્મ ।। તેમજ
કાવ્ય, સાહિત્ય, કળાકાૈશલ્ય, નીતિ, જ્ઞાન, વીગેરે સબંધી
સમય અને બોધક લેખો ચચતુ અને સવત્ર
સન્માન પામેલુ માસિક પત્ર—

શ્રી અંબિકા વિજય

(દરેક પુનમે બહાર પડે છે)

પુસ્તક ૧૦ મુ માઘ, પુર્ણિમા ૧૯૬૯ અંક ૪ થો





પ્રગટ કરનાર—
માવજીભાઈ કુબેરજી રાવળ. શાક્તધર્માચાર્ય
મેનેજર, શ્રી શક્તિધર્મોદ્ધારક સમાજ. ચુડા. (કાઠીયાવાડ)
(સમાજના ૧ થી ૪ વર્ગ સુધીના મેમ્બરોને પોસ્ટેજ અને ભેટ સાથે મફત)
વાર્ષિક લવાજમ અગાઉથીજ રૂ ૧—૮—૦ ભેટના પોસ્ટેજ સાથે
પાછળથી રૂ ૨—૦—૦ ભેટ વીના છુટક નકલના રૂ ૦—૩—૦

શ્રી જોગવરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ, ચુડા

દરેક ગ્રાહકે ખાસ લક્ષપર લેવા યોગ્ય વિજ્ઞપ્તિ—

પોષ પુર્ણિમાના અંક પછી લગભગ બે માસ ઉપરાંત જેટલા લાંબા વખતે આ માઘ પુર્ણિમાના અંક ગ્રાહકોને આપીએ છીએ અને તે વિલંબને માટે અમો દિલગીર છીએ પણ અમારા માતુશ્રી બે માસ માંદગી ભોગવી સ્વર્ગવાસ થયા તેમની માંદગી અને ઉત્તરક્રિયા વિગેરેના રોકાણ એ આવશ્યક ફરજ હોઇ અમારા સુજ્ઞ ગ્રાહકો ક્ષમા આપશે એમ અમો આશા રાખીએ છીએ હવે પુનમ ઉપર ફાગણનો અંક નીકળશે અને વૈશાખ પુર્ણિમાએ ચૈત્ર—વૈશાખ બે અંક સાથે કાઢવામાં આવશે

આ વર્ષની ભેટો અમારા ગ્રાહકોને ઘણીજ પસંદ પડી છે એમ અમો કેટલાક સુજ્ઞ ગ્રાહકો તરફથી આવેલા અભિપ્રાયો ઉપરથી જાણી શકયા છીએ અને ગ્રાહકોને તે સબંધે સંતોષ મળવાથી અમો અત્યાનંદ પામ્યા છીએ સ્થળ સંકોચને લેઇ આ અંકમાં ફકત ત્રણ અભિપ્રાય પ્રગટ કર્યા છે પણ આવતા અંકમાં બીજા અભિપ્રાયો પ્રગટ કરવામાં આવશે આ અભિપ્રાયો ઉપરથી આ વર્ષમાં જે ગૃહસ્થો તરફ ગ્રાહક થવા માટે વિનંતિ પત્ર સાથે માસિક શરૂ કરવામાં આવ્યું છે તેઓમાંના જેઓ તરફથી હજુ વી. પી. નો ઓર્ડર મળ્યો નથી તેઓ તુરત નિશ્ચયપણે વી. પી. થી ભેટ મંગાવી લેશે એમ આશા રાખવામાં આવે છે

જુના ગ્રાહકો તરફ અનુક્રમે વી. પી. કરવા શરૂ થયા છે પણ અમો દિલગીર છીએ કે તેમાંના પાંચ સાત ગ્રાહકો તરફથી અત્યાર સુધીમાં માસિક બંધ કરવાના કાંઇપણ ખબર મળ્યા શિવાય વી. પી. રીફયુઝ કરવામાં આવ્યા છે તેઓને અમારે જણાવવું જોઇએ કે દરેક અંકમાં ખબર આપવામાં આવે છે કે જેઓને ગ્રાહક ન રહેવું હોય તેમણે અમને ખબર આપવા અગર અંક પાછો મોકલવો છતાં ત્રણ અંક મુંગે મોઢે સ્વિકાર્યા બાદ ફકત ખબર આપવાના પોતાના પ્રમાદથી વી. પી. નું સવા બે આનાનું નાહક ખર્ચ અમને કરાવ્યું છે આ માસિકની ભેટો જોતાં સહેજ જણાશે કે આ કાર્યમાં નિઃસ્વાર્થ બુદ્ધિ છે ફકત શ્રી જગદંબાના યશોગાનના પ્રચાર માટે અમારો આ પ્રયાસ છે અને તેવા આવાં વર્તનથી તેઓ અમને નિરૂત્સાહ કરી દીએ છે અને આટલી નાની રકમો મળી મોટી રકમ થાય છે અને તેથી જે નુકશાન થાય છે તેનો ન્યાય અમો શ્રી જગદંબાનેજ સોંપીએ છીએ છતાં તેઓ અમારા નિરૂત્સાહના કારણભૂત ન થાય એટલા માટે તેમજ આ વર્ષની ભેટો એવી છે કે તેમાંજ લવાજમ ઉપરાંત રકમ વસુલ થાય છે તેથી અમો તેવા ગ્રાહકોને પણ વી. પી. રીફયુઝ થયા છતાં માસિક આ વખતને માટે બંધ કરતા નથી અને આશા રાખીએ છીએ કે ભેટોના અભિપ્રાયો ઉપરથી તેઓને આ વર્ષમાં કેટલો ફાયદો છે તે તેઓ લક્ષ ઉપર લેશે તેમજ પોતાના અયોગ્ય વર્તનને માટે પશ્ચાતાપના પરિણામરૂપે રીફયુઝ થયેલ વી૦ પી. ના ખર્ચ સાથે રૂા ૧—૧૧— નું ફરી વી. પી. કરવાનો તેઓ ઓર્ડર આપશે શ્રી જગદંબા તેઓને સદ્બુદ્ધિ આપે એમ અમો ઇચ્છીએ છીએ

છેવટમાં અમારા સુજ્ઞ ગ્રાહકોમાંના જેઓ તરફથી અમોને આ ભેટો બાબત અભિપ્રાયો મળેલા છે તેઓનો અમો ખરા અંતઃકરણપૂર્વક ઉપકાર માનીએ છીએ અને તેથી અમોને જે ઉત્સાહ મળેલો છે તે ઉપરથી અમો આ માસિકની સ્થિતિ સુધારવા વધારે પ્રયત્નશીલ થયા છીએ કાંઇપણ નહાની આશા કે અર્થની દરકાર શિવાય આ માસિકને અમો થોડા વખતમાં સચિત્ર કરવા ધારીએ છીએ અને તત્સબંધી આવતા અંકમાં અમો વિશેષ હકીકત નિવેદન કરીશું

અધિપતિ

શ્રી અંબિકા વિજય

પુસ્તક ૧૦ મુ માઘ, પુર્ણીમા, ૧૯૬૯ અંક ૩ જો

એક માસનુ પચાંગ

સવત ૧૯૬૯ ના માઘ વદી ૧ થી ફાગણ શુદી ૧૫ સુધી

તિથિ	વાર	તારીખ	હકીકત
૧	શુક્ર		પડવાનો ક્ષય છે
૨	શનિ	૨૨	
૩	રવિ	૨૩	
૪	સોમ	૨૪	સકષ્ટ ચતુર્થી ” અંગારક ચતુર્થી ”
૫	મંગળ	૨૫	
૬	બુધ	૨૬	
૭	ગુરૂ	૨૭	
૮	શુક્ર	૨૮	
૯	શનિ	૧	માર્ચ માસ બેઠો
૧	રવિ	૨	
૧૧	સોમ	૩	વિજયા એકાદશી ઉદયાત્ ૩૮—૮ સુધી છે
૧૨	મંગળ	૪	
૧૩	બુધ	૫	
૧૪	ગુરૂ	૬	મહા શિવરાત્રિ ”
૦૦	શુક્ર	૭	શ્રાદ્ધની અમાવાસ્યા ઉદયાત્ ૫૭—૨૮ સુધી છે
૧	શનિ	૮	ફાગણ માસ બેઠો પયોવ્રત આરંભ ”
૧	રવિ	૯	
૨	સોમ	૧	
૩	મંગળ	૧૧	
૪	બુધ	૧૨	
૫	ગુરૂ	૧૩	
૬	શુક્ર	૧૪	
૭	શનિ	૧૫	દુર્ગાષ્ટમી
૮	રવિ	૧૬	આજથી હોળાષ્ટક બેસે છે
૯	સોમ	૧૭	
૧૦	સોમ	૦	દશમનો ક્ષય છે
૧૧	મંગળ	૧૮	શિવમાર્ગીઓની આમલકી એકાદશી
૧૨	બુધ	૧૯	વૈષ્ણવોની આમલકી એકાદશી
૧૩	ગુરૂ	૨૦	
૧૪	શુક્ર	૨૧	હુતાશની ” (હોળી) પ્રગટવી
૧૫	શનિ	૨૨	મન્વાદિ તિથિ અભ્યંગસ્નાન આંબાના મોરનુ ભક્ષણ ચંદ્રોદય ચંદ્રગ્રહણ

ટિકાયોગ્ય વિષયોમાટે ક્રમાંક છે તે બીજા પૃષ્ટે ટિપ્પણમાં જુઓ

त्वन्नाम स्मरणात्पलायनपरा द्रष्टु च शक्ता न ते
भूत प्रेत पिशाच राक्षस गणा यक्षाश्च नागाधिपा
दैत्या दानव पुगवाश्च खचरा व्याघ्रादिका जतवो
डाकिन्य कूपितातकाश्च मनुज मात क्षण भूतल

પચાગનુ ટિપ્પણ અથવા આ માસમાના વ્રતોની વિધિ

૧ આ વ્રત સંકટ હર ગણપતિ વ્રત કહેવાય છે દિવસે નિત્ય નૈમિત્તિક ધાર્મિક કૃત્યો કરી રાત્રે ગણપતિનુ પૂજન કરી લાડુનુ નવેદ્ય ધરાવી ચદ્ર દર્શન કર્યા પછી નવેદ્યનુ નક્ત ભુક્ત કરવાથી અભિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે કથા આ ામાં વ્યાસમુનિના ઉપદેશથી વનવાસ પામેલા યુધિષ્ઠિર આ વ્રત કરવાથી પુન રાજ્ય પ્રાપ્તિ સાથે સવ સુખોના ભોક્તા થયા હતા

૨ આ દિવસે ગણપતિના ચદ્રના અને મ ગળના વ્રતપૂજનથી સવ મનો થે પ્રાપ્ત થાય છે કથા ગણેશ પુરાણમા છે ઉપવાસાદિ નિયમો અને પૂજન બીજી ચતુર્થીઓ પ્રમાણે છે અવતિ નગરના ભરદ્વાજ મુનિ એક સુદર સ્ત્રી જોઇ કામાસક્ત થતા સ્ખલિત થયેલ વીર્યમાથી ભામ નામના કુમારની ઉત્પત્તિ થઇ તેને મ ાજે ઉપનયન સસ્કાર કરી ગણપતિના મત્રનો ઉપદેશ ર્યો પૃથ્વી દેવીએ તેને પોષિત કર્યાથી તે ભૂમિપુત્ર કહેવાય છે પિતાના ઉપદેશ પ્રમાણે તેમણે ઇંદ્રિયોનુ સયમન કરી વાયુનુ ભક્ષણ કરી એકાગ્રચિત્તથી ગણેશની ઉપાસના કરવા માડી આવા દારૂણ તપાનુષ્ઠાનમા એક હજાર વર્ષ વ્યતિત થતા માઘ કૃષ્ણ ચતુર્થીના ચદ્રોદય સમયે ગણપતિએ પ્રત્યક્ષ થઇ તેમને અભિષ્ટ સિદ્ધિનો વરપ્રદાન કરતા તેઓની સ્વ ામા સ્થિતિ થવા સાથે ગ્રહમા તેમની ગણના થઇ અને આ ચતુર્થી તેમના નામ ઉપરથી અ ગારક ચતુર્થીના નામથી પ્રસિદ્ધી પામી મ ગળ દેવે ત્યા એક મોટુ મદીર કરાવ્યુ અને તેમા દશ ભૂજાવાળી મોટી સુદર દેખાતી અને સવ અવયવોમાં સુંદર ગણપતિની મૂર્તિ તેમા સ્થાપી અને પોતાની મૂર્તિ પણ તેમા સ્થાપી ત્યારથી તે ક્ષેત્ર સિદ્ધિપ્રદ થયુ અવતિથી પશ્ચિમ તરફ તે ગણપતિનો તથા મ ગળનો પ્રાસાદ ભક્તોને ચિતામણીની પેઠે સર્વે સિદ્ધિ પ્રદાતા હોઇ ચિતામણી પ્રાસાદ એ નામથી પ્રસિદ્ધ થયો

૩ મહાશિવરાત્રિનું વ્રત અત્યત પ્રસિદ્ધ હોવાથી તેના પ્રમાણ કથા આદિની અત્ર આવશ્યકતા નથી તે દિવસે ઠેકાણે આ વ્રતના માહાત્મ્યની કથાઓ વચાય છે તેથી જગ પ્રસિદ્ધ છે

૪ કશ્યપ મુનિની દિતિ અને અદિતિ નામની સ્ત્રીઓને પેટે અનુક્રમે દૈત્યો અને દેવો ઉત્પન્ન થયા હતા તેમા તેઓ ાળબળ પ્રમાણે વારા ફરતી ઉચ્ચાધિકાર ભોગવતા હતા દૈત્ય કુળમાં બલિરાજા મહાબળવાન હતો તેણે સ્વર્ગ વિગેરે દેવતાઓનુ સામ્રાજ્ય પોતાને સ્વાધિન

કરી લેઇ યજ્ઞ યાગાદિ સત્કાર્યો કરવા માંડ્યા તે વખતે અદિતિએ પોતાના દેવ પુત્રોના હિત અર્થે કશ્યપની પ્રાર્થના કરતા તેમણે આ પયોવ્રતનો ઉપદેશ આપ્યો તેનો સારાશ નીચે પ્રમાણે છે —

ફાગણ શુક્લ પ્રતિપદાથી દ્વાદશી પર્યંત બાર દિવસનું આ વ્રત છે માઘ અમાવાસ્યાને દિવસે વરાહે ઉખેડેલી મૃત્તિકાના લેપન પૂર્વક સ્નાન કરી નિત્ય કર્મો કરી લેઇ સદાશિવથી અભિન્ન સ્વરૂપવાળા વિષ્ણુની મૂર્ત્યાદિકમા ષોડશોપચારથી દ્વાદશાક્ષર મંત્રવડે પૂજા કરવી દુધપાકનું નૈવેદ્ય ધરાવવું અને તેનો હોમ કરવો નૈવેદ્ય વૈષ્ણવને દેવું અથવા પોતે જમવું મુખવાસાદિ લઇ અષ્ટોતર શત દ્વાદશાક્ષર મંત્રનો જપ કરવો પ્રદક્ષિણા કરી દંડવત્નમસ્કાર પૂર્વક ક્ષમા માગવી ઓછામા ઓછા બે બ્રાહ્મણોને જમાડી પોતે ભોજન કરવું અને તે રાત્રિએ બ્રહ્મચર્ય પાળવું પ્રતિપદાના પ્રાતઃકાળમા સ્નાનાદિ કર્મ કરી વિષ્ણુની મૂર્તિને પય સ્નાન પૂર્વક ઉપચારોથી પૂજી પોતે બારે દિવસ સુધી કેવળ દુધનુંજ પાન કરીને રહેવું ઉપર પ્રમાણે હમેશ હોમ અને બ્રાહ્મણ ભોજન કરાવવું ત્રણ વખત સ્નાન કરી પૂજન કરવું નીચ લોકો સાથે ભાષણ ન કરવું સ્થૂળ કે સૂક્ષ્મ કોઇ જીવની હિંસા ન કરવી સાત્વિક વૃત્તિથી વિષ્ણુના ધ્યાનમા તત્પર રહેવું ત્રયોદશીને દિવસે વિષ્ણુને પંચામૃતથી સ્નાન કરાવી મહાપૂજા કરવી દુધપાકનો ચરૂ કરી હોમ કરવો આચાર્ય વિગેરેને દક્ષિણા દેવી અનાથોને અન્ન વસ્ત્રાદિ આપવા વ્રતનું ફળ ઇશ્વરાર્પણ કરવું અને પછી ઇષ્ટ બંધુઓ સાથે ભોજન કરવું

અદિતિએ એ વ્રત કર્યું આ વ્રતનું ફળ પુત્ર પ્રાપ્તિ છે તે પ્રમાણે વિષ્ણુએ પોતેજ અદિતિને પેટે જ શ્રી વામનાવતાર ધારણ કર્યો અને ત્રણ પગલાં પૃથ્વી લેવાના બ્હાનાથી બલિરાજા પાસેથી ત્રિલોકનું રાજ્ય લેઇ દેવોને પાછું આપી અદિતિનો મનોરથ પૂર્ણ કર્યો

૫ હુતાશની સબંધી કથા ભવિષ્યોત્તર પુરાણમા છે ફાલ્ગુણ પુર્ણીમાએ લોકો ઉન્મત્તપણે ઉત્સવ કેમ કરેછે એવું યુધિષ્ઠિરે પૂછતા, શ્રી કૃષ્ણે કહ્યું કે —રઘુરાજાના વખતમા ઢુંઢા નામની રાક્ષસી જુદા જુદા રૂપ લઇ લોકોના ઘરમા પેસી બાળકોને મારી નાખતી હતી તેથી સઘળી પ્રજા રાજાપાસે ફરીયાદ કરવા ગઇ રાજાએ વસિષ્ટ મુનિની સલાહ લીધી ત્યારે મુનિ બોલ્યા કે —એ ઢુંઢા રાક્ષસી માલી નામના રાક્ષસની પુત્રી છે ઉગ્ર તપશ્ચર્યાથી તેણે સદાશીવને પ્રસન્ન કરી વરદાન માગ્યુ છે કે કોઇ પ્રકારે તેનું મૃત્યુ ન થાય ત્યારે સદાશિવે અપવાદ તરિકે ફાગણ માસમા સંધ્યા સમયે ચૌટામા ઉન્મત્ત બાળકોથી તેને અગ્નિ વડે ભય થશે એમ કહી તે શિવાય કોઇ પ્રકારે ત્હારૂં મર્ણ નહીં થાય એમ વરદાન આપ્યું છે તેથી એ રાક્ષસી વરદાનથી મસ્ત થની પોતાને ફક્ત બાળકોથીજ વૈર છે એમ માની બાળકોને ઢુંઢી ઢુંઢીને મારી નાખે છે માટે ફાગણ પુર્ણીમાની સંધ્યા સમયે ચોરે ચૌટે કાષ્ટ વિગેરે એકઠા કરી તેમા અગ્નિ મુકવો અને બાળકોએ ઉન્મત્તપણે બુમો પાડવી અને તે વખતે રક્ષોઘ્ન મંત્રો ભણીશ તેથી તે રાક્ષસી જરૂર તેમા ઝંપાઇ જશે અને લોકોના બાળકો ઉપરની આફતનો સદાને માટે નાશ થશે રઘુરાજાએ તે પ્રમાણે કર્યું અને તે પ્રમાણે તે ઢુંઢા રાક્ષસી અગ્નિ

આગમા ઝડપાઇ નાશ પામતા લોકોનો ભય દુર થયો ત્યારથી હોળીનો આવો ઉમત્ત ઉત્સવ ચાલુ થયો છે

આ દિવસે કેટલાક લોકો એક ભુક્ત કરે છે અને કેટલાક હોળીના દર્શન કર્યા પછીજ ભોજન કરે છે હોળીના ઉત્સવને અંગે ઘણા લોકોમા ધાણી દાળીયા તથા સાથવો ખાવાનો ચાલ છે કેટલાક લોકો શરીરમા નીકળતા વાળાના દરદની શાંતિ માટે રૂપાનો વાળો કરાવી હોળીમા નાખે છે

રાજાએ સ્નાનાદિ કર્મથી શુદ્ધ થઇ બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી હોળી કે જેને ઢુંઢા રાક્ષસીની ચિતારૂપ માનેલી છે તેની પૂજા કરવી બાળકો તથા રંક લોકોને વસ્ત્રો તથા ખાવાના પદાર્થો આપવા હોળીને ત્રણ પ્રદક્ષિણા કરવી અને છેવટ ઘી સહિત દુધથી છાંટીને હોળીને શાંત કરવી એમ મનાયુ છે કે હોળીના હોમથી રોગોની અને બીજા પણ ઉપદ્રવોની શાંતિ થાય છે

—————

देवी तत्व दीवाकर

(ગતાંકથી ચાલુ)

હવે રાજ્યાસન ઉપર બેઠેલો હિરણ્યકશિપુ મત્ત થઇ સ્વર્ગ પૃથ્વી અને પાતાળ સુધી લોક ત્રિલોકનો અધિપતિ થયો તેને સંહ્લાદ અનુહ્લાદ હ્લાદ અને પ્રહ્લાદ નામના ચાર પુત્રો થયા તે પુત્રો પૈકીનો પ્રહ્લાદ ભગવદ્ભક્ત હતો અને તેને હિરણ્યકશિપુએ હરિની ભક્તિ છોડવા અને પોતાના દૈત્યસ્વભાવ પ્રમાણે વર્તન રાખવા ઘણું ઘણું સમજાવ્યો અનેક પ્રકારનો ભય બતાવ્યો વિવિધપ્રકારની શિક્ષાઓ કરી છતાં તે માન્યો નહિ એક વખત તપ્ત લોહસ્થંભ ઉભો કરાવી પ્રહ્લાદને તેની સાથે બાથ ભીડાવી બાળી મુકવાની શિક્ષા કરવાને તે દૈત્ય પિતા તૈયાર થયો અને પ્રહ્લાદને ધમકી આપી કહ્યુ કે આમાં પણ ત્હારો હરિ હશે તો ત્હારી સ્હાય કરશે પ્રહ્લાદે તેમા પણ ઇશ્વર હોવાનું જણાવતા દૈત્યરાજે ક્રોધથી લાલચોળ થઈ તિરસ્કાર પૂર્વક તે સ્થંભને પાટુ મારતા તે ફાટયો અને તેમાથી નૃસિંહ રૂપ ધારણ કરી પ્રભુ પોતાના ભક્તની સ્હાય કરવા પ્રગટ થયા તે રાક્ષસે નૃસિંહ સામે લડવું શરૂ કર્યું તેઓ વચ્ચેના ભીષણ યુદ્ધમા મહિનો એક દીવસ ચાલ્યો ગયો હિરણ્યકશિપુના સર્વ અસ્ત્ર નાશ પામ્યા ફક્ત એક ત્રિશૂલ રહ્યુ તે વડે તે નૃસિંહ સાથે લડવા લાગ્યો નૃસિંહે પણ તેને થોડી વાર રમાડી પોતાના પંજા વડે તેને એકદમ પકડી લીધો કંઠમા હાથ નાખી બીજા હાથના નખવડે તેના આંતરડાં કાઢી પોતાના કંઠમા પહેરી લીધા પાટુનો માર મારી અધમુવો કરીને પછી તેને મારી નાખ્યો દૈત્યશત્રુ હિરણ્યકશિપુને મારી પ્રહ્લાદને પોતાની પાસે બોલાવ્યો પ્રહ્લાદ નૃસિંહ ભગવાનને પ્રણામ કરી ઉભો એટલે ભગવાન તેને રાજ્યાસનપર બેસાડી પછી અંતર્ધાન થયા

હવે વનમા ગયેલ અધં એક પગે ઊભારહી તપ શરૂ કર્યું તેણે દશ હજાર વર્ષ સુધી શિવમ ન જપ્યો અને તે દરમીયાન અન્નજળનો ત્યાગ કર્યો પછી તેણે એવો નિશ્ચય કર્યો કે મારા શરીરમાં જે લોહી તથા માસ છ તે કાપી તેનો હોમ કરૂ તો સદાશિવ પ્રસન્ન થશે એમ ધારી તે તે પ્રમાણે કરવા લાગ્યો છેવટે તેનુ શરીર ચર્મમાત્ર રહ્યું એટલે તેના હોમ કરવો ધાર્યો તે જોઇ દેવ ગણોએ તેને વાર્યો અને છેવટે બ્રહ્મા પ્રસન્ન થઇ ત્યા પધારી બોલ્યા —

હે ભાઇ! તારે જે કામના હોય તે માગી લે અગ્નિમા પડી આત્મહત્યા શા માટે વહોરી લે છે? એમ ન કર

બ્રહ્માના વચન સાભળી અધ શાન્ત થઇ તેમને પ્રણામ કર્યા અને બોલ્યો કે, ' મહારાજાધિ મારા શત્રુઓ જે મારૂ રાજ્ય લઇ ગયા છે તે મને પાછુ મળે મારી આજ્ઞા આગળ ઇન્દ્ર વિગેરે દેવો મને કર આપે અને મારૂ મૃત્યુ દેવ દૈત્ય ગધર્વ કે મનુષ્યને હાથે ન થાય એમ માગુ છુ "

તેના વચન સાભળી બ્રહ્મા જરા ચમક્યા પણ પોતાના ગભરાટ દબાવી રાખી બોલ્યા કે ' ભાઇ! તે મન વસ્તુ તને આપુ પણ મરણમા તુ કાઇ પણ વસ્તુ છોડીને વર માગે તો અપાય આ જગતમા એવો કોઇ પણ જ મ્યો નથી તેમ જ મરી પણ નહીં કે જેનુ મૃ યુ છેજ નહિ વળી તમારા જેના સત્પુરુષો આખુ આવરદા માગતા પણ નથી તો તમે મરણમા કાઇ પણ વસ્તુને નિમિત્ત રાખોતો સારૂ કહેવાય

મહારાજા! દત્યે જવાબ આપ્યો ભલે આપની તેવી ઇચ્છા છે તો એમ કરૂ છુ આ જગતના ઉત્તમ મધ્યમ અને કનિષ્ટ એ ત્રણ પ્રકારની સ્ત્રીઓ થાય છે તેમા પણ જે રત્નરૂપ હોય અને એક વખત મારી માતુશ્રી કહેવાણી હોય તેમ મન, વચન અને કર્મ રી જેનુ સ્વરૂપ અજેય હોય એવી નારી ઉપર મારી દુષ્ટના રનગાર નમાણે ભરી નજર પડે ત્યારે મારો નાશ થાય

બ્રહ્મા તથાસ્તુ કહીને તેમજ પોતાના રા ય મા જવાની આજ્ઞા આપીને અતર્ધાન થયા બ્રહ્માના પ્રસાદ મેળવી અધક પોતાના રાજ્ય તરફ ગયો રાજ્યધાનીના શહેર નજીક પહોંચતા તેને આવેલો સાભળી શહેરમાના સભાવિત ગૃહસ્થો તેની સામે આવી તેને આદર સત્કારથી લેઇ ગયા પ્રહ્લાદ વીગેરે પણ તેને તાબે થઇને રહ્યા અને તેનુ કાય કરવા લાગ્યા પછી અધક પાતાળમાથી સ્વર્ગ જીતવા માટે ચડ્યો અને ત્યા જઈ સ્વર્ગમાના દેવ તથા ઇન્દ્રને કર આપતા કર્યા પછી સર્વ રાક્ષસ દેવ ગધર્વ યક્ષ પીશાચ મનુષ્ય ચોપગા ગીધ વીગેરે પ્રાણીને જીતી પોતાને વશ કર્યા આવી રીતે ત્રણ લોકના સ્થાવર અને જગમ પ્રાણીને પોતાને વશ કરી મનોહર નારીઓનુ હરણ કરવા લાગ્યો સ્વર્ગ પાતાલ અને પૃથ્વીમાથી જ્યા જ્યા સુરૂપ સ્ત્રીઓ જોવામા આવી તેઓને હરી લાવી તેમની સાથે પર્વતો ઉપર મનોહર નદી તટોમા,

અને બીજા રમણીય સ્થાનોમા વીહાર કરવા લાગ્યો

તે સ્ત્રીઓની વચ્ચે રહી તે સ્ત્રીઓને મનોહર રસનુ પાન કરાવી તેનુ ઉચ્છિષ્ટ પોતે પીએ ફળ ફુળાદિક તેઓને ખવરાવી પોતે ખાય મય દાનવે બનાવેલ મનોહર વીમાનમા તેમની સાથે બેસી ક્રીડા કરે અને સુગંધી ચંદનહાર અને વાળા વીગેરેનો નીરંતર શરીરે લેપ કરી તેમની સંગે રમણ કરે આવી રીતે વીલાસમા દેવતાઓના દશહજાર વર્ષ વીતી ગયા અને અધિક મત્ત બની ગાંડા જેવો થઇ ગયો

અપૂર્ણ

यज्ञनु रहस्य

ગતાંકથી ચાલુ

વદિકકાળમા પણ અહંકારમાથી ઉત્પન્ન થયેલા કર્મકાંડથી જ મુક્તિ મળતી નહોતી મુક્તિ હમ્મેશા જ્ઞાનથી મળે છે કર્તવ્યના ભારથી દબાઇ ગયેલો અને દોડાદોડથી હારી ગયેલા સ્વાર્થીપણાનો સુધરેલો ગુલામ આધુનિક ઉપલક ક્રિયા કર્મકાંડ દ્વારા પાપ અને દુ ખથી મુક્ત થઇ શકશે નહિ તે જગતની સર્વ સંપત્તિ તો મેળવશે પરંતુ આપણો આત્મા તે સર્વનો આત્મા છે એવુ જ્ઞાન થયા વગર તેને શાંતિ મળનાર નથી જગતના સઘળા પરિવર્તનો અને સંયોગોમા એક તત્વ અનંતસત થયેલું જણાય છે અને તે આત્મનતિતી છે અને જ્યા સુધી એક માણસનુ જીવન કૃત્રિમતા બાહ્યાચાર તથા દૃશ્યમા જ ગુંચવાઇ રહ્યુ છે ત્યા સુધી પ્રત્યેક ઊથલપાથલ તથા પરિવર્તનથી માત્ર સૂકા કચરાનો નવીન થર બહાર આવે છે જમીન (ખરી વસ્તુ) તો બીલકુલ દેખાતી જ નથી જ્યા સુધી સર્વ વસ્તુ આપણે પોતે જ છીએ એવા દૃઢ નિશ્ચય રૂપી આરોગ્ય તમારા શરીરને પ્રાપ્ત થયુ નથી ત્યા સુધી સુધારણાનો સર્વ ભપકો દેહાભિમાનનુ દુ ખકારક વ્રણ (ચાંદુ) ઢાંકવાની મલમપટ્ટી જ રહી શકશે વેદાંતનો આ જ્ઞાનકાંડ તે જ ખરો વેદ છે અને એને જ પડ્દર્શનકારોએ જૈન તથા બૌદ્ધ ગ્રંથકારોએ શ્રુતિ નુ નામ આપ્યુ છે હિંદુભાઇઓ! આજ શ્રુતિ નો આશ્રય લો અનંતકાળની આવશ્યકતા જાણી સ્મૃતિ તથા કર્મકાંડ બદલો આ રીતે તમારૂ હિંદુ તરીકેનુ વ્યક્તિત્વ જળવી શકશો એટલુ જ નહિ પરંતુ તમારી ઉન્નતિ થઇ તમે સર્વ જગતના ગુરૂ ક્રિયા આદિશ બનશો બીજાની અસર રહેવાથી નામ થયેલી ઘેરાયલા પાણીના જેવી શિથિલતા આ રીતે દૂર થશે અને સર્વનો સમાવેશ કરનારી નવીનતા તમારા ધર્મમા આવશે આત્મજ્ઞાન વિના કાર્ય કરનાર મનુષ્યની સ્થિતિ અંધારી કોટડીમાના મનુષ્યના જેવી થાય છે તેનુ મસ્તક ભીંત સાથે ભટકાય છે ટેબલથી ઢીંચણ ભાગે છે ખુરસીપરથી ઉથલાઇ પડે છે અને સર્વ પ્રકારે તે હેરાન હેરાન થાય છે પ્રકાશમા કામ કરનાર મનુષ્યને આવો ત્રાસ વેઠવો પડતો નથી જ્ઞાનહીન મનુષ્ય ઘોડાની પુંછડી પકડીને આખે રસ્તે લાત ખાતો ખાતો જાય છે અને જ્ઞાનવાન્ મનુષ્ય ઘોડાની પીઠપર સ્વાર થઇ જઇને આનંદ તથા સુખની સાથે મોજ કરતો માર્ગ કાપે છે આત્મજ્ઞાની મનુષ્યને કોઇ પણ કર્મ કર્મ તરીકે લાગતુ નથી વસંતઋતુનો વાયુ કુસુમગંધ જેટલી સહેલાઇથી લઇ શકે છે તેટલી સહેલાઇથી સ્થિતપ્રજ્ઞ મનુષ્ય એક પદા

એવા પ્રચંડ કાર્યને કરે છે શંકરાચાર્ય કહે છે કે આત્મજ્ઞાની મનુષ્ય કાંઇ જ કર્મ કરતો નથી તેમની દૃષ્ટિથી જોતા આ વાત સાચી લાગે છે કારણ કે એવુ કાંઇ પણ કાર્ય નથી કે જે તેમને કષ્ટપ્રદ લાગતુ હોય સર્વ કામ તેમને ગમત ગમત મોજ-આનંદરૂપજ લાગે છે તેમને કોઇ પણ કામ કર્તવ્યરૂપ (બંધનરૂપ) લાગતુ નથી તે પરિસ્થિતિનો રાજા બને છે (He is the Master of the Situation) તે કદિ સંતપ્ત થતોનથી, તેને મનથી સર્વ વાત બની ગયેલી હોય છે, તે કૃતકૃત્ય થયેલો હોય છે, તે ઉદ્વેગ ધરતો નથી, તેને દુઃખ થતુ નથી, તે સદા ધીર તથા ઉલ્લસિત અને 'કર્મ કરવાની દોડાદોડીમા થી મુક્ત હોય છે

પરંતુ એવા મનુષ્યને આળસુ એદી કહેવામા આવશે કે? ત્યારે તો તમે સૃષ્ટિને પણ આળસુ અને સૂર્યને પણ નિરૂદ્યોગી કહેશો નિષ્કામતાના અપૂર્વ, અસામાન્ય ઉપદેશક શંકર તરફ જ દૃષ્ટિ કરો સમસ્ત માનવ ઇતિહાસમા આટલા થોડા કાળમા બીજા એક્જ વ્યક્તિને હાથે એટલુ બધુ કામ થયુ હોય તેવુ એક તો ઉદાહરણ આપો! તેમણે સેંકડો ગ્રંથો રચ્યા સંસ્થા (મઠ) સ્થાપી, રાજાઓને સ્વમતાનુયાયી (પોતાના મતના શિષ્ય) બનાવ્યા અને રામના સેતુથી હિમાચલ પર્વતના સર્વ ભરતખંડમા પ્રચંડ મહા સભાઓ ભરી (સુધી) જેવી રીતે નક્ષત્રોમાથી પ્રકાશ અને પુષ્પમાંથી સુગંધ ચારે તરફ પ્રસરે છે તે પ્રમાણે આ મહાકાર્યનો નચ ઓઘ તેમનામાથી સહજ નીકળ્યો હતો

અને મનુના કહેવા પ્રમાણે આત્મયજ્ઞીને સ્વરાજ્ય પ્રાપ્ત કરાવી આપનાર બ્રહ્મયજ્ઞ સંબંધે ઊલ્લેખ કર્યા સિવાય 'શમ' રહી શકતો નથી તમારૂ સર્વ મમત્વ આસક્તિ 'મારૂં તારૂ ની કલ્પના કામના રાગદ્વેષ મનોવિકાર મરજી, ઇતરાજી શિષ્ટાચાર દેહ મન હક, પાપ પાપ નામરૂપ મોહ, ઇત્યાદિ સર્વની જ્ઞાનાગ્નિમાં આહુતિ આપો તેમનો ત્યાગ કરો તેમને ફેંકી દો આ સર્વનો ધૂપ કરો અને તત્त्वमसि ના જ્વલંતકુંડમા જ્યારે એ વસ્તુઓ બળતી હોય ત્યારે તેના સુગંધનો આસ્વાદ લો

આપણુ બ્રહ્માત્મત્વ સિદ્ધ કરી મોહ તથા દૌર્બલ્યનો ત્યાગ કરો તેને જીતો તેને વશ કરો સ્વાત્મનિષ્ઠ મનુષ્યને આખા જગતે એક બાજુ થઇને માગ આપવો જ જોઇએ જગતના પ્રભુ તમે થાઓ નહિ તો જગત્ તમારા પર જ પોતાનું પ્રભુત્વ જમાવી દેશે સંશયપણુ (કેવા અશ્રદ્ધાના ગુલામને મોક્ષ પ્રાપ્ત થનાર નથી આવા જ લોકો સોગન ખાય છે કારણ કે તેઓના પોતાના અસ્તિત્વનુ (अहमस्मिह છુ એ) વિધાન પોકળ—વ્યર્થ હોય છે પોતાની બ્રહ્માત્મતા વિષે તમને શંકા છે કે? હૃદયમા સંશયને જગા આપવા કરતા તેમા બંદુકની ગોળીને જગા આપવી બહેતર! તમારૂ અંતઃકરણ તમને દગો દે છે કેમ? તેને ખેંચી કાઢો અને દો ફેંકી ઉલ્લસીત વૃત્તિથી સત્ય સાગરમાં પ્રવેશ કરો ગભરાઓ છો શામાટે?

કોનાથી ડરો છો?
ઇશ્વરથી? એ તો સાવ મૂર્ખતા છે

--

માણસથી ડરો છો ? એ તો બીરુતા છે
પંચ મહાભૂતથી ડરો છો?
તો તો હિમ્મત ધરો
તમારી જાતથી જ ડરો છો?
ત્યારે તો આત્માને ઓળખો
હો ! હુ ઇશ્વર છુ
રામ સત્ય સ્વરૂપ છે

વાણી વિલાસ


ઇરાનના બાદશાહ નાદિરશાહનો એક આગળનો ઘણો માનીતો વજીર જંગલમા જઇને ઇશ્વર ભજન નિમિત્તે ફકીરી લઇને બેઠો હતો બાદશાહ પોતે કોઇવાર ફરતો ફરતો ત્યા જઇ ચડયો અને જે દીવાન પોતાને ત્યા મોટી અમીરી સ્થિતિમા હતો તેને આવી ફકીરી સ્થિતિમા જોઇને તેનુ મન દુભાયુ તેથી તેણે વજીરને કહ્યુ કે અત્યારે તને જે વસ્તુ જોઇતી હોય તે તુ મારી પાસેથી માગી લે તુ જે માગીશ તે આપવા હુ ખુશી છુ ત્યારે તે ફકીર થયેલા અમીરે હસીને કહ્યુ કે— તુ કોણ છે? તુ તો મારા ગુલામોનો ગુલામ છો ત્યારે તારી પાસેથી હુ શુ માગુ ? બાદશાહે તેવીજ ઢબથી કહ્યુ કે— અરે ! તુ ભૂલે છે હું તો ઇરાનનો પાદશાહ છુ અને જે માણસ જે વસ્તુ માગે તેને તે આપવાને સમર્થ છુ! તુ મને દાસાનુદાસ શા કારણથી કહેછે?

વજીર—' જ્યારે માણસ દુનિયામા હોયછે ત્યારે તે લોભ મોહ મદ તૃષ્ણા ઇત્યાદીનો દાસ હોય છે પરંતુ જ્યારે તે દુનિયાનો ત્યાગ કરીને જંગલમા જઇ વસેછે ત્યારે તૃષ્ણાદીક તેના દાસ થઇ રહેછે તેથીજ કહુ છુ કે તૃષ્ણા વગેરે જે મારા ગુલામ છે તેમને તુ વશ્ય છો અર્થાત તેનો (મારા ગુલામોનો) તુ ગુલામ છો ત્યારે હુ તારી પાસેથી શુ માગુ ? ત્યાગીઓ પાસેથી ગૃહસ્થોએ માગવાનુ પ્રયોજન છે પણ ગૃહસ્થો પાસેથી ત્યાગીઓને માગવાનુ કઇ ઉજ નહિ

આ સત્ય વચનોથી આનંદિત થઇ તથા પોતાના પેલા વજીર—ફકીરનો ઉપકાર માનીને નાદિરશાહ ત્યાથી રવાને થયો

સ્કોટલાંડનો રાજા રોબર્ટ બ્રુસ જ્યારે ઇગ્લંડ સાથે લડાઇ કરતો હતો ત્યારે એકવાર તે દાણાની વખારમા સુતો હતો ત્યા સવારમાં એક નવાઇ સરખો બનાવ તેના જોવામા આવ્યો એક કરોળીઓ તે ભંડારની પડવાળી પર ચડવાનો યત્ન કરતો હતો ત્યાથી તે પાછો જમીનપર પડયો પછી તેણે બીજીવાર ચડવા માંડયુ તેમા પણ તે પાછો પડયો વળી તેણે ત્રીજીવખત ચડવા માંડયુ તેમા તે નિષ્ફળ થયો ચોથી વારનુ પરિણામ પણ એવુજ આવ્યુ-

એ પ્રમાણે તેણે બાર વખત ચડવાનો પ્રયત્ન કીધો અને તે સઘળી વખત તે પાછો જમીનપર પડયો તોપણ તે હિમત હાર્યો નહી જાણે ગમે તેટલી વખત પડીને પણ આખરે ફતેહ મેળવવાની તેણે પ્રતિજ્ઞા લીધી હોય એવુ તેના આગ્રહ ઉપરથી દૃષ્ટિગોચર થતુ હતુ પછી તેરમી વખત તે ચડયો અને પોતાને ધારેલે ઠેકાણે સલામત જઇ પહોચ્યો કરોળીયાનો આવો અસાધારણ આગ્રહ જોઇને એ રાજાને ઘણી હિમત આવી તે ઇગ્રેજો સાથે લડતા બાર વખત હાર્યો હતો પણ આ બનાવ જોઇને તેણે નક્કી કર્યુંકે મારે હવે ભ્રી પણ નાહિમત થવુ નહી પરતુ જય મેળવતા સુધી આગ્રહપૂર્વક મડયા રહેવુ પછી તેણે ઇગ્રજો સાથે તેરમી લડાઇ કરી અને તેમા તેને સપૂર્ણ ફતેહ મળી માણસ જો અખડ આગ્રહ રાખે તો તેને વેહેલો કે મોડો જય મળ્યા વગર રેહેતો નથી થોડી નાઉમેદીથી આપણે નાહિમત થવુ જોઇતુ નથી



ફરજ

(લેખક—નન્દન.)

મનુષ્યનુ જીવન પોતાના માટેજ નથી પરતુ તેનો ઉપયોગ બીજાના ભલાને માટે પણ કરવાનો છે દરેકને—ગરીબને તેમજ પૈસાદારને પોતાની ફરજો બજાવવાની છે કેટલાક મનુષ્યોને જીદગી એ એક આનદરૂપ છે જ્યારે કેટલાકને તે દુખરૂપ છે પરતુ ઉત્તમ પુરૂષો પોતાના મોજશોખ માટે તથા પોતાની કીર્તિને માટે પોતાની જીદગી ગાળતા નથી કીન્તુ અન્ય જનોના પરોપકારાર્થેજ ગાળે છે એક પ્રખ્યાત અગ્રેજ લેખક કહેછેકે — આપણામાનો દરેક જણ એક મધ્ય બિદુ છે અને તેની આસપાસ ઘણા વતુલો દોરાયલા છે આપણી પાસેથી જે પહેલુ વતુલ દોરાયલુ છે તેમા સ્ત્રી પરીવાર માતા પિતા વિગેરેનો સમાવેશ થાય છે તે પશ્ચાતનુ વતુલ સગા સબધીઓ સુધી લબાય છે તે પશ્ચાત એકજ ગામમા રહેતા આપણા શહેરી ભાઇઓ અને છેવટે જતા આખી મનુષ્ય જાત સુધી તે લબાય છે ' એ પ્રમાણે આપણે ધીરે ધીરે આપણુ વતુલ લબાવી અને અતે જતા આખી મનુષ્ય જાતને ઉપયોગી થઇ આપણી ફરજો બજાવવાની છે આ ફરજો બજાવવાનુ કામ આપણે ખત તથા ધીરજથી કરવાનુ છે આપણા નાના વતુલોની આપણી ફરજો બજાવ્યા પહેલા બીજા મોટા વતુલમાં દોડવાની આપણે જરૂર નથી, કેમકે તેથી આપણે નાના વતુલોની ફરજો ભુલી જઇએ છીએ અને મોટી ફરજો બજાવવાની આપણામા શક્તિ હોતી નથી તેથી આપણે બને રીતે અપૂર્ણ રહીએ છીએ

હવે આવી ફરજો આપણે કેવી રીતે બજાવવી તે સ્વાલ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે પરમાત્મા તથા મનુષ્યો તરફ આપણી ફરજો, ધીરે ધીરે એક વૃત્તિથી બજાવવામા પરમેશ્વરે આપણને જેજે શક્તિઓ આપી છે તેને ખીલવવાની જરૂર પડે છે પરમેશ્વરે આપણને ઘણી શક્તિઓ આપી છે પરતુ તેમનો વિકાસ કર્યા સિવાય તે શક્તિઓનો સદુપયોગ થઇ શકતો નથી એ પ્રમ કૃપાળુ પ્રભુની ઇચ્છા ઇચ્છા શક્તિ આપણા કાર્યોનો રસ્તો નક્કી કરે છે

શુભાશુભનો વિચાર કરવાની શક્તિ શુ સત્ય છે તથા શુ ખોટુ છે તે ઓળખવાની શક્તિ વિગેરે જે બક્ષીસો પરમાત્મા તરફથી આપણને મળી છે તેથીજ આપણી આ દુનીઆમા મનુષ્ય જાતી તરફેની તથા ઈશ્વર પ્રત્યેની શુ શુ ફરજો છે અને તે બજાવવામા શુ શુ જોખમદારીઓ માથે રહેલી છે તેનુ ભાન આપણને થાય છે

આવી ફરજોનુ વર્તન માપી શકાય તેવુ નથી તે ફરજો જીવનના દરેક આરંભમા આપણે બજાવવાની છે ઉચ્ચ જીવન ગાળવાનુ મુખ્ય સત્ર એજ છે કે ગમે તેમ થાય તોપણ આપણી કર્તવ્ય પરાયણ બુદ્ધિને અનુસરીને વર્તવુ મહાન્ થવા માટે દરેક માણસે નકલ કરવા જોઇએ આશાઓ રાખવી જોઇએ તથા નાસુતાગ થતા સુધી પણ તેમાથી પાછુ હઠવુ જોઇએ નહિ એક અંગ્રેજ આ પ્રકાર કહે છે કે

Do you wish to be great ? Then begin by being little Do you desire to construct a vast and lofty fabric ? Think first about the foundation of humanity

નથક નથક વ્યક્તિને નથક નથક સમયે નથક નથક ફરજો બજાવવાની છે દાખલા તરીકે પુત્રને પીતા તરફની ફરજો પુત્ર તરફ પિતાની ફરજો શેઠને નોકર તરફની નોકરને શેઠ તરફની શિષ્યને ગુરૂ તરફે ગુરૂને શિષ્ય તરફેની મનુષ્યને મનુષ્ય તરફની મનુષ્યને ઇશ્વરતરફેની પ્રજાને રાજન પ્રત્યેની રાજાને પ્રજા તરફેની અને પછી કુટુબ તરફેની ફરજો દરેક મનુષ્યે બજાવવાની છે એક મનુષ્યની ફરજ બીજાના વિચારો અત્રે ટાંકવામા આવે છે—એક માણસ કર્તવ્ય પરાયણ બુદ્ધિનો હતો તે માંદા મનુષ્યોની મુલાકાત લેતો તેઓની પથારીઓ ઉપર તેમની પાસે બેસી તેઓને દિલાસો આપતો તેઓની ચાકરી કરતો એક વખતે તેના મિત્રે તેને આવા કાર્ય માટે ઠપકો આપ્યો ત્યારે તેણે તેના જવાબમા કહ્યુ કે— હુ મારી સ્ત્રી તથા છોકરા માટેજ મારા ધંધા તરફ જરા ધ્યાન આપુ છુ પરતુ મારો ખાસ અભિપ્રાય એ છે કે કદાચ જો મારે સ્ત્રી તથા છોકરા ન હતે તો મારૂ બધુ જીવન હુ પરોપકારાર્થ ગાળતે આ શબ્દો પોતાની ફરજ માટે કર્તવ્ય પરાયણ મનુષ્યના છે તેજ પ્રમાણે ડા બર્નાર્ડોના જીવનનો વૃતાત છે— આ મહાન્ પુરૂષનુ કાર્ય કરવા તરફ શી રીતે લક્ષ ગયુ તેની વાત અતિશય કરૂણાજનક છે તે ૧૮૬૬ મા લડનની એક દાક્તરી શાળામા વિદ્યાર્થી હતો અને રાત્રે એક પરોપકારી શાળામા શીખવવા જતો વહાણુ વાયુ અને સર્વ છોકરા પોતપોતાને ઘેર ગયા પણ એક દશ વર્ષનો બાળક પાછળ રહ્યો ડા બર્નાર્ડોએ કહ્યુ હવે બતી બુજાવવાનો વખત થયો છે તો ભાઇ હવે તુ તારે ઘેર તારી મા પાસે જા છોકરાએ જવાબ દીધો સાહેબ મને અહિ રહેવા દ્યો મારે માબાપ નથી ડૉ બર્નાર્ડો એ કહ્યુ ત્યાર તારા કોઇ સગા વ્હાલા તોદરશેનો છોકરાએ કહ્યુ ના સાહેબ. બર્નાર્ડોએ કહ્યુ ત્યારે ભાઇ તુ કોને ત્યા રહેછો છોકરાએ જવાબ આપ્યો સાહેબ રાત્રે હુ એક ઘાસના ગાડામા પડી રહ્યો હતો ડા બર્નાર્ડોએ પુછયુ ત્યારે તને નિશાળે કોણ લાવ્યુ ? તે છોકરાએ જવાબ આપ્યો, મને એક છોકરાએ કહ્યુ કે અહી તાપવાનુ મળશે તેથી હુ

અહિં આવ્યો આ અધનગ્ન ચીથરાથી વિટાયલા ભુખથી દુબલ બની ગયેલા બાળકની હકીકત સાંભળી ડૉ બર્નાર્ડોનુ હૃદય દયાથી ચીરાયુ અને એ છોકરાને ગરમ રાબડી કરીને ખાધ નાંખે સુવાની જગ્યા નક્કી કરી આપી અને પુછયુ દુખી બાળક, તારા 'જેવા કોઇ બીજા છોકરા છે? હોયતો મને બતાવ' એ છોકરાએ પોતાના જેવા દુર્ભાગી બાળકોના પડી રહેવાના સ્થાન બતાવ્યા અને ત્યારથી ડૉ બર્નાર્ડોના અનાથાશ્રમની સંસ્થા સ્થપાઇ

ડૉ બર્નાર્ડોનો દાખલો લઇ હિંદુસ્તાનના પૈસાદાર લોકો ગરીબ નિરાધાર માણસોને બનતી મદદ કરી સારે રસ્તે ચડાવે તો શુ તે તેમની ફરજ નથી? અલબત છે પરંતુ પૈસાદાર લોકો પોતાના મોજશોખ દારૂ અને રંડીબાજીમા પૈસા ઉડાવે કે એવા ગરીબ દુખી અનાથ અને નિરાધાર મનુષ્યોને મદદ કરે? પૈસાના મદમા અંધ બની ગયેલા મનુષ્યો શુ તમને નર્મદાશંકર અને દલપતરામની કડીઓ યાદ નથી આવતી? શેની આવે? પૈસાના મદરૂપી અંધકારથી તમારી બાહ્ય તેમજ આંતર ચક્ષુઓ બંધ થઇ ગઇ છે તમારૂ હૃદય ક્રૂર બન્યુ છે પરંતુ ઉભા રહો હુ તમને વચન બાણ વડે ઉત્તેજીત કરી યાદ દેવડાવુ છુ કે —

> વિનતિ હું કરૂં દેશીઓ રૂડા, ગરીબ જનને લક્ષ દ્યો વડા
> જરણ આંધળા પાંગળા બહુ ખબર લેવી રોગી તણી સહુ
>
> * * * * *
>
> નિજ ગામ નવાણ ગળાવો વાવ કુવા નદી તીર તળાવો
>
> * * * * *
>
> ધોરી રચો રૂડી ધર્મશાળાઓ જ્યાં નર નારી રહે નબળાઓ
> તે જનના તન તાપ નિવારો તે ધનના ધણી ધર્મ તમારો
>
> * * * * *

શુ આમ કરવુ એ તમારી ફરજ નથી? અલબત છેજ પરંતુ તે ભુલી જઇ તમારા મોજશોખમા ફક્ત તમે આનંદ માનો છો અને તેનેજ તમે તમારી ફરજ સમજો છો

હમેશા રાત્રીએ જ્યારે તમે નિવૃત્ત થાઓ ત્યારે તમારી જાતનો હિસાબ લો તમારા આત્માને પુછો? — તારો વખત તે ફાયદાકારક રીતે ગાળ્યો છે કે કેમ? જો ઉત્તર હા મળે તો તમે તમારી ફરજ બજાવી છે નહિતો તમે તમારા કર્તવ્યથી વિહિન રહ્યા છો શુ આપણા ફુરસદના વખતમાં એવા થોડા પણ સંજોગો નથી બનતા કે આપણે આપણા દેશી ભાઇઓ અને બ્હેનોની સેવામા તત્પર રહીએ? આપણા પોતાનાજ ઘરમાં થોડા માયાળુ શબ્દો વડે આપણે ધૈર્યથી વધારે શાંતિ અને આનંદ પ્રસરાવી શકીએ નહિ? આપણે આપણી જરૂરીઆત ઓછી કરી જેઓને આપણા જેટલી ચીજો મળતી નથી તેઓને માટે જરાપણ બચાવી શકીએ નહિ? શુ આપણે આપણા દેશી ભાઇઓને દિલાસો આપીને તેઓના અશ્રુ લુછાવી શકીએ નહિ? શુ ઉંબરમા આપણે એકજ મદદ ભરેલા શબ્દથી માયાળુ કાર્ય કરી

ગીએ નહિ ? શુ આખા દિવસમા એવા તુકશાનો નથી થતા કે જે આપણે દુર કરીશકીએ ? ગરીબોને માટે કામ કરવાની ઇચ્છા રાખનાર માણસને આપણે ગરીબોને ઘેર અથવા તેવી સસ્થાઓમા મોકલી શકીએ નહિ ? મૃત્યુની પથારી પર પડેલ માણસની છેલ્લી ઘડીઓમા આપણે તેને આનદ આપી શકીએ નહિ ? ટુકામા આખા દિવસમા આપણે એવા કાર્યો કરી શકીએ નહિ કે જેથી આપણે બતાવી શકીએ કે આપણે આપણી ફરજ કેટલેક અશે બજાવી છે હિદુસ્તાનનો એક મહાન્ પુરુષ લખે છે કે —

The longer one lives observes and thinks the more deeply does he feel there is no community on the face of the earth which suffers less from political evils and more from self inflicted or self-accepted or self created and therefore avoidable evils than the Hindoo community

અર્થાત જેમ જેમ માણસ લાબી મુદત જીવે છે તથા વિચાર કરેછે તેમ તેમ તેને, વધારે ખરી રીતે લાગેછે કે હિદુ પ્રજા જેટલી બીજી કોઇ પ્રજા વધારે દુખી નથી પરતુ તે દુખો પ્રજાએ પોતાની જાતેજ ઉત્પન્ન કરેલા છે અને તેમા અન્યનો દોષ નથી માટેજ આવા દુખો દુર થઇ શકે તેમ છે માટે દરેક મનુષ્યે—ગરીબ તેમજ પૈસાદારે એકત્ર થઇ એક બીજાને મદદ કરી તેમના દુખમા ભાગ લેવો અને અતે તો ધર્મ કરવા તરફ લક્ષ લગાડવુ એ તેમની ફરજ છે આવો વખત ફરી ફરીને મળનાર નથી માટે ત્વરાએ કટીબદ્ધ થઇ તમારી ફરજ અદા કરો કારણ —

To day man lives in pleasure wealth and pride
To morrow poor or life itself denied

અર્થાત— આજે મનુષ્ય સુખી હોય પૈસાદાર હોય તથા મગરૂર હોય પરતુ કાલે તે ગરીબ સ્થીતિમાં આવી પડે છે અથવા આ દુનિયામા રહવાને તેનો હક રહે નહિ માટે મનુષ્યે પોતાની ફરજ જેમ બને તેમ જલદી બજાવવી જાગૃત થાઓ બેઠા થાઓ ખરાબ વિચારો કાર્યો અને વચનો પ્રચલીત થતા અટકાવો સારા વિચારો કાર્યો અને વચનોને બનતી મદદ આપો તમે પૈસાદાર થાઓ પરતુ તે તમારા માટે નહિ પણ તમારી માતૃભૂમિને પૈસાદાર બનાવવામા તમારી દોલત અર્પણ કરો તમે મહાન પુરૂષ થાઓ તે તમારી ઇચ્છાઓ પુરી પાડવા નહિ પરતુ દેશને મહાન બનાવવા માટે તથા હિદુસ્તાન આખી દુનીઆની પ્રજામાં માથુ ઉચુ રાખીને ઉભુ રહી શકે તેવી સ્થીતિએ તેને પહોંચાડવા તમે વિદ્યા સપાદન કરો તે તમારા ઉદર પોષણાર્થેજ નહિ પણ તેનો ઉપયોગ તમારા દેશી ભાઇઓના ભલામાજ કરો તમારૂ શરીર મન તથા આત્મા દેશની સેવા કરવા માટે સબળ બનાવો

આ પ્રકરણ સમાપ્ત કર્યા પહેલા અમારે કહેવુ જોઇએ કે જો દરેક મનુષ્ય અડગતાથી પોતાની ફરજો નિસ્વાર્થ બુદ્ધિથી બજાવે જશે તો હિદુસ્તાન દુખી સ્થીતિમાથી ઉચ્ચ

સ્થાનિએ આવશે   અસ્તુ

'Does any one wish to do his duty? Then he must be strong in body and mind'

મૈત્રી સબધે વિચાર–રત્નો

મિત્રો એ ઇશ્વરી બક્ષીસો છે અને જીવનના સર્વોત્કૃષ્ટ ખજાના છે

પ્રતિકુળ સમયમા ખરા મિત્રોની મુલાકાત થાય છે ત્યારે તે વરસાદના ઝાપટા દરમીયાન સૂર્ય કીરણના જેવુ દરસે છે પરસ્પર મળી જતા કાળા વાદળા વચ્ચે એક પળને માટે દ્રષ્ટિએ પડતું ને જળમય કીરણ છે   સ્કૉટ

હૃદયને બાધવાના સઘળા સાધનોમા મૈત્રી એ ઉત્તમ સાધન છે, અને મૈત્રીમા શ્રદ્ધા, એ ઉમદામા ઉમદા હિસ્સો છે

દૂર વસતા મિત્રોની યાદી ઘણી મધુર છે અસ્ત થતા સૂર્યના નમ્ર કિરણોની પેઠે તે કોમળતા યુક્ત છતા અત કરણ ઉપર શોકપ્રદ અસર કરે છે   વૉશીંગ્ટન અર્વિંગ

મૈત્રી એ સાજનો પડછાયો છે અને તે જીવનના અસ્ત થતા સૂર્યને પુષ્ટિ આપે છે
                                                        લા ફૉન્ટેન

આપણા આનદને બમણો કરીને અને આપણી ઉદાસીના વિભાગ કરી દઇને મૈત્રી એ સુખમા વૃદ્ધિ કરે છે અને દુખને ઓછુ કરે છે   સીસીરો

આપણે જેવા હોઇએ તેવુ જ દેખાવુ હૃદયમા હોયતેજ બોલવુ સઘળી બાબતોમા આપણી જાતને સત્યની વફાદાર બનાવવી અને મૈત્રીના પવિત્ર ધર્માદારી થવુ
                                                        લોંગ ફૅલો

સઘળી બક્ષીસોમા મૈત્રી એ પરમ પવિત્ર છે ઇશ્વર આપણને તેના કરતા વધારે પવિત્ર કાંઇ પણ આપી શકતો નથી તેના વડે દરેક આનદ વૃદ્ધિગત થાય છે અને દરેક દુખ ઓછુ થાયછે જે પોતે મીત્ર કેમ બનવુ તે જાણેછે તેવા દરેકને મીત્ર મળી શકે છે   રિવર

તમારા બાળપણના બીજને વેરી નાખો અને તે સઘળા તમે તમારા જીવન ક્રમમા જેમ જેમ આગળ વધતા જશો તેમ તેમ તમારી સદ્વૃત્તિને પુષ્ટ કરતા રહેશે તેમને છોડી દેવા અને પાક આપનારનો ભરોસો રાખો કે તે દરેક બીયાને ઉગાડશે તેવી રીતે જીવનના

સુધી તમને મિત્રની ખોટ પડશે નહિ   જે એચ બ્રાઉન

कंचन कण

Grains of Gold

પણી આસપાસ હમેશા શુ બને છે તે સબંધેનો જરા સરખો વિચાર આપણને બતાવી કે આપણી ઇચ્છા કરતા કાંઇક વધારે મહાન નિયમ સઘળી બાબતોમા વર્તે છે શુ દુખદ શ્રમો અનાવશ્યક અને નિષ્ફળ છે આપણા સહેલા સાદા અને સ્વાભાવિક માજ આપણે બળવાન છીએ અને નમ્રતાપુર્વક આપણી જાતને સતોષી રાખવામા આપણે ચશાળી થઈ શકીશુ શ્રદ્ધા અને પ્રેમ—શ્રદ્ધાયુક્ત પ્રેમ સાવધાનીના મહાન બોજામાથી પણને મુક્ત કરે છે એ મ્હારાજધુઓ! ઇશ્વરનુ અસ્તિત્વ છે ! કુદરતના મધ્ય બિંદુમા ને દરેક મનુષ્યની ઇચ્છા ઉપર એક મહાન આત્મા છે કે જેથી આપણામાંનો કોઇ સઘને કોઇ નુકસાન કરી શકતો નથી તેણે પોતાનો નબળ જાદુ કુદરતમા એવો તો ઓતપ્રોત કર્યો છે કે જ્યારે આપણે તેમની સલાહનો સ્વિકાર કરીએ છીએ ત્યારે આપણે ઉન્નત થઇએ છીએ અને તેના પ્રાણીઓને જખમી કરવાના ન્હારે ધમપછાડા કરીએ છીએ ત્યારે આપણા હાથ આપણી બાજુએ જકડાઇ જાય છે અથવાતો તે હાથો વડે આપણી પોતાનીજ છાતી કુટાય છે સઘળી બાબાતોનો સબંધ આપણને શ્રદ્ધાનુ શિક્ષણ આપે છે આપણે રક્ત તાબે થવાનીજ જરૂર છે આપણા દરેકને માટે તે માર્ગ પ્રદર્શક છે અને શાંતપણે સાભળવાની આપણે સત્ય શબ્દ શ્રવણ કરી શકીશુ   આર ડબલ્યુ ઇમર્સન

આનદીપણા સાથે શક્તિનો વાસ હોય છે આનદ આપણને ઉપયોગી સ્થિતિમા મુકે છે અને નીરાશા શક્તિનો ઉચ્છેદ કરે છે   ઇમર્સન

ધારણ કરવા યોગ્ય વસ્તુઓમા આનદીપણુ એ સર્વોત્કૃષ્ટ છે—તે હૃદયની ખુબીમા ગુ ગણાયેલુ છે   સ્માઇલ્સ

નિષ્કપટતા મિશ્રિત આનદી સ્વભાવ સૌંદર્યને આકર્ષક બનાવે છે જ્ઞાનને આનદપ્રદ બનાવે છે અને બુદ્ધિને સારા સ્વભાવવાળી કરે છે માંદગી ગરીબાઇ અને દુખને તે ઓછુ કરે છે અજ્ઞાનતાને તે મિલનસાર સાદાઇમાં ફેરવી નાખેછે અને કુબડાપણાને અનુકુળ માની લે છે
                                  જે એડીસન

સ્ખલિત મનને*

(ગજલ—સાખી)

અહો પખી ઉડીને કયા ભમે આકાશની માહી ?
મજા મીઠી મળે છે શી કહે પખી તને ત્યાહી ?
પખી દુર દૂર ઉડતું આવે નહિ મુજ પાસ
પિંજર આ ખાલી પડયુ તારે માટે ખાસ
રહીશ તું કયા સુધી ત્યાહી ? ઉડી તું આવ અહીં જલ્દી
કરે દુખી—સતાવે કા રહીને ત્યા મને પખી!
તારા વિણુ ગમતું નથી રહુ એકલો આપ,
તારી પણુ તેવી ગતી—હુ અહીંને તું ત્યાય
મનાઇ જા હવે વ્હાલા તજી દે રીસ મન પખી!
વીચારે વાણીએ કર્મે યતી હમ્મેશ તુજ ઝખી !
તારાં જનાથી બ યુ મગજ સદન વેરાન
તારા વીણુ પ્રિય પખીડા અતી વહુ હેરાન
ઉડી આવ્ય ઉડી આવ્ય ભલા પખી ઉડી આવ્ય !
મળી દે ખેલવુ છેટે અરે ઉડી અહીં આવ્ય !

મનપક્ષીનુ પ્રત્યાગમન

—મદાક્રાતા—

આવ્યુ પખી ખરર કરતું શાત મુદ્રા ધરીને
ત્યાગી જાતુ પ્રણુયી ઉરને વાત એ કે વડી છે !
ઓહો પામે જન દુર રહે શાતિ કયાંથી લગીરે !
પ્રેમી કેરૂ ઉર દુભવીને સૌખ્ય કયા શોધશે એ !

* આ માસિકના ચાલુ વષના પહેલા અકમા મે "દૂર રહેતા પખીને એ નામક પીસ 'મકરદ ના ઉપનામથી આપેલો છે તે સ્થળે કલ્પેલું પખી મન—વિચાર તરીકે લેવાનુ છે એ સ્થળે ફુટ નોટ કરતા ચુકી ગયેલુ એ પીસ કર્યા પછી આ પીસ તેના અનુમ ધાનમા જ કરેલો છે મારા આ બે પીસો ઉપલક દૃષ્ટિથી શ્ર ગારિક ગિરાવાળા ભાસે છે પરતુ સહજ વીચાર કરવાથી ભાવ સ્પષ્ટતા સમજી જવામા આવશે વીનાર વાળા મનુષ્યને વિચાર—મન એ સ્નેહના પાત્રોજ છે

દોલતસિહ.

—શિખરિણી—

સદૈવે સાનંદે દૂર દૂર રહે તું ખગ પ્રીતે
હવે આલિંગીને મુજ કર લિશે એ રમી હસે
ગઈ ભીતિ ભાગી શરમ પણ છુપી ગઈ ખરી
નથી હૈયા માંહે મિલન મધુ થાતાં રીસ જરી

હવે ગાતું મંદ સ્વર થકી જ ગાણું મધુર એ
વદી મીઠી વાણી વ્યથિત દિલ શાંતિ સુખ ભરે
ઉડીને વર્ષાવે પરમલીત પુષ્પો નભ થકી
નભા રેડે ત્યાંથી પુનિત ઉર થાતું મળ તજી

સદા મારા માટે અમુર સુખ અર્પણ કરે
અને પાછું આવી નિજ સદન મધ્યે લપી રહે
મને એ દેખાડે દૃગ સમીપ મૂર્તિ નવલ કો
અનેરા ભાવો " હૃદય પ્રકટાવે દીપ નવો

દોલતસિંહજી



आश्वासन

ફરતાં ફરતી છાંયડી દુઃખ આવે ને જાય
દુઃખ પછી સુખ આવશે સદા દુઃખી નહિ કોય
આ સંસારે અવતરી દુઃખી સુખી સહુ હોય
તડકા પાછળ છાંયડો સદા દુઃખી નહિ કોય
દુઃખ આવે નવ છોડવી હિંમત જેવી હોય
હિંમતથી દુઃખ નાસશે સદા દુઃખી નહિ કોય
સુખમાં મ્હાલે મોજથી આગમને નવ જોય
કાળ થકી માણસ મરે સદા દુઃખી નહિ કોય
સુખને ઇચ્છે સવ જન દુઃખ ઇચ્છે નહિ કોય
એવો મનુષ્ય સ્વભાવ છે સદા દુઃખી નહિ કોય
દુઃખના દી તો વહિ જશે સુખમાં વસશે મોય
દિલગીર થશો ન સજ્જનો સદા દુઃખી નહિ કોય

ધીર



अमारा मातुश्रीनो शोकजनक स्वर्गवास

લખતાં અસત દીલગીરી ઉપજે છે ચક્ષુઓ અશ્રુથી ઉભરાઇ જાય છે, અને હૃદય વિદીર્ણતાથી ઉદ્ભવેલ ચિત્તક્ષોભે જ્ઞાનતંતુરૂપી વાણીદેવીની વીણાના તારો અવ્યવસ્થ કરી ગુંચવી નાખ્યા છે આવી મનોવ્યગ્રતાના સમયમાં તત્સંબંધે હૃદયમાંથી નિકળતા ઉદ્ગારો અનુકુળ ભાષારચનામાં શીરીતે અત્ર મુકી શકાય? તેથી અમારૂં હૃદય—ચિત્ર જે સ્વરૂપમાં છે તેજ સ્વરૂપમાં અમારા સુહૃદ ગ્રાહક ગણ સમક્ષ રજુ કરી ત્હેના વડે અમારા તપ્ત હૃદયને કાંઇક શાંતિ અને દિલાસો મળશે એવી આશા રાખીએ છીએ

આ સંસારમાં માતાપિતા એ પ્રત્યક્ષ દેવસ્વરૂપો છે અને તેમાં પણ પિતા કરતાં માતાનું પૂજ્યત્વ દશગણું વધારે શાસ્ત્રમાં મનાયલું છે તેમજ મા એ શબ્દ સઘળી ભાષાઓમાં પ્રથમ શિખાય છે અને સાથી છેલ્લો વિસરાય છે આ ઉપરથી દરેક મનુષ્યની પોતાની માતા પ્રત્યેની ફરજો ઘણીજ ઉચ્ચ શ્રેણીની હોવીજ જોઇએ એ સિદ્ધ થાય છે તેમજ પરમાત્માને એક પુરૂષ વ્યક્તિ—પિતા તરિકે પૂજવા કરતાં માતા તરિકે— જગદંબા સ્વરૂપે પૂજવાથી આપણા હૃદયમાં અલૌકિક દિવ્ય સ્નેહ—જ્યોતિનો પ્રાદુર્ભાવ થતો હોવાથીજ પ્રાચીન કાળના રૂષી મુનિઓએ આપણા આ દેવીપંથની સ્થાપના કરેલી છે અને તેની યોગ્યતા અને ગૌરવ પણ સુપ્રસિદ્ધ છે—પરમાત્મા પણ પોતાના શક્તિ સ્વરૂપે—જગદંબા સ્વરૂપે આપણા હૃદયમાંની તે દિવ્ય સ્નેહ જ્યોતિના પ્રતિફળ રૂપે આપણા મનોરથો સિદ્ધ કરે છે કહેવાનો આશય એ છે કે દરેક મનુષ્યને જગન્નિયંતા તરફની સર્વોત્કૃષ્ટ બક્ષીસોમાંની એક જે જન્મતાંજ મળે છે તેની જગદંબાનું પ્રત્યક્ષ આદર્શ—માતા—જોકે તેમના બદલો વાળી ન શકાય તેના ઉપકારોના સ્મરણમાં તેમની બની તેટલી સેવાનો લાભ લેવાયો છે છતાં સો વર્ષે પણ જ્યારે માગ પડે છે ત્યારે તેને માટે શોકની પારાવાર લાગણી થાયજ એ સ્વાભાવિક છે વળી બાળકમાં સારા નરસા ગુણોના જે સંસ્કારો બંધાય છે તે પણ માતા તરફનીજ મનાતી છે અને દેશની ઉન્નતિનો આધાર પણ ઉચ્ચ સંસ્કારો વાળી માતાઓ ઉપર અવલંબેલો છે માતા તરફના સ્નેહની જોડી આ જગતમાં દુર્લભ છે અને कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति એ જગજાહેર છે અને તેથી દરેક બાળકને (મનુષ્ય ગમે તેટલી મોટી, ઉમરનો ઉચ્ચપદાધિકારી કે જ્ઞાની હોય છતાં માતાની દ્રષ્ટિએ તો તે બાળકજ છે) પોતાની માતાનો સદાને માટે વિયોગ થતાં અપ્રતિમ શોક ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે અને તેમાં પણ માતા જેવી માતાનું વિસ્મરણ અશક્ય છે

અમારા એક કુટુંબી અમને પોતાના દિલાસાપત્રમાં લખે છે કે —

આપના માતુશ્રીના શોકકારક સ્વર્ગવાસના સમાચાર મળતાં પારાવાર દિલગીરી ઉત્પન્ન થાય છે ત્હેમને માટે આપને શોક થાય એતો સ્વાભાવિકજ છે પણ ત્હેમના સંબંધમાં જે જે મનુષ્યો આવ્યા હશે તેઓ સર્વને પણ આ ખબર મળતાં શોક થવોજ જોઇએ કારણ કે તેઓ સદાચારી, ધૈર્યવાળા, ઉત્સાહી, સહનશીળ, વિગેરે ઉચ્ચ અને દૈવી ગુણોના સ્થાનરૂપ

હોય દરેકના માન અને નસશાનુ પાત્ર હતા

છેવટમા અમારા એ સુમાતાના અમારા તરફના ઉપકારો અકથ્ય છે શ્રી જગદબા પોતાના દિવ્ય સ્વરૂપમા અમારા એ માતુશ્રીના આત્માને સ્થાન આપો એ અમારી અન્તિમ હૃદયગત ભાવના—તેમને શ્રદ્ધાજલીરૂપે સમર્પણ હો ! ! !

અમારા સુજ્ઞ ગ્રાહકો જાણી શકયા હશે કે ઉપરોક્ત કારણને લઇ ગત માઘ માસનો અક અમો તેના નિયત સમયે પ્રગટ કરી શકયા નથી અને તે અક આ ફાલ્ગુણ પુર્ણીમા પછી મોકલવામા આવે છે અમારા આ વિલમ્બને માટે દરેક ગ્રાહક તરફની ક્ષમાની આશા રાખીએ છીએ

માધવ

ચાલુ વર્ષના ચાર ભેટો સબધે અભિપ્રાય—

વેરાવળ તા ૨૭—૨—૧૯૧૩

મે શ્રી અમ્બિકાવિજય ના અધિપતિ સાહેબ સુજ્ઞ

આજરોજ રૂા ૧—૮— ના વી પી થી ભેટો મળી છે માસીક સાથે રૂા ૧—૮— ના લવાજમમા આ ભેટો ઘણીજ પ્રસશાયુક્ત ગણી શકાય તેમા જરાએ શક નહિ સુરય વર્ત વરપ્રદાન મને ઘણીજ વાચન કરતા સરસ લાગે છે વિગેરે

રણછોડલાલ બહેચરદાસ છાયા
હેડ કલાર્ક બી એસ એન કો લીમીટેડ

શક્તિધર્મોદ્ધારક સમાજના મેનેજર

વિનતિ સાથે લખવાનુ કે તમારી મોકલેલી ભેટના મોટ નબર ૪) નુ વી પી આજરોજ મળ્યુ છે જે સ્વિકારી અત્યાનદ પામ્યા છીએ બાદ જણાવવાનુ કે આ સાથ જણાવેલા મે શીરનામાથી બીજા બે વી પી. મોકલી માસીક શરૂ કરશો

દયારામભાઈ ગોવનભાઈ મોની
મુ વરીયાવ

'મહેન્દ્ર ઓરીસ વાડી રગમહાલ વડોદરા તા ૧૨—૩—૧૩

વી પી દ્વારા ભેટો મળતા અત્યાનદ વિશેષ લખવાને ખુશાલી ઉપજે છે કે ફોટોગ્રાફસનુ કામ જોતા વીલક્ષણ સ્વરૂપ છે ફોટોગ્રાફસ જેટલા દર્શનીય છે તેટલાજ પ્રસશનીય છે માત્ર દોઢ રૂપીયાના લવાજમમા માસિક સાથે આવા પ્રકારની ભેટો આપવાના સાહસ માટે તમને

ધન્યવાદ ધરે છે

લી. સ્નેહાકાંક્ષી
એમ. એસ. ભટ્ટ વડોદરા

આ વર્ષની ઉપરોક્ત ચાર ભેટો તૈયાર થઇ ગ્રાહકોને મોકલાવવાનું કામ શરૂ થઇ ગયું છે જેઓના તરફથી વી૦ પી૦ મોકલાવવાના ઓર્ડર આવે છે તેમને તુરતજ મોકલવામાં આવે છે અને બાકીના જે ચાલુ ગ્રાહકો છે તેમને અનુક્રમે અમારી સગવડ પ્રમાણે મોકલવામાં આવે છે આ વર્ષની ભેટમાં જે ચાર ફોટા આપીએ છીએ તેની પ્રસંશા અમારે મ્હોંઢે કરવાથી આત્મશ્લાઘાનો દોષ થઇ જવાના ભયથી ફક્ત તે વિષે આપણા ગ્રાહકો તરફથીજ આવેલા અભિપ્રાયોમાંના ફક્ત બે ત્રણ સ્થળ સંકોચને લેઇ ઉપર આપ્યા છે તે તરફ સુજ્ઞ ગ્રાહકોનું લક્ષ ખેંચીએ છીએ કારણ કે —આપ આ ભેટો જોશો કે સહજજ વિચાર આવશે કે રૂ. ૧—૮— ના લવાજમમાં રૂ. ૨) ના ફોટા તો મળી ગયા અને માસિક બાર માસ સુધી મફતમાં જ મળી. આપ સર્વે ગ્રાહકો શ્રદ્ધાળુ છો તેથી જાણી શકશો કે આ કાર્યમાં અમારી તદ્દન નિઃસ્વાર્થ બુદ્ધિ છે ફક્ત શ્રી જગદંબાના યશોગાનનો બહોળો પ્રચાર કરવાનોજ ઉદ્દેશ છે છતાં પણ આ ભેટો જ્યાં સુધી આપે જોઇ નથી ત્યાંસુધી તેની મહત્તા કેનાથી સમજાય? અને તેથીજ ઉપરોક્ત અભિપ્રાયો અત્ર પ્રગટ કર્યાં છે લખવાને અત્યંત દીલગીરી થાય છે કે વર્ષની શરૂઆતથીજ દરેક અંકમાં અમો પોકારો કરીએ છીએ કે ગ્રાહક ન રહેવું હોય તો ના લખવી અથવા અંક રીફ્યુઝ કરવો છતાં મુંગેમોંઢે અંકો સ્વીકારી જવા અને લવાજમની ઉઘરાણીમાં ભેટોનું વી. પી. આવે ત્યારે રીફ્યુઝ કરવું! આતે કેવી મહાશયતા! ઓણ ભેટો મોડી રવાના કરવી શરૂ કરી છે અને ગ્રાહક રહેવાની ઇચ્છા ન હોય તો તેમ કરવાની તક પણ વખતોવખત આપી છે છતાં આપણા ચાલુ ગ્રાહકોમાંના બે ચાર ગૃહસ્થ તરફથી ઉપર પ્રમાણે વર્તન ચલાવવામાં આવ્યું છે અને તેની માસિકને અંગે જે નુકશાનનો સંભવ છે તેમાં તેમણે વધારો કર્યો છે આનો ન્યાય અમો શ્રી જગદંબાને સોંપીએ છીએ અને તમામ ગ્રાહકોને ફરી એક વખત વધારે છેવટની તક આપીએ છીએ કે જેઓને ગ્રાહક ન રહેવું હોય તેઓએ આ અંક મળેથી વળતી પોસ્ટે લખી જણાવવું અન્યથા વી. પી. રવાના કર્યા પછી રીફ્યુઝ થશે તો તેમનાં નામો જાહેરમાં મુકવામાં આવશે

જે ગ્રાહકોને શ્રી જગદંબા પ્રત્યે શ્રદ્ધા ભક્તિ છે તેઓને અમો વિનંતિ કરીએ છીએ કે તેઓ આ વર્ષની ભેટો મળ્યેથી પોતાના લાગતા વળગતા સ્નેહિ સંબંધીઓ વિગેરેમાં બતાવવા તસ્દી લેશે અને આ રીતે દરેક ગ્રાહક અમોને એકેક ક્રમે નવા ગ્રાહક મેળવી આપી શ્રી જગદંબાના યશોગાન પ્રસારતા આ શ્રી અંબિકા વિજય માસિકને મદદરૂપ થઇ પડશે દર વર્ષે રૂ. ૧—૮— લવાજમ જોકે વધારે પડતી રકમ નથી છતાં કોઇ શ્રદ્ધાળુ મનુષ્યને તેટલી પણ સગવડ ન હોય તો 'શ્રી આગામી દુર્ગામાતરૂપ મંદીર ફંડ ની ૨૫ ટીકીટ ની એક બુક ભરાવવાનો ફક્ત પ્રયાસ કરશે તો રૂ. ૨—૮— કમીશન મેળવી તેમાંથી માસિકનો લાભ લેવા શક્તિવાન થશે એ હકીકત પણ અમારા સુજ્ઞ ગ્રાહકો યોગ્ય સ્થાને જાહેર કરવા કૃપા કરશે એમ આશા છે

અધિપતિ

ત્હમે કોણ છો ? ઉમદા બાળાએ શાન્તપણે પુછયું

ત્હમારા ભાવી પતી તરિકે જે નકી થઇ ચુકેલ છે અને જે ત્હમને આ નવની જગ્યાથી શુખશાન્તિના સદન તરફ લેઇ જવા ઉત્સુક છે તે પત્નિહને મારે ત્હમે આવો પ્રશ્ન પુછી શકો તે શું સંભાવિત છે !

મદલનો ભાવી પતી રૂપસિંહ પાતાના કુળની કીર્તિને કલંકીત કરે તેવા નથી જે મનુષ્ય કેસરીઆ કરી રણમાં જુઝ્યા પછી દુશ્મનને પીઠ બતાવી નાશી આવીને કિલ્લામાં ભરાયા છે ત્હેની સાથે જયમલની પુત્રી દીપણ લગ્નસંબંધથી જોડાઇ શકશે નહિ રૂપસિંહ તું શું મૃત્યુથી ડરે છે !

નહિ પણ મદાલસા ! ધરતા નમાલી આ જીંદગી વડે સુખોપભોગની આશા હી શકતી હોય ત્યાંસુધી તે વ્યર્થ ફેંકી ન દેવા યોગ્ય ગણીએ છે આત્મભોગ વડે કાંઇપણ શુભ પરિણામ આવી શકતું હોય તો તે આપવો એ આપણી ફરજ છે પણ તે શિવાય તો મૂર્ખતા ભરેલો અને વ્યર્થ આત્મભોગ દી થાય

કલંકથી મુક્ત રહેવું શું સારૂં નથી ? પાતાની ગેરઆબરૂ સાથે મૃત્યુથી ડરીને નાસવું તેમાં પાપ નથી ? જીંદગી અને ગેરઆબરૂ એ બેના વચ્ચે સંશયમાં રહેછે તે મનુષ્યનો આત્મા સુંદર હોઇ શકે પણ જે મનુષ્ય ગેરઆબરૂ ભરેલી જીંદગીનો વિચાર કરે છે તે ઘણોજ નીચ છે રૂપસિંહ ! આપણે લગ્ન સંબંધથી જોડાઇ શકીશું નહીં

નિષ્ફળ ગયેલા રાજપુતને હૃદયમાં મોટો આઘાત થયો તેની દલીલો સાંભળવાની તેણીએ ના કહી અને તેની પાસેથી ચાલી જતા તેના રૂપ દયાયુક્ત તિરસ્કારનો દષ્ટિપાત કર્યો તે તો ચકીતજ થઇ ગયો વિકારો અને શરમ વચ્ચે ઝસતો તે અચેતજ ઉભો રહ્યો તે થોડીવાર કાંઇપણ નિશ્ચય ઉપર આવ્યા શિવાય ઉભો રહ્યો તેવામાં તે ઓરડો ધુમાડાના ગોટે ગોટથી ભરાઇ ગયો જે શરને થઇને આ ધુમાડો આવતો હતો ત્યાં દોડી જઇ તે ભાગળના ચોગાનમાં આવ્યો અને એક ભયંકર રીતે તેની નજરે દૃશ્ય પડ્યું બોંયરા તળીયા નીચે આવેલા એક વિશાળ ઓરડામાં જોહરના અગ્નિ સળગાવવામાં આવ્યો હતો અને ત્યાં રાન સેનાપતિની વિધવા અને ન્હાની પુત્રી શિવાયની બીજી ગઢની દરેક જાતની ૧૦૭ સ્ત્રીઓ એકઠી મળી હતી રૂપસિંહે એક તગીયાની અંદર નજર કરી તો તે ઓરડામાં ખડકેલા લાકડાઓમાં જેના વડે હમણાંજ અગ્નિ મુકેલો હતો તે મશાલ હાથમાં લઇને સુંદર મદલસા ત્યાં ઉભી હતી વાડીપળમાં ધુમાડાના ગોટાને લીધે તેની દ્રષ્ટી આ સર્વ દૃશ્ય અદૃશ્ય થયું અને બળતાં લાકડાના અવાજોથી મૃત્યુ પામતી સ્ત્રીઓની બુમો પણ તે સાંભળી શકો નહિ ભયંકર કાળરૂપ જેવા બળતા જોહરના અગ્નિની જવાળાઓ આકાશમાં પહોંચી અહ— દૃશ્ય અને તેનો ધ્વનિ બને ભયંકર હતા હવે છાથી મૃત્યુમુખમાં પડી મરેલી બાળાને કાંઇ બચાવી શકે તેમ નહોતું તે મૃત્યુની પવિત્ર સહચરી બની ગઇ હતી આ જવાળામય લગ્ન પથા— જોહરમાં અનેક બાળાઓએ પોતાના જીવન નષ્ટ કર્યાં હતા રૂપસિંહ આ ભયંકર દૃશ્ય આગળથી પણ્ણજ ઉદાસ અંતઃકરણે ચાલી ગયો

અકબરે કિલ્લામાં ભેરાયલા તરફ ઘણીજ ઉદાર શરતોની માગણીઓ લેઇને પોતાના વકીલને મોકલ્યો પણ તેનો ધિક્કાર સાથે અસ્વિકાર કરવામાં આવ્યો

તમારા બાદશાહને કહો ' જવાબ મળ્યો ' કે અમારી બાપીકી જમીનની માલીકી ઉડાવવાનો જે પ્રયાસ કરેછે હેના તરફની કોઇ પણ શરત અમે સ્વિકારી શકતા નથી અમારી ધારણા પ્રમાણે શરણે જવું ' એ શબ્દ ફક્ત નામર્દોઓનાજ શબ્દકોષમાં હોય છે

વકીલ પાછો ફર્યો અને અકબરે શહેર કબજે કરવાનો નિશ્ચય કર્યો તેજ દહાડે બે સુરંગો ઉડાવવામાં આવી અને તેથી આગળની પેઠે બે જુદીજુદી જગ્યાએ કોટમાં બે બાકોરાં પડ્યાં ચીતોડ ઉપર અત્યારે અમલ ચલાવતી શુરવીર સ્ત્રી આથી કરીને કાંઇ ગભરાઇ નહિ રક્ષણીય સૈન્યમાંના ફક્ત બસો માણસો શિવાયનો દરેક જણ કપાઇ મુવો હતો સંખ્યાબંધ શહેરીઓ પોતાની મેળેજ પોતાના કુટુમ્બો સહિત વિજેતાના હાથમાં ન પડવા માટે મૃત્યુ શરણ થયા હતા તેમ છતાં તેણીએ છેલો પ્રયાસ અજમાવવા માટે જેટલા શહેરીઓ એકઠા થઇ શકયા તેટલા કર્યા અને કિલ્લાની અંદર લડવાને માટે ખુશી એવો એકપણ મનુષ્ય રહે ત્યાં સુધી કિલ્લાનો બચાવ કરવા નિશ્ચય કર્યો

જે વખતે કોટમાં ગાબડાં પડ્યાં તેજ પળે શુરવીર વિધવાએ તે બંધ કરવા હુકમ આપી દીધા અને તેથી કરી થોડા વખત માટેનો સહજ બચાવ દુશ્મનો સામે ખડો થયો કાદવથી ભરેલા મોટા લાકડાના ચોકઠાં અગાઉથીજ તૈયાર રાખવામાં આવ્યા હતા અને હુકમ મળતાંજ તે કોટના બાકોરામાં ગોઠવી દેવામાં આવ્યા કિલ્લા ઉપર ન્હાની પણ નિશ્ચયાત્મક બુદ્ધિની રાણી કચરાવાળા મેલા ઉકળતા પાણીના મોટા મોટા વાસણો લેઇને ઉભી હતી અને તુટેલી દીવાલ ઉપર કોઇ દુશ્મન ચડવા યત્ન કરતો તો તેના માથાપર તે રેડી તેને બાળી મુકતી સ્ત્રીઓની પણ કેટલીક સંખ્યા પથરા વિગેરે ફેંકી શકાય તેવા સાહિત્યો સાથે ત્યાં એકઠી થઇ હતી અને તેઓ પણ દુશ્મનોને ખાળી રાખવામાં બનતો પ્રયાસ કરતી હતી કિલ્લામાંની મુખ્ય મુખ્ય સ્ત્રીઓને તો તેમના પતિઓ પુત્રો અને ભાઇઓએ જોહરમાં બળી જવા દીધી હતી અને થોડી જે તેમાંથી બચી હતી તે આ પ્રમાણે કામમાં લાગી હતી

શહેરના રહીશો જ્યારે આ પ્રમાણે કિલ્લાના બચાવ કામમાં વળગેલા હતા ત્યારે રૂપસિંહ પોતાની પ્રેમમૂર્તિની માતા પાસે આવ્યો તેણે હેના તરફથી ધિક્કારના દ્રષ્ટિપાત સાથે ફરી ગઇ

નહિ તે બોલ્યો ' એક નિરાશ થયેલા મનુષ્ય તરફથી મ્હો ન ફેરવો મે જે કીર્તિને કલંકિત કરી છે એમ તમો ગણોછો તે મારી થયેલ ભૂલ હું સુધારવા આવ્યો છું મ્હારી વિલાસપ્રિયતાની જ્વાળા હવે શમી ગઇ છે અને મ્હારા નસિબના વધારે ઉલાસ સંજોગોને હું તાબે થાઉં છું'

' જે મનુષ્ય રાજપુતાણીએ કહ્યું 'પોતાના જીવનને કીર્તિ કરતાં વધારે વ્હાલું ગણેછે તે મનુષ્ય એક શુરવીર તરિકેના મોતને યોગ્ય રહેતો નથી ચિતોડના અમાનુષિક બચાવના

પ્રતિહાસના કાળા પાના ઉપર ફક્તી હકીકત લખવા માટે આ કિલ્લામા પુ તા માણસો છે માટે તમે વિજેતાની પાસે ખુશીથી જાઓ અને તમારા નામદ હલવાનો તાબેદારીના બંધન વાળી જીદગી હેનો સાથે ગુજારો અમો રૂપસિહ તરફની કાઇ મદદ માગતા નથી

, રાજપુતે પોતાનો ઓઇ કરડયો પણ ત્યાથી તે ખસ્યો નહિ દુશ્મનો હવ આસના સ્મનો તરફનો એક ત્વરિત તીરછો દ્રષ્ટિપાત આ આગળ વધતા જતા લશ્કરી પર તેના હદામાનો ભય ર નિશ્ચય પ્રકટ કરતો હતો તે દ્રષ્ટિપાત એક ઢાપી રહેલા વાઘના જેવો હતા તેણે પોતાની તલવાર ખેચી અને તે શાંત પણ મક્કમ પ ગે બાકોરાના સ ૌથી ઓછા સલામત ભાગ તરફ ચાલ્યો

દુશ્મનો ત્વરાથી આગળ વધી આવતા હતા અને દરીયાની લોજાની પેઠે આગળ નમરી જતા હતા આગની હરોળ કિલ્લા નજીક પહોચી ત્યારે ઝપાઝપી ઘણી સખ્ત હતી વે ગવાળા સમુદ્રના ટકી ન શકાય તેના નિશ્ચય આગળ તેઓ પાછા પ ડ્યા તેમના ઉપર તવાર રાખેલા સાધનોનો વરસાદ થયો બચાવની આ નવિન રીતથી દુશ્મનો ગભરાઇ ગયા તેઓ પાછા હઠયા નવુ ફરીને હલ્લો કર્યો તેનું પણ તેજ પરીણામ આવ્યુ દુશ્મનો એક દરેક હુમલામા પાછા હઠયા હતા છતા કિલ્લો ઘણે ઠેકાણે તુટેલો ઇ દુશ્મનોની ા દુકોથી હિદુઓને ઘણુ નુકશાન વેઠવુ પડ્યુ ઝત ઉપર આવેલા સિહ જેવા ઝનુનથી રૂપસિહ લડતો હતો તે બે વખત સખત રીતે ઘાયલ થયો છતા તેણે પસદ કરેલ જગ્યાથી એક તસુ પણ ખ સ્યો નહિ રાત્રિ પડતાં આ ઝપાઝપીઓનો અ ત આ વ્યો અને મુસલમાનોને પાછા ફરવાની ફરજ પડી

વેરાયતાઓ પોતાની ક્ષણભરની ફત્તેથી ઉત્તેજીત થયા હતા છતા એનો ખુ લુ જ હ્ ક બીજા દિવસને માટે તેઓ આ હુમલાઓ સામે ટકી શકશે નહિ દુશ્મનોના ભેમતાળા અસ્ત્રોથી તેમની સખ્યા ઘણી ઓછી થઇ ગઇ હતી અને ચાલુ હુમલાઓથી તેમના કામચલાઉ બાધ કામ ઘણા નબળા પડી ગયા હતા છતા નિશ્ચય કરવામા આ વ્યો હતો ક એક મનુષ્ય ટક્કર ઝીલવા મોજુદ રહ ત્યાસુધી સામે થવુ

સવાર થતાજ હલ્લો ચાલુ થયો કિલ્લા ઉપર ચડવાનો પ્રયત્ન કરતા ઘણા મુસલમાનો ઉધે મસ્તકે પાછા પડ્યા પણ તેમની જગ્યા તેમના જેવાજ નિશ્ચય વાળા અન્ય સેનાનીઓથી પુ ાઇ જવા લાગી અને છેવટે નિરાશ થતા હિદુઓનો અત્યત ત્રાસ છતા દુશ્મનોના પગ દર્યા અને કિ લો લેવામા તે ફતેહમદ થયા રૂપસિહ કેટલાક દુશ્મનોને માર્યા પછી એક બદુક ની ગોળી મસ્તકમા લાગતા પડ્યો શુરી રાજપુતાણી જો કે ઘણે ઠેકાણે ઘાયલ થઇ હતી છતા ચિતોડના બહાદુર રક્ષકોને ઉત્તે જન આપતી આગળ ધસી પણ દુશ્મનોએ ઉદારચરિત પણે પોતાની તલવારો મુકી દીધી અને તેણીને જીવતી પકડી લેવા પ્રયત્ન કર્યો દુશ્મનોનો ઇરાદો જાણી લેતા જ તેણી તરત જ શહેર તરફ પાછી ફરી અને આશ્ચર્યના સેનાનીઓએ તેની પુઠ પકડી જોકે તેણી હજુ લોહીમા તરબોળ હતી છતાં પોતાની પુઠ પકડનારા પહેલા તે પોતાને ઘેર પહોચી ગઇ મહેલમા પહોચતાજ તેણીએ દરવાજો બધ કરા વ્યો અને પોતાની બાજી રહેલી પુત્રીને પોતાની પાસે બોલાવી બોલી,—

અપૂર્ણ

આતંકનિગ્રહ ઔષધાલયમાં તૈયાર થતાં ઉપયોગી

ફતેહમંદ ઔષધો

1. આતંકનીગ્રહ ગોળીઓ—ખરું જીવન આપનારી નખ્યાત પાટિક દવા કીમત ગોળી ૩૨ ના ડબી ૧ નો રૂપીઓ ૧
2. વાજીકરણ તેલ—ગએલા પુરૂષત્વને પાછુ લાવી આપનાર બ્હારના ઉપચારરૂપ ઉત્તમ ઉપાય કીમત તોલા ॥ ની બાટલી ૧ ના રૂ ૫
3. બાળમિત્ર—બાળકોના દાંત જેવા કે તાવ ઝાડો ખાંસી આંચકી વગેરેને મટાડી તેઓના શરીરને મજબુત તથા પુષ્ટ બનાવનારી ચમત્કારિક ગોળીઓ કિંમત ગોળી ૩૦ ની ડબી ૧ નો રૂપીઓ ૧
4. શુદ્ધ મોતીનો સુરમો—આંખોની શક્તિને વધારી સાથે તથા ઝાંખ નબળાઈ વગેરેને દુર કરેછે કીમત કાળો સુરમો તોલા ૧ નો રૂ ૧॥ તથા ધોળો સુરમો તોલા ૧ ના રૂ ૨
5. નેત્રાંજન મલમ—આંખના દરદો જેવા કે ફુલું પડળ ઝાંખ વગેરેને તોડી આંખને ચોખ્ખી કરવામાં કદીપણ પાછો ન હઠે તેવો ઇલાજ કિંમત તોલા ॥ ની ડબી ૧ નો રૂ ૧
6. કાસાંતક—ઉધરસ મટાડવા માટે અકસીર ઇલાજ કીમત—ગોળી ૫ ની ડબી ૧નો રૂ ૧
7. Cધની ગોળીઓ—ચોખ્ખી નીંદ્રા લાવી મગજને શાંતી આપે છે કિંમત ગોળી ૧૬ની ડબી ૧ રૂ ૧
8. રેચક ગોળીઓ—કબજીયાત દુર કરી દસ્ત સાફ લાવે છે કિંમત ગોળી ૩૨ની ડબી ૧ ના આઠ આના
9. મંડુરવટક—પાંડુ કમળો બરોલ વગેરે મટાડે છે કિંમત—ગોળી ૧ ની ડબી ૧નો રૂ ૧
10. જ્વરાંતક—હરકોઇ જાતના તાવના કેસને એકદમ કાબુમાં લઇ મટાડે છે કિંમત ગોળી ૪ ની ડબી ૧ નો રૂપિયો ૧
11. ચંદ્રમણી—પ્રમેહ વધરાવળ હરસ વગેરે મટાડે છે કિંમત ગોળી ૧૬ ની ડબી ૧ નો રૂ ૧

આ સિવાય પણ કોલેરાપીલ્સ, કર્ણ તેલ, આયુર્વેદીક તેલ, વાત ગજ કેસરી તેલ, અશ્વગંધાદિ પાક, મદનમંજરી મલમ દાદરની ગોળી, દંતમંજન, કેશરાદિ ગોળીઓ, સીકીરીમ પાઉડર, વિગેરે દવાઓ તથા પુસ્તકોના પુરી વિગત જાણવા માટે અમારા ઔષધાલયનું પ્રાસ્પેક્ટસ મંગાવવા મહેરબાની કરો

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવિંદજી

જામનગર—કાઠિયાવાડ

REGISTERED NO.B 382

शाक्त प्रकोर्ण ३   अंक ५ मो

હિંદુસ્થાનમાં બહોળો ફેલાવો પામેલુ, શક્તિધર્મના તેમજ
કાવ્ય, સાહિત્ય, કળાકૌશલ્ય, નીતિ જ્ઞાન, વીગેરે સબંધી
રસમય અને બોધક લેખો ચચતુ અને સર્વત્ર
સન્માન પામેલુ માસિક પત્ર—

શ્રી અંબિકા વિજય

(દરેક પુનમે બ્હાર પડે છે)

પુસ્તક ૧૭ મુ   ફાગણ, પુર્ણિમા, ૧૯૬૯   અંક ૫ મો



પ્રગટ કરનાર—
માધવલાલ કુબેરજી રાવળ   शाक्तधर्माचार्य
મેનેજર, શ્રી શક્તિધર્મોદ્ધારક સમાજ ચુડા (કાઠીયાવાર)
(અમારા ૧ થી ૪ વર્ગ સુધીના મેમ્બરોને પોસ્ટેજ અને ભેટ સાથે મફત)
વાર્ષિક લવાજમ અગાઉથીજ રૂ ૧—૮—૦ ભેટના પોસ્ટેજ સાથ
પાછળથી રૂ ૨—૦—૦ ભેટ વીના   છુટક નકલના રૂ ૦—૩—૦

શ્રી લોહાણામિત્ર પ્રિ. પ્રેસ, સુરત.

ग्राहकोने विज्ञप्ति

આ માસિકનું વર્ષ કાર્તિકથી શરૂ થાય છે અને અધવચમાંથી ગ્રાહક થનારને પણ જ્યાં સુધી પાછલા અંકો શીલીકમાં હશે ત્યાંસુધી પહેલા અંકથી મોકલી આપી શરૂઆતથી ગ્રાહક ગણવામાં આવશે

બાહ્યવશાત્ અનિવાર્ય સંજોગોને લેઈ કેટલાક માસ થયાં આ માસિકના અંકો અનિયમિતપણે પ્રગટ થાય છે તોપણ હવે આવતી વૈશાખ પૂર્ણિમાએ ચૈત્ર—વૈશાખ અંક ભેગો [illegible] નિયમિત કરવામાં આવશે

જુના ગ્રાહકોમાંના કોઈ કોઈ તરફથી ગયું વર્ષ પુરૂં થયા પછી નવા વર્ષના ત્રણ ચાર અંકો મુંગેમોઢે સ્વીકાર્યા છતાં વી. પી. કરવામાં આવેછે ત્યારે રીફ્યુઝ કરવામાં આવે છે તેને માટે અમો દિલગીર છીએ જેઓ તરફથી એ પ્રમાણે બન્યું છે તેઓ તરફ ત્રણ અંકો ગેરકાયદા ચાલુ રાખ્યા છે અને તેઓ ચાલુ સાલની ભેટ સંબંધીના આ અંકમાં છપાયેલા અભિપ્રાયો વાંચી અમારા હિત તરફ દ્રષ્ટિ કરી અમને થયેલ ખર્ચ સાથે ફરી વી. પી. કરવાનો ઓર્ડર આપશે એમ આશા રાખવામાં આવે છે

આ માસિકના અમારા કેટલાક ગ્રાહકો પણ વચમાં બંધ પડી ગયેલ પરિચિત હિતેચ્છુઓ તરફ ચાલુ સાલથી વિનંતિપત્ર સાથે માસિક શરૂ કરવામાં આવ્યું છે તેમાંના કોઈ કોઈ તરફથી ત્રણ ત્રણ અંકો સ્વીકાર્યા પછી અમો વી. પી. કરવાની તૈયારી કરીએ છીએ તેવામાં ચોથો અંક રીફ્યુઝ કરવામાં આવે છે તેઓને માટે બહેતર હતું કે ગ્રાહક નહોતું થવું ત્યારે પ્રથમથીજ અંકો સ્વીકારવા નહોતા પણ અત્યાર સુધી અમને ખર્ચ કરાવ્યા પછી અંક રીફ્યુઝ કરવો એમાં સજ્જનતા નથી છતાં બન્યું તે ખરૂં હવે જેઓ તેવા ગ્રાહકો છે તેઓ સર્વે ચાલુ સાલની ભેટ સંબંધીના અભિપ્રાયો ઉપર પોતાનું લક્ષ્ય આપશે અને તે ઉપરથી અમારા પ્રયાસ પ્રતિ સહાનુભૂતિ ધરાવી વી. પી. નો ઓર્ડર આપશે અથવા તો વી. પી. આવે ત્યારે સ્વીકારી લેશે એમ આશા રાખવામાં આવે છે

છેવટમાં—માસિક ટકી રહેવાનો આધાર ફક્ત ગ્રાહકોના લવાજમ ઉપર છે દરેક દરેક ગ્રાહકનું લવાજમ વસુલ થાય છતાં પણ ચાલુમાલની ભેટ એવી છે કે બાર માસ સુધી અંકો મોકલતાં કાંઈ પણ બચત રહે નહિ તેવી સ્થિતિમાં આવા નુકસાનો ઉપાડી શકાય તેમ નથી તેથી આ માસિકના દરેક હિતેચ્છુકને વિનંતિ કરવામાં આવે છે કે પોત પોતાની ભેટ તેઓ વી. પી. થી મોકલવાનો ઓર્ડર આપશે તેમજ પોત પોતાથી બનતા નવા ગ્રાહક વધારી આપશે

અત્યાર સુધીમાં આ માસિકની નાણાં વિષયક સ્થિતિ બહુ નબળી છે—અને તેથી ભવિષ્યમાં શું થશે તે અમો કાંઈ કહી શકતા નથી પણ આ માસિકને કાયમ ટકી રહેલું જોવા ઇચ્છતા સજ્જનો પોતાથી બનતો પ્રયાસ કરી પોતાની સહાનુભૂતિ દર્શાવી આપશે.

ગયા અંકમાંની વિજ્ઞપ્તિમાં આ માસિક સચિત્ર કરવા સંબંધી આ અંકમાં કાંઈક હકીકત આપવાના વિચાર અમોએ દર્શાવેલ પણ જ્યાં સુધી અમો આ માસિકને કાયમ ટકાવી રાખવા જેવો ઉત્સાહ ગ્રાહકોમાં જોતા નથી ત્યાંસુધી તેવું સાહસ ખેડવા માટે ઉદ્યુક્ત થઈ શકતા નથી

પત્રિપતિ

नमन्मौळि श्रेणित्रिपुर परिपथि प्रति लसत्
कपर्द व्यावृत्ति स्फुरित फणि फूत्कार चकित
लसत्फुल्ला भोज श्रदि महरण॰ कोऽपि चरण
श्चिर श्वेतश्वारी मम भवतु वारीश दुहितु॰

* *

શ્રી અંબિકા વિજય

(દરેક પુનમે બ્હાર પડે છે)

* *

પુસ્તક ૧૦ મુ   ફાગણ, પુર્ણિમા, ૧૯૬૯   અંક ૫ મો

श्री जगदम्बानी भक्ति अने तेना साधनो—

આપણા આર્ય શાસ્ત્રોમા ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચતુર્વર્ગ પુરૂષાર્થ માનેલો છે આ સ્થળે ધર્મ એટલે પુત્ર મિત્ર કલત્ર આદિ દેહના સબધીઓ, જન સમુહ રાજ્યસત્તા વિગેર વહેવારિક ધર્મોની સિદ્ધિ તેને ધર્મ ગણેલો છે અર્થ સિદ્ધિ એટલે દ્રવ્યપ્રાપ્તિ માનેલી છે, કામપ્રાપ્તિ ઇચ્છેલા ભોગો ભોગવવા એ છે અને મોક્ષ એટલે આ સૃષ્ટિની ઉત્પાદક અને તેમાના દરેક જડચૈતન્યાદિ પ્રાણી પદાર્થ માત્રમા પ્રતિબિંબિત જીવ ભાવે લીલામાત્રથી વિલસતી અને સર્વને નિયમવશ વર્તાવતી શ્રી જગદમ્બાના ભક્તિ અને અનુગ્રહદ્વારા પોતાનુ શુદ્ધ તત્પરસ્વરૂપ પ્રાપ્ત કરવુ તે છે સ્ત્રી પુત્રાદિ પ્રત્યેના યથેષ્ટ ધર્મો પાળવા દ્રવ્યોપાર્જન કરવુ અને ઇચ્છિત ભોગો ભોગવવા એ ત્રણ તો અનેક મનુષ્યો કરે છેજ કારણ કે તેમા કાંઇ ભારે પુરૂષાર્થ નથી પણ ઉક્ત ત્રણેની સિદ્ધિ એવી રીતે કરાય કે જેથી કરીને ચતુર્થ મોક્ષરૂપ ફળ પ્રાપ્ત થાય અને તેજ એ ત્રણની પ્રાપ્તિ સાર્થક છે મહાત્મા પુરૂષો પણ એજ નોંધી ગયા છે જેની પ્રાપ્તિ અતિ સહજ હોય કઠીન પુરૂષાર્થની આવશ્યકતા ન હોય અને મન અથવા પ્રાણનો જય જેમા સાધવાનો ન હોય એવુ કાંઇ શાસ્ત્રવિહિત પ્રાધાન્ય ગણી શકાય નહિ નેષ્કાર્ય વિના શ્રમે અથવા સહજ પ્રવૃત્તિથી થતુ હોય તે કરવા મહાત્માઓ કાંઇ શાસ્ત્રમા લખીને નોંધે નહીં અને શાસ્ત્રો જો કે ઉપરોક્ત ચતુર્વર્ગ પુરૂષાર્થ—ધર્મ અર્થ કામ અને મોક્ષને પ્રાધાન્ય ગણે છે છતાં પ્રથમના ત્રણ મોક્ષને અંગે સહાયક થઇ પડે તેવી રીતે તેનો ઉપયોગ કરવાનો છે

મન્વાદિ સ્મૃતિ ગ્રંથોમા તેમજ સંહિતાના ગ્રંથોમાં તે ગ્રંથોના કર્તા ૠષીઓએ આશ્રમ વ્યવસ્થા બાંધી છે તે પણ ફક્ત સર્વ જીવોને ક્રમે ક્રમે ઇશ્વરાભિમુખ કરી સત્ય સ્વરૂપ પ્રાપ્ત કરવા માટેજ છે તેમજ ઉપરોક્ત ચતુર્વર્ગ પુરૂષાર્થમાના લક્ષ્ય સ્થાન મોક્ષ પર્યંત પહોચવા

માટે સત્શાસ્ત્રોમાં કર્મ ઉપાસના અને જ્ઞાન એ તેના ત્રણ સોપાનો વર્ણવેલા છે વ્યવહારિક કર્મો તો સંસારપાશને દૃઢ કરનારા હોવાથી તેમજ સંસારમાના અનેક જન્મના સંસ્કારોથી સહજ—સ્વાભાવિક રીતે બંધાય છે પણ સારાસાર વિવેક બુદ્ધિ જેની જાગ્રત થઇ છે તેણે તો પોતાને આ સૃષ્ટિમાં મળેલ જન્મ—પાત્રનો વેશ ભજવતા છતા પોતાના મુળ સ્થાને પહોંચવાનો ક્રમ ચાલુ રાખવો જોઇએ અને તે ક્રમ યથાર્થ સમજવા માટે સાધુ સંતો અને સદ્ગુરૂનો આશ્રય લેવો યોગ્ય છે

મનુ ભગવાને બ્રહ્મયજ્ઞનુ પ્રતિપાદન કરનાર બીજા અધ્યાયમાંજ કહ્યું છે કે —

आचम्य प्रयतो नित्य मुभे सध्ये समाहित
शुचौ देशे जप जप्य मुपासित यथाविधि

અર્થાત્ — નિત્ય પવિત્ર થઇને આચમન કરી સાવિત્રી મંત્રનો જપ જપતાં યથાવિધિ સવારની તથા સાંજની સંધ્યાને ઉપાસવી આ પ્રમાણે આ પરમ તત્વસ્વરૂપની સિદ્ધિનો આરંભ બાળપણથીજ કરવો આવશ્યક ગણેલ છે અને જેમ જેમ આયુષ્ય ક્ષીણ થતું જાય તેમ તેમ જીવત્વ વિલાતું જાય શાંતિધન વધતુ જાય અને ઉત્તરોત્તર તત્વ સ્વરૂપમાં સ્થિતિ થતી જાય તેને માટેજ વાનપ્રસ્થ અને સન્યસ્ત આશ્રમોની વ્યવસ્થા રાખેલી છે

હવે આપણે આપણા મુળ વિષય ઉપર આવીએ શ્રી જગદંબાના આપણે સર્વ ભક્તો છીએ તેથી જગદંબાનું સ્વરૂપ જાણવાની આવશ્યકતા પ્રથમ છે

'દેવ' નો વૈજ્ઞાનિક ભાષામાં દીપ્તિ અથવા આયુષ્ય દેનારી શક્તિ એવો અર્થ થાય છે તેમજ દેવતાનો અર્થ તે ઇશ્વર શક્તિના જુદા જુદા સ્વરૂપ પછી તે બાહ્ય શક્તિ હોય કે અંતર્ગત ઇંદ્રિય શક્તિ હોય—એવો અર્થ થાય છે અધિદૈવ શબ્દની સાથે આધ્યાત્મિક શબ્દની તુલના કરી જોતા દેવતા એ શબ્દ સમષ્ટિરૂપ શક્તિ વાચક છે એમ જણાઇ આવે છે સૂર્ય દેવતા એટલે સર્વ પ્રાણીઓમાંની જોવાની આદિત્ય નામની શક્તિ અને આ વિશ્વનુ નેત્ર જે સૂર્ય તે એ શક્તિનુ ચિન્હ છે હસ્તેંદ્રિયનો દેવતા એટલે સર્વે હાથની શક્તિ અને એ દેવતા ઇંદ્ર કહેવાય છે પદ દેવતા એટલે સર્વ પગમાની શક્તિ એ દેવતાને વિષ્ણુ કહે છે તેજ પ્રમાણે બીજા દેવતાઓનુ સમજવુ હવે દેવ પ્રિત્યર્થ ખરી ભક્તિ કરવી એટલે આપણી દરેક મનુષ્યની ઇંદ્રિયશક્તિઓ તે તે સમષ્ટિરૂપ ઇંદ્રિય દેવતાઓને અર્પણ કરવી એ છે દેશમાના સર્વ હાથના હિતને માટે કામ કરવુ એજ ઇંદ્રની ભક્તિ કર્યા બરોબર છે આદિત્યની ભક્તિ કરવી એટલે સર્વ નેત્રોમાં ઇશ્વરનુ અસ્તિત્વ જાણવુ—સર્વ નેત્રોને માન આપવુ આપણા ગેરવર્તનથી કોઇની દૃષ્ટિને કષ્ટ થવા ન દેવુ આપણી તરફ જોનાર સર્વને પ્રેમયુક્ત સ્મિતપૂર્વક આશિર્વાદ આપવો અને આપણાં નેત્ર વિશ્વની ચક્ષુને, એટલી અનન્ય ભક્તિથી અર્પણ કરવા કે આપણો સર્વ અહંકાર નાશ થવાથી વિશ્વના ચક્ષુરૂપ પરમાત્મા આપણા નેત્રોમાં સદા પ્રકાશતો રહે બૃહસ્પતિની ભક્તિ કરવી એટલે દેશના સર્વ મગજોને આપણું મગજ એટલે બુદ્ધિ વિચાર અર્પણ કરવા અથવા આપણા દેશબાંધવોના હિત સંબંધને વાસ્તે પોતાના હિત સંબંધને લીન કરી—મેળવી તેમના ઉદયથી આનંદ પામીને તેઓ અને આપણે ભિન્ન નથી એવા વિચારોથી દેશહિત સાધવુ ઇત્યાદિ ઉપરોક્ત સર્વ પ્રથક્ પ્રથક્ શક્તિઓના દેવ

ગણાવ્યા તે ફક્ત આ દ્રશ્ય સૃષ્ટિનાજ અને તેટલી તેટલી શક્તિને આરોપણ કરેલા સ્વરૂપો છે પણ આપણે જે જગદબાના ભક્તો છીએ તે જગદબા તો સમ્યક્ અનત બ્રહ્માડોમાંની સર્વ શક્તિઓનુ સમષ્ટિ સ્વરૂપ છે અને તેની સત્તા નીચે સમસ્ત બ્રહ્માડો અને તે બ્રહ્માડોની નિયત્રણા ઉપર યોજેલા દેવો પણ આવી જાય છે અને તેજ મહાશક્તિને કેટલાક મહાત્માઓ પરમ પુરૂષ પરમાત્મા કહે છે અને કેટલાક મહાત્માઓ તે પરમાત્મા નિરાકાર હોય તેની આ મહાશક્તિને લઇને સર્વ બ્રહ્માડોને નિયમમા પ્રવર્તાવનાર કોઇ શ્રેષ્ટ સત્તા છે એમ માની સાક્રિયાદ્વારા તેનો સાક્ષાત્કાર કરી શ્રી જગદબા સ્વરૂપે અને અખિલ ચરાચરની ઉચ્ચ સત્તા તરિકે તેનો સ્વિકાર કરે છે ઉપરોક્ત જે પ્રથક્ પ્રથક્ શક્તિમય દેવો વર્ણવ્યા છે તેના ભક્તોનુ કર્તવ્ય શુ છે તે આપણે કહી ગયા છીએ તેની તુલનામા આ મહાશક્તિના ભક્તો તરિકે આપણુ કર્તવ્ય આપણે સમજવાનુ છે છતા તેનો નિર્ણય કરવા માટે આપણે અત્ર કહેવુ જોઇએ કે એ મહા શક્તિ— શ્રી જગદબા આ વિશ્વના પ્રત્યેક અણુ અણુમા સૂત્રાત્મારૂપે વ્યાપક હોવાથી આપણો આત્મા કે જે અનેક જન્મોના સસ્કારોથી જીવસ્વરૂપે બદ્ધ થયેલો છે તે શ્રી જગદબાનુ પ્રતિબિબ અથવા તો મહાન ચૈતન્ય સાગરના એક બિદુવત્ હોય તે પ્રત્યેનુ આપણુ કર્તવ્ય આપણે બજાવીશુ તો તેથી જે વિશાળ કર્તવ્યની જવાબદારી આપણા માથે રહેલી છે તે આપણે સાધી શકીશુ

આપણે આપણા આત્મા પ્રત્યેનુ જે કર્તવ્ય બજાવવાનુ છે તે મુખ્ય એટલુંજ છે કે તે આત્માનુ ખરૂ સ્વરૂપ ઓળખવુ અને એ આત્મ સ્વરૂપ સમષ્ટિરૂપ જગદબાનુજ બિદુવત્ ચૈતન્ય હોવાના ઘટાકાશ અને મહાકાશની ઉપાધિ જેમ ઘટ અને મઠનો ધ્વસ થતા મહદાકાશ રૂપે એકરૂપ થઇ જાય છે તેમજ આ બિદુવત્ ચૈતન્ય અનત મહાસાગરમાં કર્મક્ષય અને માયાની ઉપાધિના ધ્વસ થતાજ એકરૂપ થઇ જશે આ ક્રમ કે જેને મહત્પુરૂષો પરમ ધર્મ કહી ગયા છે તે પ્રાપ્ત કરવાના સાધનરૂપ ઉપરોક્ત કર્મ ઉપાસના અને જ્ઞાન એ ત્રણ મુક્તિ શિખરે પહોચવાના સોપાના છે

૧ કર્મ —

આપણા આર્યશાસ્ત્રોએ અધિકાર પરત્વે સ્નાન સધ્યા, જપ હોમ સ્વાધ્યાય, દેવપૂજન આતિથ્યાદર યમ નિયમ આસનાદિ અષ્ટાગ યોગમાની પૂર્વ ભૂમિકાઓ સદ્દગુરૂની સેવા સત્શાસ્ત્રોનુ શ્રવણ વિગેરેની સત્કર્મમાં ગણના કરેલી છે આ કર્મો સકામ અને નિષ્કામ બે પ્રકારના છે સકામ કર્મથી અહિક સુખો અને સ્વર્ગાદિ ભોગો પ્રાપ્ત થાય છે પણ ઉચ્ચાધિકારીને તો નિષ્કામ કર્મજ યોગ્ય છે નિષ્કામ કર્મથી ચિત્તશુદ્ધિ દ્વારા તે ધ્યેય સ્વરૂપ શ્રી જગદબાની મૂર્તિનુ તન્મય બનવા યોગ્ય યોગ્યતા ધારણ કરે છે અજ્ઞાન લોક એમ સમજે છે કે કર્મ કરતા કર્મની ફલસિદ્ધિથી વધારે સુખ મળે છે પણ તે ખોટુ છે ફળ કર્મના કરતાં અધિક સુખદાયક હોઇ શકતુ નથી, સુખ એ કર્મરૂપી વસ્ત્ર તળે ઢકાયલુ હોય છે ખરા કર્મ કર્યા પછી થતો આનદ મોક્ષની એક ચીનગારી અથવા અજ્ઞાન આત્મસાક્ષાત્કારજ છે તે તમને શુદ્ધ નિર્મળ અને પરમાત્મ સ્વરૂપમા લીન બનાવી દે છે આ આનદજ કર્મનુ નિમિત્ત

લાભ મળે છે

શ્રી જગત જનુની મહામાયાની કૃપાથી તમો આથી પણ સારી ભેટ આપવાને શક્તિવાન થાઓ તથા શ્રી અમ્બિકા વિજયનો બહોળો ફેલાવો થાય એવુ ખ । અંતઃકરણથી ઇચ્છીએ છીએ

લી શુભેચ્છક
રમણીકલાલની વતી
લાલાજી હરીદાસના પ્રણામ

ઝરીઆ તા ૨૩—૩—૧૩

પરમ સ્નેહિ ભાઇ

તમારા તરફથી મોકલ વી પી લેઇ લીધુ છે તે ઉપ્રાંત જે અમુલ્ય છબીઓ તમોએ મોકલાવી છે તે સાનદાશ્ચર્યથી નિહાળત નિહાળતે આ તના સંદરન અત્યંત ધન્યવાદ આપી દેવાપો છે

છબીઓમા ઓમ્કાર સ્વરૂપિણી જગદબા મધુ કૈટભવધ વિગેરે ખાસ જોવાવા છે

છેવટ તમારા પ્રયાસને અધિકાધિક ફત્તેહ ઇચ્છુ છુ

માધવલાલ દેવશંકર ધારી
બેંગાલ કોલ સપ્લાયર્સ

ધારી તા ૨૩—૩—૧૯૧૩

શ્રીયુત મહાશય શાક્ત ધર્માચાર્ય શા ગ માધવલાલ

લખવાને આનંદ થાય છે કે શક્તિ ધર્મોદ્ધારકસમાજ તરફથી દરમાસે અમ્બિકા વિજય માસીક પ્રગટ થાય છે તેમાના વિષયો જ્ઞાન સાથે ગમત આપનારા ઉપરાંત ઐતીહાસીક નોવેલ આપવામા આવે છે તેની તેમા ઓર વધારો થાય છે શ્રી અમ્બિકા વિજયનુ લવાજમ ? ગ્રાહકો તરફથી આપવામા આવે છે તેનો બદલો દર વરસે અપાતી ભેટોમાજ વળી જાય છે આટલુજ નહિ પણ લવાજમ કરતા ભેટોની કિમત વધારે ગ્રાહકોને મળે છે આવા ધર્મકાર્યના પ્રગટ થતા માસીકના ધર્માચાર્ય પોતાના હીત તરફ ન જોતા ગ્રાહકોને શ્રીનુ ખરૂ રહસ્ય સમજાવવાનો પ્રયત્ન કરવા જે સાહસ ઉઠાવે છે તેમા શ્રી અમ્બિકા સહાય થાઓ આ સાલે જે ભેટ મારા તરફ આવી તે મે તપાસી તેમજ ઇતર વિદ્વાનોએ તપાસી તો એક અવાજે આ પરોપકારી ધર્માચાર્યના સાહસને અતી હર્ષ સાથે વખાની અતિ પ્રેમ્રા આબાદી થવા ઇચ્છે છે આજસુધી અપાયલી ભેટો જો કે સરસ તો હતી પણ આ સાલની ભેટોએ હદ વાળી છે તેમાં લવાજમ ઉપર સુરત ન રાખતા ગ્રાહકોના મન રંજન કરવા ઉપરાંત શ્રીનુ ખરૂ રહસ્ય જણાવવા કરેલ પ્રયાસથી હુ તેમજ મારૂ વિદ્વાન સ્નેહિમંડળ ખુશી થયુ છે

આવા ધાર્મિક કાર્યની ઉન્નતિનો આધાર ગ્રાહકો તરફથી મળતા લવાજમ તેમજ અન્ય લખી ગૃહસ્થોની ઉદારતા ઉપર રહે છે તો શ્રીની કૃપા ઇચ્છનારાઓએ લવાજમ સબંધે વગર

ઉત્તરાણીએ નાથા પગાર કરવા એ વિદ્વાનોની ખાસ ફરજ છે તેમજ આ માસીકના અન્ય ગ્રાહકો મેળવી આપણી આ બાળ સંસ્થાને ઉછેરી યુવાન વયમા લાવવા દરેક માણસે પ્રયાસ કરવો ઘટે છે

શ્રીની આજ્ઞાનુસાર કૃપાપ્રસાદી વડે આવા શુદ્ધ સ્વરુપો ફેલાવવાના પ્રયાસમા ફળીભૂત થાઓ એવી શ્રી પ્રત્યે પ્રાર્થના છે

માસિકના અંગે ફોટોના વખાણ કરવા આવશ્યક હોવા છતા લંબાણ ભયે ઉપરના દર્શીપણ અતિશયોક્તિ વિનાના શબ્દો શુદ્ધ મનવડે લખી વિરામ પામુ છુ

લી૦ શ્રીનો સેવક
જોષી લલુ માવજી વકીલ
ના જય શ્રી અંબિકા

ઝવડીઆ તાલુકા સ્કુલ તા ૧—૪—૧૩

શ્રી શક્તિધર્મોદ્ધારક સભાજના મેનેજર સાહેબ જુગ.

શ્રી અંબિકા વિજય ની ચારે ફોટો અમને મળ્યા છે આ માસીક માટે અમને કહ્યા શિવાય ચાલતુ નથી કે પોતાના ગજા ઉપરાંત કામ કરી બનાવી ગ્રાહકોને સંતુષ્ટ રાખવા પ્રયત્ન કરે છે આ માસીક લવાજમના પ્રમાણમા ફોટા ઉપર ધ્યાન પહોંચાડતા ખાત્રી થાય છે કે તદ્દન સુંદર જેવુજ છે આવુ એક પણ માસીક સાહસ હજુ સુધી કર્યુંજ નથી એમ અમારૂં માનવુ છે ફોટોગ્રાફી કામ ઘણુંજ સારૂં છે ઓંકાર સ્વરૂપનો ફોટોગ્રાફ પૂજનીય છે ને તેને માટે ખાસ મારી પસંદગી દર્શાવી આપવી ઘટે છે

લી૦

પી જે૦ ભટ્ટ માસ્તર

—:o:—

આ અભિપ્રાયો ઉપરાંત હજી ફોટો મોકલવાનુ કામ શરૂ હોવા બીજા અભિપ્રાયો મળ્યે જાય છે છતા સ્થળ સંકોચને લેઇ આટલા અભિપ્રાયો પુરતા લેખીએ છીએ એકંદર રીતે આ ફોટાનીજ કિંમત લવાજમ કરતા વિશેષ હોવાથી તેમજ ફોટના ચારે ભાગ શ્રી જગદંબા તરફના ભક્તિ ભાવને પોષનારા હોવાથી અમારી આ કાર્યમા નિસ્વાર્થ વૃત્તિ પ્રદર્શિત કરવા સાથે ગ્રાહકોને સંપૂર્ણ સંતોષ આપવા અમો શક્તિવાન થયા છીએ અને તેથી શ્રી જગદંબા પ્રત્યે શ્રદ્ધા ધરાવતા સજ્જનોને શ્રી અંબિકા વિજયના ગ્રાહક થવાનો અમો નિષ્કપટે આગ્રહ કરીએ છીએ

માધવલાલ કુબેરજી ગવળ શાક્ત ધર્માચાર્ય
ગુરૂ (કાઠીવાડાક)

૭ વાણી વિલાસ

ઇમામ ગીઝાલી નામના એક મુસલમાન સાધુ વિશે એમ કહેવાય છે કે તે ભણતો હતો ત્યારે એક રાત્રે મોડી રાત સુધી વાંચીને પોતાની અભ્યાસની ઓરડીમા ઉંઘી ગયો

, સ્વપ્નમાં તેને જ્ઞાનદેવતા (ખ્વાજા ખિજર)ના દર્શન થયાં અને તેણે તેના ાન અને નામા પુ ક મારીને જગતનું સર્વ જ્ઞાન આપનારૂં કર્યું પરન્તુ આત્મજ્ઞાન ધરાવનાર ઇમામ ગીઝાલીએ તેનો અસ્વિકાર કરીને ફક્ત પોતાને મોડી રાતસુધી વાંચવાને ચાલે તેટલું તેલ માગ્યું હેક પાસેના માગ કરતા લાભો માર્ગીજ તેને ગમ્યો કારણ કે ધુપાઇને ચુપચુપ પાછલે બારણેથી સ્વર્ગમાં દાખલ થવાની તેની ઇચ્છા નહોતી

નાણાંની મર્યાદાઓ —

એમ કહેવાય છે કે દ્રવ્ય વડે આપણે હરકોઇ ચીજ ખરીદ કરી શકીએ છીએ જવાબ ર્હા અને ના બને છે

આપણે	ખોરાક ખરીદી શકીએ પણ	ખાવાની રૂચી ખરીદી શકતા નથી
	દવા	આરોગ્યતા
,,	જ્ઞાન	બુદ્ધિ
	મોજમજાહ	આનંદ ,,
	સોબતીઓ	મિત્રો
	મુલાયમ બીછાના ,,	શાંત નિદ્રા
	નોકરો	વફાદારી
	લપકો	સુખીજીવન
	ચુપકીદી ,,	શાંતિ

જ્ઞાતાઓ —

જે કોઇ જ્ઞાતા છે અને પોતે જ્ઞાતા હોવાનું જાણે છે તે ડાહ્યા છે—તેને અનુસરો

જે કોઇ જ્ઞાતા છે પણ પોતે જ્ઞાતા હોવાનું જે જાણતો નથી તે નિ ાગ્રસ્ત છે— તેને જાગ્રત કરો

જે કોઇ અજ્ઞાન છે અને પોતે અજ્ઞાત છે એમ જે જાણતો નથી તે મૂર્ખ છે— તેનો ત્યાગ કરો

જે કોઇ અજ્ઞાન છે અને પોતે અજ્ઞાત છે એમ જાણે છે તે એક બાળક છે—તેને શિક્ષણ આપો

આવશ્યક નિયમો —

૧ તમારા ઘરને સુવ્યવસ્થિત રાખો વ્યવસ્થા એ એક સોહચુમક છે આરોગ્યના સુખ અને લક્ષ્મીને તે આકર્ષણ કરે છે દરેક વસ્તુને માટે સ્થાન અને દરેક વસ્તુ તેના સ્થાને

૨ તમારા સાહીત્ય—રાચરચીલા અને તેમ થોડા પણ સુંદર અને યોગ્ય રાખો ઉપરા ઉપરી ખરીદવાથી સાવધ રહો કોઇવસ્તુ નવી પ્રાપ્ત કરો કે જુનીનો ત્યાગ કરવો—અને સાચવીજ તમે રાખીશકતા નથી

૩ જીવન પ્રવાસમા આગળ વધતા જાઓ તેમ તેમ સુધરતા જાઓ કદીપણ ઉતાવળીઆપણુ ન કરતા તેમજ આળસુપણુ પણ ન કરશો તમારા હાથોને જે કરવાનુ મળી આવે તે સંપૂર્ણ કરવા દો તમારા મનમા એક સમયે એકજ બાબત ધારણ કરો જ્યારે તે પાર થાય ત્યારે તેને બહાર કાઢો

૪ તમારા શબ્દને તમારી જાતમાટેના કાયદા તરીકે સ્થાપન કરો તમારા વચનોને અનુસરો

૫ તમારા ગૃહકાર્યને નીયમીત કરો સાત કલાક એક કલાક આરામ ભોગવો કામ કરવામા અને રમવામા ન મગ્ન થાઓ અને વીશ્રાંતિ માટે યોજો

૬ તમારા શરીર—રથને ચાલતો રાખો પણ લગામ કદી છોડી ન દેતા

૭ વ્હેલા ઉઠો પહેલા કલાક ઉપર આખા દીવસનો આધાર છે

૮ યાદ રાખો કે—સ્થીર હૃદય, તીક્ષ્ણ મગજ અને તાજુ શરીર એ આરોગ્યતા છે તમારી ચીંતાઓને તમારી સાથે બીછાને ન લઇ જતા મગજ અને શરીર બનેને સાથે નીદ્રા લેવા દો

આરોગ્યતાની કહેવતો —

સરદી સહેજમા થઇ આવે છે પણ તેને દુર કરવી વીષમ છે

સારૂ આરોગ્ય અમૂલ્ય છે છતા પણ તે મૂલ્ય સિવાય મેળવી શકાય છે

વ્યાધીની સામે સર્વોત્કૃષ્ટ બચાવ સાદુ જીવન છે તમારો ખોરાક બરાબર ચાવો કારણ કે તમારી હોજરીને દાત નથી મુરઘી પોતાનો ખોરાક ચાવ્યા શીવાય ગળી જાય છે પણ તે સાથે તે દળવાના પથરા પણ ગળી જાય છે

ચોખ્ખી હવા લોહીને શુદ્ધ કરે છે અને શુદ્ધ લોહી તમને વ્યાધી સામે ટક્કર લ્યો તેવા બનાવે છે

એક ઔંસ જેટલો અટકાવ એક શેર જેટલી દુરસ્તીની બરાબર છે

શાહનશાહ વીલીયમના મુદ્રા લેખો —

જર્મન શહેનશાહના ટેબલ ઉપર નીચે પ્રમાણેના મુદ્રા લેખો ટાંગેલા છે

દુખના વખતે કઠ્ઠ રહો

અપ્રાપ્ય વસ્તુની ઇચ્છા કરવી નીરર્થક છે

નાશ થએલ સમયમા સંતોષ માનો દરેક વસ્તુમા સત્ય હોય તે જુઓ

દુખનો હજારો કલાકોમા તમારી જાતને એકાદ સુખની કલાક વડે દીલાસો આપો

નિરંતરના વીજયમાં પરીણામ પામે છે એ વાત જાણવી એ અતિશય ઉત્સાહ આપનાર છે

પાપી મનુષ્ય અને મધુ પુરૂશમા જે તફાવત છે તે એ કે — તમાના એક આતુર પણે પ્રયાસ કર્યો છે તે સબંધે ચિંતન કર્યું છે અને પરીણામમા ખરાબ પ્રાપ્ત કરી છે ત્યારે બીજાએ આતુરપણે પ્રયાસ કર્યો છે તે સબંધે ચિંતન કર્યુ છે અને પરીણામે અબાધ પ્રાપ્ત કરી છે ઇચ્છા એકજપ્રકારની છે મન પણ એકજ રિતિએ કામ કરે છે દરેક દ્રષ્ટાંતમા શરીર પણ એકજ પ્રકારનુ છે પણ દરેક પોતાના ઇચ્છા મન અને શરીરનો જુદા જુદા ઉદ્દેશથી ઉપયોગ કર્યો છે

તેથી જો નિરંતર અસત્યની પછવાડે દોરવાવાની અને સત્યનો અસ્વિકાર કરવાથી એક મનુષ્ય પાપી બને છે તો તેવીજ રીતે એ પણ ચોકસ છે કે પવીત્રતાની ઇચ્છાને નિરંતર વળગી રહેવાથી અને દુગુણોને દ્રઢપણે ત્યાગ કરવાથી એક મનુષ્ય પવિત્ર થવો જોઇએ

કોઇ મનુષ્ય પાપી બને તો તેમા તેનો પોતાનોજ દેષ છે એ શું આપણે નથી જાણતા ! તેણે તેમ કરવુ પસંદ કર્યુ છે જો તેની તે બાબતમા પસંદગી ન હોતતો તેનામા,પાપની વીધામાનતાજ ન હાત કારણ કે મનુષ્યો ફકત પોતાની મેળે ચાલનાર યંત્રોજ છે

નીતીપરાયણતાના ઉપાસકે યાદ રાખવુ કે પોતાના અનીતીમાનપણાને માટે તે પોતે એકલોજ ઠપકાને પાત્ર છે કારણકે તે પોતે જે અસત્ય હોય તેનો ત્યાગ કરી જે સત્ય હોય તેજ ગ્રહણ કરવા શક્તિવાન છે સદ્ગુણોનો સંપૂર્ણપણે સ્વિકારીને પોતાના સઘળા વિચારો અને કાર્યો વડે પોતે તે સદ્ગુણોનેજ અનુસરશે એવો દ્રઢ નિશ્ચય તે પોતે રાખી શકે છે

નીતિપરાયણતા એ પ્રાપ્ય વસ્તુ હોઇને તેના રસાસ્વાદને માટે જેઓ તૃષ્ણાતુર છે તેઓજ અભિનંદવા યોગ્ય છે

શરૂઆત કરનારે પોતાના મનના સઘળા સંશયો છોડી દેવા જોઇએ અને પોતાના શ્રમોની પછવાડે ? કીર્તિવંત લ્હાવો નિશ્ચિતપણે પ્રાપ્ત થનાર છે તેના તરફ દ્રષ્ટિ રાખીને પ્રબળ ઉત્સાહ ધારણ કરી વફાદારીથી કાર્યતત્પર થવુ જોઇએ ?

મન ઉપર અંકુશ

જીજ્ઞાસુ જ્યારે પરમાત્મ તત્વની શોધમા ઉદ્યુક્ત થાય છે ત્યારે તેણે આચારમા મુકવાની મુશ્કેલ બાબતોમાની એક તેના પોતાના મનને અંકુશમાં રાખવુ એ છે આ કાર્ય કેવુ સખ્ત અને મુશ્કેલ છે તે તો ફક્ત જેણે આ દિશામા પ્રયત્ન કર્યો છે તેઓજ જાણી શકે છે જ્યારે આપણે વિચારોને અંકુશમા રાખવા વિશે વિચાર કરવો શરૂ કરીએ છીએ ત્યારેજ આપણું મન સર્વદા કેવી નિરંકુશ સ્થિતિમા રહેલું છે મગજના કોઇ દ્વારા કે વિચાર તરંગ રૂપી તુરંગ ઉપર સ્વાર થવામાટે કેવુ હોશીલું છે અને દરેક પ્રકારની સૂચનાઓને અવલંબવા કેવુ તત્પર હોય છે એ આપણા જાણવામા આવે છે ઉદ્દેશ વિનાના ભટકતા વિચારોમ

આપણે કેટલો બધો અમૂલ્ય સમય નિરર્થક બરબાદ કર્યો છે તેનું અવલોકન કરવાનું કાર્ય કેટલું તબક્કે ચોંકાવનારૂ અને શરમ ઉપજાવનારૂ છે! તેજ સમયનો આપણે કોઇ કાર્ય પરત્વે સદુપયોગ કર્યો હોત તો ત્હેનાથી આપણે દૃઢ અને ઉચ્ચ ચારિત્ર્યશાળી બની શક્યા હોત અથવા તો જહેના નિદિધ્યાસથી આપણું જીવન મઝહારી બને આપણું હૃદય વિશુદ્ધિને પ્રાપ્ત કરે આપણી નૈતિકતા વૃદ્ધિ પામે અને દૈવીજ્ઞાનના ભંડારરૂપ આપણે બનીએ તેના વિચારોના ચિંતનમાં આપણે તેજ સમયનો સદ્વ્યય કરી શક્યા હોત

મને એમ જણાય છે કે મનુષ્ય જે દિવસ આ સત્યથી પરિચીત થાય છે તેજ દિવસ ત્હેની જીંદગીનો મહાન દિવસ છે

પ્રથમ તો મન અંકુશમાં રહેવાનો અધિકાર કરે છે પોતાની સ્વતંત્રતા જાળવી રાખવા ઇચ્છતો અણપળોટાયલો વછેરો જેમ લગામ ચડાવા નથી દેતો તેવી સ્થિતિ મનની પણ આ સમયે હોય છે પણ આપણે જો વિચારને અંકુશમાં રાખવાનો કોઇ પ્રયાસ કરવા ઇચ્છતા હોઇએ તો આપણે ઘણીજ ધીરજ રાખવાની આવશ્યકતા છે અને ભટકતા વિચારોને ફરીથી અને ફરીથી અને ફરીથી— એમ વારંવાર પાછા ઠેકાણે લાવવા જોઇએ વારંવડીએ આપણે નિરાશ અને નાહિંમત થઇ જતા જણાઇશું અને કંટાળો આવતા પ્રયાસ છોડી દેવા લલચાઇશું છતાં પણ તે કાર્ય ઉપરથી હાથ ઉઠાવી લઇશું તો તે ખરેખર ભયંકર આપત્તિરૂપ થઇ પડશે

મન ઉપર કાબુ મેળવવાની પહેલી બાબતોમાંની એક ધીરજની આવશ્યકતા છે ઉતાવળ કર્યાથી કોઇપણ વ્યવસ્થામાં કાંઇ પ્રાપ્તિ થઇ શકતી નથી તેથી ત્વરા કરી નિષ્ફળતા અનુભવવી તેના કરતાં ધીમા પ્રયાસથી વિજય પ્રાપ્ત કરવો એ વધારે સારૂ છે આ કાર્યમાં આપણું મન ટેવાયલું ન હોવાથી રખેને તે કંટાળી જાય અને તેથી કરીને હાથ ધરેલા આ સુંદર કાર્યને માટે નાલાયક થઇ બેસે! માટે આરંભમાં, વધારે પડતો શ્રમ મનને ન આપવો અથવા તો વિચારોને ઠેકાણે લાવવામાં— લક્ષ્ય ચિંતન ઉપર સ્થાપન કરવામાં વધારે પડતો વખત ન ગુજારવો ઉપર આપણે આ કાર્યને સુંદર કહ્યું તેમ તે ખરેખર સુંદરજ છે કારણ કે મનના વેગોને મનુષ્ય જ્યાંસુધી તાબે કરી શકતો નથી ત્યાંસુધી તે ખરેખરો મનુષ્ય નથી

શરૂઆત કરવાની સારી રીત એ છે કે તેને માટે ખાસ વખત— અને તો સ્હવારમાં વહેલાનો વખત—મુકરર કરવો પ્રારંભમાં તે દશ મીનીટ સુધીનો પછી વીશ મીનીટ સુધીનો હોવો જોઇએ એકાદ બે અઠવાડીયા પછી ક્રમે ક્રમે આ વખત વધારી અરધી કલાક સુધી વધારવો અને આ પ્રમાણે ધીમે ધીમે લક્ષ્ય ચિંતનના કાર્યમાં મનને પરિચીત કરવું

એક શબ્દ લેવો અને તેનું મનન કરવું એ ઘણું શ્રેયસ્કર છે દાખલા તરીકે દયા શબ્દ લ્યો દયામાંના સૌંદર્યનો વિચાર કરો તેની શક્તિ કેટલી હિતકર અને સુખાભાસવાળી છે? તે બીજાઓ પ્રત્યે કેવી રીતે વર્તનમાં મુકી શકાય? તેનો ઉપયોગ ક્યારે થઇ શકે? તેનું પૃથક્કરણ કરો દરેક વેધસ્થાનથી તેના સૌંદર્યનું નિરિક્ષણ કરો કદાચ તમને જણાશે કે તમારૂં મન

નિરંતરના વીજયમાં પરીણામ પામે છે એ વાત જાણવી એ અતિશય ઉત્સાહ આપનાર છે

પાપી મનુષ્ય અને મહા પુરૂષમા જે તફાવત છે તે એજ કે — તેમાના એક આતુર પણે પ્રયાસ કર્યો છે તે સબંધે ચિંતન કર્યું છે અને પરીણામમા બુરાઇ નાશ કરી છે ત્યારે બીજાએ આતુરપણે પ્રયાસ કર્યો છે તે સબંધે ચિંતન કર્યું છે અને પરીણામે ભલાઇ નાશ કરી છે ઇચ્છા એકજપ્રકારની છે મન પણ એકજ રિતિએ કામ કરે છે દરેક દ્રષ્ટાંતમા શરીર પણ એકજ પ્રકારનું છે પણ દરેકે પોતાના ઇચ્છા મન અને શરીરનો જુદા જુદા ઉદેશથી ઉપયોગ કર્યો છે

તેથી જો નિરંતર અસત્યની પછવાડે દોરવાયાની અને સત્યનો અસ્વિકાર કરવાથી એક મનુષ્ય પાપી બને છે તો તેવીજ રીતે એ પણ ચોકસ છે કે પવીત્રતાની ઇચ્છાને નિરંતર વળગી રહેવાથી અને દુર્ગુણોને દ્રઢપણે ત્યાગ કરવાથી એક મનુષ્ય પવિત્ર થવો જોઇએ

કોઇ મનુષ્ય પાપી બને તો તેમા તેનો પોતાનોજ દોષ છે એ શું આપણે નથી જાણતા? તેણે તેમ કરવું પસંદ કર્યુ છે જો તેની તે બાબતમા પસંદગી ન હોતતો તેનામા પાપની વીધામાનતાજ ન રાત કારણ કે મનુષ્યો ફક્ત પોતાની મેજે ચાલનાર યંત્રોજ છે

નીતીપરાયણતાના ઉત્સાસુએ યાદ રાખવું કે પોતાના અનીતીમાનપણાને માટે તે પોતે એકતોજ ઠપકાને પાત્ર છે કારણકે તે પોતે જે અસત્ય હોય તેનો ત્યાગ કરી જે સત્ય હોય તેજ ગ્રહણ કરવા શક્તિવાન છે સદ્ગુણોનો સંપૂર્ણપણે સ્વિકારીને પોતાના સઘળા વિચારો અને કાર્યો વડે પોતે તે સદ્ગુણોનેજ અનુસરશે એવો દ્રઢ નિશ્ચય તે પોતે રાખી શકે છે

નીતિપરાયણતાના એ પ્રાપ્ય વસ્તુ હોઇને તેના રસાસ્વાદને માટે જેઓ તૃષ્ણાતુર છે તેઓજ અભિનંદવા યોગ્ય છે

શરૂઆત કરનારે પોતાના મનના સઘળા સંશયો છોડી દેવા જોઇએ અને પોતાના શ્રમોની પછવાડે જે કીર્તિવંત લ્હાવો નિશ્ચિતપણે પ્રાપ્ત થનાર છે તેના તરફ દ્રષ્ટિ રાખીને પ્રબળ ઉત્સાહ ધારણ કરી વફાદારીથી કાયર્દક્ષ થવું જોઇએ.

મન ઉપર અંકુશ

જીજ્ઞાસુ જ્યારે પરમાત્મ તત્વની શોધમા ઉદ્યુક્ત થાય છે ત્યારે તેણે આચારમા મુકવાની મુશ્કેલ બાબતોમાની એક તેના પોતાના મનને અંકુશમાં રાખવું એ છે આ કાર્ય કેવું સખ્ત અને મુશ્કેલ છે તે તો ફક્ત જેણે આ દિશામા પ્રયત્ન કર્યો છે તેઓજ જાણી શકે છે જ્યારે આપણે વિચારોને અંકુશમા રાખવા વિશે વિચાર કરવો શરૂ કરીએ છીએ ત્યારેજ આપણું મન સર્વદા કેવી નિરંકુશ સ્થિતિમા રહેલું છે મગજના કોઇ ભાગ કે વિચાર તરંગ રૂપી તુરંગ ઉપર સ્વાર થવામાટે કેવું હોશીલું છે અને દરેક પ્રકારની સૂચનાઓને અવલંબવા કેવું તત્પર હોય છે એ આપણા જાણવામા આવે છે ઉદેશ વિનાના ભટકતા વિચારોમ

* દુનિયાને ખરા ગુણદોષ બતાવી સન્માર્ગે દોરવી પણ તે ખરી ફરજ બજાવનારા લાખોમાં કોઇકજ ભાગ્યે મળી આવે છે

એ સાંભળી ભૂખણે ઉત્તરમાં કહ્યું કે 'જહાંપનાહ! ઇશ્વરકૃત્ય વિષે વિચાર કરતા આપણે મનુષ્યદેહનું અવલોકન કરીએ છીએ તો તેમણે પણ સારી અને શોભાયમાન વસ્તુ બહાર પ્રગટ બતાવી છે, અને નઠારી દુર્ગંધી વસ્તુઓ અંદરના ભાગમાં ગુપ્ત રાખીછે તો સદરહુ કુદરતી નિયમને અનુસરી અમે કવીયો પણ મહાન્ પુરૂષોના દુર્ગુણોને છુપાવી તેમના દ્રષ્ટાંતિક સદ્ગુણો દુનિયાની નજરપર લાવી તેને સન્માર્ગે ચડવાનું સાધન ખડું કરીએ તેમાં કાંઇ ખોટું નથી એટલુંજ નહિ પણ આમેરના મહારાજા જયસિંહ જેવા સત્યવાર્તા સાંભળનારા શ્રોતા મળે તો ખરેખર સત્ય પ્રગટ કરનાને કવિરાજ બિહારીના જેવા સત્ય કહેનારા ઉપદેશકની કંઇ અમારા હિંદુ કવિયોમાં ખોટ નથી માટે આ બાબતનો દોષ આપ કવિયોને શિર મૂકો છો તેના કરતા વધારે દોષને પાત્ર તો તેમાં શ્રોતા વર્ગ છે એમ મારૂં માનવું છે સબબ આપના મનમાં એમ આવતું હોય કે આપના ખરા ગુણદોષ સાંભળતાં આપને ગુસ્સો ઉપજે નહિ તો હું તે સંભળાવવા હજૂરમાં હાજર છું બાદશાહે ભૂખણની ઘણી આનાકાનીને અંતે પણ પોતાના ખરા ગુણદોષના કવિતા સાંભળવા તિવ્ર લાગણી જણાવવાથી કવિરાજે પ્રસિદ્ધ સભાસદોની સાક્ષીએ પોતાને માટે અભયદાન લઇને પછી નીચે પ્રમાણે કવિતો સંભળાવ્યા

कवित

किवलेकी ठोर वाप, वादशाह शाहजाह,
ताको केद कियो मानो, मक्के आग लाई हे,
वडो भाई दारा वाको, पकडके केद कियो,
म्हेर हु न आनी याको, माको जायो भाई हे,
वधु तो सुरादवक्ष, वाध चूक करवेको,
वीच ले कुरान, खुदाकी कसम खाई हे,
भूपन भनत योही सुनहु नोरगजेव!
एतेही अजाव कीय, पादशाही पाई हे   १
तसवी ले हाथमे, सु प्रात करे वदगीपें,
मनमें कपट सो,जपे हे जाप जपके,
आगरेमे आय दारा, चोकमे चुनाय दीनो,

गरुडको दावा जेसें नागके समूह पर,
दावा नाग[1] यूथ पर, सिंह-शिरताजको,
दावा पुरहूतको[2] पहारनके पूरपर,
दावा सब पछिनके, गनपर बाजको,
भूपन अखड नवखड मही मडलमें,
तमपर दावा रवि किरन समाजको,
पूरव पछाह देश उत्तरतें दच्छिन लौं,
जहां पातशाही तहां दावा शिवराजको ६

આ કવિત બોલી કવિયે સિંહાસનપર બેઠેલા મહારાજા તરફ નિહાળીને જોયું કે જે પુરૂષ ગઢકોટે મળેલ તેજ શિવાજી મહારાજ પોતે છે તેથી તેના મનમાં અનેક તરંગો આવવા લાગ્યા તે સ્વ વિચક્ષણ મહારાજાના સમજવામાં આવી જતાં તરતજ તેમણે કવિને દ્રવ્યાદિકના પુષ્કળ પારીતોષિક વડે પ્રસન્નતાપૂર્વક સન્માન કર્યું તેમજ પોતાના રાજ્ય કવિનું પદ અર્પ્યું ત્યાં રહીને કવિરાજે મહારાજાની બેહદ તારીફમાં ઘણી ઉત્તમ કાવ્ય બનાવી આપી કવિતામાં પ્રસંગ લખવા માંડી અને દરેક યુદ્ધ પ્રસંગે મહારાજ તથા તેમના સમગ્ર સૈન્યને વીર રસમાં ઉત્તેજિત કરવા તેમણે સાધન રૂપે રાખવા માંડ્યું અને કવિરાજ ભૂષણના આવ્યા પછી શિવાજીએ વિશેષ વિશેષ બહાદુરીનાં કાર્યો કરવા માંડ્યાં હોય એમ જણાય છે

શિવાજી મહારાજ પાસે ઘણી મુદત રહ્યા પછી પોતે કરેલા કાવ્યથી શિવાજી મહારાજની કીર્તિ દુનીઆના કેટલે સુધી પ્રસરી છે તેની જાતે ખાત્રી કરવા કવિરાજ ભૂષણ હિંદમાં ફરવા નીકળ્યા પ્રથમ પોતાના જુના આશ્રયદાતા પન્નાનરેશ છત્રશાલસીંહ મહારાજાના દરબારમાં આવ્યા ત્યારે છત્રશાલસિંહને વિચાર થયો કે કવિને શિવાજી છત્રપતિએ દ્રવ્ય તો અપાર આપ્યું છે ત્યારે હવે કયા ઉપાયથી હું તેમને વધારે સંતુષ્ટ કરી શકું? આવા ખ્યાલથી કવિરાજને વિદાય કરતી વખતે મહારાજા છત્રશાલસિંહે અચાનક તેમની પાલખીનો વાંસ પોતાના કાંધપર લઈ લીધો!!

છત્રશાલસિંહજીની આ અપૂર્વ નમ્રતા જોઈને કવિરાજને અતિ લાગણી થઈ ને તેજ વખત તેઓ નીચે પ્રમાણે તેમની પ્રશંસાના કાવ્યવચનો બોલ્યા —

(दोहा)

ए देखो छत्ता पता, ए देखो छत्रसाल।

---

૧ હાથી ૨ ઈંદ્ર

ए दिल्हीकी ढाल ए–दिल्ही ढाहन वाल ७
इक हाडा बूंदी धनी, मरद गहे वा वाल,
सालत नौरंगजेवकों, ए दोंनो छत्रसाल ८

पुन: कवित्त

राजत अखंड तेज, छाजत सुयश बडो,
गाजत गयद दिग्गजनि हिय सालको,
जाहिके प्रतापसों मलीन आफताव[1]होत,–
ताप तजि, दुर्जन करत वहु ख्यालको,
साजो सजि गज तुरी, कौतल[2]कतारें[3]दीन्हे,
भूषन भनत एसो दीन प्रतिपालको ?
ओर राजा राव मन एकहु न ल्याऊं अब
शाहुकों[4] सराहों की सराहो छत्रसालको ९

વળી મહારાજાએ પોતાના ભુજદંડમાં પકડેલી બરછીને જોઈને કહ્યું કે —

कवित्त

भुज[5] भुजगेशके वे सगिनी भुजगिनी[6] सो
खोदी खोदी खाती देह दारुन दलनके,
वखतर पाखरनि वीच धसी जात मीन–
पैरी [7]पार जात परवाह ज्यों जलनके,
रैया राव चंपतिके छत्रसाल महाराज !
भूषन सकल को वखानी तो वलनके !

---

૧ સૂર્ય ૨ રાજાની સવારી માટે શણગારેલા ઘોડા ૩ હારો—હાથીની ૪ શિવાજી, તેમના પિતાનું નામ શાહાજી એ પરથી શિવાજીને કોઈ સાહુ પણ કહે છે ૫ હાથરૂપી શેષનાગ ૬ નાગણી ૭ તરીને ૮ પક્ષીની પાંખ.

તાને ઓળખાવવાનું પડતું મુકતું નહીં તે પોતાને મહાન રાજા કરતા પણ અધીક સમજતો હતો એકવાર તેણે તે વખતના રાજા ફીલીપ ઉપર પણ એક પત્ર મોકલ્યો તેમાં તેણે લખ્યું હતું કે— ફીલીપ પ્રતી—મેનીક્રટીસ જ્યુપીટરની સલામ સાથે ફીલીપે પણ પ્રત્યુત્તરમાં ડાવકાઇથી લખ્યું કે— મેનીક્રેટીસ પ્રતી—ફીલીપ તરફથી તંદુરસ્તી અને અક્કલમંદી સાથે આ લેખનો ભાવાર્થ વાચનાર સહેલથી સમજશે કે ફીલીપે ટુંકામાં મેનીક્રેટીસને બેવકૂફ બનાવી જણાવ્યું હતું કે તેની અક્કલ ઠેકાણે નથી આ મશ્કરો રાજા એટલુંજ કરીને બેસી રહ્યો નહીં, પણ તેણે મેનીક્રેટીસને સખ્યાબંધ પ્રસીદ્ધ મનુષ્યો વચ્ચે બનાવીને તેની ફજેતી કરવાનો નિશ્ચય કર્યો તેણે આ માજી વૈદરાજને એક મોટી ઉજાણીમાં નોતર્યો. બીજા સદ્‌ગૃહસ્થોની મેજપર તરેહવાર સ્વાદિષ્ટ પક્વાન પીરસ્યા પણ આ વૈદરાજની મેજપર સુખડ અને લોબાનાદી ધુપ કર્યો કેમકે જ્યુપીટર દેવતાને લોકો કાંઇ જમાડતા નહોતા પણ માત્ર ધુપ કરતા હતા બીજા પરોણાઓએ પક્વાનોપર હાથ ચલાવવા માંડ્યો ત્યારે આ દંભી વૈદરાજે ધાર્યું કે મને જ્યુપિટર તરીકે માન આપીને હવે મારી મેજપર પણ પક્વાન પીરસશે પણ એ વીષે તેનો કોઇએ ખ્યાલ પણ કર્યો નહીં તે બાપડો બીજા જમનારાઓના મુખ તરફ ટગરટગર જોવા લાગ્યો અને ઝંખવાણો પડી ગયો. પરોણાઓ જમતા જમતા એક બીજા સામું જોઇ સ્મિત હાસ્ય કરવા લાગ્યા એ રીતે આ વૈદરાજને તેઓએ પૂરેપૂરા બનાવ્યા. એ દિવસ પછી તેમણે પોતે પોતાને જ્યુપિટર તરીકે લખવા બોલવાનું છોડી દીધું અને બીજાઓ તેને જ્યુપિટર કહે ત્યારે તે શરમાવા લાગ્યા.

ચિતોડનો ઘેરો

ગતાંકથી ચાલુ

"મ્હારી પુત્રી આપણી જીંદગીની છેલ્લી પળ આવી પહોંચી છે દુશ્મનોના હાથમાં આપણે જીવતા પકડાઇશું નહિ"

આ ઠેકાણે સળગાવવાને માટે આગળથી તૈયાર કરી રાખેલ બળતી મશાલ તેણે લીધી. પુત્રીમાં તેની માતા જેવું શૌર્ય નહોતું—જોહર તરફ આગળ વધતાં તેણીએ ચીસ પાડી પણ તેણીની નિશ્ચયાત્મક માતાએ પોતાના અવશેષ બળને એકઠું કરી તેનો હાથ મજબુત પકડ્યો અને તેને ઉપર ખેંચી ગઇ "મ્હારી પુત્રી! મૃત્યુ સિવાય હવે બીજો ઉપાય નથી" તે માત એમ બોલી તે જોહર ઉપર ચ્હડી, કે પછી બાળાને હૃદય સરસી ચાંપી બળતી મશાલ લગાડી દીધી અને થોડી પળમાં માતા અને પુત્રી બંને મૃત્યુની બાથમાં વિંટાઇ ગયા. આખરના સેનાનીઓ દરવાજો ભાંગી અંદર પેઠા તો શિકાર છટકી ગયેલો જણાયો. જોહરના લાકડાંને ઉપર તેલ વિગેરે જ્વાળાગ્રાહી પદાર્થો છાંટી જલદી સળગી જાય તેવાં બનાવવામાં આવ્યાં હતાં તેના ભડભડ થતા બળતા તરફ તેઓ આશ્ચર્યવત્ જોઇ રહ્યા. વહેમ અને નિરાશાનું ભયંકર દૃશ્ય જેવું ભયંકર હતું

ચિતોડનો દુર્ગ બીજીવાર મુસલમાનોથી ખરાબ થયો જે હિંદુઓએ આત્મ સમર્પણને

અસામાન્ય રસ્તો ગ્રહણ નહોતો કર્યો તેમજ રણયજ્ઞમા કેસરીયા કરી પ્રાણદાનની છેલ્લી આહુતિ આપવામા જેઓ સામેલ નહોતા થયા તેઓ દેવમદિરોના દ્વારોને શત્રુના અટકાવ માટે કામચલાઉ કોટ તરિકે ગણી તેમા એકઠા થયા અને વિધર્મી વિજેતાઓને શરણ ન થતા પોતાના શરણરૂપ પવિત્ર સ્થાનોમા મૃત્યુને ભેટવાનો નિશ્ચય કર્યો હતો અકબર પોતે હવે શહેરમા દાખલ થયો અને દેવમદિરોનો કબજો લેવાનો તેણે પોતાના સેનાનીઓને હુકમ આપ્યો મંદિરોમા ભરાયેલા હીંદુઓએ જરા પણ સામે થવાનો પ્રયત્ન ન કર્યો પણ યજ્ઞના અવાક્ પ્રાણીઓની પેઠે દુશ્મનોની તલવારોને આધીન થયા હજારો ધર્માંધ હીંદુઓ આ પ્રમાણે સ્વધર્મ ખાતર પચભૂતના દેહને નશ્વર ગણી બચાવનો કિંચિત્ પણ યત્ન કર્યા વિના બેદરકારી ભરેના સ્મિત સહ મ્હોંયે ભાવને શરણ થયા તેમ છતા દરેક દેશનો ધર્મ તેમા રહેલી જે ધર્માંધતાને લેઈ કલકયુક્ત ગણાયલો છે તેવી ધર્માંધતાનુ ઝનુન બાદશાહે આચારમાં ન મુક્યુ તેમજ જડભાર અને ધર્મઘેલછાને પ્રાપ્ત થયેલ છતા પ્રાચીનતાના માનનિય સ્મરણાસ્થ ળોનો નાશ ન કર્યો તે કારીગરીનો શોખીન અને રસજ્ઞ હતો છતા હિંદુઓમાજે ક્રિયાઓ અને સસ્કાર વિધિ વિગેરેનો રિવાજ હતો તેને તે ભ્રષ્ટ ક્રિયાઓ ગણીને અતઃકરણપૂર્વક ધિક્કારતો હતો અને તેથી તેણે આ મૂર્તિપૂજકોની કદાવર પ્રતિમાઓનો નાશ કર્યો છતા દેવાલયોમાના ઘણાક આર્યકારીગરી અને ચાતુર્યના ઉમદા કીર્તિસ્થભો રૂપ હોઇને તેણે તે દેવાલયોને ઉભા રહેવા દીધા

જ્યારે કિલ્લા અકબરના પુરેપુરા કબજામા આવ્યો ત્યારે લગભગ દરેક ઘરમા થયેલ મનુષ્યજીવન બલિદાનની યજ્ઞવેદીઓને તે આશ્ચર્યવત્ જોઇ રહ્યા જોહરમા પ્રથક્ પ્રથક્ વયની સ્ત્રીઓએ મૃત્યુનો ખુશીથી સ્વિકાર કરતા દુશ્મનો પ્રત્યેનો પોતાનો ધિક્કાર પ્રદર્શીત કર્યો હતો સ્ત્રી પુરૂષો અને જાતિઓના ટોળેટોળાએ પોતાના જીવનો—કેટલાક તલવાર અને કેટલાક અગ્નિજ્વાળાને સ્વાધિન કર્યા હતા લોહીની નીકો વહી રહી હતી જેમાથી એક સર્વશક્તિમાન દ્રષ્ટિ મનુષ્યના આ જુલમ મુર્ખાઇ અને અપરાધો તરફ જોઇ રહી હતી તે શાત અને સુદર જણાતુ વ્યોમપટ મૃત્યુની ગગનભેદી બાષ્પથી વ્યાપ્ત થઇ ગયુ હતુ

કિલ્લામા ભરબાદીની એટલી બધી યોજનાઓ અમલમાં મુકાઇ હતી કે વિજેતાઓને થોડુજ દ્રવ્ય હસ્તગત થયુ જેઓએ સ્વેચ્છાપૂર્વક પોતાના જીવન મરણ શરણ કર્યા હતા તેઓએ પોતાની દરેક માલ મીલકતનો અગાઉથીજ નાશ કરવાની સભાળ લીધી હતી દેવમદીરોના દ્રવ્યકોષોને પણ ઠેકાણે પાડવામા આવ્યા હતા અને તેથી વિજેતાઓ જ્યારે કિલ્લામા પ્રવેશ્યા ત્યારે તે તદ્દન વેરાન અને શીકારના પશુઓ તેમજ હિંસક પ્રાણીઓને રહેવા યોગ્ય સ્થાન જેવો બિયાબાન બની ગયો હતો

કિલ્લાના રક્ષણીય સૈન્યનો જે વિભાગ છેલ્લે કેસરીયા કરીને પોતાના દેશ અને ધર્મની ખાતર પ્રાણ સમર્પણ કરવાના નિશ્ચયપૂર્વક દરવાજા બ્હાર લડાઇના મેદાનમા ઉતરી પડયો હતો તે ધારાતિર્થમા પોતાનો દેહવિલય થતા ઉચ્ચલોકના—સ્વર્ગસુખોનો ઉપભોગ પરીણામે મળશે એ ધારણાથી સ્વકર્તવ્ય પરાયણ રહ્યો હતો તેઓ પોતાના અવસાનકાળની ધાર્મીક ક્રિયાઓ તરીકે જળથી નાહી પવિત્ર થયા, દેવપૂજન કર્યુ, ગરીબોને દાન આપ્યા, -પોતાની

પાઘડીમા તુલસીની માંજરી ખોસી અને ગળામા શાલીગ્રામને બાંધી લીધા ત્યાર બાદ બખ્તરમા સજ્જ થઇ કેસરીયા ઝભ્ભા પહેરી લીધા, છેલ્લી વખતને માટે પરસ્પર ભેટયા અને પછી રણયજ્ઞની આહુતીરૂપે હથીયારોની ભયંકર કાપાકાપીમા ધસી ગયા

અકબર જેમ જેમ ઉપરના આ શબ અને નિર્જન મહોલાઓમા આગળ વધ્યો ગયો તેમ તેમ તેના હૃદય પર ઘણી અસર થતી ગઇ સડાની દુર્ગંધ ફેલાવતા લાશો, ભારેના અને વિકૃત મુખાઓ કંટાળો ઉપજાવે તેવી સ્થિતિમા તે સર્વ પડયા હતા જેઓ સ્વદેશને માટે મરણ શરણ થયા હતા તેઓના શબો જમીનમા દાટીદેવામા આવ્યા હતા તેઓ પોતાની કબરોમાથી જમીન આરપાર મરકીના બીજથી વાતાવરણને વ્યાપ્ત કરતા હતા મૃત્યુ પામેલા અને મૃત્યુ પામતા સમુહોમા સ્ત્રીઓ અને બાળકો હજુ પોતાની છેવટની સ્થિતિમા હતા અને તેમના દુખમા વધારો કરતી અમલ તીવ્ર તૃષા છીપાવવાને માટે તેઓ એક જળનો પ્યાલો દયા ઉત્પન્ન કરે તેવી રીતે માગતા હતા

સઘળા શબો એકઠા કરી એક વીશાળ ચિતામા બાળી મુકવાનો હુકમ કરવામા આવ્યો તેમજ આ વેરાન શહેરની બગડેલી હવા શુદ્ધ કરવામાટે કેટલાક દિવસ સુધી અગ્નિ સળગતો રાખવામા આવ્યો

આવા ભયંકર સંજોગો હેઠળ લઇને મોગલ બાદશાહ ચિતોડનો સત્તાધીશ થયો વાસ્તવમા મનુષ્ય તૃષ્ણાને લેઇ ઘણીવાર આવા ભયંકર શ્વો પરિણામ પામેછે તેનુ અવલોકન ઘણુ ખેદજનક હોય છે! એમ સુવિદિત છે કે લડાઇની ઘાતકી પાયમાલીઓ નવે આપણે નાશના કાયદામર પરવાના તરિકે દ્રષ્ટિ કરીયે છીએ અને તેથીજ તેઓ આપણી દયા ઉત્પન્ન કરવામા નિષ્ફળ થાય છે પણ જો આપણે લક્ષ્ય આપીયે કે તલવારથી અથવા તો તેવીજ આરતો કે જેમા લડાઇનીદાસીયો મહામારી અને દુર્ભિક્ષ મુખ્ય છે તેનાથી મનુષ્ય પ્રાણીઓ કેટલીક વાર કરેલ અગાધ સંખ્યામા મરણ શરણ થયા છે ત્યારે તેના ઘાતકી સરવાળાથી આપણે સમજી શકીએ પ્રાણીઓ એક બીજાનો પ્રયત્ન એકરેઠાથે નાશ કરશે અને તેપણ તેઓ વિકાસક્રમમા આગળ વધેલા ન હોય પોતાના જીવન કે જેને તેઓ ઇશ્વર તરફની મહાન બક્ષીસ ગણે છે તે જીવનનુ રક્ષણ કરવાની અનિવાર્ય પ્રેરણા બુદ્ધિને અનુસરીનેજ પણ ઇશ્વર નિર્મિત પ્રાણીઓ માનો શ્રેષ્ઠ બુદ્ધિમાન સમુદાય રક્ત લાભની તુચ્છ ગણત્રીઓ સિદ્ધ કરવાને, નીચ વિકારોને સંતુષ્ટ કરવા, અથવા તો નિરંકુશ તૃષ્ણાના ઉમેશો અમલમા લાવવા માટેજ એક બીજાને વધારે જથ્થામા અને વિશાળ સંખ્યામા નાશ કરે છે

ચિતોડના યોદ્ધા બનેલા રહેવાસીઓનો દુખો ઓછા કરવા પોતાથી બને તેટલુ કર્યા પછી કિલ્લાની મરામત કરવા અકબરે હુકમ આપ્યો આસફખા અરબીને સાનો સુબો નિમ્યો તેના હાથ તળે પુષ્કળ રક્ષણીય સૈન્ય મુક્યુ અને બાકીના સૈન્ય સાથે પોતાની રાજધાની તરફ પાછો ફર્યો

આ અંકમાજ બીજુ રસીક નૉવેલ શરૂ કર્યું હોત પણ આપણા એક સહધર્મી દેશીભક્ત બંધુ તરફથી એક રસીક નૉવેલ શ્રીની સેવા તરિકે શ્રી અંબિકા વિજયમા આપવાની ઇચ્છા પ્રદર્શીત થયેલી હોઇ તે સંપુર્ણ લખાયલુ તૈયાર હોવાથી મંગાવી લેઇ આવતા ચૈત્ર—વૈશાખ અંકમા તે શરૂ કરવામા આવશે

અધીપતી

REGISTERED NO B 382

शाक्त प्रकीर्ण २. अंक २ जो

હિંદુસ્થાનમાં બહોળો ફેલાવો પામેલું, શક્તિધર્મના તેમજ
કાવ્ય સાહિત્ય, કળાકૌશલ્ય નીતિ, જ્ઞાન, વીગેરે સંબંધી
રસમય અને બોધક લેખો ચર્ચતું અને સર્વત્ર
સન્માન પામેલું માસિક પત્ર —

શ્રી અંબિકા વિજય

(દર પુનમે બહાર પડે છે.)

પુસ્તક ૯ મું માગશર પુર્ણિમા, ૧૯૬૮ અંક ૨ જો

અનુક્રમણિકા —

પ્રગટ કરનાર —
માધવલાલ કુબેરજી રાવળ શાક્તધર્માચાર્ય
મેનેજર, શ્રી શક્તિધર્મમંડળ- સમાજ ચુડા (કાઠીયાવાડ)
(સમાજના ૧ થી ૪ વર્ગ સુધીના મેમ્બરોને પોસ્ટેજ અને ભેટ સાથે મફત)
વાર્ષિક લવાજમ અગાઉથી રૂ ૧—૮—૦ ભેટના પોસ્ટેજ સાથે
પાછળથી રૂ ૨—૦— ભેટ સીવાય છુટક નકલના રૂ ૦—૩—૦

શ્રી જૈનાનંદ પ્રિન્ટીંગ પ્રેસ સુરત

નિયમો અને સૂચના —

માસિકનું વર્ષ કાર્તિક પુર્ણીમાએ શરૂ થાય છે અને દર પુર્ણીમાએ દરેક અંક નિયમિત નીકળશે

આ વર્ષમાં દરેક ગ્રાહકને ચાર ભેટો આપવાની છે તે હવે તૈયાર થતી જાય છે થોડા વખતમાં ભેટો મોકલવાનું કામ શરૂ થશે માટે જે જે ગ્રાહકોને ગયા અંક સાથે કાર્ડ બીડવામાં આવ્યા છે તેમણે કાર્ડ અને કેટલાક નવા ગ્રાહકોને ફક્ત હેન્ડબીલ બીડવામાં આવ્યા છે તેમણે હેન્ડબીલ નીચેનું કુપન ભરીને તુરત મોકલી આપવું એટલે તેમના તરફ માસિક ચાલુ રાખતા યથાવકાશ ભેટો મોકલી શકાય

ગયા અંક સાથે દરેક ગ્રાહકને ઓછામાં ઓછું એકએક હેન્ડબીલ તો મોકલવામાં આવ્યું છે તેનો તેમણે સદુપયોગ એટલે કે પોતાના સ્નેહિ વર્ગમાં વહેંચાવી અને તેમ એક પણ ગ્રાહક વધારી આપવા કૃપા કરવી

કેટલાક પ્રતિષ્ઠિત ગ્રાહકો કે જેઓ કેટલાક ગ્રાહકો વધારવા ઇચ્છે તો વધારી શકે તેમ છે તેમને આ અંક બીજા પછી તુરતજ ભેટો વી. પી. કરવામાં આવશે તેની સાથે પ્રથમ અંકની કેટલીક નકલો તથા હેન્ડબીલો મોકલવામાં આવશે તો તેમણે કૃપા કરી પોતાના સ્નેહિ સંબંધીઓમાં તેમજ જે ગૃહસ્થો ગ્રાહક થાય તેમ હોય તેઓમાં તે અંકો તથા હેન્ડબીલો વહેંચી આપવા અને પોતાને મળેલ ભેટો તેમને દેખાડતા ગ્રાહક થવા ભલામણ કરવી

કેટલાક ગૃહસ્થો તરફથી ભેટો વી. પી. કરવાના ઓર્ડર મળ્યા છે બાકીમાં હોય તેઓ તુરત મોકલવા કૃપા કરવી

ફરીયાદોનો જવાબ

કેટલાક ગૃહસ્થો તરફથી જુદીજુદી જાતની ફરીયાદો આવેછે તેમને જુદા જુદા જવાબ આપવાનું નહીં બની શકવાથી અહીં એકદરે જવાબ આપવામાં આવેછે કે ગયા વર્ષમાં જેમણે વી. પી. ના પૈસા ભર્યા છે તે ગયા અશાડ માસિકનું વર્ષ પુરૂં થઇ ગયું ત્યાં સુધીના હિસાબેજ હતા શ્રાવણ ભાદરવો અને આસો એ ત્રણમાસ માસિક બંધ રહ્યું છે તેથી તે અંકો ન પહોંચ્યાની ફરીયાદ નકામી છે આ વર્ષ કાર્તિકથી શરૂ થયું છે તે આસો સુધી ૧૨ અંકો આપશું અને ત્યાં સુધીનું એક વર્ષનું લવાજમ વસુલ કરવા ભેટો વી. પી. દ્વારા અમને અનુકૂળ પડતા સમયે મોકલવામાં આવશે

श्री शक्तिधर्मोद्धारक समाज

વર્ગ ૧ લો	પેટ્રન એકી વખતે રૂ. ૫૦ સમાજના ફંડમાં આપનાર ગૃહસ્થ
વર્ગ ૨ જો	લાઇફ મેમ્બર એકી વખતે રૂ. ૧૦ સમાજના ફંડમાં આપનાર ગૃહસ્થ
વર્ગ ૩ જો	વાર્ષિક મેમ્બર A દરવર્ષે રૂ. ૫) સમાજના ફંડમાં આપનાર ગૃહસ્થ
વર્ગ ૪ થો	વાર્ષિક મેમ્બર B દરવર્ષે રૂ. ૧॥ સમાજના ફંડમાં આપનાર ગૃહસ્થ
વર્ગ ૫ મો	સબસ્ક્રાઇબર A દરેકાઈ વખતે સમાજના ફંડમાં રૂ. ૧) ના દરે આપનાર ગૃહસ્થ
વર્ગ ૬ ઠો	સબસ્ક્રાઇબર B રૂ. —।— ફંડમાં આપનાર ગૃહસ્થ

ઉપરના ચાર વર્ગના મેમ્બરોને આ માસિક તેની ભેટસાથે ફ્રી મોકલાય છે વર્ગ ૧ થી ૩ સુધીના મેમ્બરોને આ માસિક ઉપરાંત સમાજ તરફથી જે જે પુસ્તકો ગ્રંથો વિગેરે પ્રગટ થશે તે પણ ફક્ત પોસ્ટેજ લઇ આપવામાં આવશે વર્ગ ૫ તથા ૬ ના આપનારાઓને ઇનામી ટીકીટો તરીકે એક ટીકીટ ફ્રી આપવામાં આવે છે વર્ગ ૪ થાને માસિક ઉપરાંત વર્ગ ૬ ઠા માંનો એક ટીકીટ ફ્રી મોકલવામાં આવશે

વર્ગ ૫ માને માટે રૂ. ૧) ની ઇનામી ટીકીટો અને વર્ગ ૬ ઠા માટે રૂ. ૦। ની ઇનામી ટીકીટો અમુક સંખ્યામાં કાઢવામાં આવશે અને તેની ચોખ્ખી હકીકત હવે પછી તુરતજ આપવામાં આવશે

मायानग विकार रुप ललना विंदुर्ध चद्रात्मिके
हुफट्कारमयि त्वमेव शरण मन्त्रात्मिके मादृश
मूर्तिस्ते जननि त्रिधामघटिता स्थूलाऽतिसूक्ष्मा परा
वेदाना नहि गोचरा कथमपि प्राप्ता नुतामाश्रये

* *

શ્રી અંબિકા વિજય

(દરેક પુનમે બ્હાર પડે છે)

* *

પુસ્તક ૯ મું. માગશર પુર્ણીમા, ૧૯૬૮ અંક ૨ જો.

पथ पाधरो सुझाड शक्ति सर्वमा व्यापक वडी.

(હરીગીત)

માયારૂપી આ દેહપિંજર આત્મ વશ વરતે સદા,
દુખ દિલગીરીની ભરતીઓ લેપે ન આ ઉરને કદા
એવી ભૂમિકા ઉચ્ચ શાંતિમય સદન આવે જડી
પથ પાધરો સુઝાડ શક્તિ સવમા વ્યાપક વડી

નિર્માલ્ય દ્રવ્યની લાલસાના વ્યર્થ શોખ સવ જે
ગળે કરીને નષ્ટ આવેલી મુવાના ગણ જે
વળી હર્ષ શોકોદ્‌ગાર જ્યાથિ જણાય બાળક કેડી
પથ પાધરો સુઝાડ શક્તિ સવમા વ્યાપક વડી.

જે સત્સકેરી હૃદય પૂવક માન્યતામાંથી મળે
જ્યા સ્થાન લેતા સવ પ્રાણી તરફની ઇર્ષ્યા ટળે
એવી પરમ શાંતિતણા શીખરે જવામાં હરઘડી
પથ પાધરો સુઝાડ શક્તિ સવમા વ્યાપક વડી

દુખ હદમા તાવી કસોટી યોગ્યતાની કાઢજે
અથવા બનાવા યોગ્ય સધાઉ સુખેથિ ચઢાવજે
પણ એ બધુ કરવા સહન બળ આપ તું લક્ષે ચડી
પથ પાધરો સુઝાડ શક્તિ સર્વમા વ્યાપક વડી

माधव.

देवी तत्व दीवाकर.

(ગતાંકથી ચાલુ)

હવે આપણે પ્રચેતાના પુત્ર દક્ષપ્રજાપતિની ચાલતી કથાને પુન શરૂ કરીએ છીએ દક્ષ પ્રજાપતિએ મનથી સૃષ્ટિ કરવાનો આરંભ કર્યો પણ પ્રજાની વૃદ્ધિ થઇ નહિ તેથી વીરણ પ્રજા પતીની પુત્રી વીરિણી અથવા અસિક્નીનુ પાણી ગ્રહણ કર્યું અને તેનાથી મૈથુન ધર્મ વડે પ્રજા કરવાનો આરંભ કર્યો પ્રથમ તેમણે પોતાની આ સ્ત્રીથી પાંચ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા આ કુમારો પ્રજા સરજવાને ઉદ્યુક્ત થયા તે જોઇ નારદ જે બ્રહ્માથી ઉત્પન્ન થયા હતા તેમણે કશ્યપની પાસેથી સાંભળ્યુ હતું કે દક્ષની પુત્રીઓથી પુરૂષ સૃષ્ટિ થશે તે ઉપરથી તે કુમારોને કહેવા લાગ્યા કે અરે મુર્ખો ! તમને હજુ દિશાઓની ખબર નથી પૃથ્વિના વિસ્તારને જાણતા નથી તો તમે કેવીરીતે સૃષ્ટિ કરશો ? માટે પ્રથમતો તમે ભૂમંડળને જાણો નારદની વાણી સાંભળી તેઓ ભૂમંડળનો વિસ્તાર જાણવા માટે ચાલ્યા ગયા તે ઓ ગયા પછી દક્ષે વળી બીજા પુત્રો ઉત્પન્ન કર્યા તેમને પણ નારદજીએ તેમના મોટા ભા ઇઓના જેવોજ ઉપદેશ આપ્યો તેથી તેઓપણ સૃષ્ટિ કાર્યમા ઉદ્યુક્ત ન થતા આકાશ મા ર્ગે ચાલ્યા ગયા તે હજુ સુધી પાછા આવ્યા નથી સમુદ્રમા ગયેલી નદી પાછી ન આવે તેમ તે દિવસથી આગળ ગયેલા ભાઇને જે ભાઇ ગોતવા જાય તે પણ પાછો ન આવે દક્ષપ્રજાપતિ પોતાના સઘળા પુત્રોને નષ્ટ થયેલા જોઇ તે કામ નારદજીનું જાણી તેમનાપર ગુસ્સે થયા અને તેમને શાપ આપ્યો કે હે દુષ્ટ બુદ્ધિવાળા ! તે મારા પુત્રોનો નાશ કર્યો માટે તું પણ નાશ પામીને ગર્ભવાસને પામ તે મારા પુત્રોને ભ્રષ્ટ કર્યા માટે તુ મારોજ પુત્ર થા આ પ્રમાણે શાપ મળવાથી નારદજી વીરિણીના ઉદરથી જન્મ્યા હતા ત્યારપછી ઉત્તમ ધર્મને જાણનારા દક્ષે પુત્રનો શોક છોડી દઇને વીરિણીમા સાઠ કન્યાઓ ઉત્પન્ન કરી

તે સાઠ કન્યાઓમાથી દશ કન્યા ધર્મને આપી ચાર કન્યા મરીચીના પુત્ર કશ્યપને આ પી સતાવીસ કન્યા ચંદ્રને આપી ચાર કન્યા તાર્ક્ષ્ય નામના કશ્યપને (કોઇ ઠેકાણે અરિષ્ટને મીને કહેલ છે) બે કન્યા બ્રહ્માના પુત્રને બે કન્યા કૃશાશ્વને અને બે કન્યા અંગિરાને આપી ધર્મને આપેલ દશ કન્યાઓમા ભાનુ નામની કન્યાને દેવ રૂષભ નામના પુત્ર થયા અને દેવ રૂષભના પુત્ર ઇંદ્રસેન થયા લમ્બા નામની કન્યાને વિદ્યોત અને વિદ્યોતને સ્તનયિત્નુ થયા કકુભ નામની કન્યાને સંકટ સંકટના કીકટ અને કીકટને દુર્ગના અભિમાની પુત્રો ઉત્પન્ન થયા જામિ નામની કન્યાને સ્વર્ગ અને સ્વર્ગના નંદિ પુત્ર થયા વિશ્વ નામની કન્યાને વિશ્વ દેવતા નામના પુત્ર થયા અને તેમને કાંઇ સંતાન થયુ નહીં તેથી તે દેવતાઓ પ્રજા કહેવા યા સાધ્ય નામની કન્યાને સાધ્ય નામના દેવગણ અને તે સાધ્યદેવગણને અર્થસિદ્ધિ નામ ના પુત્રો થયા મરૂત્વતી નામની કન્યાને મરૂત્વાન અને જયંત નામના બે પુત્ર થયા મુહુર્તા નામની કન્યાને મુહુર્તોના અભિમાની દેવતાઓ થયા કે જે સર્વ પ્રાણીઓને પોતાના કાળ સંબંધી ફળને આપ્યા કરેછે સંકલ્પા નામની કન્યાને સંકલ્પ નામનો પુત્ર થયો અને સંકલ્પ નો પુત્ર કામ થયો વસુ નામની કન્યાને દ્રોણ પ્રાણ ધ્રુવ અર્ક અગ્નિ દોષ, વિભાવસુ અને પ્રભાસ નામના આઠ વસુ પુત્રો થયા તેમાના દ્રોણ નામના વસુને અભિમતિ સ્ત્રીથી હર્ષ શોક ભય વિગેરે પુત્રો થયા પ્રાણને ઉર્જસ્વતિ સ્ત્રીથી સહ આયુ અને પુરોજવ નામના

પુત્રો થયા અર્કની વાસના નામની સ્ત્રીથી તર્પ વિગેરે પુત્રો થયા. અગ્નિની ધારા નામની સ્ત્રીથી દ્રવિણક વિગેરે પુત્રો થયા વળી અગ્નિની સ્ત્રી સ્વાહાએ કૃતિકાનુ રૂપ ધરી પાર્વતીમાં રમણ કરતા સદાશિવનું અમોઘ વિર્ય ગ્રહણ કર્યુ હતુ તેનાથી સ્કંદ (કાર્તિકેય) નામના પુત્ર થયા હતા અને સ્કંદને વિશાખ વિગેરે પુત્રો ઉત્પન્ન થયા હતા દોષને શર્વરી નામની સ્ત્રીથી શિશુમાર નામે પુત્ર ઉત્પન્ન થયો હતો વિભાને ઉષા નામની સ્ત્રીથી વ્યુષ્ટ આતપ અને રોચિ નામે ત્રણ પુત્ર થયા હતા અને પ્રભાસને બ્રહસ્પતિની બ્હેન આગિરસી નામની સ્ત્રીથી શિલ્પવિદ્યાના આચાર્ય વિશ્વકર્મા નામના પુત્ર ઉત્પન્ન થયા હતા

ચન્દ્રમાને કૃતિકાદી ૨૭ સ્ત્રીઓ આપી હતી પણ તેમાંની રોહિણી નામની સ્ત્રી પર ચન્દ્રનો અતિશય પ્યાર હતો જેથી બીજી સ્ત્રીઓનુ સન્માન કરતો નહોતો આ ઉપરથી તેના સસરા દક્ષે તેને સમજાવ્યા છતા તેનુ કહેવુ પણ ચન્દ્રે ન માન્યુ તેથી દક્ષે તેને શ્રાપ આપી ક્ષય રોગ વાળો કર્યો અને પછી સદાશિવ ઉપર ચન્દ્રે તપ કરી અનુગ્રહ મેળવ્યાથી કૃષ્ણ પક્ષમા તેની ઓછી થતી કળા શુકલ પક્ષમા વૃદ્ધિ પામશે એવુ વરદાન મળ્યુ હતું આ પ્રમાણે ક્ષયરોગથી ક્ષીણ થતી કળા પુન પ્રાપ્ત થઇ હતી તેને પુત્ર થયો નહોતો

તાર્ક્ષ્ય નામના કશ્યપને આપેલ ચાર કન્યા વિનતા કદ્રુ પતગી અને યામીની એ નામની હતી તેમા વિનતાને ગરૂડ અને અરૂણ નામના બે પુત્રો થયા તેમા ગરૂડ વિષ્ણુનું વાહન થયો અને અરૂણ સુર્યનો સારથી થયો કદ્રુને અનેક નાગ પુત્રો થયા પતગીને પતગ—પાખરા ળા પક્ષીઓની સતતિ થઇ અને યામિનીને ટીડો વિગેરેની સતતી થઇ

બહુપુત્રને સરૂપા અને બીજી સ્ત્રીથી અનેક રૂદ્રગણ રૂદ્રના પાર્ષદ અને ભુતાદિ ગણ ઉત્પન્ન થયા અગિરાની સ્વધા નામની સ્ત્રીએ પિત્રીશ્વરોને પુત્ર કરી રાખ્યા અને સતી નામની સ્ત્રીએ અથર્વાગિરસ નામના વેદને પુત્ર કરી રાખ્યો

કૃશાશ્વને અર્ચિ નામની સ્ત્રીથી ધુમ્રકેશ નામનો પુત્ર અને ધિષ્ણા નામની સ્ત્રીથી વેદશિરા, દેવલ અયુન અને મનુ એ પુત્રો ઉત્પન્ન થયા

હવે મરીચિના પુત્ર કશ્યપને આપેલ તેર કન્યા કે જેના વંશથી આખુ જગત પુરાઇ ગયુ છે તેના નામ નીચે મુજબ હતા. ૧ અદિતિ ૨ દિતિ ૩ દનુ ૪ કાષ્ઠા ૫ અરિષ્ટા ૬ સુરસા ૭ ઇલા ૮ મુનિ ૯ ક્રોધવશા ૧૦ તામ્રા ૧૧ સુરભિ ૧૨ સરમા ૧૩ તિમિ

તે તેર માતાઓમા તિમિના જળ જતુ પુત્રો થયા સરમાના સતાનો હિસક પ્રાણીઓ થયા. સુરભિના ગાય ભેસ અને બીજા જે બે ખરી વાળા પ્રાણીઓ છે તે થયા તામ્રાને બાજ ગીધ વિગેરે સતતિ થઇ ક્રોધવશાને સર્પાદિક પેટે ચાલવાવાળા પ્રાણીઓની સતતિ થઇ મુનિથી અપ્સરાઓના ટોળા ઉત્પન થયા ઇલાની સતતી સર્વે વૃક્ષો થયા સુરસાના યક્ષ પુત્રો થયા અરિષ્ટાને ગધર્વ અને કાષ્ઠાને બે ખરી વગરના બીજા પ્રાણીઓની સતતી થઇ આ કશ્યપની સ્ત્રીઓ કાંઇ પશુ પક્ષી રૂપ ન હોતા આવી સતતી ઉત્પન્ન થયેલ સાભળી શ્રોતાઓને આશ્ચર્ય લાગશે પણ જેવુ છીપમાં મોતી થાયછે તેવુજ હાથીના કુભસ્થળમા ગજમોતી થાયછે મૃગની નાભીમા કસ્તુરી થાયછે ગાયના કાનમા ગોરોચન થાયછે અને વાસમા વશલોચન થાયછે એ સર્વ વિધાતાની ગતી અપરપાર છે તેવીજ રીતે આ સ્ત્રીઓના

ઈશ્વરથી પશુ પક્ષી અને જીવ જંતુની સૃષ્ટિ ઉત્પન્ન થઈ હવે અદિતિ દિતિ અને દનુનો વશ કહીએ છીએ

અપૂર્ણ

ભેટોસબધેની હકીકત —

૧ હ્રીંકારા સ્વરૂપ દર્શન

हकार स्थूलदेह स्या द्रकार सूक्ष्मदेहक
इकार कारणात्मासौ ह्रीकारोह तुरीयकम्

(दे गी)

હકાર સ્થુલ દેહ રૂપ છે રકાર સૂક્ષ્મ દેહ રૂપ છે અને ઈકાર કારણ દેહ રૂપ છે એ સર્વ અણુને હ્રીંકાર તુરીયરૂપ છે કે જે તુરીય હું છુ

આ વિકટ ભવાટવિમા ગુચવાઈ ભુલા પડી ચોરાશીની ઘટમાળમાંજ ભ્રમણમા ન પડતા સીધે સરલ રસ્તે પોતાને મુળ સ્થાને પાછા પહોચવાના આનંદસ્થાન તરિકે દરેક ધર્મની યોજના ધરેલી છે આપણા આર્ય ધર્મમા તે મુળસ્થાનને પરબ્રહ્મ—પરમાત્મા કહેલા છે અને આ સચરાચર અનંત બ્રહ્માંડો તેની ઈચ્છા શક્તિ વડે ઊત્પન્ન થઇ તેમાના સર્વમા તેજ પરમાત્મા પ્રતિબિંબિત થઇ પોતાની લીલા ચલાવી રહ્યા છે અને એ રીતે જોતા સર્વ જીવાત્માઓમાનુ ચૈતન્ય તે પરમાત્મા રૂપી મહાન ચતન્યના અંશો છે પણ માયારૂપી દેહાદિક બંધનોને લઇ તે પોતાના સત્ય સ્વરૂપને ભૂલી ગયેલ છે અને પોતાને એક પામર જીવ તરિકે માને છે આ માયા તિમિરનો નાશ કરવા માટે જ્ઞાન દિપકની આવશ્યકતા છે પણ કોડીયુ તેલ વાટ અને અગ્નિ વિગેરે સાધનો સિવાય જેમ દીવો પ્રગટી શકાતો નથી તેવીજ રીતે જ્ઞાન દીપક પણ તેને જોઇતા સાધનો શિવાય પ્રગટી અજ્ઞાનાંધકારમાથી મુક્ત થઇ શકાતું નથી માટે તે સાધ્ય કરવામાટે આપણા વડિલ મહર્ષિઓએ શાસ્ત્રો રચેલા છે અને તેમા મુખ્ય કરીને કર્મ ઊપાસના અને જ્ઞાન એવા ત્રણ મજલા વાળી તેના અંતર્ગત અનેક પગથીઆવાળી નિસેણી (નિસરણી) ની યોજના કરેલી છે જ્ઞાનની પરાકાષ્ટા પરમાત્મા સ્વરૂપ સાથે આત્માનુ અનુસંધાન કરવામા સમાયલી છે આ અનુસંધાનને યોગ કહેલો છે આ યોગ રાજયોગ (જ્ઞાન યોગ) અને હઠયોગ એમ બે પ્રકારનો છે બંનેમા કર્મ અને ઉપાસનાની આવશ્યકતા છે છતા હઠયોગમા પ્રાણનો નિરોધ કરવાની મુખ્ય ક્રિયા સમાયેલી હોઇ સાધકને તે ઘણી કઠણ થઇ પડે તેવી હોવાથી ફક્ત જેઓ સંસાર ત્યાગી ગયેલા છે તેઓને જ આદરવા લાયક છે અને રાજયોગમા ભક્તિ વડેજ ચિત્તનો પોતાના ઇષ્ટ સ્વરૂપમાં લય કરી પરાભક્તિદ્વારા જ્ઞાન મેળવી શકાય છે અને તેથી સંસારમા રહ્યા છતાં નિષ્કામ કર્મો અને અપ્રતિહત ઉપાસના દ્વારા વિશ્વવ્યાપી પ્રેમનુ અવલંબન કરી પરમપદ—મુક્તિ મેળવી શકાય છે ઉપાસનાને માટે અનેક મતમતાંતરો પ્રમાણે અનેક ઇષ્ટ સ્વરૂપને આપણા આર્યો પુજેછે

પણ તે સર્વનો લય એક પરમાત્મામા થતો હોવાનુ સવ આર્યો માનેછે વળી નિરાકાર સ્વરૂ પે પરમાત્માનુ કોઇ પણ સ્વરૂપ ન હોવાથી તેનો નર યા નારી એવી કોઇ વ્યક્તિમા સમા વેશ થઇ શકતો નથી પણ ઉપાસનાને માટે તે પરમાત્માનુ સાકાર સ્વરૂપ કલ્પાયેલુ છે કોઇ કોઇ સસ્થાઓ તેને નર સ્વરૂપે પ્રભુ—ઇશ્વર—પરમાત્મા એ નામે પુજે છે ત્યારે કેટલાક તેને નારી સ્વરૂપે આદ્યશક્તિ તરિકે પુજેછે નર સ્વરૂપે પુજનારાઓમા અનેક ઇષ્ટો રૂપે અનેક ભેદો પડી ગયા છે અને તે તે ઇષ્ટોની શક્તિઓ પણ ઓછી વધતી કલ્પાયલી હોઇ મત્ય ત્તા ના ભ્રમ વે તેમના અનુયાયીઓમા પરસ્પર ઇર્ષ્યાભાવે અનેક બખેડા ઉત્પન્ન થઈ પોતાનો કમ ખરો મનાવવા સહુ કોઇનો પ્રયત્ન છે નારી સ્વરૂપે આદ્યશક્તિરૂપે પુજનારાઓ માં એટના બધા મતમતાતરો નથી છતા દક્ષિણ અને વામ એવા બે માર્ગ ધર્મની ઓથે ધતિગ ચલાવનારા પાખડીઓને લઇ પડી ગયા છે છતાં સત્યના અનુયાયીઓ પોતાનુ હૃદય જે ક્રિયા નિતિ વિરૂદ્ધ હોવાના સાક્ષી પુરે તેને ન અનુસરતા શુદ્ધ સાત્વિક ઉપાસના દ્વારાજ તે આદ્યશક્તિને આરાધે છે અને વ્યવહારિક દ્રષ્ટિએ જોતા શ્રદ્ધા અને ભાવજ સર્વદા ફળ દાયક હોઈ સકામ ભક્તોના કાર્યો તે પરમાત્મા આદ્યશક્તિ સ્વરૂપે — પિતા કરતા જેમ માતામા વાત્સલ્ય સ્નેહ વિશેષ હોયછે તેને અનુસરતી રીતે — પુત્રના દોષો દરગુજર કરી તેમના કાર્યો સફળ કરે છે અને તેથીજ હમેશા બીજા ઇષ્ટને અનુસરનાર હોવા છતા ફક્ત એકજ વખતની માતા તરીકેના સ્નેહની વાત્સલ્ય ભિક્ષા — માનતા — બાધા — આખડી — થી — તેમના ધાર્યા કાર્યો ફળીભૂત કરવાની જગદબા કૃપા કરેછે અને એટલા ઉપરથી જ પરમાત્માની શક્તિ સ્વરૂપે ઉપાસના કરવી એ સકામ દ્રષ્ટિએ સાસારીક સુખ સપાન કરવામા તેમજ ચાહનારા પરમપદ — મુક્તિ મેળવવા માટે સરલ અને સીધો રસ્તો છે જગદબાની પ્રેરણાથી અમારો ઉદ્દેશ ' શ્રી અબિકા વિજય દ્વારા જગદબાની ઉપાસના નો સત્ય અને સરલ રસ્તો શ્રી જગદબાના ભક્તોમા પ્રસરાવવાનો છે અને તેથી શ્રી જગદ બાના દરેક ભક્તો — શ્રી અબિકા વિજયના ગ્રાહકો આ (હ્રીં) માયાબીજ રૂપ જગદબા ના સાકાર સ્વરૂપનો પોતાની ઉપાસના — પૂજન કાર્યમા લાભ લઇ શકે તેટલા સારૂ આ વર્ષે જે ચાર ભેટો રાખેલી છે તેમા આ ફોટાને મુખ્ય— અગ્રસ્થાન આપ્યું છે આ મત્રના સર્વોત્કૃષ્ટતા સબધે શ્રી જગદબાજ હિમાલય પ્રતિના ઉપદેશમા પોતાના શ્રીમુખેજ કહેછે કે —

सर्वं हृल्लेखया कुर्यात् पूजन मम सुव्रत ।

हृल्लेखा सर्व मन्त्राणा नायिका परमा स्मृता ॥

હે સુવ્રત ! મારૂં સઘળુ પૂજન માયાબીજ રૂપ મત્રથી કરવુ કારણ કે એ મત્ર (હ્રીં) સર્વ મત્રનો અધિપતિ અને ઉત્તમ છે

हृल्लेखा दर्पणे नित्य महतु प्रतिबिंबिता ।

तस्माद्धृल्लेखयादत्त सर्वमन्त्रै समर्पितम् ।

એ મત્રરૂપ દર્પણમાં હું સર્વદા પ્રતિબિબ છું એટલા માટે તે મત્રથી જે અર્પણ કરવા

પ્રમાણિકતાથી અને નિઃસ્વાર્થ પણે તમે કાર્ય કરોછો એટલુંજ ફક્ત લક્ષમાં રાખો તેનું ફળ તમને મળ્યા વિના રહેશેજ નહિ

ઉચ્ચ જીવન ગાળવામાં જે સદ્ગુણોની જરૂર છે તેમાં મનોનિગ્રહ પ્રથમ પદ ધરાવે છે

જીવાત્મા જ્યારે સંસારની વાસનાથી મુક્ત થાયછે ત્યારેજ પોતાના મુખ્ય સ્થાન પ્રતિ પ્રયાણ કરેછે

જે જીવાત્મા ઇશ્વર સાથેની ઐક્યતા અનુભવે છે તેને માનુષી જ્ઞાન મર્યાદા બહારના શાંતિ અને છુટાપણું મળે છે

એકાંત એ ઇશ્વરનું મુલાકાત—ભુવન છે

દેહ અને આત્માના પરસ્પર સંબંધ સંબંધે દરેક બાબતમાં આત્માને દેહના સ્વામિ તરિકે ઓળખવો જોઇએ

દરેક શુભ વસ્તુ આપણી રાહ જોઇ રહેલી છે પણ તેના સંપાદક થવા યોગ્ય લાયકાત આપણે બતાવી આપવી જોઇએ

આપણામાંના ઘણાખરાને અવરોધકારક ફક્ત એકજ મુશ્કેલી એ છે કે આપણે ઘણીજ થોડી ઇચ્છાશક્તિ ધરાવીએ છીએ અથવાતો એવાતો ઢચુપચુપણે ઇચ્છાશક્તિનો ઉપયોગ કરીએ છીએ કે અંતઃકરણ પૂર્વકનો વિશ્વાસ જાગ્રત થતો નથી

સંસાર બંધનની ઊંડી ખીણમાંથી મુક્તિને શીખરે પહોંચતાં પુષ્કળ વખત લાગેછે અને તેમાં અપ્રતિહત પ્રયાસ અને ખંતની આવશ્યકતા છે

અજ્ઞાનતાની ખાત્રી એ જ્ઞાનમંદિરનું પગથીયું છે

કોઇ પણ કાર્ય પ્રતિકુળ લાગતું હોયતો તે સારીરીતે પુરૂ કરવું એજ તેમાંથી છુટાવવાનો ખાત્રી પૂર્વક ઉપાય છે કે જેથી કરીને બીજું કોઈ વધારે અનુકુળ પસંદ કાર્ય હાથમાં લઇ શકાય

साहित्य—समश्याओं

पानी में निस दिन रहे, जाके हाड न मांस,
काम करै तलवार को, फिर पानी में वास
कुंभारनो दोरो

सीस जटा पोथी गहे, सेत बसन गल माहिं,
जोगी जंगम है नहीं, ब्राह्मण पंडित नाहिं
लसण

स्याम वरन पीतांबर कांधे, मुरलीधर नहि होय,
विन मुरली वहु नाद करतहे, विरला बुझे कोय   भमरो

वावी वाकी जल भरी, ऊपर जारी आग,
जवै वजाइ वासुरी, निकस्यो कारो नाग   होको

सिर पर सोहे गगजल, मुडमाल गल माहि,
वाहन वाको वृषभ है, शिव कहिये के नाहि   रेंट

रग वरग इक पन्छी वना, छोटी चोच अरु काटे घना,
तीस तीस मिल विल मे वसे, जीव नहि अरु उडके डसे   तीर

देखी एक अनोखी नारी, गुन ऊसमे एक सवसे भारी,
पढी नही अरु अचरज आवे, मरना जीना तुरत वतावे   नाडी

फाटयो पेट दरिद्री नाम, उत्तम घर में वाको ठाम,
श्रीको अनुज विष्णुको सारो, पडित होयसो अर्थ विचारो   शख

आदी कटे ते सवको पारे, मध्य कटे तें सवको मारे,
अत कटेतें सवको मीठा, सो खुसरो मै आखै दीठा   काजळ

आधा भक्तन मुख वसे, आधा गुनियन साथ,
वांहि पसारी देत है, पुडी वाघ कै हाथ   हरताल

श्री जगदंवानी आज्ञा

(ગતાંકથી ચાલુ)

પરમાત્મા અને તેની શક્તિ અભિન્ન તેમજ એકજ તત્વ છે પરમાત્મા કહો તોપણ તેજ તત્વ છે અને શક્તિ કહો તોપણ તેજ તત્વ છે

પરમાત્મા અગરતો તેની શક્તિ નિરાકાર છે પણ મહાત્માઓના ભાવના બળથી તે અલક્ષ તત્વે સાકાર સ્વરૂપ ધારણ કર્યું છે

નિરાકાર પક્ષે શક્તિનુ સ્ત્રીરૂપ કે પુરૂષરૂપ હોવાની કલ્પનાનોજ અભાવ હોવા છતા ઉપ રોક્ત રીતે ભક્તોના ભાવનાબળથી સાકાર સ્વરૂપ થતા આપેજ મહાવાક્ય તત્વમસિ પ્રમા ણે સર્વ દ્રશ્ય જગત્ તે તુજ છે એવી વિશ્વવ્યાપી પ્રેમ લક્ષણાનુ પાત્ર—સાદર્ય એ પરમા ત્માનુ નિવાસ સ્થાન અને આત્મનુ જીવન હોઇ સોંદર્યની અધિષ્ઠાત્રી—અને વાત્સલ્યાબ્ધિ જનની તરિકેના ગર્ભમાથીજ શરૂ થતા ઉપકારો તેમજ રસિકતા કોમળતા સહનશીળતા ઇત્યા દી દિવ્ય ગુણોથી પરિવેષ્ટિત અનવધિ દાપત્ય સ્નેહના ઉપકારોની કર્ત્રી—ફક્ત એક સ્ત્રી વ્યક્તિજ આત્મસ્વરૂપનું લક્ષ્ય હોવાથી—પોતાના નતિર્મીતરૂપ તે વ્યક્તિમા તે અસલ પારબ્ર પરબ્રહ્મ—પરમાત્માની શક્તિ સ્ત્રી સ્વરૂપે— જગદંબા સ્વરૂપે મુર્તિમાન થયાછે અને ત્યાર પછી પણ ભક્તોની મન કામના સિદ્ધયર્થ અ [illegible] બહુચરા કાલિકા દુર્ગા ભવાની શાકભરી ચડીકા ભીમા સાવિત્રી લક્ષ્મી રાધા વિગેરે અનેક અથાગ સ્વરૂપે આવિર્ભાવ પામેલા છે પણ મુળમાતો નામરૂપ શીવાયનુ એક શુદ્ધ તત્વ પરબ્રહ્મ છે તેજ શક્તિ જગદંબા છે

પરમાત્માની શક્તિરૂપ જગદંબાના અનુયાયીઓ માટે પોતાની યાગિક શક્તિના સરક્ષ ણાર્થે બ્રહ્મચર્ય પાળવાની ખાસ જરૂર છે તેનુ મહત્વ એવુ બધુ છે કે તેને ચાર આશ્ર મમા મુખ્ય પણેલો છે અને તેને પાયા તરિકે માની તે ઉપર ઇદ [illegible] ઈમા તનો આધાર માન્યો છે શારીરિક શક્તિના અભાવે માનસિક [illegible] પહેલુજ હોય છે

મ્હારી નમાદી તરિકે મદ્યને જે સ્થાન આપવામા આવ્યુ છે તે મ્હારી ઇચ્છા વિરૂદ્ધ છે સાધારણ નૈતિક દ્રષ્ટિએ વિચારતા તેનાથી કેટલા અનર્થો ઉદ્ભવેછે તે જગજા હેર છે શક્તિ ક્ષીણ કરવામા તે પ્રથમ પદ ધરાવે છે છતા તેના વડે શક્તિ પ્રસન્ન થાય એ વાતનો મનુષ્ય બુદ્ધિ શી રીતે સ્વિકાર કરે છે એ આશ્ચર્ય ! દરેક દુર્ગુણનુ તે બીજ છે તેમજ નર્કનુ દ્વાર છે માટે તેનો ત્યાગ કરવો

તમારે માટે અનાજ અને વનસ્પતિનો આહાર મુકરર કર્યા છતા મ્હારે નામે નિરાપરાધી મુગા પશુઓનુ બલિદાન — ભોગ આપી તેનો આહાર કરોછો એ કૃત્ય માનુષી નહીં પણ રાક્ષસી છે એક માતા તરિકે સૃષ્ટિમાના સર્વ બાળકો મ્હારી દ્રષ્ટિએ સરખા છે અને તેઓનો આત્મા પણ મ્હારોજ પ્રકાશ છે દરેક ધર્મમા અહિંસાને પ્રથમ ધર્મ કહેલો છે એ સિવાય તમો વિશ્વવ્યાપી પ્રેમને સાધી મોક્ષના અધિકારી થઇ શકશો નહિ આખુ વિશ્વ મ્હારો પ્રકા શ છે તેમાની કોઇક વ્યક્તિનો દ્રોહ તે તમારા પોતાના આત્માનો અર્થાત્ મ્હારો દ્રોહ કર્યા બરાબર છે

આ સિવાય પવિત્રતા સદાચાર કર્મને અને યજ્ઞયજ્ઞાદિ વિષયો ઉપાસના શક્તિનુ સૌંદર્ય પ્રેમ જ્ઞાન વિગેરે અનેક વિષયોના સિદ્ધાતો મહામાયા જગદંબાએ મ્હને કૃપા કરી સમજાવ્યા હતા પણ અત્ર સ્થળાભાવે બહુ ટુંકમાં આપવામાં આવ્યા છે આ સર્વ સિદ્ધાતો શ્રી અં બિકા વિજયમા પ્રસગોપાત ક્રમે ક્રમે વિસ્તારપુર્વક ચર્ચવામા આવશે હાલતો શ્રી જગદંબા— ના દુર્ગાસ્વરૂપના પ્રાગટયની તૈયારી માટે નીચેની વ્યવસ્થા કરવામા આવેછે તેમા સર્વ કોઈ જગદંબાના ભક્તો સમ્મત થઇ સહાયતામાં ભાગ લેશે એમ આશા છે

અમારા વિચાર પ્રમાણે આગામી દુર્ગાસ્વરૂપના પ્રાગટ્ય વખતે તેની યોગ્યતા લાયક

એક મંદિરની ખાસ જરૂર છે પ્રાગટ્ય પછીની વ્યવસ્થાને માટે ભક્તોની મન કામના સિદ્ધ થતી જશે તેના ઉપકારમાં જગદંબા નિમિત્તે દ્રવ્યનો તુટો રહેશે નહીં અને ત્યાં એવો શુદ્ધ નીતિમય અને બીજા સ્થાનોને અનુકરણીય પ્રબંધ ચાલશે કે શક્તિ તત્વની ઉપાસનાનું કેંદ્ર સ્થાન તે સ્થળ બનશે હાલમાં તો ફક્ત મંદિર માટેની વ્યવસ્થા કરવામાં—દેશના શ્રીમંતો રાજદ્વારી પુરૂષોની કૃપા સંપાદનાર્થે લાખો રૂપીયા છુટાંથી એકાદ ઇલ્કાબ મેળવવાનું પસંદ કરશે પણ ધર્મને નામે એક પાઈ પણ ખર્ચવામાં સંકોચાશે તેથી તેમના તરફના આશ્રયની આશા નકામી છે જે કાંઇ બની શકે તે ફક્ત સાધારણ વર્ગમાંથી—નાખની પાણું મુજબ થોડું થોડું એકઠું કરી એમ ભઉંળ એકઠું કરવાની આવશ્યકતા છે અને તેમાં પણ શ્રદ્ધાળુ ભક્તો તરફનાજ આશ્રય ઉપર મુખ્ય આશા છે આવીરીતે એકઠા થયેલા ભંડોળના પરિણામે તે સઘ દ્રવ્ય અને તેનાથી થનારા કાર્યો સાર્વજનિક ગણાશે અને તેની વ્યવસ્થા જગદંબાના પુર્ણ શ્રદ્ધાળુ ભક્તોના બનેલા એક પંચદ્વારા ચાલશે તેમજ શક્તિધર્મના પ્રચારનોજ મુખ્ય ઉદ્દેશ રહેશે

ઉપરોક્ત માર્ગને પહોંચી વળવા સમાજ તરફથી એક ઇનામી ફંડ ખોલવામાં આવેલ છે અને તેની અજમાયશ ગત વર્ષમાં થઇ ગયેલી હોઈ તે કાર્ય સરળ થવાની સંપુર્ણ ખાત્રી છે સમાજ તરફથી શ્રી અંબિકા વિજય અને શ્રી જગદંબાના ફોટા તેમજ પુસ્તકો પ્રચારમાં છે તેમાંથી પણ જે કાંઇ બચત રહેશે તે આ કાર્યમાં વપરાશે

ફંડનું નામ —

આગામી દુર્ગાસ્વરૂપના મંદિરનું ઇનામી ધર્માદા ફંડ

સમાજના મેમ્બરોને માટે ગયા સાલ પ્રમાણેજ પ્રથમના ચાર વર્ગ અને તેની ફી જે છે તેજ કાયમ રાખવામાં આવેલ છે અને તે ઉપરાંત રૂા ૧) ભરનાર પાંચમા વર્ગના અને રૂા ૦ાા ભરનાર છઠા વર્ગના મેમ્બર ગણાશે અને તેવા દરેક મેમ્બરને એક ઇનામી ટીકીટ આપવામાં આવશે

વર્ગ ૧ થી ૩ સુધીના મેમ્બરોને રૂા ૧) તથા ૦ાા વાળી બે ટીકીટો અને વર્ગ ૪ ના મેમ્બરોને રૂા ાા વાળી એક ટીકીટ અમારી અનુકુળતા પ્રમાણેના પ્રસંગે ફ્રી આપવામાં આવશે

જનમંડળના વિશ્વાસને માટે જુદા જુદા શહેરોમાંના અમારા પ્રતિષ્ઠિત ગ્રાહકોને આ ફંડના ડાયરેક્ટર અને બીજા હોદ્દાઓ સ્વિકારવાનું આમંત્રણ કરવામાં આવશે અને તેઓ તે હોદ્દાઓ સ્વિકારશેજ એમ આશા છે તેઓનું કાર્ય ફક્ત ફંડ એકઠું થઇ રહેથી જગદંબાના પ્રાકટ્ય સ્થળે ઇનામો કાઢવામાં આવશે તેમાં પ્રમાણીકતા સચવાય તેટલી દરજ્જે દેખરેખ રાખવાની છે તેમજ પછીની વ્યવસ્થામાં પણ યોગ્ય સલાહ આપવાની છે તે સ્થળે તેમને બોલાવતા આવતા જતાનું ખર્ચ સમાજ તરફથી તેમની ઇચ્છા હશે તો આપવામાં આવશે.

ડાયરેક્ટરશીપ અને બીજા જોખમકારક હોદ્દાઓની નિમંત્રણા થઇ રહ્યા બાદ ફંડનું કામ

(૨)

૨ ક્ષર અક્ષર— ક્ષર અક્ષર બે લોક છે વિવિધ રીત વખણાય
શરીર ક્ષર કહેવાય છે અક્ષર જીવ ગણાય

૨ જ્ઞાન વિજ્ઞાન— રચી દશ્ય જાણે બ્રહ્મને તેને કહિએ જ્ઞાન
બ્રહ્મરૂપ પોતે બને એ વિજ્ઞાન નિધાન

૨ વિદ્યા અવિદ્યા— ઇશ્વર સાથ સબંધતા વિદ્યા એહ પ્રમાણ
જીવનની અલ્પજ્ઞતા, એજ અવિદ્યા જાણ

૨ દેવાસુરના દિન— ઉત્તર દક્ષિણ અયન બે મકર કર્કથી માન
દેવોના દિન રાત એ અસુર ઉલટા જાણ

૨ શબ્દ— ધ્વન્યાત્મક વર્ણાત્મ એ શબ્દ તણા પરકાર
પ્રથમ શબ્દ વાજાં ગણો પછી વાણી વિસ્તાર

(૩)

૩ રામ— સચરાચર વ્યાપી રહ્યા દશરથનંદન રામ
પરશુરામ બળરામ એ ત્રણે તરફ પ્રણામ.

૩ ત્રિદેવ— બ્રહ્મા વિષ્ણુ મહેશ એ ત્રણ દેવ જગમાય
ઉત્પત્તિ પાલન સંહરન ત્રિવિધ કર્મસર થાય

૩ ત્રિપુટી— કર્તા ક્રિયા ને કર્મ વળી જ્ઞાતા જ્ઞાન સુજ્ઞેય
ભોગ્ય ભોક્તા ભોગ ને ધ્યાતા ધ્યાન સુધ્યેય

૩ ત્રિગુણ— સત રજ તમ એ ત્રણ ગુણ ભાખે ચતુર સુજાણ
હવે સ્વભાવ વૃત્તિ તણાં કરૂં હું કાંઇ વખાણ

૩ ત્રિગુણ સ્વભાવ— સકળ વસ્તુનું જ્ઞાન ને બુદ્ધિ નિર્મળ જ્યાં થાય
જ્ઞાન દ્રષ્ટિ ખુલે તદા સત્વ શુદ્ધ પરખાય
લોભ યુક્ત વ્યવહાર એ રજોગુણની રીત
આળસ નિદ્રા વિકળતા તમોગુણ વીપરીત

૩ ત્રિગુણ વૃત્તિ— જાગ્રત વૃત્તિ સાત્વિકી સ્વપ્ન રાજસી માન
વળી સુષુપ્તિ તામસી તુરિયા બ્રહ્મનિધાન

૩ દાન ૧ સાત્વિક— બદલાની આશા વિના દેખિ વિપ્ર વિદ્વાન
દેશકાળ અવસર જાણે, અપાય સાત્વિક દાન

૨ રાજસ— કીધેલા ઉપકારનો, બદલો મનમાં મનાય
અણગમાએ આપે કદી રાજસ દાન ગણાય

૩ તામસ— દેશકાળ જોયા વિના, વિણ આદર સતકાર
કુપાત્રને આપે તદા તામસિ દાન વ્યહવાર

અપૂર્ણ

एक तरुणनी कुटुम्बवत्सलता

(અથવા — હિંદુઓની કતલ)

(ગતાકથી ચાલુ)

સુરજમલ પોતાના ભાઇની બાથમા જઇ પડયો અને તેને માણાથી ભેટયો પણ વૃદ્ધ એ કુળજી તખુના એક ખુણામા જઇ બેઠો અને ખુબ રોયો

મારા પુત્ર ગોપાળને — હમણા હસનના નામે—મુસલમાની લેબાસમા સજ્જ થયેલો— અફ્સોસ! આ દિવસ જોવાને હુ શામાટે જીવ્યો!

' પીતાજી! તમે તેને કઠોરતાથી ઇ સાફ ન આપો ' સુરજમલ બોલ્યો તમે જે કલ્પના કરવા દોરાઓ છો તેટલો બધો દોષિત તે કદાચ ન પણ હોય ! '

' દોષિત! તખુની ચોમને અઢીંગણે ઊભો રહી અદબ વાળતા ગોપાળ બોલ્યો હા ભાઈ હુ દોષિત છુ—હુ દોષિત છુ—કારણકે મારા દેશનો હુ દુશ્મન બ યો છુ મારા ધ ર્મને મ્હે તિલાજલી આપી છે! હુ એક જાનીઝરી બ યો છુ કે જે ટુકડીના ધસારાસામે ટકવુ મુશ્કેલ છે અને જે પોતાના દુશ્મનો પ્રતિ દયાથી વતવાનુ જાણતીજ નથી

' ચુપ! ચુપ! દુખી બાપ બોલ્યો " ત્હારા કુકૃત્યોથી મારા કાન અપવિત્ર ન કર તુ હવે મ્હારો પુત્ર નથી!

મ્હારૂ કહેવુ સાભળો, પીતાજી—કારણ હજુ હુ તમને એજ સબંધથી સબોધીશ શાત પણ દૃઢ સ્વરથી ગોપાળ બોલ્યો મ્હારૂ કહેવુ સાભળો અને તમને જણાશે કે મા રા સર્વ દુખો મ્હારા ભાઇની ખાતર મ્હે મારી વૃત્તિઓનુ બલિદાન આપ્યુ તેમાથી ઉત્પન્ન થયા છે!'

' મ્હારી ખાતર ! ' અસત લાગણીથી ગોપાળ તરફ જોતા સુરજમલ બોલ્યો

હા ત્હારી ખાતર ગોપાળે જવાબ આપ્યો ' ત્હારી પેઠે હુ પણ તારાને મ્હારા ખરા હૃદયથી અને એવાતો ગાઢા પ્યારથી ચાહતો હતો કે દિવસની અવિચ્છિન્ન કલ્પનાઓ અને રાત્રિના સ્વપ્નો પ્રક્ત તે પ્યારના સબધમાજ નિર્મિત હતા તેને પતિ થવા તને બાપ જી પીતાએ પસદ કર્યો અને મ્હારૂ સ્નેહમય મનોરાજ્ય એક પળમા તુટી પડયુ પણ સુર જમલ! હુ જેવારીતે તને હાલ ચાહુ છુ—જેવીરીતે કોઈપણ ભાઇ પોતાના ભાઇને ક્વચિતજ ચાહતો હશે—તેવીરીતે તને પણ હુ ચાહતો હતો—અને તેથીજ જ્યા મ્હારી ઇર્ષ્યા, હરી

રાઇ અને નિરાશા નસગ આવતાં તોરી' અનુકૂળતાને તોડી પાડવા દેશાવા સભવ હતો તે પર ત્યાગી દેશની પ્રથમજ તક મ્હે ઝડપી લીધી શુ તું એમ ધારી શકછ કે નથમ એક અજાણ્યા સરદારની નોકરીમા જોડાવા અને વળી રણભૂમિના જોખમો સામે બાથ ભીડવા જ મ્હે આપણું સુખી અને શાંતિ દાયક ઘર છોડયુ હશે ? મે માત્ર આનદની ખાતરજ આ કર્યુ હશે એમ તું અટકળે છે। અને પછી જ્યારે મુસલમાનોના હાથમા પકડાયો અને સ્વદેશમા પાછા ફરવાની કે આ જીવનમાં ફરી સુખી થવાની આશા ન રહી ત્યારે મ્હારા નસીબના ફેરફારે જોકે તે ફેરફાર એક નિંદ્ય ગુલામગીરી તરીકેનો હતો છતા તે ફેરફારે ? હરખાઇને ખુશી તે સ્વિકારવામા મે શુ અયોગ્ય કર્યુ છે ?

મારો ભલો ઉદાર હૃદયી પુત્ર ! તખુના ખૂણામાંથી છડા અને પુર્ણ જુસ્સામા હ ભરાઇ જતા વાત્સલ્ય પ્રેમથી લાબા વખત થયા ખોવાયેલા પુત્રને ભેટવા માટે દોડતા વૃદ્ધ પીતા બોલ્યો

લાંબો વખત શાંતિ નસરી તે દરમીઆન પીતા અને પુત્રોએ પરસ્પર ભેટતા શોક અને આનદના મિશ્રિત ઉભરા ઠાલવ્યા છેવટે સુરજમલ પોતાના ભાઇની બાથમાથી છુટો થતા બોલ્યો ગોપાળ ! આજે સવારે ત્હારા હાથથી અમારે મરવુ જોઇએ અથવા ત્હારે ત્હારા ક્રૂર સરદાર આબાસખાનના ગુસ્સાના બળીદાન તરીકે ત્હારી જાતને હોમવી જોઇએ

તમારું પાછલું વાક્ય એજ મારો નિર્ણય છે ગોપાળે દૃઢ સ્વરે કહ્યુ પણ હજુ આપણુ સવના છુટકારાનો સભવ છે મ્હને આહી એટલી બધી સ્વતત્રતા છે કે ખુદ આબાસખાન તરફનો હુકમ લઇ કોઇ આવે તે સિવાય બીજો કોઇપણ મારી રજા સિવાય મારા તબુમા પેસી શકતો નથી અમારી છાવણીનો પડાવ આહી થોડા દિવસ રહેવાનો છે ત્યાસુધી તમે આહી રહી શકશો. તે દરમીઆનના વખતમા તમને મુસલમાનોના હાથમાથી સહીસલામત નસાડી મુકવાની તક મળશે અને તેથી કરીને સેનાપતીના ફરમાનનો ભગ કર્યાની શીક્ષામાંથી હું બચી શકીશ

અને તું — અમારી સાથે — સ્વદેશમાં આવીશ ? પીતાએ પુછ્યુ

"ના ! શોકાતુરપણે મસ્તક ધુણાવતા ગોપાળે જવાબ આપ્યો મ્હારાં જીવનક્રમમા વીપાણુ ફરવુ મુશ્કીલ છે અને તેથી હુ સ્વદેશમા પાછા ફરવાની હિંમત કરી શકતો નથી તમે અને સુરજમલ મ્હારે માટે છેટેથીજ નમ્ર પ્રાર્થના કરજો અને મ્હારો દેહ કોઇ રણભૂમિ મા પડશે ત્યારે તેનાથી છુટો પડેલ અજ્ઞાત આત્મા તમારી શુભ પ્રાર્થનાથી શાંતિ પામશે "

આ શબ્દો બોલી ગોપાળ એકાએક તબુ છોડી ચાલ્યો ગયો. અંધારું થતા સુધી જ્યા ત્યા ભટક્યો અને પછી સવારે જે સ્થળે લડાઇ થઇ હતી ત્યાં ગયો. લોહી લુહાણ મુડદાઓથી મેદાન ભયંકર હતુ અને તેમના વિવર્ણ ચ્હેરાઓ ઉપર ચદ્રનો આછો પ્રકાશ પડતો હતો

ગોપાળે પોતાની તલવાર ખેંચી કતલ થયેલા હિંદુઓના હમલામાંના બે શબોના માથા કાપી લીધા તે માથા તેણે પોતાના ઝભામા સતાડી દીધા અને પછી છાવણી તરફ પાછો

ફર્યો પોતાને તબુએ આવી તેણે બે ભાલા લીધા તે ઉપર એકેક માથુ ગોઠવ્યુ અને પછી પોતાના તબુના બારણા પાસે તે ભાલા ઊભા કર્યા

બીજે દીવસ સવારમા વ્હેલો તપાસણી માટે નિમાયેલ અમલદાર જેને જેને કેદીઓ કતલ માટે સોપાયા હતા તેનુ લીસ્ટ લઈને છાવણીમા ફર્યો અને ગોપાળના તબુ સામે બે માથા ઊભા કરેલા જોઈ તેણે આબાસખાનનો હુકમ બજાવ્યો હતો એવી ખાત્રીથી આગળ ચાલ્યો ગયો

ત્રણ ચાર દિવસ વીતી ગયા તે દરમીઆન સુરજમલ અને તેનો બાપ ગોપાળના તબુમાં છુપાઈ રહ્યા, પણ છાવણી છોડી નાસી જવાની તક મળી નહીં

ગોપાળ બેચેન થતો ગયો કારણ કે છાવણી ઊપાડી આગળ કુચ કરવાની મુદત પાસે આવતી જતી હતી અને પછી જે અમલદારના તાબામા જાનીજરીની ટુકડી હતી તેનાથી તેમને છુપા રાખવાનુ કામ મુશ્કેલ હતુ પણ તે બે હિંદુઓને સલામતી બક્ષવા નસીબદેવીએ નિશ્ચય કર્યો હોય તેમ આબાસખાન માદો પડ્યો અને પડાવની મુદત લંબાણી આબાસખાનની માંદગીએ તુરતજ ગંભીર રૂપ લીધુ અને તેણે હકીમોના ઈલાજોને નિષ્ફળ કર્યા

આબાસખાન મરવાની અણી ઊપર આવી પહોચ્યો અને માંદગી દરમીઆન તેનો સ્વભાવ એવો તો ચીડીઓ અને ક્રુર થઈ ગયો હતો કે છાવણીમાના હકીમો તેનુ દરદ મટાડવામા પોતાનો કાંઈ ઈલાજ ચાલતો નથી એવુ જોઈને તેમજ તેના સ્વભાવના પરીણામથી ભય પામીને ગભરાટમા છાવણી છોડી નાસી ગયા

છાવણીમાના વર્તમાન ગોપાળ પોતાના પીતા અને ભાઈને વખતોવખત જણાવતો રહેતો અને જ્યારે તેણે આ છેલો બનાવ કહી સમજાવ્યો ત્યારે વૃદ્ધ ગોકુળજીના ચ્હેરાપર આનંદનુ સ્મિત ચમક્યુ

" ગોપાળ ! " વૃદ્ધ બોલ્યો " તુ જાણે છે કે વનસ્પતિના ગુણદોષ સબંધે હુ સારી માહેતી ધરાવુ છુ જુદા જુદા દરદોના નિદાન પ્રમાણે બ્હાર ચોપડવામા અને પાવામા તેનો ઉપયોગ થઈ શકે છે ત્હારા સરદારની હજુરમાં મને લઈ જવામા આવે તો તેની જીંદગી હુ બચાવી શકુ અને તેનો ઊપકાર આપણુ સવની સલામતીનુ સાધન થાય "

આ વિચારથી ગોપાળ ખુશખુશ થઈ ગયો અને આબાસખાન કે જે પોતાના પલગમા નિક્ષણ શારીરિક વેદનાથી આમતેમ તરફડીઆ મારતો હતો તેના તબુ તરફ ચાલ્યો તેના તબુમાથી તેની ચીસો ઘણે દુરસુધી સભળાતી હતી અને તબુ આસપાસ પહેરેગીરો ભય અને ધાસ્તીથી હેબક થઈ ઊભા હતા તેની માદગીના છેલા થોડા દિવસ દરમીઆન તેણે એવાતો જુલમી હુકમો કાઢ્યા હતા કે તેનાથી બીજા દરજાના અમલદારની માનુષી લાગણીને લીધેજ તે અમલમા આવતા અટક્યા હતા તેની પાસે જતા દરેક જણ બ્હીતા હતા અને તેના પોતાના પુત્રો પણ તેની અમલદારી છોડી ગયા હતા

સેનાપતિ સાથે ખાનગીમા વાતચીત કરવાની ગોપાળે રજા માગતાં તે તેને મળી, અને બે જુમા કીઝઆમો તેને ખાનની હજુર લઈ ગયા ગોપાળ તેની રૂબરૂમાં ઘુટણભરીએ પડ્યો

અને તે ઓરેમદ સરદારને નીચે પ્રમાણે અરજ કરી —

વિજયી સરદાર આપના ચરણના ગંભીર ઉપર પોતાનું માથુ મુકવાની પણ જેની તાકાત નથી એવા આપના આ ગુલામની અરજ સાંભળવા મહેરબાની કરો આપની બાનુઓના શોકકારક સમાચાર મારે કાને આવ્યા છે, અને તેનો ઇલાજ સુચવવા હું આવ્યો છું અહીંથી થોડેદૂર એક એકાંત ગુફામાં એક વૃદ્ધ હિંદુ કે જે વનસ્પતિ શાસ્ત્ર સંબંધે સંપુર્ણ માહીતી ધરાવે છે તે રહે છે તેની પ્રમાણીકતા અને હુશીયારીને માટે હું મારા માથાના જોખમે જવાબદાર છું "

તેને જલદી તેડી લાવ ' ખાને કહ્યું અને હું ખુદાના કસમ લઇને કહું છું કે જો તે મને સાજો કરશે તો તેને અને તને અશરફીઓથી હું માલામાલ કરી નાખીશ પણ જો તે દગો રમશે તો હું મારી કબરમાંથી પણ તેનું વેર લઇશ '

ગોપાળ નમન કરી બહાર નીકળ્યો અને ચાર કલાક વીતવા દઇ પોતાના પીતા સાથે બાદા સરદારને તંબુએ પાછો ફર્યો અને તેટલા અરસામાં ખાનની અધીરાઇએ તેને મોટો બનાવી મુક્યો હતો

આબાસખાન જ્યાં શારીરિક તિવ્ર વેદનાથી પીડાતો આમતેમ તરફડીયા મારતો હતો તે વિશાળ તંબુમાં તરૂણ જાનીઝરી અને વૃદ્ધ હિંદુ ચુપચુપ દાખલ થયા ત્યારે એક સુંદર બાળા પોતાનો બુરખો ઉઘાડી દઇ દરદી ઉપર નીચી વળીને ફક્ત પ્રેમજ જે શબ્દો બોલાવી શકે તેવા વ્હાલના શબ્દોથી તેનું સાંત્વન કરતી હતી તંબુમાં આવનારાઓના પગલા તેણે સાંભળ્યા નહિ અને ગોપાળ કે જે તેના મોહક સાૈંદર્યથી સ્તબ્ધ થઇ ગયો તેને આ પ્રમાણે તેની દ્રષ્ટિએ પડેલ અપ્રતિમ સુંદરતા તરફ થોડી પળ તાકી રહેવાની તક મળી

તેના પીતા તરફ નીચી દ્રષ્ટિ રાખતા પોપચા અને લાંબી પાંપણોથી અર્ધ ઢંકાયેલા કાળા નેત્રો પરવાળા સરખા અધરોષ્ઠના ફાટમાંથી મુક્તા પંક્તિ સરખા દેખાતા દાંતો પ્રમાણસર ભરાવદાર અવયવો નાજુક સફેદ પગો અને ઘુંટીઓ ઉપર આવી રહેલા સુવર્ણના ઝાંઝરો અને તેની આસપાસનો નિર્જનતાનો પરિવેશ—એ સઘળી મોહકતા આ સુંદર બાળાના શરીર પર તરૂણની દ્રષ્ટિ ઠેરવી રાખવાને માટે પુરતી હતી

આ મોહક પ્રાણી—કે જે મૃત્યુ લોકની માનિની કરતા જન્નતની હુરીને વિશેષ મળતી હતી —તેની દ્રષ્ટિ એકાએક ઉંચી ગઇ અને તે દ્રષ્ટિ ગોપાળની દ્રષ્ટિસાથે મળી તેના ચ્હેરા પર શરમની લાલી છવાઇ ગઇ અને તેણે ત્વરાથી બુરખો નીચો કર્યો

ગોપાળ પછી આબાસખાનના પલંગ તરફ આગળ વધ્યો અને જાહેર કર્યું કે સવારમાં પોતે જે વૃદ્ધ હિંદુ સંબંધે વાત કરી હતી તેને ઘણા પરિશ્રમ અને મુશ્કેલીના અંતે શોધી કાઢવામાં ફતેહ મળી હતી

' તેને જલદી આગળ લાવ " સરદારે બુમ પાડી, અને તું ગુલબદન! પોતાની પુત્રીને ઉદ્દેશી તેણે ઉમેર્યું " મારી પાસે રહે તારી હાજરીથી મને શાંતિ મળે છે "

ગોકુળજી બીમારના પલંગ નજીક આવ્યો અને તેનું શરીર તપાસ્યું, પછી તેણે જાહેર

વનસ્પતિ અને કેટલીક જાતના ફુલોવાની માગણી કરી કે જે નજીકના જંગલમાંથી મળી આવ્યાં તે આવ્યા પછી ગોકુળજીએ તેનો જુદી જુદી રીતે ઉપયોગ કર્યો

આ કામમા તેનો પીતા રોકાયો હતો ત્યારે ગોપાળ પોતે અત્યાર આગમચ જોયેલ સૌંદર્યનો અને તે સૌંદર્યની માલેક કે જે બુરખો નાખીને પણ હજી પોતાની નજીકજ હતી તેના વિચારમા પડ્યો હતો. વારા મારો તેનો પ્રેમ સારો અને પવિત્ર હતો તેને મુકાબલે તેના હૃદયમા અત્યારે જે પ્રેમ જ્યોતી પ્રગટી હતી તે વિદ્યુતગતિ ધરાવનાર અને મગજને ભ્રમીત કરી મુકે તેવી હતી નવા વિચારોના ચકરાવામાં તેનુ મન ચડ્યુ હતુ અને અત્યારે તે આ ખાસખાનની માદગી તેમજ જે કામે પોતે ત્યા આવ્યો હતો તે સઘળુ ભુલી ગયો હતો તે વામા બાળાનો મધુર સ્વર તેના કર્ણપટ સાથે અથડાયો

" તે ડોસો કોણ છે અને તેની વફાદારી માટે તમે જવાબદાર રહી શકશો ! યાદ રાખજો કે કોની જીદગી એક અજાણ્યાના હાથમા સોંપવાની છે. ' ગુનમદન બોલી

ગોપાળે આ વિશે તેના મનનુ સમાધાન કર્યુ

અને તમારૂ નામ શુ છે ? ' પગાર અચકાઈ તેણે પુછ્યુ

' મ્હારી ટુકડીમા મને નિમકહલાલ હસન ના નામથી બોલાવે છે ' માનપુર્વક જવાબ મળ્યો

અને તે નામનુ તમે મારા પીતાની સારવાર માટે આ ઘરના હિંદુને આણી આપી સાર્થક કર્યુ છે ગુનમદને કહ્યુ અને પછી પોતાની આગળીએથી એક સુદર વીંટી કહાડતા ધીમ સ્વરે તે બોલી ' નિમકહલાલ હસન ! મ્હારા પીતાની ખાતર આ પહેર "

' ના ' બાનુ— તે હિંદુ કે જેણે તમે જુઓ છો તેમ તમારા પીતાની તિક્ષ્ણ વેદના લગભગ શાંત કરી છે તે જો તેમનુ દરદ મટાડી આપશે તો તો તેમણે મને બક્ષીસ આપવાનુ વચન આપ્યુ છે તરૂણે જવાબ આપ્યો ' પણ તે વીંટી હુ તમારી ખાતર પહેરીશ અને તરૂણે તેણીના નાજુક કર કમળમાંથી વીંટી ગ્રહણ કરતા તેણીનો હાથ સ્નેહપુર્વક દબાવ્યો

ગોપાળનો પીતા હવે આગળ આવ્યો અને ધીમેથી જણાવ્યુ કે ખાસખાન—શાંત નિદ્રામા પડ્યો છે તેમા ખલેલ થવી ન જોઈએ

વનસ્પતીના રસમાથી દવા બનાવી ગોકુળજીએ ખાનને પાઈ હતી તેને લીધે આ નિદ્રા આવી હતી અને તે ઘણા દિવસની બેચેનીને અંતે ઘણી આવકારદાયક હતી છતાં તેણે દરદીની પાસેજ રહેવા પોતાનો ઈરાદો જણાવ્યો

ગુલબદને જણાવ્યું કે તે પોતે પણ પોતાના પીતાને છોડી જશે નહી અને ગોપાળે તથા છોડી જવુ ન પડે તેનુ કાંઈ બહાનુ રહેલાઈથી શોધી કાઢ્યુ

ગુલબદને હવે પાસેનો એક તંબુ કે જેનો સબંધ તેના પીતાના તંબુ સાથે એક બારીદ્વારા કરવામાં આવ્યો હતો ત્યા થોડી પળને માટે ગઈ અને જ્યારે તે પાછી આવી

ત્યારે તેની પાછળ બે ગુલામો ચાદીના થાળ માથે લઇ આવતા હતા તેઓએ તબુના એક ખુણામા નાસ્તાની તૈયારી કરી અને હવે જેઓની સારવારદ્વારા પોતાનો પીતા માંદગી થી મુક્ત થવાનો હતો તે મીજબાનોનો સત્કાર કરવા માટે ગુલબદન પોતાનો બુરખો એક બાજુ મુકતાં સકોચાઇ નહિ

ગુલબદનનુ સૌંદર્ય ગોપાળ જેમ જેમ વધુ જોતો ગયો તેમ તેમ તેને માટેનો તેનો પ્રેમ વધતોજ ગયો નાસ્તામાં અફઘાન મુલકનો અનેક પ્રકારનો લીલો અને સુકો મેવો હતો તેથીં ગોકુળજી હિંદુ હોઇ તેને ખાવામા બાધ ન હતો ઊપગત તરૂણ અને બાળાને માટે કુરાને શરીફમા સખ્ત મનાઇ છતા ઊંચી જાતના શીરાજી શરાબને સ્થાન આપવામા આવ્યુ અને જ્યારે તેઓ બનેએ તે પરોપકારી પ્રવાહીના બેબે ત્રણત્રણ ગ્લાસ પીધા તેમજ વૃદ્ધ પોતાના બીમારને તપાસવા તેના પલગની બાજુએ ગયો ત્યારે તેઓ પરસ્પર નેત્ર દ્વારા સ્નેહ વિનિમય કરવા લાગ્યા ગોપાળે પ્રેમામૃતના ઝરામાથી મોટા મોટા ઘુટડા પીધા અને તેઓ પાછા બીજે દિવસ ફરી મળશે એવો પોતાના સુદર સોબતીનો કોલ લઇનેજ તે છુટો પડયો

ગુલબદન સાથેના આવા મધુર પ્રસગોનો આસ્વાદ તેના પીતાનાજ તબુમા ગોપાળે કેટલાક દિવસ લીધો છેવટ તબુના દ્વાર પાસેના ચોગાનની ખુલ્લી હવાનો ઉપભોગ લેવા ત્યા સુધી જવાની હિંદુ હકીમ તરફથી ખાનને રજા મળી અને ત્યારપછી ખાનની તબીયત ત્વરાથી સુધરવા લાગી અને વીસ દિવસને અતે હિંદુ ડોસાની સારવારની જરૂર રહી નહીં

, એક દિવસ સવારે જ્યારે ગોકુળજીએ પોતાના દરદીને જાહેર કર્યુ કે હવે પોતા તરફની સારવારની જરૂર નથી ત્યારે ખાને ગોપાળને હુકમ કર્યો કે તેણે તે હિંદુ ડોસાને બક્ષીસ આપવામા આવે ત્યા સુધી પોતાને તબુએ લઇ જઇ થોડા દિવસ સારી સરભરાથી રાખવો આવીરીતે વિલબ કરવાંમા મુળથીજ હિંદુઓના પ્રપચ સબધે જેના મનમાં શક હતો તે ખાનનો ઊદ્દેશ એ હતો કે પોતાને ખરેખરી રીતેજ સાજો કર્યો છે કે કોઇ ધીમી ગતીની અસરવાળુ ઝેર દઇ તે છુપાવવા અત્યારે દેખાવ કરવાજ કામ ચલાઊ સાજો કર્યો છે તેની ખાત્રી થઈ શકે

દસ દિવસ વિતી ગયા અને આબાસખાનના શરીરમા તેના પ્રથમનાં જોર અને ઊત્સાહ પાછા આવ્યા તેની ખાત્રી થઇ કે હિંદુ ડોસો પ્રમાણીક અને વફાદાર હતો અને તેણે હવે વિના વિલબે તેને અને તરૂણ જાનીઅરીને બક્ષીસોથી નવાજવાનો નિશ્ચય કર્યો , નિમકહલાલ હસન સબધે કેટલીક તપાસ કરતા પરિણામ સપૂર્ણ સતોષ કારક જણાયાથી તેણે ગુલબદનને પોતાની પાસે બોલાવી સુદર બાળા પોતાના પીતા સમક્ષ જમીન તરફ નીચી દ્રષ્ટિ રાખી અદબ સર ઊભી રહી !

બેટા ગુલ ! " ખાને કહ્યુ નિમકહલાલ હસન ત્હારા પીતાની નવી જીદગીનુ નિમિત્ત છે ખુદા સર્વ શક્તિમાન છે અને તેણે પોતાના નાચાર ગુલામને આરોગ્યતા બક્ષવામા હસનને સાધનભૂત કર્યો હસન એક આબરૂદાર તરૂણ બહાદુર સીપાહી અને વફાદાર મુસલમાન છે મે તેને આપવા ધારેલી બક્ષીસ એ છે કે મારી પુત્રી ગુલબદન તેની વિવા-

મા બનશે

આ ખબર કે જેમા તેના હૃદયમા આનંદ સાગર રેલાવાના સમાચાર સમાયલા હતા અને જે સાંભળવાની તેને બીલકુલ આશા ન હતી તે સાંભળતાંજ તેનુ હૃદય તે આનંદાબ્ધિના મોજા સાથે ઊછળવા લાગ્યું અને પોતાના પીતાના હુકમ સાથે પોતે સંપૂર્ણ સંમત હોવાનું જાહેર કર્યુ પછી તે સાથી ચાલી ગઇ

ખાને ત્રણ વખત તાળી પાડી અને તુરતજ આગ્ના આપવા તેના ગુલામોનો વડો આવી હાજર થયો

અબદલ્લા ! " ખાને કહ્યું ' અસંત મૂલ્યવાન બક્ષીસો ઊપડાવી બાર ગુલામોને હારી સાથે લે અને નિમક હલાલ હસન કે જે જાનીઝરીના ત્રીજા વીભાગમાં બક્ષી છે તેના તંબુએ જા ત્યા હારી નજરે એક હિંદુ પણ પડશે તે દરેકને માનવંતો મુલ્યવાન પોશાક ગળામા સોનાના દાગીના હાથમા સોનાના કડા અને આંગળીઓએ વેઢ વીંટીઓ પહેરાવી મારી હજુરમા વિના વિલંબે લાવ '

ફરમાન મુજબ તૈયાર કરીને અબદલ્લો હસનના તંબુએ ગયો તંબુમાં તેણે એવીતો અણુચિતીરીતે પ્રવેશ કર્યો કે તેની નજરેથી સુરજમલને છુપાવવાનો વખત હસનને ન મળ્યો ' અહિયાં તો બે હિંદુઓ છે ' પોતાની આસપાસ નજર કરતા અબદલ્લો બોલ્યો ' અને મને ખાત્રી પુર્વક કહેવામા આવ્યુ છે કે તું એક હિંદુ જોઇશ તેથી હું તેમાંના એકેકને આ બક્ષીસોથી ન શણગારતા બંનેને નામદાર ખાનસાહેબ હજુર લઇ ચાલીશ '

આ શબ્દો સાંભળતા ગોપાળ કંપ્યો પણ કાંઈ જવાબ વાળવાની કે પુરતુ ભાનમાં બોલાયલા આ શબ્દોનો ભાવાર્થ પોતાના પીતા કે ભાઇને સમજાવવાની તેની હિંમત ન ચાલી તેને સુંદર જરીનો પોશાક પહેરાવવામા આવ્યો તેના ગળામા મુલ્યવાન દાગીના હાથમાં સોનાના કડા અને આંગળીઓએ વેઢ વીંટીઓ નાખવામા આવ્યા પછી ગોકુળજી અને સુરજમલને સાથે આવવાની ઇશારત કરવામાં આવી અને સઘળુ મંડળ ખાનના તંબુએ પાછુ ફર્યુ તેઓ જ્યારે ખાનની હજુરમા પહોચ્યા ત્યારે ખાન પોતાના સર્વ લશ્કરી અમલદારોથી વીંટળાયલો હતો તેને પગે પડતાં અબદલ્લા બોલ્યો, ' ખુદાવિંદ ! આપ નામદારે આપના આ તાબેદાર ગુલામને ફરમાવ્યુ હતુ કે નિમકહલાલ હસનના તંબુમા એક હિંદુને જોઇશ પણ જુઓ ! ત્યાં બે હિંદુ હતા— તે બેમાના કોણને આપ બક્ષીસોથી નવાજવા ઉત્સુક હતા તે વાતથી હુ અજાણ્યો હોવાથી તે બંનેને હુ અહિયા લાવ્યો છુ '

' હસનના તંબુમા બે હિંદુઓ ! ' ખાનના પલંગ આસપાસ ઊભેલા અમલદારોમાનો એક બોલ્યો ખુદાના કસમ ખાઇને હુ કહુ છુ કે હમણા છેવટની લડાઇમા પકડાયેલા અને કતલ કરવા માટે બક્ષીને સોંપાયલા તે બે હિંદુ કેદીઓ છે '

અલ્લાના સોગન લેઇ કહુંછું કે આ જો ખરૂ હોય ' પોતાની આસપાસ વિકાળપણે દ્રષ્ટિ ફેરવતા ખાને ઉશ્કેરાઇને કહ્યું " આ ધોળી દાઢી વાળો કુતરો એકાંતમા પવિત્ર પણે સાધુવતનમા રહેતો હિંદુ ન હોય અને લગભગ ત્રીસ દિવસ પહેલાં આપણા સામે લડી આ

વેલા હિંદુઓમાંનો એકાદ હોવતા હું તેને અને તેના મદદગારોને મારા તખ્ત સામેજ ફાંસીએ લાકડે લટકાવીશ ,

' ' હસન બેગ ' લડાઇના કેદીઓ જોખમી આપનાર અમલદાર બોલ્યો. ત્યારા નામ ઉપરે મહેલા અને જેઓને તેજ સાંજના વ્હારે કતલ કરવાના હતા તેજ એ બે કેદીઓ છે?

વિફરાળ આબાસખાનની હજુરમાં ગોપાળ ઘુંટણભડીએ પડ્યો અને સઘળી સત્ય હકીકત કબુલ કરી

દગો—માફ નહિ કરી શકાય તેવો દગો ! ઝનુનના ખરા આવેશથી ખાન પોકારી ઉઠ્યો ' મેં ભીષણ પ્રતિજ્ઞા કરી હતી કે આ છેલ્લની ઝપાઝપીમાં પકડાયલા તમામ કેદી કતલ થવા જોઇએ અને પોતાને સોપાયલ કેદીને જે કોઇ બચાવશે તેને ફાંસીને લટકાવવામાં આવશે હું મારી પ્રતિજ્ઞા ફેરવી શકતો નથી — જેણે મારી પોતાની જીંદગી બચાવી છે તે માણસને પણ હું માફ કરી શકતો નથી

બને તરૂણોનો વૃદ્ધ પીતા ખાનને પગે પડ્યો અને તેની ભાષામાં બોલવાને અશક્ત હોઇ મુંગીજ દયા જનક અને હૃદય ભેદક સંજ્ઞાઓ દ્વારા એક પીતા તરીકેની આજીજીઓ કરવા લાગ્યો વૃદ્ધ માણસની મોંપર હૃદય દ્રાવક દીલગીરી જોઇ ત્યાં ઉભેલા દરેક મનુષ્યની આંખમાં આંસુ આવ્યાં અને ખાન પણ પોતાને પગે પડેલા નાચાર ડોસા તરફ દીલાસમાન દીનથી જોઇ રહ્યો ઉપકાર વૃત્તિની લાગણીથી તેમજ આસપાસના અમલદારોની અરજ ઉપરથી છેવટ ખાનનું હૃદય ઓગળ્યું અને તે ગોપાળ પ્રત્યે બોલ્યો

દાગોર ! હું ત્હારા પીતાની જીંદગી બચાવીશ કારણ તેણે મારી જીંદગી બચાવી છે અને હું તેને તેના બે પુત્રોમાંના એકની જીંદગી બક્ષીસ આપીશ. તમારા બેમાં તેની પસંદગી કરવા દે—મારી પ્રતિજ્ઞાના ખાતર આ પ્રસંગે એક જીંદગીનો ભોગ આપવોજ જોઇએ

તરફ જતીગરીએ ખાનનો હરાત પોતાના પીતાને કહી સંભળાવ્યો અને તે ડોસાએ પોતાના બે પુત્રોમાંના એકને ભયંકર ભવિષ્યના હાથમા સોંપવાની ખાત્રી સાથે એકને મૃત્યુના મુખમાંથી બચાવવાની ફરજમા પોતાને આવી પડેલો જોયો.

તેણે સુરજમલ તરફ સ્નેહપુર્વક એક દ્રષ્ટિપાત કર્યો અને વળી ગોપાળ તરફ જોયું સુરજમલ પરણેલો હતો અને તેની સ્ત્રી તથા બાળક તેને આધારે હતા અને ગોપાળ એકાકિ હતો પણ તે હાનો હતો અને તેની માતાએ પોતાની છેવટની ઘડીએ સંભાળવા સોંપેલી અમાનત—થાપણ હતો. તે સુરજમલથી છુટો પડી શકતો ન હતો—તે ગોપાળથી છુટો પડી શકતો ન હતો. તેણે સુરજમલને ઘરે તારા પાસે લઇ જવો જોઇએ—તે ગોપાળને પાછળ મુકી શકતો ન હતો. તમને તે વારાફરતી ભેટતા—તેમના ઉપર ઉષ્ણ અશ્રુઓ વરસાવતા—પ્રથમ એકના અને પછી બીજાના ગુણનું સ્મરણ કરતા—બન્નેની સાથે મનમા સરખામણી કરતા — પોતાને આ વાયાસે દયાની બક્ષીસ કરનાર ખાનનું જુલમી હૃદય આવી રીતે ઢીલ થવાથી બદલાઇ જવાની બીતિમા — તે એકની પાસેથી બીજા તરફ વારાફરતી આડાની માફક દોડતો હતો.

અપૂર્ણ

निर्धनता

પોતાના શિષ્ય ઉદરો પાર પાડવામા શક્તિમાન થવાની વૃત્તિથી દુનિયા જેના તરફ પુજ્ય બુદ્ધિથી જુએછે એવા મહાન પુરૂષોએ સુખના સાધનરૂપ ગણાતા વૈભવોનો ત્યાગ કરી સાદુ અને સરલ જીવન સ્વિકારેલ છે, તો પછી નિધનતા અસહ્ય દુઃખ ઉપન્ન કરનારી શા માટે મણાઇ હશે ! જે નિધનતાનો મહાન પુરૂષોએ પોતાની વ્હાલી સ્ત્રી તરિકે સ્વિકાર કરેલો છે એ નિર્ધનતાનો જનસમાજનો મોટોભાગ પીશાચીની રૂપ અથવાતો મહામારી રૂપ ગણી શા માટે ત્યાગ કરતા હશે? આ પ્રશ્નનો ખુલાસો સરલ છે મહાન પુરૂષોના સબંધમા સેવા નિધનતા આંતરિક મહત્તા સાથે જોડાયેલી હોઇ પોતાના વિષમ સ્વરૂપનો ત્યાગ કરેછે એટલે

તેવા હિંદુઓમાંનો એકાદ હોવતો હું તેને અને તેનાં મદદગારોને મારા તંબુ સામેજ ફાંસીએ ચાકડે લટકાવીશ ,

“ હસન બેગ બચાવના કેદીઓ જ્હેમી આપનાર અમલદાર બોલ્યો ત્યારા નામ ઉપરે ચઢેલા અને જેઓને તેજ સાંજના ત્યારે કતલ કરવાના હતા તેજ એ બે કેદીઓ છે !

વિકરાળ આબાસખાનની હજુરમાં ગોપાળ ધ્રુજતું મડીએ પડ્યો અને સઘળી સત્ય હકીકત કબુલ કરી

દગો—માફ નહિ કરી શકાય તેવો દગો ! ઝનુનના ખરા આવેશથી ખાન પોકારી ઉઠ્યો ‘ મેં ભીષણ પ્રતિજ્ઞા કરી હતી કે આ છેવટની ઝપાઝપીમાં પકડાયેલા તમામ કેદી કતલ થવા જોઇએ અને પોતાને સોંપાયેલ કેદીને જે કોઇ બચાવશે તેને ફાંસીને લટકાવવામાં આવશે હું મારી પ્રતિજ્ઞા ફેરવી શકતો નથી — જેણે મારી પોતાની જીંદગી બચાવી છે તે માણસને પણ હું માફ કરી શકતો નથી

આ તરૂણોનો વૃદ્ધ પીતા ખાનને પગે પડ્યો અને તેની ભાષામાં બોલવાને અશક્ત હોઇ ઘણીજ દયા જનક અને હૃદય ભેદક સંજ્ઞાઓ દ્વારા એક પીતા તરીકેની આજીજીઓ કરવા લાગ્યો વૃદ્ધ માણસની માફક પણ હૃદય દ્રાવક દીલગીરી જોઇ ત્યાં ઉભેલા દરેક મનુષ્યની આંખમાં આંસુ આવ્યાં અને ખાન પણ પોતાને પગે પડેલા નાચાર ડોસા તરફ દીલાસભર્યા દીલથી જોઇ રહ્યો ઉપકાર વૃત્તિની લાગણીથી તેમજ આસપાસના અમલદારોની અરજ ઉપરથી છેવટ ખાનનું હૃદય ઓગળ્યું અને તે ગોપાળ પ્રત્યે બોલ્યો

દગાખોર ! હું ત્હારા પીતાની જીંદગી બચાવીશ કારણ તેણે મારી જીંદગી બચાવી છે અને હું તેને તેના બે પુત્રોમાંના એકની જીંદગી બક્ષીસ આપીશ. તમારા બેમાં તેની પસંદગી કરવા દે—મારી પ્રતિજ્ઞાની ખાતર આ પ્રસંગે એક જીંદગીનો ભોગ આપવોજ જોઇએ

તરણ જાનીઅરીએ ખાનનો ઠરાવ પોતાના પીતાને કહી સંભળાવ્યો અને, તે ઉદાસાઇએ પોતાના બે પુત્રોમાંના એકને ભયંકર ભવિષ્યના હાથમાં સોંપવાની ખાત્રી, સાથે એકને મૃત્યુના મુખમાંથી બચાવવાની ફરજમાં પોતાને આવી પડેલો જોયો.

તેણે સુરજમલ તરફ સ્નેહપુર્વક એક દ્રષ્ટિપાત કર્યો, અને વળી ગોપાળ તરફ જોયું. સુરજમલ પરણેલો હતો અને તેની સ્ત્રી તથા બાળક તેને આધારે હતા અને ગોપાળ એકાકિ હતો પણ તે ન્હાનો હતો અને તેની માતાએ પોતાની છેવટની ઘડીએ સંભાળવા સોંપેલી અમાનત—થાપણ હતો. તે સુરજમલથી છુટો પડી શકતો ન હતો—તે ગોપાળથી છુટો પડી શકતો ન હતો. તેણે સુરજમલને ઘરે તારા પાસે લઇ જવો જોઇએ—તે ગોપાળને પાછળ મુકી શકતો ન હતો. તેમને તે વારાફરતી ભેટતા—તેમના ઉપર ઉષ્ણ અશ્રુઓ વરસાવતા—પ્રથમ એકના અને પછી બીજાના ગુણનું સ્મરણ કરતા—બંને ની સાથે મનમાં સરખામણી કરતા — પોતાને આ ત્રાસે દયાની બક્ષીસ કરનાર ખાનનું જુલમી હૃદય આવી રીતે ઢીલ થવાથી બદલાઇ જવાની બીતિમાં — તે એકની પાસેથી બીજા તરફ વારા ફરતી આંકાની માફક ફેરતો હતો.

અપૂર્ણ

निर्धनता

પોતાના ઉચ્ચ ઉદ્દેશો પાર પાડવામાં શક્તિમાન થવાની વૃત્તિથી દુનિયા જેના તરફ પુજ્ય બુદ્ધિથી જુએછે એવા મહાન પુરૂષોએ સુખના સાધનરૂપ ગણાતા વૈભવોનો ત્યાગ કરી સાદું અને સરલ જીવન સ્વિકારેલ છે તો પછી નિધનતા અસહ્ય દુખ ઉપન્ન કરનારી શા માટે મનાઇ હશે ! જે નિર્ધનતાનો મહાન પુરૂષોએ પોતાની વ્હાલી સ્ત્રી તરિકે સ્વિકાર કરેલો છે એ નિર્ધનતાનો જનસમાજનો મોટોભાગ પીશાચીની રૂપ અથવાતો મહામારી રૂપ ગણી શા માટે ત્યાગ કરતા હશે? આ પ્રશ્નનો ખુલાસો સરલ છે મહાન પુરૂષોના સબંધમાં સેવા નિધનતા અંતરિક મહત્તા સાથે જોડાયેલી હોય પોતાના વિષમ સ્વરૂપનો ત્યાગ કરેછે એટલું

જ નદી પણ એ મહત્તાની છાપામા રહી નવું સાદર્ય પ્રાપ્ત કરેછે અને મહત્મા અધના સત્તા કર્તા વધારે આકર્ષનિય થઇ પડે છે

ઉત્તમ જીવનની સાથે જોડાયલી નિર્ધનતા એટલી બધી આકર્ષક લાગેછે કે એવા મ હાત્માઓના જીવનનું હજારો મનુષ્યો ખુશીથી અનુકરણ કરેછે કારણ કે તે જીવન એમની દ્રષ્ટિમા સુખરૂપ અને મહત્વતાવાળુ જણાય છે બીજી તરફ દ્રષ્ટિ કરતા મહાન નગરોમા જો વામા આવતું દારિદ્ર પ્રમાદી અપ્રમાણિક, ખુની અને દારૂડીયા મનુષ્યોના સબંધમા રહી તિરસ્કારરૂપ અને અધમતાથી ભરેલું જણાયછે ત્યારે ખરૂં જોતા અધમતા શેમા સમાયલીછે! નિર્ધનતામા કે પાપમાં ? જવાબ ખુલ્લોજ છે કે પાપ એજ અધમતાનું મુળ છે યા દરિ તાનુ મુળ અનેક જાતના પાપો ની પેદાશ હોય ત્યા આપણે એટલુજ કરવાનુ રહેછે કે એ પોષણ બંધ કરવુ કે જેથી દરિદ્રતાની અસહ્યતા દુર થશે તેમજ તેના ભયકર સ્વરૂપનો નાશ થઇ આપણને શુભ પરિણામો લાવવામા સાધનભુત થશે કોનફ્યુશીયસ નામનો એક મહાન તત્વવેત્તા પોતાના ગભશ્રીમત શીષ્યોને ઉત્તમ જીવન ગાળવાનો બોધ આપતી વખતે એક નિધન પણ સદ્ગુણી શિષ્યનો દાખલો રજુ કરતો જેની સામાન્ય સ્થિતિ એટલીબધી નબળી હતી કે ખાવામાં માત્ર ચોખા અને પાણીથી તેને મઘાની સેવુ પડતુ અને આરામ તરિકે એક કુદરતી ગુફાનોજ આધાર હતો છતા એ સબધમા માત્ર મૌન જાળવી પોતાના શિષ્ય જીવનમાં એ સ્થિતિને વિઘ્નરૂપ થવા દેતો નહિ એ શિષ્યની સ્થિતિમા કોઇ સામાન્ય મનુષ્ય મુકાતા તેણે અસતોષી અને દુખમય જીવન ગાળ્યુ હોત પણ આ પુરૂષે તો એવી અધમ સ્થિતિમા પણ પોતાનુ સમત્વ જાળવી રાખ્યુ નિધનતાથી સદ્વર્તનનો નાશ નથી થ તો પણ એથી ઉલટુ એ વર્તન બીજાને દ્રષ્ટાત રૂપ થઇ પડે છે જેવીરીતે સોદમાં જોડેલુ જવાહીર વિશેષ દેદિપ્ય દેખાય છે તેમ નિર્ધન સ્થિતિમા આ મનુષ્યનુ સદ્ગુણી જીવન વધારે શોભી નિકળ્યુ

(અપૂર્ણ)

ફક્ત થોડા વખતને માટે નીચેના ફોટા અરધી કિંમતે!!!

(દરેકનુ પોસ્ટેજ અને વી પી ખર્ચ જુદુ)

ફોટાનુ નામ		અસલ કિંમત	ઓછી કરેલી કિંમત
જહાંજોહાર	કેબીનેટ	રૂા ૦—૮—૦	રૂા ૦—૪—૦
ગબ્બર વાસિની	"	"	"
શાંતસ્વરૂપ	"	"	"
રથવાહિની	"	"	"
કેદાર પુનર્જીવન	"		"
રામચંદ્રજીનો અભ્યાગમ	"		"
ચંડમુંડ મર્દિની	"	"	"
મહિષ મર્દિની	"	"	"
સરસ્વતિ	"	"	"
શંકર (દીગંબર)	"	"	"
શંકર (કૈલાસ)	"	"	
ફોટોગ્રમાના મહાત્મા	કાર્ડસાઇઝ	રૂા ૦—૪—	રૂા ૦—૨—૦
શ્રી અંબાજીના ગોખની	ફુલસાઇઝ	૨—૦—૦	૧—૦—
"	કેબીનેટ	૧—૦—૦	૦—૮—૦

આ કિંમતો ફક્ત થોડા વખત માટેની છે તો તુરતમાજ મંગાવી લેવાથી મળશે પાછળથી મળશે નહિ

ખાસ વહેંચવા માટે સસ્તી કિંમતે !!!

શ્રી અંબાજી અને બહુચરાજીના યાત્રા વર્ણન —

રૂા ૧)ની ૭૫ નકલ, રૂા ાા ની ૩૫ નકલ

આ કરતા ઓછી સંખ્યામા આપવામા આવતી નથી.

દેવી ભક્તોમા બહોળા પ્રચારને માટેજ ખાસ !

શ્રી નવરાત્રિની કથા—(કાચુ પુઠું) રૂા ૧) ની ૧૦ નકલ

" (પુઠું જાડુ પાકાવાળુ) રૂા ૧) ની ૫ નકલ

ઉપરના માલની ફક્ત થોડી થોડી નકલોજ એ ભાવથી વેચવા કાઢેલી છે માટે ખલાસ થયાપછી મળી શકશે નહિ વહેલો તે પહેલો

श्री शक्तिधर्मोद्धारक समाज चूडा (काठियावाड)

ग्राहको प्रत्ये *

આજે ભગવાન પોષુમે જગે આ અસ્થાપેલા માસીકનો અંક હાથ ધરતાં દરેક ગ્રાહકોને માનદાસ્યર્ધ સાથે આ માસીકની સ્થિતી સંબંધી કાંઈક જાણવા સહેજ ઇચ્છા ઉત્પન્ન થાય એ સ્વાભાવીક છે અને તેને માટે આજ હું તે સંબંધી કાંઈક વૃતાંત આપવો ઉચીત સમજુ છું

આ માસીક વૃત્તીની શરૂઆતમાંજ જેમનો પધી હાથમાં લેતાં હાલના સ્વગરથ મહારાજા [illegible] તરફથી યોગ્ય આશ્રય સાથે શ્રી અંબાજીમાં સ્થાન મળવાથી મ્હારી બીન અનુભવી પણ બાલ્યાવસ્થાથીજ જગદંબા પ્રત્યે શુદ્ધ અને અપરીમીત શ્રદ્ધા ધરાવતી બુદ્ધીને આ માસીક કાઢવા ઇચ્છા ઉદ્ભવી અને ફક્ત પચાસ ગ્રાહકોથી શરૂઆત કરી અંબાજી દેવસ્થાનમાં [illegible] વીગેરેની અગવડો તેમજ હાથ ધરેલા વીષયમાં મ્હારો બીન અનુભવ છતાં સતત [illegible] નૈતીક પ્રયાસથી Where's a will there's the way એ સુત્ર ઇચ્છા શક્તીની કૃપા વડે અનુકુળ સંજોગોને લઈ ત્યાં આવતા શ્રદ્ધાળુ યાત્રાળુઓના સામાન્ય ઉત્તેજનથી ઉન્નતીક્રમ [illegible] વધારો વધ્યો અને તેને લીધેજ આજ સુધીની આ માસીકની કારકીર્દિના કાર્યો પૈકી શ્રી અંબીકાના ચરીત્રો તથા સ્થાપ તેના ફોટાઓની ભેટની વ્યવસ્થા અને યાત્રાળુઓની અગવડ દુર કરવાને માટે શ્રમ લઈ કાયમની પેઠે ઓપીસ એ બે કાર્યોની અમો આ સ્થળે નોંધ લઈ શકીએ છીએ આ માસીકના ચોથા વર્ષની શરૂઆતમાં અમોએ શ્રી માતાજીના દેવગની અંદરથી શ્રી માતાજીનો ફોટો કે જે ઘણા ઘણા દેશી અને યુરોપીયન ફોટોગ્રાફરોથી મેળવાયો નહોતો તે શ્રી માતાજીની કૃપા વડે લીધો અને માસીકની ભેટ તરીકે ગ્રાહકોને તેનો લાભ આપવા ધાર્યો પણ તે દરમીઆન કેટલાએક આસુરી પ્રકૃતી ધરાવનાર વીઘ્નસંતોષીઓ તરફથી ઉપરોક્ત મહારાણા સાહેબને એમ સમજાવવામાં આવ્યું કે માતાજીના તાદ્રશ સ્વરૂપના ફોટાનો ઘેર ઘેર પ્રચાર થઈ જશે તો ઘેર બેઠા માતાજીના તાદ્રશ સ્વરૂપનો લાભ મળતાં કોઈ માતાજીની યાત્રાએ આવશે નહી જોકે આ કહેવું તદન નાપાયાદાર હતું અને તે સંબંધે અમોએ શ્રી અંબીકાવીજય પુ ૫ ના ૧ લા અંકમાં જયવંતજ (?) મોહત્સવ નામક લેખ લખી શ્રી અંબાજીનો ફોટો દર્શન અને પુજનમાં રાખનાર ભક્ત શ્રી અંબાજીના અસલધામ શ્રી આરાસુરની યાત્રા કરવા નિરંતર આતુર રહી બનતી મગદુરે (?) શ્રી જગદંબાના દીદારનું દર્શન કરવા પ્રયત્ન શીલ રહેશે એમ સીદ્ધ કરી બતાવ્યું હતું છતાં પણ સમય વગરનું બોલવું वृथा वृष्टि समुद्रेषु ની પેઠે નીરર્થક જાય છે તેથી મુંગે મોઢે રાજ્ય આજ્ઞાને માન આપી તે ભેટ બંધ કરી આ વખતે જો આપણી સંમતતા હતી તે સંમતતાને સ્થાન મળ્યું હોત તો તેજ વખતે આ માસીકનો અંત હતો પણ ઈશ્વરીની ઇચ્છા પ્રબળ છે તેથી અમો તે વીઘ્નમાંથી વગર જોખમે પસાર થયા છતાં શ્રી મા

---

* આવતા અંકથી આ સ્થળે શ્રીમચ્છંકરાચાર્ય પ્રણીત આનંદ લહરી શ્લોક સરલ ટીકા સાથે દાખલ કરવામાં આવશે

તાજીના ચરીત્રો ઉપરથી બેટ માટે કલ્પિત ફોટાઓ તૈયાર કરવા તે પણ રાજ્યની મંજુરીથી
જ પ્રગટ કરવા એવો અમારા ઉપર અંકુશ મુકાયો તેથી ત્યા તેવીજ અગત મા બે વરસ ગુ
જાર્યા પછી ભવીષ્યમા વધારે અડચણોની સંભવતા દ્રષ્ટીમર્યાદામા આવતા અમોએ તે સ્થળ
છોડી દીધુ

આ વખતે મ્હારા વડીલ ભાઇ કે જેઓ ત્યા અંબાજીમા થાણદારના હોદ્દા ઉપર હતા તે
મને પણ તે પ્રદેશના ઝરણાના પાણી ઘણા લાંબા વખતના સેવનથી થયેલ સોદીવીકાર અને તેવી બ્યા
ધીઓના પરીણામે ભગંદરનું બરાબર દર્દ થઇ આવ્યુ હતુ તેથી તેમણે પણ નોકરી છોડી દઇ
મ્હારી સાથે આવવાની આવશ્યકતા સ્વીકારી. અમોએ અમદાવાદમા શ્રી અંબીકાવીજય ઑફી
સ ઉઘાડી ત્યા શ્રી અંબીકાવીજય પ્રીન્ટીંગ પ્રેસ નામના અમારા છાપખાનામા માસીક છાપી
પ્રગટ કરવા માંડ્યુ પણ ત્યા પ્રેસ અને માસીકના કામ સાથે મારા ભાઇની જુદા જુદા વૈદો
અને ડાકટરો પાસે દવા કરાવવાનો વ્યવસાય અને ખર્ચ જોડ્યા તેની સાથે વળી અંબાજી ઘણા
સ્થાનમા અમો હોવા કેટલાક લોકો કે જેઓ શ્રી અંબાજીની યાત્રાએ વારવાર આવતા હોવા
થી અમારી મ્હોટા શરમથી કે તેને લીધે પોતાની સગવડો સચવાય તેના પ્રત્યુપકાર તરીકે
આ માસીકના ગ્રાહક થયેલા હતા તેઓ શ્રી અંબાજી પરતેની શુદ્ધ શ્રદ્ધાના અભાવે ગ્રાહક ત
રીકે ચાલુ રહેતા અટક્યા અને આવા ગ્રાહકોમાના કોઇ કોઇ પોતાની મરજીના આગેવાન
તરીકે મંડળીનું લવાજમ ઉઘરાવી લઇ પોતાના નામ ઉપર યોગ્ય સમયે આપવા ઉપર મુલત
વી રાખી લેણી રકમો રાખતા તે રકમોની ઉઘરાણીને માટે ખાતર ઉપર દીવેલની પેઠે પોસ્ટ
ની ટીકીટો લાગવાનો બોજો અમારા ઉપર આવી પડ્યો. કેટલાક માસ સુધી આવી રીતે ચ
લાવતા અમદાવાદમા દવાનું સારૂ પરીણામ ન આવતા અમારા વતન ગુંડાના હવાપાણી સારા
હોવાથી તેમજ વૈદ્યની પણ અનુકુળતા હોવાથી ત્યાં આવ્યા અને ત્યાના પાટવી કુમારશ્રી
જોરાવરસીંહજીના નામથી ભવીષ્યમા તેઓ રાજ્યગાદી ઉપર આવશે ત્યારે રાજ્ય તરફથી સા
રો આશ્રય મળવાની આશાએ શ્રી જોરાવરસીંહજી પ્રીન્ટીંગ પ્રેસ એ નામનું છાપખાનુ ઉઘાડી
માસીક ચાલુ રાખ્યુ તે સાથે દવા કરાવવી પણ શરૂ કરી આ રીતે બારેક મહીના દવામા વ
ખત અને પૈસાનો ભોગ આપ્યા છતા પરીણામે દર્દ વધતુંજ ગયુ અને બે ચાર ડાકટરોનો
ઓપરેશન (કાપકુપ) કરાવ્યા સીવાય મટશેજ નહી એવો મત પડતા વારવાર પ્રેસનો સામાન
ફેરવવાથી કંટાળી પ્રેસ તથા માસીકનું કામ બંધ કરી ફરી અમદાવાદ ગયા. ત્યા ચાર પાંચ
મહીનાના અત્યંત પરીશ્રમ અને પૈસાના ખર્ચથી ઓપરેશન (વાઢકાપ) કરાવતા તદન આરામ
થઇ ગયો એટલે પછી આજના વખત સુધી થયેલ ખર્ચ અને પરીશ્રમ સફળ થયાને માટે આ
નંદ પામી છપરીનો તે ખાતે ઉપકાર માનતા પડ સલામતતો પાઘડી બહોતેરી એ કહેવતનું
સ્મરણ કરી મન વાળ્યુ અને ફરી ત્યાં ૧૯૦૮ના જાનેવારીથી શ્રી અંબીકાવીજયનુ સાતમુ વ
ર્ષ શરૂ કર્યુ મ્હારા ભાઇએ પણ હર્ષ તરંગ નામે માસીક ચલાવવુ શરૂ કર્યું ઉપર પ્રમાણે મ્હા
રા ભાઇની આ ગીના સબબે બે ત્રણ વર્ષ સુધી વારવાર સ્થાન બદલાને લઇ માસીક સંબંધી
બરાબર વ્યવસ્થા રહી ન શકવાને લીધે તે દરમીઆનના વખતમા ઘણી વખત અનીયમીત થ
ઇ જવું છતા પણ દેશી સંબંધી ફકત આ એકજ માસીક હોવાથી તેમજ તેને ગ્રાહકો તરફ

મા આશ્રવની આનસમગ્તા સ્ત્રીમારી જગદના પ્રથે પુર્ણ શ્રદ્ધા ધરાવતા અમારા સુજ્ઞ ગ્રાહકો હદપારની સહનશીનતા ધારણ કરી ચાલુ રહ્યા હતા અને હવે તેમન પુર્ણ સતોષ આપવાએ મે અમે નીશ્ચય કર્યો હતો છતા ભવીતવ્યતાને મીથ્યા કરવા કોઇ સમથ નથી તેથી ચાર અ ક આવી રીતે નીયમીત બ્હાર પ યા પછી તુરતજ મ્હારા ભાઇએ કેટલાક મ ણોને લઇ હ દન ગ બ ધ કયુ અને મને પોતાની સાથે આહી ચુ? લઇ આવ્યા ઘણા ખરા ગ્રાહકોના સ વાલ્જમો અગાઉથી આવી ગ ૧ હતા છતા તેના પમાનો ગેરઉપયોગ થયા તેથી મામી ચા લુ રાખવાની તીવ્ર લાગણી હોવા છતા પણ આ પોણાબે વરસ નીરૂપાયે વ્યતીત કરવા પ ડયાછે પણ તે વખત રમીઆન મળેલા અનુભવ ભવીષ્યની જીદગી માટે અમુ પ છે દીવસે દીવસ સમય બારીક આવતો જાયછે શાત જીદગી કે જે મને મુળથી પ્રીય છે તે પ્રાચીન સ મયમા અધમ પણ હાલના સમયમા શ્રેષ્ટ મનાતી નોકરીથી સાધી શકાય તેમ છે છતા પણ માસીક જ્યારથી બ ધ છે ત્યારથી મ્હારૂં હૃદય ની તરને માટે ઉદ્દીગ્ન ગ્થા કરેછે અને વારવા ર વીચાર થઇ આવેછે કે —

प्रारभ्यते न खलु विघ्न भयेन नीचै
प्रारभ्य विघ्न विहिता निरमति मध्या
विघ्नै स्सहस्त्रगुणीतै रपि हन्यमाना
प्रारभ्य मुत्तम जना न परित्यजन्ति

ભાવાથ ઉત્તમ મધ્યમ અને કનીષ્ટ એ ત્રણ પ્રકારના મનુષ્ય હોય છે તેમાના કનીષ્ટ મનુષ્ય વીઘ્ન થવાના ડરથી કોઇ કામમા હાથ ઘાલતા નથી અને મધ્યમ મનુષ્ય કામહાથમા લે છે પણ તેમા કોઇ પ્રકારની અડચણ પ ડવા એકદમ મુકી દે છે પરંતુ ઉત્તમ મનુષ્ય તો હ જારો વી ન આવી પડે છતા હાથમા લીધેના (આરભેલા) કામને છોડી દેતા નથી

વળી માતાજી ત્રત્યેની મ્હારી અન ય શ્રદ્ધા પણ મને એજ રસ્તે પ્રેરેછે તેથી ગર્યા ત્રણ ચાર વષના ગાળામા ઉપર બતાવેલા કારણોને લઇ નાણા સબધે સ્થિતિ ત ગ છતા મ્હારા સ હધર્મી બ ધુઓ તરફના ઉદાર આશ્રય ઉપર સંપુર્ણ આધાર રાખી પુન માસીકનો પ્રારભ કરેલુ

હાલમા આર્યાવતમા અનેક ધમ મતો થઇ ગયા છે તેમા જ ાદેખાની ભક્તી નીપુણતા ની સ્થીતીએ આવી ગઇછે ફક્ત ભયકે અડચણ વખતે કે કોઇ કામનાની સીદ્ધિને માટે અ બાજી બહુચરાજીની બાધા આખડી રાખવામા આવેછ છતા દેવી સબધી ભક્તીનો કોઇ સ્વ ત ત્ર મત નથી તેમજ તેના તીથસ્થળ કે ના લોકોની બાધા આખડીના રૂપે દેરક્ષણ સ ચયનો સભવ છે તેમાથી દેવી ધર્મની ઉ ન્નતીને માટે ઉપદેશકો વીગેરે વ્યવસાયનો કોઇ નર્બ ધ નથી તેવા સમયમા ફ ત ગ્રાહકોના લવાજમોના આધારેજ ચગટ થતુ આ માસીક ધર્મ પ્રતે કાઇપણ શ્રદ્ધા ભક્તી ધરાવતા હ જોને આવકાર દાયક થઇ પડશે એમ મારૂં મા નવુ છે તેથી તેવા દરેક સજ્જનોને વીનતી કરવામા આવેછે કે આગલા સમય આ માસીક બ

ધ રહ્યાને લીધે કેટલાક ઉપલકીયા—શ્રદ્ધા ભક્તી શીવાયના ગ્રાહકો તો બંધ થઇ જવા સ
ભવ છે અને કસોટીને અંતે જેમ શુદ્ધ કંચનજ પોતાની અસલ સ્થીતીમા રહેછે તેની પેઠે
જેઓની જગદંબા પ્રત્યે શુદ્ધ શ્રદ્ધા હશે તેનાજ ગ્રાહકો ટકી રહેશે કહેવાનો તાત્પર્ય એછે કે
માસીક ચાલુ સ્થીતીમા હતું અને તેને ગ્રાહકો તરફનો જે આશ્રય હતો તેમા આ બંધ પડી
ફરી શરૂઆત થતા ફેરફાર થઇ જવા સંભવ છે વળી જેમના લવાજમો માસીક બંધ થયા
અગાઉ આવી ચુક્યા છે તેમના બાકી રહેના અંકો પુરા પાડવાની અમારી ફરજ છે તેથી તે
મના નંબ પુરા થઈ રહેતા સુધી તે લવાજમોનો આધાર આ ફરી શરૂ થતા માસીકને નથી
માટે માસીકના નીભાવને માટે શ્રી જગદંબા પ્રત્યે ભક્તીભાવ ધરાવતા હોઇ તેના પ્રત્યે
લાગણી ધરાવતા દરેક ગ્રાહકનુ કર્તવ્ય છે કે આ માસીકના બીજા નવા ગ્રાહકો વધારવા તન
મનથી મહેનત કરવી અને તેનો બદલો આપવા પરમકૃપાળુ જગદંબા શક્તીમાન છે જેઓના
લવાજમ બાકીછે તેમને અને જે નવા ગ્રાહકો થશે તેમને આ વરસની ભેટ બલ અમારે ત્યા
મળતા જહાંગીરધાર, શાંતસ્વરૂપ, ગબ્બરવાસીની, ચંચળાજીની ચંડી મહીષમર્દની કેસરપુનરજી
વન પ્રદાન, રામચંદ્રજીનો અંબાભેખ અને શ્રી અંબાજીનો ખાસ ફોટો વીગેરે ફોટાઓમાથી
જે ફોટો પસંદ કરશે તે કેબીનેટ સાઇજનો ભેટ બદલ આપવામા આવશે અને આવતા વર્ષે
ભેટને માટે નવો પ્રબંધ કરવામા આવશે તે રીતના આ ફોટાઓ છુટક ખપાવવા માટે પણ
પ્રયત્ન કરવો તેમજ અમારા તરફથી હમણા પ્રગટ થયેલ "શ્રી નવરાત્રની કથા" કે જે દરેકે
દરેક દેવીભક્તને રાખવા લાયક છે અને માગશર ચૈત્ર અશાડ અને આસોના નવરાત્રમા અત્યંત
ઉપયોગી છે તેની ઓછામા ઓછી એક એક પ્રત દરેક ગ્રાહક રાખશે અને છુટક ખપાવશે
તેવી આશા રાખવામા આવેછે વળી નૉવેલો વાચવાના શોખીનોને માટે જગદંબા પ્રત્યેની ભ
ક્તી પ્રદર્શિત કરનારા નૉવેલો પ્રગટ કરવા ધારણા છે તેમા હરપાળદેવ અને શક્તીદેવી નામનુ
એક ઐતીહાસીક નૉવેલ પ્રગટ થઇ ચુક્યુ છે તો તે ખરીદવા અને ખપાવવાની ભલામણ છે

ઉપર પ્રમાણે ગ્રાહકો વધારવામા તથા ફોટાઓ અને પુસ્તકો ખપાવવામા જેટલે દરજ્જે
ગ્રાહકો ઉત્સુક રહેશે તેટલે દરજ્જે આ માસીકનો નીભાવ થવા આધાર છે અને તે દ્વારા મા
સીક ટકી રહી તેની ઉન્નતી થાય તેનુ માન તેમનેજ છે અમારા ક્ષુદ્ર હાથને ઈશ્વરી પ્રેરણા
કરેછે તે પ્રમાણે દોરાયછે લાભ હાની યશ અપયશ સર્વ ઈશ્વરીને હસ્તક છે ઈશ્વરીની સેવા
તરીકે માસીક પ્રગટ કરવાનુ કતર્વ્ય સ્વીકાર્યુ અને તેના નીભાવને માટે પ્રયત્ન કરવાનુ ક
ર્તવ્ય સુજ્ઞ ગ્રાહકો સ્વીકારશેજ એમ આશા છે તથાસ્તુ!

देवी तत्व दीवाकर

(प्रथम रस्मि)

વિશ્વમા આ જગત કણિકા માત્ર છે અને જગતમા આ જીવિત કણિકા માત્રછે અ
નંત વિશ્વ પરિમાણની સરખામણીમા અલ્પતામાં પણ નહી લેખાતા પ્રદેશમાંનો એક ક્ષુદ્ર

ન આના મહાન વિષયપર પોતાની કલમ ચલાવવાનું જે સાહસ કરેછે તો જોકે આકાશ પુષ્પ નાશ્ય કરવાની ચેષ્ટા સમાન દુર્ઘટ છે તોપણ દુનિયાના પ્રપંચોમાં રચી પચી રહેલી વાણી ની શુદ્ધતાને અર્થે અપાત્રે મિથ્યાસ્તુતી રૂપી દોષના પ્રાયશ્ચિત અર્થે અને હૃદય મંદીરમા વસતા ચૈતન્યતત્વની ઉન્નતિને અર્થ જે શક્તિ સકળ વિશ્વની નિયામક છે તેના ગુણાનુવાદ મને તે સામર્થ આપશે એમ સંપુર્ણ આશાએ હૃદય પ્રેરણા કરેછે

કોઇ પણ કાર્ય તેના કર્તા શિવાય બની શકતુ નથી એ નિયમ પ્રમાણે આ સૃષ્ટિના કર્તા તરિકે ઇશ્વરનુ અસ્તિત્વ સ્વિકારતા એ ઇશ્વર કોણછે અને તેણે સૃષ્ટિ ક્યારે પેદા કરી એ સ્વાલ આપણા અંતઃકરણમા સ્ફુરશે વેદમા સર્વ વ્યાપક અને સર્વના પાલક વિષ્ણુ કહેલાછે કે જેથી વિરાટરૂપ આ સઘળુ બ્રહ્માંડ ઉત્પન્ન થયુછે સર્વે દેવતાઓ નારાયણ ભગવાન કે જે પરથી પર ઇશ્વરોના સ્વામી અને સર્વ વ્યાપક છે તેમને પ્રણામ કરી ઉપાસના કરેછે કેટલા એક સદાશિવ કે જે મોટા દેવ પાંચ મુખવાળા અર્ધચંદ્રને મુકુટમા ધરનાર અને વેદોમા રુદ્ર એ નામથી વખાણેલા છે તેમને ભજેછે કેટલાએક વેદવેત્તાઓ પ્રત્યેક દિવસે પ્રાતઃકાળે મધ્યાન્હે અને સાયંકાળે અનેક સ્તોત્રોથી સૂર્યદેવની સ્તુતી કરેછે સઘળા વેદોમા સૂર્યની ઉપાસના ને ઉત્તમ ગણેલછે અને તે મોટા દેવનુ પરમાત્મા નામ પ્રખ્યાત છે વેદનો પાર પામેલા અનેક મનુષ્યોએ અગ્નિ વરૂણ અને ઇંદ્રની પણ સર્વ વેદોમા સ્તુતી કરેલી છે જેમ ગંગા નદી અને પ્રવાહોમા વહેછે તેમ સર્વ દેવતાઓમા મહાન ઋષિમુનિયોએ અનેક પ્રકારે વિષ્ણુનુ વર્ણન કરેલુ છે અને અનેક પ્રમાણોથી પણ જણાય નહી એવુ જે બ્રહ્મ છે તેજ જગતનુ મુખ્ય કારણ છે એમ વેદાંત કહેછે આ પ્રમાણે સર્વ મતો વેદમાંજ છે તેથી તેઓમા કયો મત મુખ્ય છે એ વિચાર જોકે દુર્ઘટ છે તો પણ નિશ્ચયાત્મક બુદ્ધિથી વારંવાર વિચારી વેદના વચનોનો પુર્વાપર આદિક્રમ ઉપરથી કયો તાત્પર્ય સિદ્ધ થાયછે તે વિચારવુ જોઇએ બુદ્ધિમાન પુરૂષે જે પ્રત્યક્ષ જણાતુ હોય તે પ્રમાણ માનવુ અને શ્રુતિઓના માર્ગને વિરોધ ન આવે એવુ જે અનુમાન હોય તે પણ પ્રમાણ માનવુ વિદ્વાનો કહેછે તેમ પુરાણો પણ કહેછે કે બ્રહ્મા મા સૃષ્ટિ કરવાની શક્તિ વિષ્ણુમા પાલન કરવાની શક્તિ શિવમા સંહાર કરવાની શક્તિ સૂર્યમા પ્રકાશ કરવાની શક્તિ શેષમા તથા કૂર્મમા ધારણ કરવાની શક્તિ વાયુમા પ્રેરણા કરવા ની શક્તિ અને અગ્નિમા દાહ કરવાની શક્તિ છે આ પ્રમાણે વસ્તુ માત્રમા શક્તિ છે ત્યારે જે આદિ શક્તિ છે તેજ તે તે વસ્તુમા તે તે શક્તિ રૂપે પરિણામ પામેલી છે એમ સમજવુ જોઇએ

જે પદાર્થ શક્તિ વિનાનો હોય તેને પંડિતો અસમર્થ કહેછે આ બ્રહ્માંડની અંદર સ્થાવર અને જંગમરૂપ સર્વ પદાર્થોમા જે શક્તિ રહિત હોય તે નિર્બલ કહેવાયછે જેમા શક્તિ ન હોય તે સર્વ કાર્યમા અસમર્થ થાયછે જેમ સર્વ પદાર્થોમા શક્તિછે તેમ બ્રહ્મ પણ એક પદાર્થ હોવાથી તેમા પણ શક્તિ છે અને તે શક્તિ પોતાના આશ્રય રૂપ બ્રહ્મથી અભિન્ન છે અગ્નીની શક્તિ અગ્નિથી કાંઇ ભિન્ન હોતી નથી એટલા માટે સર્વમા જે શક્તિ રહેલી છે તેજ બ્રહ્મ—ચૈતન્ય છે એમ કહેવાય છે એજ શક્તિની મનુષ્યોએ સર્વદા ઉપાસના કરવી જોઇએ

અને વિચાર કરવો જોઇએ કે વિષ્ણુમા જે સાત્વિકી શક્તિ રહેલી છે તે જો ન હોયતો વિ ષ્ણુ કાઇ કામ કરી શકે નહી બ્રહ્મામા જે રાજસી શક્તિ રહેલી છે તે જો ન હોયતો બ્રહ્મા પણ પોતાના સૃષ્ટિ કરવાના કાર્યમા નિષ્ફળજ થાય અને શિવમા પણ જે તામસી શક્તિ છે તે જો ન હોયતો શિવ સહાર કરી શકે નહી આ પ્રમાણે વારવાર વિચાર કરી નિશ્ચય કર વો જોઇએ કે એ શક્તિજ આ સચરાચર બ્રહ્માડને પોતાની ઇચ્છાથી સૃજેછે પાળેછે અને સ હાર કરેછે માટે તે શક્તિ કોઇ બીજાથી ઉત્પન્ન થયેલી નથી વિષ્ણુ બ્રહ્મા શિવ, ઇ અ ગ્નિ સૂર્ય અને વરૂણ વિગેરે દેવતાઓ શક્તિ વિના પોત પોતાના કામ કરી શકેજ નહી કા રણોમા અને કાર્યોમા એ શક્તિ પ્રત્યક્ષ રીતે જણાય છે વિદ્વાનો એ શક્તિને સગુણ અને ની ર્ગુણ એ બે રૂપે વર્ણવેછે તેમા રાગી લોકોએ સગુણ અને ત્યાગી લોકોએ નીર્ગુણનું સેવન ક રવુ જોઇએ બ્રહ્મા વિષ્ણુ અને શિવ એઓ એ શક્તિના સગુણરૂપ છે તેમજ સૃષ્ટિની આ દિમા તેમજ પોતાના ભક્તોની કાર્ય સિદ્ધિને અર્થે એ શક્તિનો સગુણ રૂપે આવિર્ભાવ થયે લોછે અને ત્રણ ગુણોની સામ્યાવસ્થા રૂપ જે બ્રહ્મ છે તે તે શક્તિનુ નીર્ગુણ રૂપ છે ધર્મ અ ર્થ કામ અને મોક્ષના ઇશ્વરી એ શક્તિનું પૂજન કરવાથી મનવાંછિત સુખ પ્રાપ્ત થાયછે મો હથી ઘેરાયેલા મૂઢ લોકો તેને જાણતા નથી અને કેટલાએક જાણતા છતાં બીજાઓને ભુલ ખ વરાવેછે કળિયુગે પ્રેરેલા અને અશુદ્ધ બુદ્ધિવાળા પંડિતો પણ પોતાના પેટ ભરવાના સ્વાર્થ અર્થે નોખ નોખા પાખંડ ચલાવેછે આ કળિયુગમા જેવા નોખ નોખા પાખંડ ઉભા થયાછે તેવા બીજા યુગોમા કદી હતાજ નહી વિષ્ણુ બ્રહ્મા અને શિવ એ ત્રણે દેવ કોઈ અવિનાશી સ્વરૂપનું ધ્યાન ધરીને અનેક વર્ષો લગી ઉગ્રતપ કરેછે એ ત્રણે દેવ સર્વદા કોઇ મનોરથને ઇચ્છીનેજ અનેક પ્રકારના યજ્ઞ કરેછે એ દેવતાઓ ઉત્તમ પરમાત્મા અને બ્રહ્મરૂપ તે નીત્ય શ ક્તીને સનાતન માનીને તેનું નીરંતર ધ્યાન કરેછે એટલા માટે વીદ્વાનોએ નીશ્ચયપુર્વક નીરંત ર શક્તીનુંજ સેવન કરવુ એજ સર્વ શાસ્ત્રોનો નીશ્ચય છે આ સૃષ્ટીના આદીકાળમા ત્રીગુણા મ ક પરમેશ્વરી મહાલક્ષ્મીજ કોઈ સ્થળે લક્ષ્ય સ્વરૂપે અને કોઇ સ્થળે અલક્ષ્ય સ્વરૂપે વ્યાપેલા હતા એ દેવીને ચાર હાથ છે તેનુ શરીર તપ્ત સુવર્ણ જેવુ છે અને તેણે તપાવેલા સો નાના આભુષણો પહેરેલા છે આ અખીલ બ્રહ્માડ પહેલા શુન્ય હતું તેને તેણે પોતાના તેજથી પ્રકાશીત કર્યું સકળ વીશ્વને આરંભમા પરમેશ્વરી શુન્ય દેખીને પોતે પોતામાથી તામસી સ્વરૂપ ઉત્પન્ન કર્યુ આ તામસી સ્વરૂપ કાળુ હતુ તેના મોઢામા મોટી મોટી દાઢો હોવા છતા વદ નચંદ્ર દેદિપ્યમાન હતું નેત્રો વિશાળ હતાં તેમજ કટિભાગ પાતળો હતો તેમની ચાર ભુજાઓ મા ખડગ, પાત્ર ખેટ અને માથાં ધારણ કરેલા હતા અને ગળામા પહેરેલ એક ધડનો અને બી જો માથાનો એમ બે હાર છાતી સુધી લટકતા હતા. તે મદોન્મત તામસી દેવી પ્રત્યે મહાલક્ષ્મી બોલ્યા કે 'તારા જેવા રૂપો છે તેવાજ નામ હું તને આપુછુ મહામાયા મહાકાળી મહામા રી, ક્ષુધાતૃષા, નિદ્રા તૃષ્ણા, એકવીરા કાળરાત્રી અને દુરત્યયા એવા તારા નામ તારા કાર્યોને લીધેજ પ્રતિપાદ્ય છે અને જે મનુષ્ય તારા કામોનો જ્ઞાતા થશે તે સુખ ભોગવશે મહાલક્ષ્મી એ પ્રમાણે બોલ્યા પછી તેમણે એક બીજુ સ્વરૂપ પણ ઉત્પન્ન કર્યુ તે સ્વરૂપ સત્વ ગુણથી ભરપુર હતુ અને તેનુ તેજ ઈંદુ—ચંદ્ર સમાન હતું તેણે અક્ષમાળા અંકુશ, વીણા અને પુ

તુ અને ત્યાર પછીની સૃષ્ટીનુ સપાદન ઠ। ભાના સ્થાપન કરેન નીયમ નમાણ્યુ કિ દેવમાન એ । થીતપ નભાવના પ્રમાણાનુસાર થતા છતા અનેક બ્રહ્માડાની વાતોને જાણવા આપણે સમર્થ ન થી તેમજ પ્રયોજન પણ નથી પણ મહાત્માઓના કહેવા નમાણે આપણે વસીએ છીએ તે પૃ ન્વી પર।। મહા નલન પછી વીષ્ણુ ભગવાન શેષનાગ રૂપી શય્યા પર પોઢ્યા હતા તેમના ની કમળમા બ્રહ્મા ઊત્પન થયા ત્યા વીષ્ણુના કાનના મેલમાથી ઉત્પન થયેના મધુ કૈટ ભ નામના બે દૈત્યો બ્રહ્માને ગળવા લાગ્યા તે વખતે બ્રહ્મા વીષ્ણુની શરણે જતા વીષ્ણુ યોગનીદ્રા ને વશ હતા અને અનેક યત્ન કરના છતા તે જાગ્યા નહી ત્યારેજ બ્રહ્માને વીષ્ણુ કરતા યોગનીદ્રા રૂપી શક્તીની અધીકતા જણાઇ હતી એ યોગની । એજ મહાલક્ષ્મીએ ઉત્પન્ન થઇ મહાકાળી નામે તામસી સ્વરૂપ હતા અને તેમણે મધુ કૈટભને મારી વીષ્ણુ અને બ્રહ્માને ભ યમુક્ત કર્યા હતા ફરી દુર્જય મહીષાસુર જ્યારે દેવોને પીડતો હતો ત્યારે ઊપરોક્ત મહાલક્ષ્મી એ તેને મારી દેવોને સતોષ્યા હતા તેમજ મહાસરસ્વતીએ શુભનીશુભન મહારી દેવતાઓનો ઝનનસાહ નીષ્ટક કરી આપ્યો હતો તો એવા જગદબાને ભજનામા કયો મ મનુષ્ય ખ રૂશી લાવે। પાપકર્મના ફળ રૂપ પડળ જેના જ્ઞાનચક્ષુ તટ આડે આવી અડેલા છે તે શીવાય ના મનુષ્ય કે જેના સત્કર્મ રૂપી બીજ ઇશ્વરી કૃપામૃતના પાયણુથી ઊગી નીકળવાનુ નીમાણ થયેલુ છે તેવાને તો શ્રી જગદબામા સ્વભાવીક રીતે સદા ભક્તી ઉત્પન થાયજ હવે માતા સ્વરૂપ કહેવાનુ શરૂ કરીએ છીએ

સપુર્ણ



કુથનકણ

જીદગી ટુકી છે હુન્નર વીશાળ છે તક ચલીત છે પ્રયોગ અચોક્કસ છે અને નીર્ણય મુશ્કેલ છે (હીપોક્રીસ)

ઘણા દ્રષ્ટાતોમા જુવાનીના સરકા ભરતા સોહીએ એવી બાબતો આજમાવી હોય છે કે જેનો પશ્ચાતાપ વૃદ્ધાવસ્થાના ફળતા હાડકાઓને કરવો પડયો છે (હોવી)

કોઇપણ માણસના આત્મપોષક સમૃદ્ધી તેના જીવતરને કોઇપણ રીતે લાયકી આપી શ તી નથી (બેકન)

એવી એક ફરજ નથી કે જે અદા કરવાથી આપણે વધારે સુખી ન થઇએ અથવાતો એવી એક લાલસા નથી કે જેને માટે ઇલાજ નથી (સેનેકા)

વીનાસમા જવાનો દરવાજો પહોળો છે અને રસ્તો વીશાળ છે અને તમા જાય તેવા ઘણા હોય કારણકે ઉન્નતીના જીવીતમાં દાખલ થવાનો દરવાજો સકડો છે અને રસ્તો સાકડો છે અને તે શોધી કાઢનાર થોડા હોય છે (બાઇબલ)

જે કરાવવાની તારી ઇચ્છા હોય તે તરવારના પાણી નહી પણ હસ્તો મુખના નમાર થી કરાવી લેજે (શેક્સપીયર)

પુરતી રીતે આનંદ ઉપજાવે તેવી સારી વર્તચીત કરવાની શક્તી અથવા મૌન રહેવાની પુરતી અક્કલનો અભાવ એ મોટુ દુર્ભાગ્ય છે (લ્ડર બટલર)

થ્રીફ્ટ Thirft કરકસર શબ્દ પોતેજ આપવ Thrive " (આબાદ થવુ)ધાતુ પરથી નીકળેલો છે તેથા તે પોતાનો અર્થ બતાવે છે (કવેકર)

જેને બીજો કમાણીદાર ભાઇ ન હોય તેને કરકસર તે એક ભાઇ સમાન છે (નીતીસાર)

ઝેર એ મોટુ ઝર નથી પણ મોટુ ઝેરતો દેણુ છે કારણ કે ઝેર તો એકનોજ પ્રાણ લે છે પણ દેવુ તો પુત્ર અને પ્રપુત્રોને પણ હણે છે (સદ્દતન)

સારી વાર્તચીતની પહેલી અનયવંભૂત વસ્તુ સત્ય છે બીજી સારી અક્કલ ત્રીજો સારા સ્વભાવ અને ચોથી મર્જાક છે અને પહેલી ત્રણ બાબતો કોઇ પણ રીતીએ દરેક માણસની શક્તિમા છે (વીલીયમ ટેમ્પલ)

તમે કોની સોબતમા રહો છો તે કહો એટલે તમે કોણ છો તે હુ કહીશ (સ્પેનીશ કહેવત)

તમારુ જે કર્તવ્ય હોય તે કરવાનો નીશ્ચય કરો અને જે નીશ્ચય કરો તે નીષ્ફળતા વીના સીદ્ધ કરો (ફ્રાંકલીન)

જો મનુષ્ય ઇશ્વર ઉપર આસ્થા રાખવાને માટે અન્યાયથી થતુ દુખ સહન કરતો તે પ્રસંશનીય છે (સેંટ પીટ)



વાણીવિલાસ

કાશી નામની રાજ્યધાનીમા સુપ્રતાપ નામે રાજા રાજ્ય કરતો હતો તેમા એક દીવસ ચાર ચોર એક શાહુકારનુ ઘર ફાડતા પકડાઇ ગયા તેમને રાજા પાસે લાવવામા આવ્યા રાજાએ જલાદોને આજ્ઞા કરીકે આ ચારે ચોરને ગામથી બાહાર લઇ જઇ સુળી પર ચડાવી મારી નાખો કેમકે—

सवर्द्धन च साधूना दुष्टाना मर्दन तथा
राजधर्म बुधा प्राहु दंडनीति विचक्षणा

અર્થ—સાધુઓનુ રક્ષણ અને દુષ્ટોનુ મર્દન એ રાજાઓનો ધર્મ છે એમ દંડનીતીને જાણનારા પુરૂષો કહેછે

રાજાની આજ્ઞાથી જલાદ લોકો તે ચારે ચોરને ગામ બહાર લઇ ગયા અને તેમાના ત્રણને સુળીપર ચડાવી દીધા ત્યારે ચોથો વીચાર કરવા લાગ્યો કે —

प्रत्यासन्नेऽपि मरणे रक्षोपायो विधीयते

उपाये सफले रक्षा भवत्येव न संशय

અર્થ—મરણ પાસે આવ્યું હોય તો પણ રક્ષાનો ઉપાય કરવો જોઇએ કેમકે ઉપાય ન ફળે ચાલતો રક્ષા થાયજ એમા સંશય નથી વળી—

व्याधिना पीड्यमानोऽपि मार्यमाणोऽपि भू भूजा
प्रत्यायाति यमद्वारात् प्रतिकार परो नर॰

અર્થ—વ્યાધી પીડા કરતો હોય અને રાજા મારી નાખતો હોય તો પણ જે ઉપાય કરવા મા તત્પર હોય તે યમદ્વારથી પણ પાછો આવેછે

આ પ્રમાણે વીચાર કરી ચોર બોલ્યો કે હે જલાદો ત્રણ ચોરને તમે મારી નાખ્યા અને હવે મને મારી એક વાત રાજાને જાહેર કરીને મારો હું એક મોટી વીધા જાણુછુ અને હુ મરી ગયા પછી તે વીધા નાશ પામશે માટે મારી પાસેથી તે વીધા લઇ રાજા મને મારી નાખશે તો તે વીધા મનુષ્ય લોકમા રહેશે જલાદો બોલ્યા કે હે અધમ ચોર! વધસ્થાનમા તને આરોપેછે છતા તુ હજી જીવવા ઇચ્છેછે? તું કઈ વીધા જાણેછે! અને તારા જેવા અધમની વીધા રાજા શીરીતે ગ્રહણ કરશે ચોર બોલ્યો અરે જલાદો તમે શુ બોલાછો રાજાના કામ મા વડતર નાખવા ઇચ્છોછો! જો રાજા જાણશે તો અવશ્ય આ મોટી વીધાને ગ્રહણ કરશે અને તમો આ વાત કહેશો એટલે તમારા ઊપર પણ રાજા પ્રસન્ન થશે પછી તે ચોરના વચનથી રાજાના કામમા બાધ ન થવો જોઇએ એમ ધારી જલાદોએ તે વાત રાજા પાસે કીધી રાજાએ એ વાત સાભળી ચોરને બોલાવી પુછ્યુ કે અરે ચોર! તુ કઇ વીધા જાણેછે?

ચોર—હે દેવ! સોનાની ખેતી કરતા જાણુંછુ

રાજા—તેની શી રીતી છે!

ચોર—હે દેવ! સરસવ જેવડા સુવર્ણના બી કરીને ધરતીપર વાવવા તે એક મહીને સરસવ ના જેવા છોડ ઊગી નીકળશે આપ પ્રત્યક્ષ દેખશો.

રાજા—હે ચોર! એ વાત સાચી છે?

ચોર—આપની આગળ ખોટુ બોલવાની કોની શકતી છે! જો મારા વચનમા ફરક પડે તો એક મહીના પછી પણ મારે મરવુ છે અને ત્યારે પણ શીક્ષા કરવામાં કે પ્રસાદ કરવામા આપજ સમર્થ રહેશો

રાજા—ઠીકછે ત્યારે સુવર્ણ વાવ

પછી સુવર્ણ ગળાવી તેના સર્ષવ જેવડા બીજ કરી રાજાના અંતઃપુરમા ક્રીડા કરવાના તળાવને કાઠે પરમ ગુપ્ત સ્થાનમા ધરતી ખેડી ચોર બોલ્યો કે હે દેવ! ખેતર અને બીજ સીદ્ધ થયા, તો હવે વાવનારા કોઇ જણને આપો

રાજા—તુજ કેમ વાવતો નથી!

ચોર—જો સુવર્ણ વાવવાનો મનેજ અધીકાર હોયતો હું દુખી કેમ થાઉં! પણ હુ ચોર છુ તેથી મને સુવર્ણ વાવવાનો અધીકાર નથી. જેણે કોઇ દીવસ કાઇપણ ચોર્યુ ન હોય તે

ચારે આપજ ત્યારે વાવો

રાજા—ચારણોને દેવા સારૂ મે બાપનું ધન ચોર્યું હતુ

ચોર—ત્યારે મત્રીઓ વાવે

મત્રીઓ—અમે રાજ્ય ઊપર જીવનારા તેથી અમોએ ચોરી કેમ ન કરી હોય?

ચોર—ત્યારે ધર્માધ્યક્ષ વાવે

ધર્માધ્યક્ષ—મે પણ આ રાનરથામા માની પાસેથી લાડુ ચોરી લીધા હતા

ચોર—તમે બધા ચોર છો ત્યારે મને એકલાનેજ કેમ મારો છો

ચોરનુ એ વચન સાભળી સભાસદો સઘળા હસી પડયા રાજાને પણ હાસ્યરસથી ક્રોધ ઉતરી ગયો એટલે તે હસીને બોલ્યોકે હે ચોરા હવે તમે નહી મારીએ હે મત્રીઓ આ ચોર કુબુદ્ધી છે તોપણ બુદ્ધીમાન છે અને હાસ્યરસમા પ્રવીણ છે માટે તે મારી પાસેજ રહેશે અને પ્રસગોમા મને હસાવશે તથા રાજી કરશે એમ કહી તે ચોરને રાજાએ પોતાની પાસે રાખ્યો

न चौरादधम कश्चित् सहि हासेन विद्यया
मृत्युपाश समुच्छिद्य राज्ञो वल्लभता गत

અર્થ—ચોરથી અધમ કોઇ ન હોય પણ તે હાસવીદ્યાથી મૃત્યુના પાશને કાપીને રાજાને પ્યારો થઇ પડયો

પ્રેમ મહિમા

નારાચ છ૦

અનેહની સુવાતા પ્યારી જાણવી જરૂરથી, અપાર છે અધિકતા કથી ન જાય જીભથી
સુજાણ કોઇ જાણતા વિચારિ વાત અતરે ન જાણતા જરૂર મૂર્ખ પાની ખોળતા ફરે
પ્રસુતિ કેરિ પીડ વાઝણીજ જાણિ શુ શકા ગવો મધુરી શર્કરા સવાદ માણિ ના શકે
અમાપ તાપ ગ્રીષ્મનો ન મચ્છ ઓળખી શકે અસહ્ય તેજ સુર્યનુ ન ઘુ બુદ્ધિમા ટકે,
શિ રીત કાયરો મ્હોજિ સુદ્ધ રિતિ જાણશો દિલે ન દુષ્ટ ભાઈ નેક નીતિને પિછાણશે
સતીનિ શુદ્ધરીત શ્રેષ્ઠ ગૂણિકા ગણે નહી, શિ રીત ષ૮ નાત થાા કામની કળા મહી
કુવા તણો ન માચખો સમુદ્ર સત્ય માનશે ક્ષીન ક્ષુદ્ર જતુ સ્વાદ ક્ષીરનો શુ માણશે
પડે ન ઘા નપૃપરે ન પીડ તેનિ ઓળખે સહી શકે શુરો સ ા ન માયરો કદી લખે
મધુર સ્વાદ મૂ જેમ ચિતમાજ જાણશે વિના સુનાણિ કેમ જાણતા છતા વખાણશે
સુનેમ પ્રેમ કેરિ અતરેજ પ્રેમી જાણશે ન્ આ ન કોઇ પ્રેમિ વીણ પ્રેમને પિછાણશે
કસુબી રગથી સુશ્વેત વસ્ત્ર રમ્ય લાગશે કદી ન થાય રગ તુ પ સાબૂથી ધણુ ધસે
અધીક પ્રેમ ભાવના ચડેજ પ્રેમી ચિતમા, કદાપિ તુ યતા તણી ન રય ત્યા પ્રતીતના

ઘડો સુપાત્ર જેમ નીર ગ્રાહી તે ગણાય છે અપકવ ના ગ્રહે કદી જરૂર એ જણાય છે
બન ઠર ન પ્રેમ હીણુ ચિત આલિ થૈ જશે રત્નજીુ પ્રેમ પ્રેમિ ચિત્તમાંથિ ગમ ના ખસે

દોહરો ।।

પ્રેમ પુનિત પારસ મણી ચાહ કરે સહુ કોય
પામે પુરવ પુન્યથી, પ્રેમ અશ જે હોય

ભાવિક પ્રેમ

આ વિશ્વમા અનુરાગી સિધ્ધ સમાજ મ્હા મુની કઇ થયા
સહિ કષ્ટ તપ વ્રત આદરી પ્રભુ ચરણની શરણે રહ્યા
પ્રહલાદ પ્રેમી પુણ પ્રભુમા પ્રેમ અનહદ લાવિને
ડીઓ નહી ત્રાસ લાગ્યે વળી મ્ટ્ટી તન તાવિને

વળી પ્રેમનો પ્રકાશ ધ્રુવના અગમા અવધિ થયો
તજિ ગ ત્નો વમન લાગત બાળાપણે વનમા ગયો
તપ આ યોં અક્ષય પણે પ્રભુ પ્રેમ વશ થઇને મળ્યા
આપ્યુ અવિચળ પદ અવનીમા પાનદ મદ હરી રહ્યા

ધરીસ પ્રીત ૮ પ્રેમ ગોકુળ બાનિમ હરિ સ મમા
તજિ લા ન મા યા રમીત કૃષ્ણ સગે રગમા
અનિરૂદ્ધ પર ધરિ પ્રેમ ઓખા પર્ણિ તેને ચિતથી
સ તના દુ ત પણ દપતિ થયા એ રીતથી

આતુર અ નમિત્ર થઇ મન મા ત્વિકાથિ મેળ યુ
સોદયવતી અતી ઉરેશી શરી પાત્રથી સુખ ભોગ યુ
વળી વત્સરા ૮ વીણાગધી પ્રેમી ગણાયા પૂર્ણ છે
તે નાવિ નાસવતાપરે સુખી થયા સપૂર્ણ તે

અપૂર્ણ

हरपाळदेव अने शक्तिदेवी
વીર અને અદ્ભુત રસથી ઉભરાઇ જતુ
ઐતિહાસિક નૉવેલ

साहीत्य

दोहा

कवीर नाम हृदे थयें, भयो पापको नाश,
मानू चिनगी अगनकी, पडी पुराने घास,
कामीका गुरु कामहे, भोगीका गुरु दाम,
कवीरका गुरु सतहे, सतनका गुरु राम
कपटीके मन कपट वसे, साधुके मन राम,
गाडु लोकतो भग चले, सुराके सग्राम
नारी पुछत सुमकु, कहासे वदन मलीन,
कहा गाठसे गिर पडो, कहा कीसोकु दीन
नहि गाठसें गिर पडो, नहीं कीसीकु दीन,
देना देख्यो ओरकु, व्हासे वदन मलीन

कवीर

कुडलियो

साचो झेर अफीन हे, खरच रुपैयो खाय,
सूघेथी कडवो लगे, खाधे अग सुकाय
खाधे अग सुकाय, मित्रसे वाधे दावो,
घरमे सपत घटे, मागतो फिरे ज्युमावो
कहते करसनदास अफिनसे कबु न राचो,
अवगुन करे अपार, झेर अफीन हे साचो

कवित

१ होती जो विधवा तो साख्य के सिद्धांतहुसों,

ध्यान धर इश्वरको मनमें मिलावती
होती सती सिधवा तो रसके उद्दिपन सो,
प्रेम लपटाय कर पतिको रिझावती,
होती जो कुमारिका तो लखति न अग नर,
योगव्रत ऊढहुसे परम पद पावती,
हाय नहि विधवा ना सिधवा कुमारिका न,
जमली पतिते गति एको नहि पावती

करशनदास

दोहा

जगल जट्ट न छेडिये, वजारे वकाल,
कस्वे तरक न छेडिये, उन्हाळे अगार
पान पुराना घी नया, तिसरी कुलवती नार,
चोथी पीठ तुरगकी, सरग निशानी चार

गंग

छप्पय

तरुनि काज रघुवीर, विकटवन वनवन रोए,
तरुनि काज लकेश, शीश दश अपने खोए,
तरुनि काज कैकच्च, कूल नीकदन कीनो,
तरुनि काज सुरपति, शाप अपने शिर लीनो,
चतुरानन भये ए तरुनिथें, मदन काड शकर दही,
कवि गद्द कहेरे तरुनिथे, कोनहिकी पत ना गइ?

गद्द

"श्री शक्तिधर्मोद्धारक समाज" नी स्थापना



यतो धर्मस्ततो जय

વેદાન્ત આર્યધર્માનુસાર પરમાત્માનુ અસ્તિત્વ સ્વીકારતા તેમા રહેલી અનિર્વાચ્ય શક્તીની માનતા પણ સ્વિકારવીજ પડેછે પરમાત્માનુ સ્વરૂપ કલ્પતા દક્ષિણાર્ધ ભાગ પરમાત્મા રૂપ પુરૂષ કહેવાય છે અને વામાર્ધ ભાગ શક્તિરૂપ પ્રકૃતિ કહેવાય છે અગ્નિમા જેમ દાહ શક્તી છે અને તે અગ્નિથી કાઇ જુદી રહેતી નથી તેવીજ રીતે પ્રકૃત પણ પરમાત્મા —પર બ્રહ્મથી જુદી રહેતી નથી અને તેથી જેવા પરમાત્મા છે તેવીજ તેની શક્તિરૂપ પ્રકૃતિ પણ છે પ્રકૃતિનો અર્થ કરતા પ્ર=શ્રેષ્ઠ અને કૃતિ એટલે સૃષ્ટિ અર્થાત જે દેવી સૃષ્ટિમા મુખ્ય છે તે અથવા પ્ર=ઉત્તમ સત્વગુણ કૃ=રજોગુણ અને તિ=તમોગુણ અર્થાત ત્રણે ગુણોની સામ્યાવસ્થા કે જે અપાર શક્તિવાળી અને સૃષ્ટિ કરવામા મુખ્ય છે તે અથવા પ્ર=પ્રથમ અને કૃતિ=સૃષ્ટિ અર્થાત સૃષ્ટિથી પ્રથમ ભાગમા જે દેવી છે તે પ્રકૃતિ કહેવાયછે ભક્તોના અનુગ્રહને માટે પ્રકૃતિના મુખ્ય પાચ સ્વરૂપ અને તેના અંશ અંશાશ અને કલાઓ રૂપ અનેક સ્વરૂપ થયેલા છે મુખ્ય પ્રકૃતિ જે પાચ છે તેમાની એક સાવિત્રી કે જેનુ વેદોમા ગાયત્રી રૂપે યશોગાન કરેલુ છે તેને ઇશ્વર પ્રણિત વેદને માનનાર પ્રત્યેક મનુષ્ય માનનિય ગણેછે અને હાલના સમયમા આપણા આર્યાવર્તમા અનેક ધર્મમતો ચાલેછે તે પૈકીના ગમે તે મતને અનુસરનાર પ્રત્યેક દ્વિજ પોતાના નિત્ય કર્મમાની સંધ્યોપાસનામા ગાયત્રીનુ આરાધન કરેછે પ્રકૃતિનુ બીજુ રૂપ દુર્ગા જે ગણેશની માતા અને શિવની અર્દ્ધાંગના છે તેને દરેક શૈવ અને ગાણપત્ય મતાવલંબી માનનિય ગણી તેનુ આરાધન કરેછે પ્રકૃતિનુ ત્રીજુ અને ચોથુ રૂપ રાધા અને લક્ષ્મી છે તેને વૈષ્ણવ સંપ્રદાયી પ્રત્યેક ભક્તલોક પોતાના પ્રાણ ગણેછે અને પાચમુ રૂપ જે સરસ્વતિ છે તેને દરેક વિદ્યાવિલાસી મનુષ્ય વિદ્યાની અધિષ્ઠાત્રી રૂપે પુજેછે ઉપરોક્ત પાચ સ્વરૂપ શિવાય ગંગા તુળસી મનસા દેવસેના અથવા ષષ્ટી મંગલચંડી કાળી સ્વાહા સ્વધા દીક્ષા, દક્ષિણા સ્વસ્તિ પુષ્ટિ, તુષ્ટિ, સંપત્તિ ધૃતિ, દયા પ્રતિષ્ઠા, કીર્તિ, ક્રિયા, શાન્તિ, લજ્જા,

ભરતખંડની પડતી દશાના કારણરૂપ મહાભારતના તુમુલ યુદ્ધના અનેક ક્ષાત્ર વીરો સાથે અગ્રગણ્ય પંક્તિ ધરાવતા બ્રાહ્મણો પણ ઘણાંક વીરગતિને પ્રાપ્ત થયા અને ત્યાર પછી પણ અંદર અંદરના કલહથી ક્ષાત્રતેજ નરમ પડેલું હોવાથી વિધર્મી યવન રાજકર્તાઓના હાથમાં આ દેશની સત્તા જઈ પડી અનેક મ્લેચ્છ આક્રમણો અને પરદેશી સત્તાની ઝુંસરીને લઇ સનાતન શાસ્ત્રોના અમુલ્ય ગ્રંથોનો નાશ થયો અને તેને લઈ વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે કર્તવ્યને પ્રબોધતા શાસ્ત્રોનો અભ્યાસ છુટી જવાથી ચારે વર્ણના ત્યાગીયો સહુ એક સરખા સાધુ તરીકે ગણાવા લાગ્યા અને તેમની મુળજાતિનો વિવેક કે વિચાર પ્રજાવર્ગમાં ન રહ્યો અને તેથી यथादेहे तथादेवे એ સુત્રાનુસાર જેઓને મદ્યમાંસાદિનો નિષેધ નહોતો તેઓની સાંસર્ગિક નિકટતા વડે યોગ્યતાના તંત્રાદિ ગ્રંથોમાં પંચમકારાદિ કુત્સિત આચાર વ્યવહારો દાખલ થયા મનુષ્યના મનની વૃત્તિઓનું વલણ વર્તન સદ્ગુણ કરતાં દુર્ગુણ તરફ વધારે હોવાને લીધે કેટલાક ઉચ્ચ વર્ગના વિદ્વાનો પણ તેને અનુસર્યા વામમાર્ગને નામે આ મત નિંદાયો અને अस्त शाक्ता बहिर्शैवा सभामध्ये च वैष्णावा એવા એવા પાખંડો પ્રવર્તી રહ્યા તેનામાં વળી પાશ્ચમાત્ય સત્તા અને કેળવણીના પ્રભાવે કહેવાતા સુધારાના અનુયાયીઓ આકરો વખત આવતા આ મતનો આશ્રય લે તો તેમાં કાંઇ નવાઇ નથી હવે ખરીરીતે જોતાં

નીતી અને ધર્મ એ બે વ્યક્તીને એટલો તો બહુ નીકટ સબંધ છે કે પરસ્પર નામ બદલો કર્યો હોય તોપણ ચાલી શકે જેમાં અનીતીનો લેશ પણ હોય તે કદાપી ધર્મ કહી શકાયજ નહી અને તેને માટે આ પુરાણા ધર્મપંથનું સંશોધન કરી કોઇપણ મનુષ્ય પોતે નિર્ભક્ત છે એમ કહેતા સંકોચાય નહી તેવો તે મતને શુદ્ધ નીતીમય દુનીયાની દ્રષ્ટીએ દેખાડવો એ દેશહીતચિંતક પણ શ્રદ્ધા ભક્તી ધરાવતા દરેક મનુષ્યનું કર્તવ્ય છે

હાલના સમયમાં આપણા ગુજરાતમાં શક્તિ ધર્મના યાત્રાના સ્થાનકો તરફ દ્રષ્ટિ કરીશું તો ફક્ત અંબાજી બહુચરાજી અને પાવાગઢ છે અને ત્યાં બહુધા ઘણા યાત્રાળુઓ આવેછે તેથી આ મતની ઘણી જાહોજલાલી બહારથી દેખાયછે પણ તે યાત્રાળુમાંના ઘણા તે બાધાકે આખડીને માટેજ દેવરૂણ વાળવામાટે આવેછે કેટલાક ગ્રંથોમાની બનાઇ વિગેરે મોજમજા માટે આવેછે કેટલાક શ્રદ્ધાપુર્વક — પણ તે એવી અંધ શ્રદ્ધાકે તેમાં પ્રસાદી વિગેરે મોજ શોખનો હેતુ મિશ્રણ થએલો હોયછે કેટલાક શુદ્ધ સાત્વિક વૃતિથી આવતા હશે પણ તેઓ પોતાના નિખાલસ દીલને લીધે સહુને પોતાના સરખા ધારી અન્ય વિષયથી વિરક્ત રહેછે આજકાલ નીકળેલા ધર્મમતો જોઇશું તો જણાશેકે દરેક દરેક પોતાનો સંપ્રદાય વધારવાના કામમાં અને નવાનવા સુધારા કરવાના કામમાં કેટલા મચ્યાછે અત્યારે કોઇ કહેછે કે હું વૈષ્ણવ છું કોઇ કહેછેકે હું શૈવ છું, કોઇ કહેછેકે રામાનુજ છું કોઇ કહેછેકે મધ્વાદી છું કોઇ કહેછેકે કબીરપંથી છું, કોઇ કહેછેકે બીજપંથી છું કોઇ કહેછેકે સ્વામીનારાયણના પંથનો છું અને કોઇ કહેછેકે આર્યસમાજી છું વિગેરે વિગેરે તો પણ જે શક્તિને આપણે જગજ્જનની માનીએ છીએ અને તેમાં સંપુર્ણ શ્રદ્ધા રાખીએ છીએ તેને અનુસરનાર કોઇ હું શાક્ત છું એમ કહેનાર મળી આવતો નથી એ જોઇ કોણને અચરાશ્ચર્ય નહિ થાય? ઉપરના

રેક સંપ્રદાય વાળા શક્તિને જોકે માન આપેછે અને કામ પડે ત્યારે વાણીયા મુછનીથી શ્રી બાધા આખડી રાખેછે અને કુપુત્રો જાયત ક્વચિદપિ કુમાતા ન ભવતિ પ્રમાણે જગ બા સર્વેના મનોરથ પુર્ણ કરેછે તેથી કાર્ય સફળ થયે યાત્રા કરેછે છતા જે રૂપ દેવને પોતે માનતા હોય તે કરતા કાંઇક ઓછી વિનિત દ્રષ્ટિ આ ધર્મપથ તરફ કરેછે તો તેના સન મ ણો શોધી કાઢી આડખીલીઓ અટકાવી પુનરૂદ્ધાર કરવા ની આવશ્યકતા છે

"નામદાર!" ઘણીવાર વીચાર કર્યા પછી માનસીંગે જવાબ આપ્યો. "ત્રણ કલાક જેટલા ટુંક સમયના અલ્પ પરીચયથી મારા આખા જીવનની સહચારીણી તરીકે તેને સ્વીકારવાનું સાહસ હું ફક્ત દ્રવ્યના લોભથી કરી શકતો નથી. વળી મારા ઉમરાવ કુંવરી આશર—"

"ઉમરાવ કુંવરી આશર!" મહારાણી ગુસ્સે થઈ બોલ્યા, "તમે જે આશરની પંગરી ધરાવો છો તેજ આશર જોખમમાં છે એમ કહું તો!"

માનસીંગ ચમક્યો તેના ગાલ પરની લાલી ઉડીગઈ અને તે બોલ્યો "આહ, ત્યારે તથ મુલાકાત કરતાં હતા ત્યારે ગેરકાયદા મશ્કરી ધારી હતી અને મારી આબરૂ"

'તમારી નહીં પણ તમારા પીતાની આબરૂ જોખમમા છે'

"મારા પીતાની' આપની અનકૃપા તેમણે કઈરીતે વ્હોરી લીધી'"

'મારી અવકૃપા' મહારાણીએ પ્રતીધ્વની કર્યો "અત્યારે તો મારો પિછાણ તમારો પીતા એક ખુની છો અહા! ચમકો છો કેમ? હુ તમને સત્યજ કહ્યુ જાહેરમા નહીં તો ગુપ્ત પણે એક ખુનીની પાસેના ઓરડામાં તમારો ટ સગો રણજીતસીંહ સોનકી છે તે તમને તમારે ખોલશે એક અમુક સીડીમા ઉતરી યાત્રીક યોજના છે તે કહી શકશો

"શું આ સભવીત છો" તન શીકો પડી જતા માનસીંગે ઉદ્ગાર કાઢ્યો 'તે યોજના મે જોઇ છે—પણ મે કદી એવુ ધાર્યું નહોતુ—"

"તમારા પીતાએ તે ભીડી ખુની કૃત્યને માટે વાપરી છો ઇશ્વરના શપથ લેઇને હું કહુ છુ કે તે સત્ય છે અને રણજીતસીંહ તે પુરવાર કરી આપશે તમારા પીતાને પકડવાનો હુકમ હમણાંજ—"

'તેને બચાવો તેને બચાવો!" પગે પડતા માનસીંગ બોલ્યો

'તે ફક્ત એકજ સરતે બચી શકે—જો તમે—"

"આપ કહો તેમ કરવા તયાર છુ પણ તેને બચાવો—'

'ત્યારે આ લલીતાનો હાથ કબુલ રાખો'

"હુ તેના હાથ કબુલ રાખવા બધાઉ છુ" અરધી પળ વીચાર કર્યા પછી ધીમા શબ્દોમાંરે માનસીંગે કહ્યું

'સારૂ ત્યારે તમારી લગનક્રીયા આજેજ થઇ જશે" અને પછી તરતજ મહારાણીએ પોતાના કમરામાં એકાંતભુવન તરફ વાળ્યા

જોકે લલીતા આગળ મુકવામા આવેલ નાટક પ્રયોજન વાદીટ હતો છતા તેણે પોતે હડી ગમગીનીમા રહેઇ પુરતો ઇનકાર આપ્યો નહી થોડી વારમા મહારાણી તેની પાસે આવ્યા અને વાતવાતમા માનસીંગની વાત છેડી તેની સાથે તેના લગ્ન કરવાની વાત જણાવી લલીતા તદ્દન ગભરાઇ ગઇ અને પોતાના માબાપ સબધીની ગુપ્ત હકીકત લઇ તે સબધે મા ગગાબાઇની સલાહ આવશ્યક હોવાનુ જણાવ્યુ.

અપુ

अगत्यनी सूचनाओ.—

૧ જુના ગ્રાહકો પૈકી જુના વર્ષોનું લવાજમ બાકી છે તેમણે હવે કૃપા કરી અને તેમ જલદીથી લવાજમ મોકલી ભેટ મંગાવી લેવી અથવા તો જેમના લવાજમો બાકી છે તેમ જ આ અંક સાથે કાર્ડ બીડવામાં આવ્યાં છે તેમાં જેની હકીકત ભરી વી૦ પી૦ કરવાનો ઓર્ડર આપવો. આગામી વર્ષથી આ પત્ર પુરું મોટું સુંદર રૂપનું રહેશે તે દીલગીરી સાથે જણાવવાનું છે.

૨ કેટલાક ગ્રાહકોને આ વર્ષના ત્રણ અંકથીજ માસિક શરૂ કરેલું છે તેમાં જે ગૃહસ્થોનું લવાજમ હજુ આવ્યું નથી તેમને પણ કાર્ડ બીડવામાં આવ્યાં છે તો તેમણે પણ ભેટ વી૦ પી૦ થી મોકલવાનો ઓર્ડર તેમાં આપવો.

૩ નવા ગ્રાહકોમાંના કેટલાકોને વર્ષ અધવચથી માસિક શરૂ કરેલું છે તેથી જે અંકથી શરૂ કર્યું તે પહેલાના આ વર્ષના અંકો તેમને મળનાર નહીં હોવાથી પુસ્તક ત્રુટક રહેશે તેમજ અધવચથી વાંચન સરળ પડતું નથી માટે જે ગૃહસ્થોને આ વર્ષના જે જે અંકો જોઈતા હોય તે તેની નોંધ સાથે તેને પણ કાર્ડ બીડવામાં આવ્યા છે તેમાં જણાવવું અને ભેટ સાથે વી૦ પી૦ થી મોકલવા ઓર્ડર આપવો.

૪ ઓર્ડર મળ્યા સિવાય કોઈ પણ ગૃહસ્થને વી૦ પી૦ કરવામાં આવશે નહિ. તેમજ આ વર્ષનું લવાજમ મળ્યા સિવાય નવા વર્ષમાં માસિક ચાલુ રાખવામાં આવશે નહિ અને તેમાં નવા વર્ષની ચાર અપૂર્વ ભેટો નો લાભ ગુમાવવો પડશે માટે આ વર્ષનો હિસાબ ચુકતે કરવાની દરેક ગૃહસ્થને અમારી નમ્ર વિનંતિ છે.

૫ આવતા વર્ષમાં દરેક ગ્રાહકને ચાર ભેટો આપવાની છે તેની વિગત આ અંકમાં આપેલી છે તે જોતાં દરેક સુજ્ઞ ગૃહસ્થ જોઈ શકશે કે આ વર્ષમાં થયેલી માસિકની અનિયમિતતા અને કદ નાનું રહેવાનું [illegible] ચાલુ વર્ષનો પુરતો બદલો વાળી આપેલો છે અને તેથી આ વખતના મળેલ અસંતોષ મગજમાંથી અમને દૂર કરી આપશે એમ આશા રાખવામાં આવે છે.

૬ સમાજનો વાર્ષિક રીપોર્ટ અને હિસાબ તા. ૧ જુલાઈએ પ્રગટ કરવા ધાર્યા છે તો તે દરમ્યાન જેઓનું લવાજમ બાકી છે તે દરેક ગૃહસ્થે વી૦ પી૦ ના ઓર્ડર આપી હીસાબ ચુકતો કરવા પાછા વળતી આ અંક મળેથી તુરતજ વી૦ પી૦ નો ઓર્ડર આપી દેવો કે જેથી તે વસુલ થયેલ નાણાંનો હીસાબ વાર્ષિક રીપોર્ટમાં આવી શકે.

૭ ઉપર જણાવેલ વાર્ષિક રીપોર્ટ અને હિસાબ ખાસ [illegible] અંક "[illegible] બહાર પાડવામાં આવશે અને તે આપણા તમામ ગ્રાહકો તેમજ બીજા પણ જે જે હેવી ભાઈઓ અમારી નજરમાં હશે તેમને મોકલવામાં આવશે.

નવું વર્ષ શ્રાવણથી શરૂ થતું હતું છતાં એક માસની મુદત વધારી ભાદરવા સુદી પુર્ણિમાએ શરૂ કરવાનું ઠરાવ કરવામાં આવ્યું છે તે કાર્ય નવા ઉત્સાહ આદિની સગવડને માટે છે તેમજ અમારે પણ તેમાંના ઘણાક થયેલ ટાઈપ ખાસ નવા ટાઈપ લાવવા વીગેરે ના બંદોબસ્તમાં રોકાવાનું હોવાથી માટે છે.

૮ માસિકમાં લાભ મેળવવાનો ઉદ્દેશ ન રાખતા ફક્ત ગ્રાહકોને સંતોષ સંપાદન કરવા માટેજ ચાર ભેટો કે જે દરેક કરતાં આગણી વધારે છે તે દરેક ગ્રાહકને આપવાનું સાહસ કરીએ છીએ તો દરેક દરેક ગ્રાહક સમાજ તરફનો પોતાનો પ્રેમ બતાવી આપવા ઉત્તેજન અથવા તો આશ્રય તરીકે પોતપોતાથી બનતાઅમે યથાશક્તિ નવા ગ્રાહક વધારી આપવા કૃપા કરશે એમ આશા છે.

श्री क्षत्रिधर्मोद्धारक समाज

आर्भक्या शशिखडमडित जटा, जूटान्नृमुड स्रज
वधूक प्रसवारुणावरधरा प्रेतासनाध्यासिनी
त्वाध्यायंति चतुर्भुजा त्रिनयना मापीनतुंगस्तनी
मध्ये निम्नवलित्रयाकिततनु त्वद्रूप संचितये

શ્રી અંબિકા વિજય

(દરેક પુનમે બ્હાર પડે છે)

પુસ્તક ૮ મુ. આષાઢ, પુર્ણિમા, ૧૯૬૭ અંક ૧૨ મો.

અયિ શરણાગત વૈરિ વધુવર વરિવરા ભયદાયકરે
ત્રિભુવન મસ્તક શુલવિરોધિ શિરોધિ કૃતા મલ શુલ કરે
દુમિ દુમિ તામર દુંદુભિ નાદ મહો મુખરી કૃત તિગ્મ કરે
જય જય હે મહિષાસુર મર્દિનિ રમ્ય કપર્દિનિ શૈલસુતે

અયિ નિજ હુંકૃતિ માત્ર નિરાકૃત ધુમ્ર વિલોચન ધુમ્રશતે,
સમર વિશોષિત બીજ સમુદ્ભવ શોણિત બીજ લતે
શિવશિવ શુંભ નિશુંભ મહાહવ તર્પિત ભુતપિશાચ રતે
જય જય—

ધનુ રનુ સંગ રણક્ષણસંગ પરિસ્ફુર દંગ નટત્કટકે,
કનકપિ શંગ પૃષત્કનિષંગ રસદ્ભટશૃંગ હતા બટુકે
કૃત ચતુરંગ બલ ક્ષિતિરંગ ઘટદ્બહુરંગ રટદ્બટુકે,
જય જય —

જય જય જપ્ય જયેજય શબ્દ પર સ્તુતિ તત્પર વિશ્વનુતે
ઝણઝણ ઝિંઝિમિ ઝિંકૃત નુપુર સિંજિત મોહિત ભૂતપતે
નટિત નટાર્ધનટિ નટ નાયક નાટિત નાટ્ય રતે,
જય જય —

અપૂર્ણ

आ वर्षमा थयेला नवा ग्राहकोने विज्ञप्ति

આ વર્ષમા અધવચથી જે ગૃહસ્થો તરફ અંકો મોકલવામાં આવ્યા છે તેમણે તેમને પહેલાના ન મળેલ અંકો એટલેકે આ વર્ષમાના છુટક જે કંઇ કયા કયા અંકો નથી મળ્યા તે જણાવી ભેટ "શ્રી નવરાત્રની કથા" સાથે મંગાવી લેવામાટે વી૦ પી કરવાનો ઓ ર આસાથે અગાઉ રીપ્લાઇ કાર્ડો મોકલ્યા છે તેમાં અશાડ વદી ૧૧ પહેલા આપી દેવો આ વર્ષનું લવાજમ ભર્યા શીવાય આવતા વર્ષની ચાર ભેટો મેળવવાનો હક થનો નથી

જે ગૃહસ્થોને આ વર્ષના પ્રથમ અંકથીજ ગ્રાહક થઇ કરેલું છે તેમણે પણ લવાજમ વસુલ થવા વી૦ પી૦ નો ઓરડર આપી ભેટ મંગાવી લેવી અને આવતા વર્ષની ચાર અમુલ્ય ભેટના હકદાર થવું

मेनेजर, श्रीशक्तिधर्मोद्धारक समाज

देवी तत्व दीवाकर

(ગતાંકથી ચાલુ)

એક વખત દુર્વાસા મુનિ જાંબુના રસની નદી કે જ્યાં સુવર્ણ થાયછે ત્યા ગયા હતા એ સ્થાનકમા જાંબુનદેશ્વરી નામના દેવીના દર્શન કરીને તેમણે માયાબીજનોજપ કર્યો તેથી પ્રસન્ન થઇ દેવીએ તમને પ્રસાદ રૂપે પોતાના ગળામા પહેરેલી માળા આપી મકરંદ રૂપી મદથી વ્યાપ્ત અને જેના ઉપર ભમરાઓનો ગુંજારવ થઇ રહ્યા હતો એવી એ માળા દુર્વાસાએ માથે ચડાવી. ત્યાંથી નીકળી એ તપસ્વી આકાશ માર્ગથી સતી કે જે પોતાના પીયરમા હતા તેમના દર્શનને માટે બ્રહ્માના પુત્ર દક્ષને ઘેર આવ્યા અને ત્યા સતીના ચરણમા નમ્યા એ મુનીને દક્ષે પુછ્યુ કે "હે સ્વામી! પૃથ્વીમાં મનુષ્યોને ન મળે એવી આ અલૌકીક માળા કોની છે અને તમને શી રીતે મળી છે?" એ રીતે દક્ષના વચન સાંભળી જેના નેત્રમા આનંદનુ ભરાઇ આવ્યા એવા દુર્વાસાએ પ્રેમમય ગદ્ગદ વાણીથી તેને જવાબ આપ્યો કે "જગદંબાનો આ મોટા પ્રસાદ મને મળ્યો છે" મુનીના જવાબ સાંભળી દક્ષે એ માળા માગી અને સઘળા ત્રૈલોક્યમાં શક્તિના ભક્તને ન દેવા જેવી કંઇ વસ્તુ નથી એમ જાણીને દુર્વાસાએ તે માળા દક્ષને આપી દક્ષે એ માળાને માથે ચડાવીને પોતાને સુવાના સ્થાનના સ્થળમાં તે માળાને રાખી પછી એ માળાના ગંધથી વધારે કામાતુર થઇને રાત્રે તે સ્થળે પોતાની સ્ત્રીઓનો સંગ કર્યો એ પાપને લીધે તેને કુબુદ્ધિ થઇ અને લક્ષણહીન તથા સતી

ઊપર દ્વેશ ઉત્પન્ન થયો તેનું અનીષ્ટ ફળ તેને નીચે મુજબ મળ્યુ

પોતાને પીયરથી સતી પોતાને ઘેર સદાશીવ પાસે આવ્યા અને એક વખત દેવ દૈત્યો વીગેરે શકરના દર્શન વાસ્તે હીમાલયના શીખર ઊપર ગયા હતા તે વખતે દક્ષ પ્રજાપતી પણ કેટલાક દેવતાઓને સાથે લઈ હીમાચળ ઉપર ગયો ત્યાં સદાશીવ તથા સતી મનોહર આસન ઉપર બેઠા હતા તેનાં દર્શન તમામે દેવગણે કર્યા આ વખતે સતીએ તમામ દેવગણું કરતા પોતાનાં પીતાનું કાઇ વધારે સમાન કર્યુ નહિ તેમજ સદાશીવ પણ દક્ષપ્રજાપતીને આવતા જોઇ કાંઈ સન્માનના શબ્દો બોલ્યા નહ ત્યારે દક્ષપ્રજાપતીએ પોતાને ઊપજેલ કુબુદ્ધિના ગોગે અપમાન માની લીધુ અને પોતે સદાશીવનો સસરો તેમજ સતીનો પીતા હોવાથી તમની પ્રભુતા ભુલી જઇ મોહથી પોતાન તેમનો વડીલ માનતો દક્ષ ક્રોધે ભરાઇ કેટલાક દુર્વચનો બોલી ત્યાંથી ચાલ્યો ગયો અને પોતાની પુત્રી તથા જમાઇ સાથે વેરભાવ રાખવા લાગ્યો આ કારણને લઇ તેણે જ્યારે યજ્ઞનો સમારભ કર્યો ત્યારે સતી તથા મહાદેવને આમત્રણ કર્યુ નહીં પણ બીજી પુત્રીઓ તથા જમાત્રોને તેડાવી તેમનો સારીરીતે સત્કાર કર્યો ઍટલામા નારદ મુની ફરતા ફરતા શકર પાસે ગયા અને દક્ષપ્રજાપતીના ઘરની હકીકત જાહેર કરી તે સાભળીને તેમજ બીજા દેવતાઓની સ્ત્રીઓને પણ નવનવા વિવીધ વસ્ત્રાલકારો પહેરી યજ્ઞમા જતી જોઇ સતીએ પીતાને ઘેર જવા પતી પાસે રજા માગી શકરે આમત્રણ ન હોવાથી ન જવા માટે ઘણું સમજાવ્યા પણ સતી દુરાગ્રહને લીધે ન સમજ્યા તેથી અનીષ્ટફળનુ ભવીષ્ય જાણતા છતા ત્રીપુરારીએ રજા આપી પીતાને ઘેર જવામાટે નાના પ્રકારના રત્નોથી જડીત દીવ્ય વીમાન મગાવી મનોહર સખીગણ સહીત સતી તેમા બેઠા તે વીમાનની અદર મોતીનો ભરેલો ચદરવો હતો ચારે બાજુ મોતીની માળાઓ લટકાતી હતી રત્ન જડીત સોનાના સ્થભ ઝળકી રહ્યા હતા, ફુલના ગલીચા તળાઈ, બીછાવેલા હતા વીમાનની બારીઓમાથી હીરાઓનો સુર્ય જેવો પ્રકાશ પડતો હતો, તળીયુ મણીથી બાધેલુ હતુ બહારના ભાગમા તોરણો લટકાવેલા હતા મણીના સ્થભની મનોહર અને બગલના ચીન્હની અકીત સુંદર પતાકા ઊપરના ભાગમા ફરકતા હતા અને વીમાનના બારણાઓમા કીનખાબના જામા પહેરી હાથમા શસ્ત્ર લઇને મોટામોટા ગણધરો ઊભા રહી ગયા હતા વળી તે વીમાન ફરતા અનેક વાજીત્ર વાગતા હતા અને જુદા જુદા દેશની ભાષા બોલતી અનેક સ્ત્રીઓ કહતાવમ્રતી હતી ઈંદ્રની બે કન્યા ચામર અને વીંજણો લઇ સતીને પવન દે રહી હતી આ વખતે બે ચામરની મધ્યમા રહેલ સતીનુ મુખારવિંદ પ્રકાશ કરતા બે હસ વચ્ચે રહેલા કમળ પેઠે શોભતુ હતુ સુવાસીનીએ દેવી ઉપર છત્ર ધર્યુ હતું અને તે શ્વેત રગના છત્રની બીનારીએ મોતીની ઝાલર શોભી રહી હતી આગળ બેઠેલી સુભાવતી નામની સખી સતી સાથે ચોપાટ ખેલતી હતી અને સતીને પહેરવાની રત્ન જડીત ચાખડી ખોળામા રાખી સાચવતી હતી કોઇ સ્ત્રીના હાથમાં રત્નનો અરીસો હતો કોઇએ તાડપત્રનો વીંઝણો સાચવ્યો હતો કોઇએ પાનની પેટી હાથમા રાખી હતી કોઇના હાથમાં ચોપાટ હતો કોઈના હાથમાં સુગધી પુષ્પો હતા કોઈના હાથમાં ઘરેણાની પેટી હતી અને કોઈના હાથમા સુગધી પદાર્થો હતા આવી

રીતે પોતપોતાનો અધીકાર સાચવી તમામ સ્ત્રીઓ સતીને ચારેબાજુથી વીંટાઇ વળી હતી તેથી ચંદ્રની જ્યોત્સ્ના જેમ તારામંડળમાં શોભેછે તેમ શોભતા હતા પછી શંખનો નાદ થયે. એટલે ચાલવાની તૈયારી થઈ મંગળપટહ (ઢોલ) વાગવા લાગ્યો મધુર સ્વરના અનેક વાજીંત્રોના સુસ્વર નીકળવા લાગ્યા અને એક લાખ સાઠ હજાર મહેશ્વરો હાથમાં આયુધ લઈ આગળ ચાલવા લાગ્યા આ સર્વગણોની મોખરે સોમનંદી નામનો ગણ બળદ ઉપર બેસી આગળ ચાલ્યો અને વીમાન ચાલતાં ઉપરથી પુષ્પ વૃષ્ટિ થઇ થોડા વખતમાં સતી દેવગણ સાથે પીતાને ઘેર પહોચી ત્યાં દક્ષપ્રજાપતી સતીને જોઇ વધારે રીસે ભરાયો અને બીજી પુત્રીઓનો આદર સત્કાર કરવા લાગો પણ સતી સામેતો વાત્સલ્ય ભાવની નજર સરખી ન કરી તેથી દેવી ગરીબડા બની જઇ સભામાં પોતાની માતા સાથે બેઠેલા પીતા દક્ષને કહેવા લાગ્યા કે, હે પીતાજી ! બ્રહ્માદી દેવગણ પણ જેની સેવા કરેછે એવા શંકરનો તમે તીરસ્કાર કર્યો એ વાતતો બાજુપર રહી પણ મારો પણ તિરસ્કાર કરી બીજી પુત્રીઓનો આદર સત્કાર કર્યો તે તમને યોગ્ય નથી તમારા જેવા દુષ્ટ પીતાથી બંધાયલ આ દેહના સંગથી મારો આત્મા પણ અપવિત્ર થયો એમ મારી માન્યતા છે ’

હે મુની ! ક્રોધ કરતા દક્ષ બોલ્યો તારા કરતા ઉત્તમ ગુણવાળી મારે ઘણી પુત્રીઓ છે અને તારા પતી કરતા તમના પતીઓ પણ ગુણવાન અને સારા છે તારો પતી તમોગુણી અને વળી કુરૂપ છે આવા પતીને તુ વળગી રહી છે માટે તારો પણ હું તિરસ્કાર કરૂ છુ કારણકે તારા પતિ મારાથી આડો ચાલછે

" અરે શીવ અપરાધી ! સતી બોલ્યા ' મારા પતિમાં કાંઇ પણ દુષણ નથી અને સર્વ લોકમાં સાક્ષાત મહેશ્વર કહેવાય છે તેને તુ વગોવે છે તો વેદમાં પણ કહ્યુ છે કે—

विद्या चोरो गुरुद्रोही देवेश्वर विदूषक.

न एते वहुपाप्मान. सद्यो दडद्या इति श्रुति

વિદ્યાનો ચોર ગુરૂ દ્રોહી દેવ અને ઈશ્વરની નિંદા કરનારો એ સઘળા ઘણાજ પાપી સમજવા અને તેને તરત દંડ પણ આપવો તારા સરખા કુટિલ દુર્જનના નામથી મને શરમ આવેછે મહાત્માનો અપરાધ કરવા માટે જે જન્મ છે તેને મને ધિક્કાર છે તારાથી જે આ મારો દેહ ઉત્પન્ન થયો છે તે આ નીચ જન્મવાળા દેહનુ મારે કાંઇ કામ નથી અમરા ન વૃષભધ્વજ શિવ કદાચ હસતા બોલછે કે હે દક્ષ સુતા ! એમ કહી તારા સંબંધનું નામ લછે ત્યારે મને હાસ્ય અને મશ્કરીનો ત્યાગ થઇ મહા કલેશ થશે માટે તારાથી ઉત્પન્ન થયેલ આ શરીરનો હમણા ત્યાગ કરીશ ' "

આ પ્રમાણે સતી દક્ષને કહી ચુપ થઇ ગયા અને ઉત્તર દિશાભણી મોઢુ રાખી જમીન ઉપર બેસી જઇને આચમન લઈ આંખો મીચી યોગ માર્ગે સાધવા લાગ્યા નિર્દોષ સતી આમ

જુતી પ્રાણ તથા અપાન (વધુને સમાન કરી ઉદાન વાયુને નાભી ચક્રથી ઊઠાવી બુદ્ધિને સા થે હૃદયમાં લાવી લાવ્યા ઉપરોક્ત ઊદાનને ધીરે ધીરે કંઠ માર્ગે ભ્રકુટીની મધ્યમાં લાવ્યા આ પ્રમાણે મહાત્મા જનોને પરમ પુજ્ય સદાશીવે જેને આદર સ માનથી ખોળામાં રાખેલ એવા પોતાના કોમળ શરીરમાં મન રવના સતીએ પવન અને અગ્નિને ધારણ કર્યો અને જ ગત્ ગુરૂ પોતાના પતિ શ્રી મહાદેવના ચ ણા વિન્દના મકરંદનું ચિંતવન કરતા બીજું કાંઇ પણ ન જોતા સમાધી દ્વારા પોતાના દેહનો ત્યાગ કર્યો. આ આશ્ચર્ય જોનારાઓ હાહાકાર કરવા લાગ્યા અને દક્ષ! ધીક્કાર આ રવા લાગ્યા એટલામાંતો સતીના પ્રાણ ત્યાગ જોઇને મ હાદેવજીના પાર્ષદો આયુધ ઊપાડી દક્ષને મારવા માટે દોડયા પણ ભૃગુઋષીએ યજ્ઞનો નાશ કરવાવાળાઓના નાશ કરવા માટે વેદના મંત્રથી દક્ષયાગ્નમાં આહુતી આપી કે તર ત જ હજારો ૠભુ નામના દેવતાઓ ઉત્પન્ન થયા અને બ્રહ્મ તેજથી દેદીપ્યમાન ૠભુ દેવતાઓ એ બળતા લાકડાથી મારેલા સતિપતિના પાર્ષદો ચારે દીશામાં ભાગી ગયા

ઉપરની હકીકત સાંભળી સદાશિવના કોપાગ્નિની કાંઈ સીમા ન રહી અને તેઓ એકદમ યજ્ઞમાં કે જ્યાં સતીનો દેહ પડવાથી મ ત્રમાત્ર અ તર્ધાન થઇગયા હતા અને યજ્ઞનો નાશ થ યો હતા તે સ્થળે આવ્યા અને દક્ષ તથા ભૃગ્વાદી મુનીગણ ઉપર ક્રોધ કરી શાપ આપ્યો કે, હે દક્ષ! તે દેવીનો તિરસ્કાર કર્યો માટે અત્યારેતો તું અપયશરૂપી શસ્ત્રથી હતપ્રાય થયેલો છુ તેથી તને ન મારતા તે પાપના પસ્તાવાથી તારા હ્રદયને હમેશને માટે દગ્ધ થવા જીવતો મુકુ છુ પણ બીજે જ મે તુ પ્રાચીન બર્હિષના પુત્ર પ્રચેતાનો પુત્ર થઇ અવતરીશ અને તે વખતે હું તારા ધર્મ અર્થ અને કામના કામમાં વારવાર વીઘ્ન કરીશ આ ભૃગ્વા દી મુની ગણો પણ વૈવસ્વત મ વતરમાં બ્રાહ્મયજ્ઞમાથી ઉત્પન્ન થશે

આ પ્રમાણે શાપ થવાથી દક્ષપ્રજાપતિ આપણે ગયા અધ્યાયમાં કહી ગયા પ્રમાણે ચાક્ષુ ષમન્વતરમાં પ્રચેતાને ત્યા જ ન્મ્યા તેમજ ભૃગ્વાદિ મુનીગણો પણ બ્રાહ્મયજ્ઞમાં વરૂણ પાસેથી શરીર મેળવી ઉત્પન્ન થયા હતા.

ત્યારપછી સદાશીવ તે યજ્ઞ ભુમીકામાના સતીના મૃત દેહને જોઇ ' હાય સતી હાય સ તી ' એમ વારવાર શોકાર્ત સ્વર કાઢતા તે મૃત દેહને પોતાના ખભા ઊપર ચડાવીને ઉ ન્મત્ત સ્થીતથી અનેક સ્થળે ભમવા લાગ્યા તે વખતે સર્વ દેવતાઓને ઘણી ચિંતા થઇ અને વી ષ્ણુ વીચાર કરવા લાગ્યા કે જો સતીના અવયવોને કાપી નાખી હુ નોખનોખા સ્થળે નાખી દઇશતો મોહને લીધે સદાશીવ તે તે ઠેકાણે રહેશે નહીતો બ્રહ્મા ની બહાર જતા રહે છે " આવો વીચાર કરી વીષ્ણુએ સારંગ હાથમાં લઇ સતીના અવયવો કાપી નાખ્યા તે જુદે જુદે ઠેકાણે પડયા જે જે સ્થાનોમાં સતીના અવયવો પડયા તે તે સ્થાનકો દેવીની સીદ્ધ પીઠો થયા અને સદાશીવ પણ તે તે સ્થળે નોખ નોખા મુર્તિઓથી રહ્યા પછી સદા શીવે દેવતાઓને કહ્યું કે "જે મનુષ્યો આ સ્થાનકોમાં ભક્તિ પુર્વક દેવીનું પુજન કરશે ત ેઓને કાંઇ પણ દુર્લભ રહેશે નહી દેવી પોતાના અંગોમાં સર્વદા રહેલા છે માટે આ સ્થા (

કોમા જે મનુષ્યો પુ શ્રવણ કરે તેઓનો મન શીઘ્ર થશે તેમા પણ માયાજીના પુરૈશરણનો વીશેષ ચમત્કાર થશે આ પ્રમાણે કઠીન વાક્યો આતુર થયેલા શંકર તે સ્થાનકોમા જપ ધ્યાન અને સમાધીથી મળસ્ત્રોપ કરવા લાગ્યા

હવે દક્ષેતાને ત્યા ઉત્પન્ન થયેલ દક્ષ પ્રજાપતિના સંઘ કાયનું વૃતાંત આગળ ચલાવવા પ હેલા સતીના અવયવો પડેલી આ સિદ્ધ પીઠો ક્યા ક્યા છે અને ત્યાં ક્યા ક્યા રૂપ દેવી રહે લા છે તે મ ગળ દાયક વૃતાંત આવતા વખતના અંકમા ક્રમશઃ આવશે

અપુર્ણ

વાણી વિલાસ

(ગતાંકથી ચાલુ)

જરીયાન અને જવાહીર ગમે તે સે પણ તેની ખરેખરી ગ્રાહક સ્ત્રીજ છે પુરૂષ બે છ તાપણ તે સ્ત્રીઓને માટેજ જો જગતમા સ્ત્રીઓજ ન હોય તો જરીઆન અને જવાહીરનો કોઇ ભાવ પણ ન પુછે તેમજ વિધા કળા વીગેરે જે કાંઇ ગુણ છે તેના ગ્રાહક રાજા લોક છે કેમકે રાજ્યના રક્ષણાર્થે વિધા કળાની જરૂર છે અને કવીતારૂપી જે અમુલ્ય હીરો તેના ગ્રાહક તો ભોજ રાજાના જેવા રસીક ભુપતીઓજ કોઇ સમયે નીકળી આવે છે આપની ખ્યાતી તેવીજ છે અને તેથીજ હું આહી ધાઇને આવ્યો હતો પણ મહારાજ હું ધરાયો અ ને આપ પણ મારા લવારાથી ધરાઇ ગયા હશો કેમકે મારી હકીકત તો કહેવી હજી બાકી જ રહી અને તે કહેતા મારાથી બીજાલસી રીતનું મીઠુ બોલવુ પણ થઇ શકે એમ ભાસતું નથી માટે મારો ગુનોહ માફ કરો અને મારે મારગે ચાલ્યા જવાની રજા આપો તો મોટી મહેરબાની

ઉપલી વાતથી બાદશાહને રસ લાગ્યો હતો અને તેથી તે હવે તેને રજા આપે તેમ ને હોતું આ બધુ તુત ઉભુ કર્યુ છે અને મારી હજુરમા આવવાની કોઇ કવી તજવીજ કરે છે એમ તો અકબરને ક્યારના સમજ પડી ગઇ હતી પણ જોઇએ કેવી તજવીજથી એના બોધ એ સાચા પાડે છે એમ વીચારી ગુસ્સાનો ડોળ ધારણ કરી એણે કહ્યુ કે જાપ ક્યો ! કહ્યુ છે તે બધુ પુરવાર કરી આપ તે ઉપરથા જવી જવાબ દેની મરજી એ મ કહી બીરબલે પોતાનું બોલવુ જારી રાખ્યુ કારણકે તે તુરત ચેતી ગયો હતો કે બાદશાહ એના અવલકણમા રીઝ્યો છે

સાહેબા હુ ગરીબ બ્રાહ્મણ છુ મે મારી ગરીબાઇ ટાળવા એક પ્રીતથી અગીઆર વ રસ સુધી સરસ્વતીની સેવા કરી અને મા મુખ સાથેનુ ત્યારે મને સ્વપ્નમા તેમના દર્શણ થયા આટલેથી હુ ન ધરાયો અને કઠીન તપશ્ચર્યા ચાલુજ રાખી છેવટ બાર વરસ પુરા થ તા તેણે પ્રસન્ન થઇ મને સાક્ષાત દરશન દીધા અને પોતાના સ્વહસ્તે લખેલું એક ભોજપત્ર

આપી દીધું છે " આ બે અને સુખી થા એમાંના દરેક હીરાની લાખ લાખ રૂપીઆ કીમત છે પણ તું રાજદરબારમાં જવાનો હોય ત્યારેજ એ વાપરજે અને એક દરબારમાં જશે તે કંઈ તે પણ એક કરતાં વધારે હીરો પ્રગટ કરતો નહી " આ આજ્ઞા હું માથે ચડાવી દરબાર તો દરબારનો રાજપાટાયે શિરપેચ કેમકે જેના જ્યાં બજાર હોય ત્યાં તે ચીજ ખપે માટે જંગલમાં બેસી રહે હીરા વેચાતી ખપતા નથી કોઇ શાસ્ત્રકારે અનુભવી કવીએ પોતાના કોઠાની શી આજ્ઞા દીધી છે કે

हीरा गिराकी गठडी गवारमे मत खोल
झौरी बिन कौरो न मिले कोस्तूभकामी मोल.

હીરા રૂપી ગીગ નામ શબ્દની ગાંઠડી ગામડીઆ લોકમાં તું કદી પણ ખોલતો નહિ, કૌસ્તુભ રત્ન જેવો અમુલ્ય મણી હોય તો પણ ઝવેરી વીના તેની કીમત એક કોડી પણ મળવી મળતી નથી વળી કોઇએ એમ પણ કહ્યું છે કે

हथ्थी हीरा काव्य हैं? दे जाके दरवार
मा कर मूल अमूलका, मूल नमिले बझार.

પુછે છે કે તારી પાસે હાથી છે ? તારી પાસે હીરા છે ? કાવ્ય છે ? જો એ વસ્તુમાંની કોઇ પણ વસ્તુ હોય તો દરબારમાં જઈને આપી આવ. પેલો પુછે છે કે શુ કીમત કેટલામાં વીના ? આવી અમુલ્ય વસ્તુઓ એમને એમ કેમ આપી અવાય ? પેલો અનુભવી કવી કહે છે કે ભાઇ, જો અમુલ્ય છે તો તેનું મુલ કરવાનો શા માટે વીચાર કરેછે? એમ કર્યાથી તેનું માન ઘટેછ માટે એતો દરબારમાં જઈને અર્પણ કરી આવ જે અમુલ્ય વસ્તુ એ રાજ શોભે અને તેજ તેની કીમત જાણે એને તું બજારના દુકાન માંડીને વેચવા બેસીશ ? તો કોઈ પણ કીમત ઉપજનાર નથી એ વાત પણ યાદ રાખજે.

એ પ્રમાણે વીચાર કરી રાજસ્થાન તરફ જવા હું મારે ગામથી નીકળ્યો, પણ મેં વીચાર્યું કે હાલને સમે અકબરશાહ ચક્રવર્તિ કહેવાય છે તેથી પ્રથમ ત્યાં જવુંજ લાજમ છે એમ વીચારી હું દીલ્હી તરફ વળ્યો અને વાટમાં આપની તારીફ સાંભળી કે હું મારા મનમાં ત્યાંથીજ પોતાને લક્ષાધીપતી થઇ ગયેલો ગણવા લાગ્યો પણ અહીંયા આવ્યા પછી તે સમજવા લાગો દુરથી ડુંગર રળીઆમણા જેવું થયું આપનો દરવાન દરબારમાં પેસવા દે નહી અને આપને ભંડારમાંથી લાખ રૂપીઆ કાઢવા પડે નહી યુક્તિતો બહુ સારી દુરજ સુર્ય કે રાજસ્તાન સુધી આવી તરફ આવે આપ તમે આવા ચતુર અને વીદ્યાના પારખુ છો, તથાપી અલ્પ ધર્મી અને અલ્પ આપવાના આશનાર 'તમારાથી તે બે હીરાના લાખ રૂપીઆ આપી શકાય નહી તો ઠીક હુને આપો' એતો દાનવીર ક્ષત્રીઓના હાથે તે છતાં આટલેથીજ હું સમજીને પાછો

ગયો હોત તો કાંઈ હરકત નહોતી પણ મે મુર્ખાએ સરસ્વતીની આશા ઉલંઘન કરી વગર આહકે તેમાનો એક દુહો દરવાનને આપ્યો કહ્યુ કે જા પાદશાહને આપી આવ પણ આગ ળથી ચેતવી મુકેલો આપનો દ્વારપાળ તે કેમ ચુકે ? તેણે ફાડી તેના કકડા કરી નાખ્યા અ ને હુ રડતો રહ્યો. તે દુહો મે બરાબર ગોખી રાખ્યો હોત તો પણ ઠીક"

અકબર બાદશાહ ક્રોધ કરીને બોલ્યા કે એવા ઠગારાને તો મે બહુ દીઠાછે એવા ફેળ થી હુ ઠગાવાનો નથી તારૂ એક કાગળનુ ચીથરૂ ફાડી નાખ્યુ તેને માટે તુ મારી પાસેથી લાખ રૂપીયા કઢાવવાની તજવીજ લા યો છે કે શુ? એમા જે દુહો હતો તે જાણ્યા પછી યો ગ્ય હોત તો લાખના બે લાખ આપત બ્રહ્મભટે ધીટપણે ઉત્તર વાળ્યો કે જહાંપનાહ! એ સખુનને સીધ્ધ કરૂ મા ! નશીબને રોઈ રહ્યુ છુ ! જો તે દુહો બધો યાદ હોત તો અહી યાં નહી તો બીજે કોઈ ઠેકાણે પણ એના દામ ઉપજત પણ આતો મે મારો લાખ રૂ પીઆનો હીરો ગમા યો ! છક્કડ મારીને છીનવી લીધો ! ઝવેરી ખરેખરો દગાબાજ મળ્યો! હવે જોગ નહી લઉંતો બીજુ શુ કરૂ ? માટે મહારાજ! રામ રામ તકસીર માફ કરજો એમ કહી જવાની તૈયારી કરેછે અને એટલામા જાણે કાંઈ સાભરી આવ્યુ હોય તેમ બોલી ઉઠયો કે તે છતા મને તેના ત્રણ ચરણ તો યાદ છે ત્યારે તો અકબર બાદશાહે કહ્યુ કે એનુ ચોથુ ચરણ મારા કવી મ ડળમાથી કોઈ પણ પુર્ણ કરી આપશે અને પછી અમે આ તારૂ મનરંજન કરીશુ બોલ તે ત્રણ ચરણુતો કહે હસીને બીરબલે કહ્યુ કે સરસ્વતીના શ્લોકનુ પાદપુરણ કરવાને કોણ સમર્થ છે ? તે છતા જોઈએ માયનો પુત એવો કોઈ તમારા દરબારમા વસેછે? કેમકે ચોથુ ચરણ હુ ભુલી ગયોછુ તે છતા કોઈ કહેશે ત્યારે તો મને યાદ આવશે ખરૂ માટે સાંભળે, તમારા કવીઓની ચતુરાઈ તો જોઈએ એના ત્રણ ચરણ આ પ્રમાણે છે

"अहोरात्र जाग्रत खडे, मम रक्षक महा राक्त,
यैं कह सुखे सुॅवे सदा,— "

અકબર બાદશાહનો સ્વભાવ આતુર હતો અને તેથી તે જે કામ કરવુ ધારે તે કરવામા ક્ષણનો પણ વિલંબ કરતો નહી એણે તુરત જાસુસો દોડાવ્યા અને કહાવ્યુ કે આજ બપોરે કોઈ પરદેશી કવીની સમસ્યા પુરવાને મોટુ દરબાર ભરાનાર છે બપોર થયા નથી એટલામા, પોતે ખાણુ ખાઈ તયાર થયો અને કચેરીમા આવી જુએછે તો લોકોથી તે ખીચોખીચ ભરાઈ ગઈછ મોટા મોટા મુલ્લાઓ મુનશીઓ પંડીતો અમીરો કારબારીઓ અને જેના થી આવી શકાય તે સઘળા ત્યા આવીને બેઠા'હતા આ જોઈ પાદશાહ પ્રસન્ન થયા અને બોલ્યા કે યોગ્ય વખતમા કચેરી સારી ભરાઈ છે એ સાભળી મુલ્લા વજીરોએ સાત સલામ મુજરાઈ અદબવી કરીને કહ્યુ કે

"चमकता चमक शमशेर शत, "तळजा जड हो जात,"

एसी जिस्की सैन इक, कहा बैनकी बात

ચાર પાચ જે આગેવાન ગણાતા હતા તેઓ માથુ નમાવી બોલી ઉઠયા કે ' खुब फर्मी जहापनाह, सचयातहै ' અને બાકીના બધા એનો અર્થ સમજ્યા કે નહિ તે યથાર્થ વર્ણ કહી શકાતું નથી પણ તેઓએ પણ અમારો એજ મત છે એમ જણાવવા હસતુ મો રાખી ખુબ છટાથી ખુબસ બજાવી બીરબલ મનમા ગભરાયો કે જયારે એક મુસલમાન જુવાન આવુ ઉત્તમ કાવ્ય કરેછે ત્યા બીજા કવીઓ તે કેવા હશે અને મારૂ તે અહીંયા શુ ચાલશે તોપણ દરબારીઓમા અવશ્યનો ગુણ જે ધીટપણું તે એનામા પુષ્કળ હતું અને તેથી એનો અર્થ સમજાવીને પણ આગળ પડવાના હેતુથી તે આ ગની સાથે બોલ્યો કે આ ફ્રિન ! ખુબ મઝેની વાત કહી ! જેની માત્ર એક નજરથી હજારો તરવારો ચમકીને ચાલવા લાગેછે, અને (જો કૃપાની હોય તો) લક્ષ્મી ત્યાજ સ્થિર થઈને વાસો વસેછ તે પાદશાહના મોમાથી એક બોલ નીકળે અને તે પ્રમાણે તેના દરબારીઓ અમલ કરે એમા શુ આશ્ચર્ય?

ફૈઝીની કીર્તિ સાભળી જગનાથ પડીતને હમેશા ક્રોધ ચડતો અને તેથી આ પ્રસગે પણ બોલી ઉઠયા કે રસ કયા છે પાદશાહે જાણ્યુ કે રસ કયા શબ્દોમા છે એમ પુછે છે તેથી તે શબ્દો બતાવવાનુ ફરમાવ્યુ હવે, ફૈઝી એ ઉત્કૃષ્ટ કવી તથા પડીત હતો ખરો પણ કાવ્યનુ શાસ્ત્ર સારી રીતે જાણતો નહોતો અને તેમા કાઇ નવાઈ નથી કેમકે સસ્કૃત શીવાય કોઇ પણ ભાષામા કાવ્ય શાસ્ત્ર સપુર્ણ નથી એ સસ્કૃત સારૂ ભણ્યો હતો પણ જગન્નાથ પડીત આગળ ચાપ કે કાવ્યમા ટકાય નહી, તેથી જાણ્યુ કે હવે એ મને શુ પશે અને તે કારણથી કાઇક જવાબ આપવાની તૈયારી કરેછે એટલામા એનો મો ઉપર શીકાશ પથરાઇ ગઈ આ જોઇ બીરબલ તુરત એની મદદે તૈયાર થયો કેમકે રાજાના માનીતાનો પક્ષ લેવો અને પોતાની હોશીઆરી બતાવવી એને તો એ રાજ દરબારનું આન્હિક જ સમજતો હતો

બીરબલે કહ્યુ 'રજા હોયતો એનો જવાબ હુજ દઉં આ દુહામાં ચમત્કાર તો છે કે આપના હુકમથી લોઢા જેવા જડ અને મહણ પદાર્થ ચાલેછે અને લક્ષ્મી જેવી ચચળ વસ્તુ સ્થિર થઈ જાયછે એમ કહ્યુ એ ઉપરથી આપનો હુકમ સર્વમાન્ય સ્થાપન કર્યો અને તેની સાથે આપના પ્રતાપ તથા ઔદાર્યનું વર્ણન પણ થયુ આ વ્યગ્યાર્થ ચલન અને ઠહર એ બે શબ્દ ઉપરથી સમજાય છે માટે એમા વીશેષ રસ રહેલો છે એમ કહેવાય બાકી એમાના પદેપદ રસમય અને સાભિપ્રાય છે"

અકબરની સભામા સૈયદ જનુદ્દીન કરીને એક મોટા ઓલમા હતા પણ નામ પ્રમાણે એનુ જનુન એની દાઢીના જેટલુજ લાબુ હતુ જેમ હાલ આપણામા કેટલાકને ફારસી આરબી શબ્દો સાથે વેર છે તેમ એને સસ્કૃત શબ્દો સાથે હતુ અકબરે દરબારી ભાષા ઉર્દુ કરી હતી તેને માટે તે બહુજ નારાજ હતો, અને પોતે તો ફારસીને વખતે આરબી પણ

૫૪

પ્રભુના અનેક ભક્તો છે તેનું કારણ શું? તેની મુર્તિઓને અનેક મનુષ્યો પુજેછે તેનું કારણ શું? તેના નામસ્મરણમા મનુષ્યો પોતાના જીવનનો મોટો ભાગ ગાળેછે તેનું કારણ શું? કારણ એટલુંજ કે પ્રભુનું દીલ વિશાળછે તેના દીલમા સવને માટે સ્થાન છે તેના હૃદયમા અભાવ અહંકાર કે ક્રોધ નથી, તેથીજ તેના પ્રેમના વહેતા ઝરણાઓમા ભીંજાયલા ભક્તોના હૃદયો કાયમ તેના સ્મરણમા મગ્ન રહેછે તેનેજ પોતાના પ્રાણ સમજે છે।

૫૫

મનુષ્યો કોઇ અયોગ્ય ક્રિયામા જોડાય છે તેનુ કારણ એજ છે કે તેમના મનથી તે ક્રિયા અયોગ્ય અથવા અપવિત્ર નથી અને મહાન શાસ્ત્ર સાભળીને કે લોકો પાસેથી બોધ રૂપે મળેલ જ્ઞાનથી તેમને તે ક્રિયા અયોગ્ય છે એમ જણાય પણ એમના અંતરમા તે ક્રિયાની અપવિત્રતાની છાપ ચોખી નથી પડી તેઓને તો તે ક્રિયા તુરત આનંદ આપનાર અને સુખદાતા દેખાય છે અને તેથીજ તેમનાથી તે મુકાતી નથી જે ક્રિયા અંતઃકરણ પુર્વક અધમ જણાય તેને માણસ વળગી નથી રહેતુ પણ જ્યા સુધી તેમ ન બને ત્યા સુધીતો અધમતામાં મળતા સહજ આનંદમા જ સુખ મનાય છે

૫૬

અનીતિના આચરણો મનુષ્યોથી બે રીતે થાય છે એકતો અનીતિને અનીતિ છે એમ ન માનતા નીર્દોષપણે થાયછે અને બીજુ અનીતિને અનીતિરૂપે ઓળખવા છતા અંતરથી તે ખોટુ છે એમ નથી મનાતુ તેથી તેજ રસ્ત રહેવાય છે જેઓ જ્ઞાન વીના તે રસ્તે રહેછે તેઓ ઠોકરથી જાગ્રત થાયછે પણ જેઓ લાંબા વખતની ટેવથી તથા તે રસ્તામા નાસ્ત થતા વિષય સુખમા આનંદ લીએછે તેઓ તે છાડી નથી શકતા પણ જ્યારે ખોટા રસ્તાનુ કડવુ ફળ પરાણે ચાખવુ પડેછે ત્યારે તેમની આંતરદ્રિષ્ટિ ઉઘડેછે અને પછીજ એ રસ્તો છોડવા નિશ્ચયે થાયછે

અપુર્ણ

સ્વિકાર અને અભિપ્રાય —

સત્યવાદી નિરસિંહની ધર્મ ધ્વજા — તેના કર્તા રા વીઠલદાસ ગોકળદાસ મહેતા સુરત એમના તરફથી અભિપ્રાયાર્થ મળ્યુ તેનો ઉપકાર સાથે સ્વિકાર કરતા જણાવવુ જોઇએ કે કાચી વયના ઉછરતા બાળકોને માટે સત્યના પરીણામીક સુખના તરંગોમા રંગાવા યોગ્ય બોધ યુક્ત બનાવવા કર્તાએ સારો શ્રમ લીધો છે ઉદ્દેશ સ્તુત્ય હોઇ ઉતેજન યોગ્ય છે કીંમત રૂ —૧— છે તે વધારે નથી કર્તાના શીરનામે હરીપુરા, ગુજરાતીઓના સુરત લખવાથી મળી શકશે.

कचन — कण

હજુ થોડા વખત સુધી તારે માટે પ્રકાશ છે, રખેને તને અંધારૂ ઘેરી લે, તેટલા માટે જ્યા સુધી પ્રકાશ રહે ત્યાં સુધી આગળ ચાલ કારણકે જે અંધારામા ચાલેછે તે પોતે ક્યાં જાયછે તેની તેને સુઝ પડતી નથી

નીરોગી શરીર કરતા કોઈ સમૃદ્ધિ વિશેષ નથી, અને અંતઃકરણના આનંદથી કોઈ આનંદ વીશેષ નથી

નિદ્રા એ મૃત્યુનો બાંધવ છે તેથી નિદ્રારૂપ મૃત્યુમાથી અને મૃત્યુરૂપ નીદ્રામાથી જે તને જાગ્રત કરનાર છે તેની સંભાળ નીચે તારી જાતને સોંપી દેવા કાળજી રાખજે

સત્યથી ચલાયમાન મનુષ્ય સાબીત કરી આપે છે કે પેહલે દરજ્જે તે પોતે ઇશ્વરને બિકારે છે અને બીજે દરજ્જે તે મનુષ્યથી બીહેછે

काव्य विनोद

(લખનાર—રાજવૈદ્ય કેશવલાલ પોપટભાઈ સુરા.)

ગતાંકથી ચાલુ

मंदाक्रांता

જેવા તેવા હર ઘડી મને આવતા જે વિચારો,
ત્યાગી તેને વિષયી મનની ભાવના સૌ વિસારો
ધીરે ધીરે ચપળ મનની "ધ્યાન" સુધારવાથી,
લાગે કાળે પરમ પ્રભુની ઝાખી ઝાખી થવાની

સાચી ખોટી દમ વગરની વાત સરવે તજીને,
સાચો દીસે સરલ જનનો વેષ સાચો સજીને
પોતા જેવાં અવર જનને અંતરે માનવાથી,
લાગે કાળે—

પૃથ્વે પગે સબળ જનને આપણે ચાલવાનું,
સરણા તે એ પગ પણ નહી સેજ વિસારવાનું
એવી જ્યારે શુભ હૃદયમા દૃઢ ઇચ્છા થવાની
લાગે કાળે—

વહેલું મોડું સકળ જનને એક માર્ગ જવાનું
કાળું ગોરૂં રસીક તનડું ખાખ માંગા થવાનું
એવું તારા હૃદય પડમા ધ્યાન ગોઠી જવાથી,
લાગે કાળે—

મારું ઘેલું ચપળ મનડું જાય વેગે તરંગે
ઉર્મિઓથી અભાગી જનના એ રહે છે કુસંગે
ત્યાંથી તેને પકડી જકડી નિશ્ચયે રોકવાથી,
લાગે હાલે—
ધીરે ધીરે પ્રબળ મનના વેગને રોકવાથી,
ધીરે ધીરે હૃદય જગને પ્રેમમાં જોડવાથી
મીઠા ઘેલા અધમ સઘળા તર્કને ત્યાગવાથી
લાગે હાલે—
જાણ્યા રૂપાથી અવની ઉપરે પ્રેમ એ પ્રગટવાથી,
જાણું ક્યાં છે શરીર તજતા પ્રાણ એ જાણવાથી
ગીતાના આ અવર જન આ ભેદ એ ભૂલવાથી,
લાગે હાલે—
રહેતું પોતું જગત જનમાં વાત જો એ ખરી છે,
આપ્યું શું તે ગરીબ જનને નમ્રતા વાપરીને
જીવો પ્રત્યે કરમ કરી રૂજને જાણવાથી
લાગે હાલે—
જાણું આવ્યા પલક ભરમાં મોહ ને શોખ છોડી,
જાણું ચાલ્યા ઘડીક ભરમાં પ્રેમના પાત્ર છોડી
સારાં ગાઢાં કરમ કરતાં સુખ એ જાણવાથી
લાગે હાલે—



છોડી જ્યારે અવર જનના દોષ જોવું અમારા
છોડી જ્યારે અવર જનના વેષ જોવું અમારા
સારું માઠું અવર જનનું માની લેવું અમારું
જાણ્યું ત્યારે સબળ બનશે હૈયું કાચું અમારું
ઇન્દ્રીઓની અધમ રસના સર્વે સાથે તજીને
સાધી લેવા ચપળ મનને વેગ સાચો સજીને
ધીરે ધીરે હૃદય વસતા બ્રહ્મ જ્યારે દિસાઈ
જાણ્યું ત્યારે—
જોવું જ્યારે પરમ પ્રભુનો વાસ સર્વે જનોમાં
પીવું જ્યારે હૃદય પટના મેળ સાથે મનોના
નિસ્વાર્થે જો જગત જનની સત્ય સેવા દિસાઈ
જાણ્યું ત્યારે—

साहित्य

(कवित.)

धोखा की धुजा हे और रुजा है महा दोषनकी,
मलकी मजूसी मोह–मायाकी निसानी है,
कहै पदमाकर सु पानो भरी खाल ताके,
खातिर खराब कत होत अभिमानी है,
राखे रघुराजके रहै तो रहै पानी न तो,
जगी जमराजहीके हाथन त्रिकानी है,
जोहीं लगि पानो तोलें देह नी दिवानो फेर,
पाना गये खारिज पखाल ज्यों पुरानो है.

पद्माकर

गुरु जनकी रसना और वासना फूलेलुकी,
बोले विन खोले विन, कहा कैस जानये,
सोदा तों सोदागरका, मिजलसतो मकुकनकी,
गुनिजन गेवार वाकु बोलते पिछानिये,
मोती सव एक रग (पण) मोतीमे अमोलनग,
मिलेगा झवेरी जव, किमत कर जानिये,
कहत कवि विरवल, सुनो शाह अकब्बर,
आदमीको ताल एक बोलसें पिछानिये

बीरबल

माहाराज्ञीनु भविष्य कथन

(ગતાંકથી ચાલુ)

મહારાણીએ પોતાની હઠ ન છોડી અને રણજીતસીંહને તેની દ્રષ્ટિ સમીપ ફાસીને લાકડે ચઢાવવાની ધમકી આપી રણજીતસીંહ માટે લલીતાને જોકે પ્રેમની લાગણી નહોતી છતાં પોતાને માટે એક મનુષ્યની જીદગીની દોરી તુટે તે તેને પસંદ નહોતુ તેથી છેવટ રણજીત સીંહ અને તેના બે ભાઇઓને સંપુર્ણ માફી બક્ષવાની સરતે માનસીંગ સાથે લગ્ન કરવાની મહારાણીની ઇચ્છાને શરણ થઇ મહારાણી લગ્નની તયારીઓ કરવાને માટે તે ઓરડો છોડી ગયા પણ તેનું દ્વાર બહારથી બંધ કરી તેની કુચી પોતાના ખીસામા સાથે લઇ ગયા લલીતા તે બંધ ઓરડામા નીરાશ થઇ એક ગાદી ઉપર પડેલી હતી તેટલામા એકાએક દીવાલ માનુ એક ગુપ્ત દ્વાર ઉઘડયુ કૃષ્ણા કુમારી અંદર આવી માનસીંગ ઉપર તેનુ ચીત ચોટેલુ હોવાથી આ લગ્ન જેવી હકીકત તેણે ગુપ્ત રહી સાંભળી લીધી હતી તેથી તે અટકાવવાના પ્રયત્નમા તે હતી અને લલીતા ઉપર પણ પ્યાર રાખતી હોવાથી તેને તેણે સહાય કરવા ઇચ્છા દર્શાવી મહારાણી હવે ભોજન લઇ લગ્નની તૈયારી માટે યોગ્ય હુકમો આપી વીરાતી લવાના હોવાનું તે જાણતી હોવાથી તેણે તે વખત ફવાકનો નીષ્કંટક પણે ઉપયોગ થઇ શકે તેમ હતું જમાદારને મહારાણીએ રણજીતસીંહને જેલમાથી લાવવા રાજમુદ્રા આપેલી અને તે પાછી આપતા મહારાણીએ તેને જતા રહેવાનું ફરમાવ્યાથી તે તેનીજ પાસે રહી હતી તે મહારાણીને પહોચાડવા માટે તેણે કૃષ્ણાકુમારીને આપેલી હતી તેનો ઉપયોગ કરવાનુ તેણે ધાર્યુ લલીતાને પોતાનુ નામ ખુલુ ન પાડવાની ખાતરી ભરાવી આકસ્મીક રીતે તે રાજમુદ્રા એ મેજ ઉપરથી હાથ આવી હતી એવીવાત પ્રસંગ પડેતો જાહેર કરવાની શરતે કૃષ્ણાએ તે રાજમુદ્રા લલીતાને સોપી અને તેનો ઉપયોગ પણ સમજાવ્યો લલીતાએ તે લીધી ગુપ્ત દ્વાર દ્વારા કૃષ્ણાની મદદથી બહાર નીકળી જે ઓરડામા રણજીતસીંહ કેદ હતો ત્યાં ગઇ દ્વાર ઉપર બે સીપાઇઓ ખુલી તરવારે પહેરો ભરતા હતા તેમને રાજમુદ્રા બતાવી મહારાણીના નામે કેદીને માફી આપેલી છે તેથી છુટો કરવાનુ જણાવ્યુ પહેરગીરોએ તેને માગ આપ્યો તે અંદર ગઇ રણજીતસીંહને ખુલ્લીરીતે મહારાણીએ માફી બક્ષી છે માટે તમો છુટા છો એમ કહ્યુ પણ ઇશારતથી ખરી સ્થીતીનુ ભાન કરાવ્યુ બન્ને જણ સાથે બહાર નીકળ્યા સદ્દભાગ્યે તેમને કોઇ રસ્તામા પુછ પરછ કરનાર ન મળ્યુ જે કોઇ મળતા તે રાજમુદ્રા જોઇ નમન કરતા એક બાજુ ખસી તેમને મારગ આપતા હતા નીચે ઉતર્યા પછી રણજીતસીંહને સલામતીને ખાતર બીજે રસ્તે રવાના કર્યો અને લલીતા પોતે પોતાની સાથેના બે સ્વારો સાથે પોતાને આવતી વખત ઘોડો લાવેલી તે પર સ્વાર થઇ દરવાજે પહેરો ભરતા જમાદાર અને પોલીસો વચે થઇને રાજમુદ્રા બતાવતી ચાલી નીકળી ચંદ્રગીહાર જતા પહેલા રણજીતસીંહે પોતાના બે ભાઇઓને શહેર બહાર એક એકાંત ખેતરમાના ગોફ

સ ઝુંપડે પોતાના સમાચાર આપવા લલીતાને બનાવ્યુ કરેલ તેનો અમલ કરવા લલીતાએ તે રસ્તો પકડયો

*   *   *   *   *   *   *   *   *   *   *   **

નીશાની આપેલ ચોક્કસ ઝુંપડે લલીતા ગઇ પણ તેનુ દ્વાર બહારથી બંધ કરેલુ હતું થોડી વાર રાહ જોઇ પણ કોઇ આવતુ જણાયુ નહી છેવટ કંટાળી તે ત્યાંથી ચાલી નીકળી ખેતરોની વાડા વચેનો એક નેળ જેવો રસ્તો વટાવી ચોગાનમા આવતા ચાર સ્વારો સાથે મહારાણીનો જમાદાર સામો મળ્યો રાજમુદ્રા સ્વાધીન કરવાનો અને શરણ થઇ જવાનો તેણે હુકમ ફરમાવ્યો હવે શુ કરવુ તેના વીચારમા લલીતા મુઝાઇ પોતાની શેઠાણીની આનાકાની જોઇ તેની સાથેના બન્ને સ્વારો દરબારી ચાર સ્વારોની સામે થઇ ગયા અને જમાદારે લલીતાના ઘોડાની લગામ પકડી તેવામા સામેની બાજુથી બે અજાણ્યા સ્વારો ધસી આવ્યા અને કંઇ પણ વીચાર કર્યા શીવાય અબળાનોજ પક્ષ પકડવાના નીશ્ચયથી જમાદાર ઉપર ધસી આવ્યા લલીતાના ઘોડાની લગામ છોડી દેવાની જમાદારને જરૂર પડી તેણે તે નવા આવેલા બે સ્વારોને પોતે મહારાણીના પોલીસો છે અને તેમના કામમા નડતરરૂપ ન થવા ઘણા સમજાવ્યા પણ તેમણે તેના બોલવાની કાંઇ પરવા ન કરી સામસામી તરવારો ખખણવા લાગી લલીતા ઘોડો દોડાવી જતા રહેવાને બદલે થોડે દુર ઊભી રહી અને ઝપાઝપી જોવા લાગી

લલીતાના બે સ્વારોમાના એકે પોલીસોના ચાર સ્વારોમાના એકને પહેલેજ ઝટકે ધુળ ચાટતો કર્યો અને બાકીના ત્રણની સામે જે હતા તેમા નવા આવેલ બે સ્વારોમાંનો એક જોડાયો એટલે બન્ને બાજુ ત્રણ ત્રણ થયા અને લલીતાના ઘોડાની લગામ જમાદારના હાથમાથી છોડાવનાર સ્વાર જમાદાર સામે ભીડયો ઝપાઝપી લાંબો વખત ચાલી નહી પરસ્પર ચાલાકીથી ફટકા લગાવતા જમાદારના ઘોડાએ ઠોકર ખાધી અને જમાદાર નીચે ઉથલી પડતા અજાણ્યા સ્વારે તેની તલવાર ખુંચવી લીધી જમાદારે પોતાના સ્વારો તરફ જોયુ તો તેમાના બે જમીન ઉપર પડયા હતા અને બાકીના બે જોકે લડતા હતા છતા પાછા હઠતા જતા હતા જમાદારે તેમને લડવુ બંધ રાખવા હુકમ આપ્યો અને અજાણ્યા સ્વાર સાથે ફરી હુમલો નહી કરવાની સરતે પોતાની તરવાર પાછી મેળવી પોતાના ઘાયલ થયેલ બે સ્વારોની સારવાર કરવામા રોકાયા ત્યારે વિજયવંત ટોળી આગળ ચાલી ગઈ રસ્તામા વાતચીત ઉપરથી અજાણ્યા બે સ્વારો રણજીતસિંહ સોલંકીના ભાઇઓ હોવાનું જણાયું લલીતાએ તેમનો ઉપકાર માન્યો અને તેમને રણજીતસિંહ સંબંધીના અત્યાર સુધીના સમાચાર કહ્યા લલીતાએ પોતાની વીતક વાર્તા પણ જણાવી અને તે સાથે વાતવાતમાં પ્રતાપ પકડાયાની વાત તેઓએ જાણી ત્યારે તેના બચાવમા રાજમુદ્રાની હાથ આવેલી તક ન જવા દેવાનો તેમણે પોતાનો નીશ્ચય જણાવ્યો લલીતાએ રાજી ખુશીથી તેમને રાજમુદ્રા સોંપી અને ચ વિહાર નજીક આવતા લલીતા તે તરફ અને રણજીતસિંહના બે ભાઇઓ હરસાઇ ઉલાની

દીવામા મારતે ઘોડે આવી નીકળ્યા

પ્રકરણ ૨૦ મુ

છેવટ

ગા ગોવીંદ ભો હજુ એક વરસ ચાલે તેટલું લાંબુ છે ત્યા માસિક બે વખ બધ ર તે તરેહથી શરૂ કરેલ હતું વળી માસિક ફરી શરૂ થતા નવા ગ્રાહકોને તુટક થવાથી બીની એ તેના સારાંશ પુનરાવર્તન કરી માસિકમા જુના ગ્રાહકોને માટે નકામી જગા રોકવી ન ડી આ ઠરાવમા ફક્ત સાઈઝના નવ ફોરમ ઉપરાંત એક નોવેલ એવી રીત ચાર ભેટો હોવાથી નવા ગ્રાહકો વધારે સંખ્યામા વધવા સંભવ હોવાથી તેમને માટે, આ નોવેલ અધુરાપણી અજાણવું રમતા નાના અભાવ જુના ગ્રાહકોની જીજ્ઞાસા તૃપ્ત થાય તેવો સાર આ છે વટના પ્રકરણમા રજુ કરી આ નોવેલ પુરૂ કરીએ છીએ અને હવેથી આવતા વર્ષ માટે સીક પણ ટુંકા ટુંકા નોવેલ પસંદ કરી તેમનેજ સ્થાન આપવામા આવશે કે જથી કરી વરસ પુરૂ થતા સાથે નોવેલ અધુરૂ ન રહે અને વાચક વૃંદની અખંડ રસ જળવાઇ રહે

આગળ જણાવી ગયા છીએ કે ચાચીયા પહાડજીનુ બચાવખત હાથ કરી તે દ્વારા જીતસિંહને બચાવવા જતા કમળા પહાડજીના હાથપીજ પા છે સકરી હાથમા કેદી થઈ પડી અને પ્રતાપને માટે રાજદ્રોહી તરીકે પકડયા પછી ૨૪ કલાકમા ફાસીને લા કડે ચડી જવા જોઇએ એવો ધારો હતો છતા ગુલાબસિંહ સોલંકીએ ઉપરના દેખાવમા મહારાણી તરફ દુત મોકલી ત્યાથી હુકમ આવતા સુધી હરવાઇ જીલ્લાના સુબેદારને વિનતી કરી પ્રતાપને ફાસીએ ચડાવવો મુલતવી રાખ્યો હતો તથા મહારાણી પાસેથી દુત પાછો ફરે ત્યા સુધીને માટે પ્રતાપની જીદગીને જોખમ ન હતું

સફરી જહાજ હકુતો હોકણ પરીને કીનારે કીનારે સમુદ્રમા આગળ જતું હતું તેવામા એકાએક તોફાન ચડી આવ્યુ અને સફરી જહાજ તેના સપાટામાં આવી ગયુ હરવાઇ જીલ્લાના એક બંદરે વહાણ ઘસડાઇ ગયુ અને વ્હાણ પરના માણસોને બચાવવા માટેના લોકોના અને સુબેદારના સઘળા પ્રયત્નમા ફક્ત બેશુદ્ધ કમળા અને પહાડજીજ બની ગયા પ્રથમ બનનેને ચાચામા લઇ જવામા આવ્યા બેશુદ્ધ કમળા પોતાની ભીછે એમ પહાડજીએ જણાવ્યુ પણ કમળા સાવધ થતા તેણે તેના ઇનકાર કર્યો અને પહાડજીની છુપ્ચાઇ જાહેર કરી તેને કેદ પકડાવો કમળા સુબેદારને ત્યા રહી

ગુલાબસીંહે મહારાણી તરફ મોકલેલ દુત હુકમ લઇ પાછો આવતા પ્રતાપને ફાસી દેવા તૈયારી થઇ કમળાએ પહાડજીનુ બચાવખત પ્રતાપનુ છે એ રીત રજુ કરું પહાડજીની તપાસ ચાલતી હતી તેથી તે કોટમા હતો તેણે તે બચાવખત પોતાનુ હોવાનુ જણાવ્યુ પ।

તેનું કહેવું ન મનાયું પ્રતાપને વીરો ગુલાબસીંહ અને સુબેદારની ભાજગડ ચાલતી હતી તે વામાં રણજીતસિંહ સૈન્યફોજના બે ભાઇઓ રાજ્યમુદ્રા લઇ આવી પહોંચ્યા અને મહારાણીએ પ્રતાપને સંપૂર્ણ માફી બક્ષી છે તેના ચીન્હ તરીકે રાજ્યમુદ્રા આપેલી જણાવતા પ્રતાપને છોડી મુકવામાં આવ્યો.

સુબેદારને ત્યાં સઘળા એક દીવસ રહ્યા અને રાજમુદ્રા માટે પાછળ બહાર આવી પહોંચે ને પહેલા સવ બાબી નીકળી ગયા રાજમુદ્રા લઇજનાર લક્ષ્મીલાને પકડવા માટે એક પોલીસ ટુકડી ચક્રવિહાર ગઇ પણ તે ગુપ્ત ઓરડી કે જેને માટે આપણે આગળ કહી ગયા છીએ તેમાં પેસી જવાથી બ મહાભારતની ઝડતી લેવા છતા તેનો પતો ન લાગ્યો.

હરવાઇ છુંદામાથી નીકળતા રસ્તામા પ્રતાપ અને કમળાને કેટલીક વિટંબણાઓ મેહલી પડી છેવટ મહારાણીના દીવાન સાથે પ્રતાપ પરણવામાં આવ્યો વધારે સંભાષણ આનતા અને સ્નેહભર થયા તેના નુકશોરથી અનેક યુક્તિઓ ચોકનાઇ મહારાણીની સુવાવસ્થાના ગુપ્ત વિલાસથી ઉત્પન્ન થયેલ અને રસ્તે ગામમાં પહેરાવેલા એક લોટ્ટ સાથે બીજાના હાથમાં સોંપાયલી પુત્રી લક્ષ્મી હતી તે શોધ કાઢવામાં આવ્યું મહારાણીની આજ્ઞાથી પરદેશી રાજ્યોના કારાગૃહમાં પુરાયલા તે બાબતના જાણીતા બે ત્રણ કેદીઓને યુક્તિ પ્રયુક્તિથી છોડાવી લાવવામાં આવ્યા મહારાણી સંપૂર્ણ સત્ય બાબતો રજુ કરવામાં આવી ભવવિના પ્રાપ્તિ નહી એ સુત્રાનુસાર હવે મહારાણીએ પોતાની ગાદી છોડી પ્રતાપ રણજીતસિંહ તેના ભાઇઓને મારી બહુનામા આવી પ્રતાપ અને કમળાના લગ્ન થયા અને એ સુખી દંપતિ સંસાર સુખમાં મહાલતા રહેવા દઇ આપણે આ વાર્તા પુરી કરીશું.

સંપુર્ણ

બરફનો મેહેલ.

આકાશવા નાના ઝુંપડાથી માંડીને પાદશાહોના સુશોભિત મેહેલ તરફ નજર કરતા માલુમ જાતે પોતાના રહેવાના મકાનોમાં આશ્ચર્ય જેવો સુધારો કરેલો માલમ પડે છે ઘાસના ઝુંપ ડાઓને બદલે માટીના ઘર કરવા લાગ્યા, અને તાજી માટીની ભીંતો વરસાદના પાણીથી પી ગળીને જલદીથી નાશ પામતી જોઇ માટીના પકવેલી ઇંટોનો ઉપયોગ તેઓ મકાનો બાંધવા માં કરવા મંડયા એથી પણ વધારે મજબુતાઇ તથા શોભાને માટે તેમણે કાળે કરીને ઈંટો ને ઠેકાણે પથ્થરનો ઉપયોગ કર્યો હશે એમ જેમ જેમ કળા કૌશલ્ય વધતા ગયા તેમ તેમ પાદશાહો અને ધનાઢ્ય લોકો દેશની કારીગરી અને પોતાની કીર્તિ ઘણા કાળસુધી પાછળ મુકી જવા સારૂ પોતાના ધર્મને અનુસરીને કે પોતાની મોજ મજાહ પુરી પાડવાને અર્થે મકાનો બાંધવામાં કોઇ નવીન અદ્ભુતતા દેખાડવાની ઇચ્છા તેમના મનમાં ઉપની હશે એ હા લુમ

ર કેટલાક મોટા ડુંગરને કોતરી કાઢીને તેની અંદર દેવમંદિરો કે મંદીરો બંધાવ્યા અને કેટલાક રાક્ષસી કદની પથરની અમલ્દારી પીરામીડો કીધી, એવા વિશાળ ને કારીગરી તથા ચતુરાઇથી ભરેલા મકાનો જે સંબંધે વખતકાળ ના નામ નહોતી તે કાળે લોકોએ શી રીતે બનાવ્યા હશે એ જોઇને દાબના વિદ્વાનો તાજુબ થાયછે ને કોઇ કોઇ ઠેકાણે કોતર કામ એવું બારીક જોવામાં આવેછે કે તે સુક્ષ્મ દર્શક યંત્ર વગર ખુલ્લી આંખે બરાબર દેખી પણ શકાતુ નથી તે ઊપરથી જોનારને સમજણ નથી પડતી કે એવા કોતર કામને માટે એવા પણ બારીક ઓજાર કારીગરોએ કઇ રીતે બનાવ્યા હશે ! હીંદોસ્તાનના ડુંગરમાંથી કોતરી કાઢેલા મકાનો એવા મોટા ને ભવ્ય છેકે તેવા મકાનો બાંધવામાં હાલના સુધરેલા લોકોની ઊંચી જાતની કળાઓ પણ આશ્ચર્ય પ્રતેહ પામે પડે છે કે એક લાખ માણસ લાગલગટ સો વરસ સુધી મંડે લાગે તો એ મકાન તૈયાર થાય !

આમતની કળાથી હાલના સુધરેલા જમાનાને ઝાંખ ન લાગે એ માટે હાલ ગોઠવણ નવીન પ્રકારના અમલ્દાર મકાનો બાંધવામાં લાકો બતાવેછે આપણી મહારાણીના મરનાર ખાવીંદ પ્રિન્સ આલબર્ટના આશરા ૯૦ ૪૫ લાખ રૂપીયાને ખરચે એક મહેલ નવો બાંધવામાં આવ્યો હતો જોકે મોટાઇમાં કે કારીગરીમાં તે અસલના રાક્ષસી કદના મકાનોની બરાબરી કરી શકે નહી જોકે મહાન પીરામીડો ને ગુફાઓના ખરચ આગળ એવું ખરચ કાંઇ વિશાતમાં નથી તો પણ તેની બનાવટ ખરેખર અલૌકિક અને તેની શોભા અતી વીચીત્ર કહી શકાય સન ૧૭૪૧ માં રુશીઆની આન નામની મહારાણીના મનમાં એવો તુરંગ ઊઠયોકે જેનો સ્વપ્ને પણ ખ્યાલ ન આવે જે આજ સુધીમાં મકાનો બાંધવામાં વાપરી શકાય ન હોય અને જેનુ મકાન બંધાવુંજ અશક્ય લાગે તેવી કાંઇ ચીજનો એક મહેલ બંધાવવો એ કારણસર તેણે બરફ પસંદ કર્યો નાના છોકરાંને કહેવાની બકરીની કે બેટગડી બાઇની વાતમાં જેમ ગોળકેરી ભીતડી ને ગે ડી ઠેગરા ટોપરકે ઘર છાયા બના બા શા ઊપાડો એવી અશક્ય બાબત અદભુતતા દેખાડવા માટે આવેલી છે તેમ આન રાણીનો બરફથી મહેલ બાંધવાનો વિચાર વાંચનારને અશક્ય કે ગાંડાઈ ભરેલા લાગશે, પણ દેશની અજાયબ જેવી ટાઢને લીધે તથા પોતાના આગ્રહે કરીને અંતે તે પોતાના વીચારમાં ફતેહ પામી અને જે માંઇ અશક્ય દીસતું હતુ તે તણે શક્ય કર્યુ

મહારાણી આને પોતાના શોખની ખાતર બરફનો મહેલ બાંધવો તેનો નકશો તથા આકાર કાઢના આર્કીટેક્ટ ડીશેવ હતો એ મહેલ સેંટપીટર્સ બર્ગમાં નીવા નદીને કીનારે પ્રથમ બાંધવો શરૂ કીધો પણ તેનો કેટલોક ભાગ ચણાયા પછી બરફ ઓગળી જવા લાગ્યો તે કારણ સર રાણીના મહેલ અને દર્યાઇ લશ્કરના કીલ્લા વચેની જગાપર તે બાંધવો શરૂ કર્યો બાંધવાની રીત સાદી હતી નીવા નદીમાથી પારદર્શક બરફના છીપા કાપી કાપી તેમને આંકણી તથા કંપાસને આધારે ચોરસ બનાવ્યા અને તેમના પર કોતર કામ વગેરે સઘળી જાતની નીયમીત ગોઠવણ કરવામાં આવી ચાકોક ભીંતને આધારે એ તૈયાર થયેલા

બસાં ઉંચે ચઢાવ્યા અને જ્યા તેમને મુક્યા ત્યા પાણી રેડી તે ઉપર બેસતા કર્યા પાણી જલદીથી ઠરી ગયુ એટલે બેના પથરની માફક એક ઊપર એક ચોટતા ચાલ્યા કોલ ની ગરજ પાણીએ સારી આ નમાણે તૈયાર કરેલો મેહેલ આરસથી પણ વધારે દીપવા લાગ્યો કેમકે એના પારદશકપણાથી અને રંગની ખુબી વડે તેનો દેખાવ મણીમય લાગ્યો એની રચના દેખાવમા સારી હતી એ મેહેલમા જુદા જુદા ખંડ હતા દરેક ખંડમા એક બારી મુકી હતી અને નીલા આ સની નકલ કરવાને માટે એ બારીનુ બારસાખ રંગવામા આવ્યું હતું બરફ પર રંગ પણ સંપુર્ણ રીતે ચડી શકયો બારીના બારણા માચના કર્યા ને બદલે તે પણ બરફનાજ કર્યા હતા અને રાતે ત્યા આગળ રોશની કરવામા આવતી તેથી તે બહુ શોભા દેતી, એટલુજ નહીં પણ બધ પારદર્શક ભીતોમા થઇને રોશનીનો પ્રકાસ બધે પ્રસરતો તેથી આખુ મકાન રૂપેરી રોશનીથી ઝગ ઝગતુ હતું મેહેલ આગળ હરવા ફરવાની જગા બાધી હતી તેમા બરફના કોતરી કાઢેલા નારંગીના ઝાડ મુકેલા હતા તે ઊપર પાંદડા ફુલ અને ડાળીઓ ઊપર બેઠેલા પક્ષી સુધા ગઢયા હતા.

એ જગાની નજીક છ તોપ ગાડીઓ પર ચઢાવેલી રાખી હતી તે પણ બરફનીજ એ તો પો ખરેખરી તોપયોમા પણ લાગી શકતી એટલે તેમની અંદર લોઢાના ગોળા ભરીને તે છોડી શકાતી તેથી તોપો ફાટતી નહોતી એટલુજ નહીં પણ સાઠ કદમ દુર રાખેલા મ જબુત પાટીયામા એમાથી છુટતા ગોળાવડે બે ઇંચના ભોંક પડી શકતા એ શીવાય બે જ જાતો ચાયના ફેશનથી તોપો હતી તેમા એસી રતનની દારૂ ભરેલી તોપની ચેથીઓ રહી શ કતી ને તે ચો ખારૂન વડે છોડી શકાતી

ત્રીજી શોભાની પણ ઘણી ચીજો ફરતામા આવી હતી ઉપર ઘુમટ સાથે બે પૌની પી રામીડ (દીપમાળ) બરફની કરી હતી તેમા પેસવાને આગળ બારણુ રાખ્યુ હતું મોટુ આટ બાજુનું ફાનસ તેમા રાખવામા આવ્યુ હતું અને તે કાગળપર જુદા જુદા ચિત્ર પાડ્યા હતા એ ફાનસ સળગાવવામા આવતું અને માહે રાખેલો માણસ તેને ફેરવતો જતો તેથી બહારથી જોનાર લોકોના દીલમા જુદા જુદા ચિત્રો અવાર નવાર આવતા

મેહેલની ડાબી બાજુએ બરફનો બનાવેલો એક હાથી હતો અને તે ઊપર એક ઇરાની હથીઆર બંધ માણસ બેસાડેલુ હતુ તે ઇરાનીની સામે બે મોગરો બાના સહીત રાખ્યા હ તા હાથી પોતે પોલો હતો અને તેની સુંઢમાથી વીસ ફુટ પાણી ઉંચુ ઉછળતુ હતુ કર્યાંક ગંમા થી નળી દ્વારે એ પાણી લાવવાની યુક્તિ કરી હતી રાતને વખતે પાણી બંધ કરવામા આવતુ ને નળીઓ દ્વારે નેપથા (સળગી ઊઠે એવો પદાર્થ) નળીઓને માગ ચાલુ કરવામા આવ તો તેથી હાથી રાક્ષ કે જ્વાળામુખી જેવો લાગતો કેમકે તેની સુંઢમાથી અગ્નિના ભ ભુકા ઉઠતા આ ક્રિયાને વધારે ભયંકર કરવાને માટે હાથીની માંહે છાનુ એક માણસ રાખ્યુ હતુ તે વખતે વખત હાથીની પેઠે તરેહ તરેહનાર ગર્જના કરી ઊઠતુ આ શીવાય બરફનું

એક હમામ ખાનું પણ બનાવ્યું હતું અને તેને કોઇ કોઇ વાર ગરમ કરવામાં ને વાપરવામાં પણ આવતું

મેહેલમાં જે સુવાનો ઓરડો હતો તેની અંદર આરના સુધી તથા અંદરના કામકાજ જોગ ગીરસ્તુ ઘડીઆળ, મીણબતીઓ શમેદાનીઓ એ સરવે બરફનાંજ બનાવેલા હતા પલંગ પણ છાતું, ઉસીકાં એ સર્વે પણ બરફનુંજ સુવાને ગુમટીઓ પણ બરફની અને બગતખુને ઠેકાણે નેપથાના ઉપયોગ કરી તે સળગાવવામાં પણ આવતા, એક ઓરડો જમવાનો હતો ત્યાં બ ગરૂન ઘડીઆળ હતું તેના ચકર પણ બરફના અને તે બરફના પારદર્શક (ચોખું) ની આરપાર સ્પષ્ટ દેખાતા દરેક બાજુએ રાખ રાખેલા હતા ખુણે મોટા … ઉભા … યા હતા અને બીજો પણ કેટલાક સામાન હતો તે સરવે બરફનું બનાવેલું હતું આ મકાન છપન ફીટ લાંબુ અરાઢ પોહળું ને એકવીસ ફીટ ઉંચું હતું ખરેખરા માપના દેખાવની લંબાઇ ૧૧૪ ફીટ હતી

કેટલાક વર્ષ પછી રાણી કથીઆએ એવીજ જાતનો એક મહેલ સેંટ પિટર્સબર્ગમાં બંધાવ્યો હતો તેણીના મશ્કારાના લગન ઉપર એ બાઇએ પોતાના જુદા જુદા પરગણાંમાંથી જુદી જુદી જાતના બબે લોકો ત્યાં બોલાવી તે વિચીત્ર મીશ્રનો એક વરઘોડો કહાડ્યો તે … સાથે નવા પરણેલા દંપતી ને એ બરફના બાંધેલા મહેલમાં લઇ જવામાં આવ્યા હતા એ મેહેલમાંનો સઘળો સરસામાન પણ બરફનો બનાવેલો હતો અને ઝુમર તથા હાંડીઓ પણ તેનીજ સલામતીને માટે ઉડતા સારૂ તાળાં પણ અગાઉની પેઠે બરફની બનાવી હતી આવા મેહેલો કાંઇ ઉપયોગમાં આવી શકતા નથી કેમકે જેમ ગરમ રૂતુ આવતી જાય તેમ પીગળીને ખરસાઇ પડે છે પાદશાહો અજાયબીને માટે કે પોતાના મોજશોખ માટે અગણ્ય દ્રવ્યને ખરચે આવા ચમત્કારી પણ નિરૂપયોગી મકાનો બનાવે તેમાં શો લાભ હશે ?

वृष्टि चिन्ह

વરસાદ આવવાના કેટલાક ચિન્હો કેટલાક પ્રાણીની હીલચાલ ઉપરથી અને નિર્જીવ પદાર્થોના [illegible] ઉપરથી મળી શકાય છે તે નીચે પ્રમાણે

જમીન ઉપરના પક્ષી ઘોંઘાટ કરી મુકે અને પોતના માળા તરફ જતા રહે કાગડા એકદમ અલોપ થઇ જાય ચકલીઓ નાચે નીચે ઉડે બે વખત મરઘો બોલે તથા પાંખ ફફડાવે કેટલાક નાના પક્ષીઓ નાદ કરે કબુતર ઘણું ચંચળ દેખાય … સમયે કુતરાં જમીન ખોતરે, મધમાખ, બગાઇ હવા સુધે પાળેલા જનાવર ચળવિચળ થાય અને ગુસ્સાથી કુદે ગોકળ તથા ઉંદર બારે ત્વરાથી દોડે કરોળીઆ તેમના જાળામાંથી લટકી પડે જમીનમાંથી કીડા બહાર નીકળે … ખી મુંડા તરફ દોડે કીડી દરમાં ભરાઇ જાય માખી મંદ દેખાય અને દેડકાં … ઘર તરફ દોડે આ બધા વરસાદ આવવાના ચિન્હો છે

(… પદાર્થો ઉપ … તાર અથવા સારંગીનો તાર તુટે કે તાણ ઢીલી પડી જાય લાકડું ફુલે … પાણી મેલા થાય અને ઘંટનો અવાજ ઘણે દુર સુધી સંભળાય તો વરસાદ આવવાના સંભવ છે

([illegible])